મદનચંદ્ર

અને

નવનીતકળા.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

કેશવલાલ મગનલાલ, તંત્રી હર્ષદ તરંગ.

ઠે. કાળુપુર ભંડેરી પોળ સામે—અમદાવાદ.

તથા

શાસ્ત્રી મણીલાલ ઘેલાભાઇ.

ઠે. ચંગોલ—અમદાવાદ.

ઘટાડેલી કીંમત ફક્ત એક રૂપીઓ.

શ્રી જૈન વિદ્યાવિજય પ્રીન્ટીંગ પ્રેસ-રીચીરોડ
ફતાસાની પોળ—અમદા...

મદનચંદ્ર
અને
નવનીત કળા.

લખનાર

કવિ. હર્ષદરાય સુંદરલાલ મુનશી.

સુધારા વધારા સાથે આવૃત્તિ બીજી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
કેશવલાલ મગનલાલ, તંત્રી હર્ષદ તરંગ.
ઠે. કાળુપુર ભંડેરી પોળ સામે—અમદાવાદ.

શ્રી જૈન વિદ્યાવિજય પ્રીન્ટીંગ પ્રેસ-રીચીરોડ
ફતાસાની પોળ—અમદાવાદ.

સંવત ૧૯૬૩ સને ૧૯૦૬

કિંમત દોઢ રૂપીયો.

પ્રસ્તાવના.

હાલના આનંદિ પુરૂષ અને સ્રીયો નીતિનાં પુસ્તકોમાં વારતારૂપ હકીકત વાંચવાની ઇચ્છાવાળા ઘણા જણાય છે; અને તેથી કરીને દીન પ્રતીદીન નવિન નવિન કલ્પિત ગોષ્ટિયો લખાતી જાય છે. શૃંગાર અલંકાર ઉક્તિભેદ ઉપર મોહ રાખનારા તેવાજ વિષયો વાંચીને આનંદ મેળવે છે. પેટ પકડીને હસવાથીજ આનંદ મેળવનારાઓ ફારસ વાંચીને પ્રફુલ્લ થાય છે; નેત્રમાંથી અશ્રુ કાઢીને શાંત થનારાઓ કરૂણારસને પસંદ કરે છે, પોતાના પરાક્રમ અને શારીરિક બળનો અભિમાન ધરાવનારા શૂર મર્દ પુરૂષો વીરરસને ચ્હાય છે; ભયાનક રસ કે અદભુત રસ જાણીને આશ્ચર્ય માનનારા રસલુબ્ધજનો એમાંજ મગ્ન રહે છે; એવાં નવેંરસથી વિરક્ત રહેનારા તત્વચિંતક જ્ઞાની પુરૂષો નિર્વિકારનિરાકાર અને એક રસ આત્મવિદ્યા જોવાનીજ જીજ્ઞાસા રાખે છે; એમ પૃથક પૃથક વિષયલુબ્ધજનો પૃથક પૃથક વિષય ઉપર લક્ષ રાખીને તેનું અવલોકન કરવા ઇચ્છે છે.

આ વાર્તામાં ઉપર કહેલા તમામ રસ છે, તેથી વાંચકવર્ગને આનંદ પ્રાપ્ત થશે; કેટલાક ઇતિહાસિક વાર્તા લખેછે તોપણ રસનું ઉદ્દિપન કરવાને માટે છાશમાં પાણીનું મિશ્રિત કરેછે; તો પછી કલ્પિત વાતમાંજ રસનું દર્શણ બતાવવું એ યથાયોગ્યછે. વાત ગમે તે પ્રકારની હાંતો ઇતિહાસિક હો કે કલ્પિત હો પણ મુખ્ય રહસ્ય રસ ઉદ્દિપનનુંજ તેમાં રહેલું છે.

આ વાતમાં નિર્મળ હૃદયનો પ્રેમ તથા તે નિઃસ્વાર્થી ગુણસ મદનચંદ્રે પરોપકાર માટે પોતાનું જીવન કેવી રીતે ભારે જોખમમાં નાંખ્યું છે! તથા નવનીત મદનચંદ્રના નિર્મળ પ્રેમને કેવી પ્રકારે આધિન થઇ છે! તેમજ નવીનત ઉપર અનેક સંકટો પડવાં છતાં શિયળ વૃત કેવી રીતે સાચવ્યું છે! તેણીનો પ્રેમ કેવો નીખાલસ હતો એ બાબત ધડો લેવાને આ પુસ્તક છે.

તે સાથે મદ્ય પીનારા દુરાચારીયોની કેવી વર્તણુક થઈજાય છે તથા અભણુ માણુસો મદ્યનું સેવન કરનારાઓનું કેવું સાહસ હોય છે! એ બાબતનું ચિત્ર છે.

નિર્મળ મનથી સત્ય વચન પાળનારે પોતાનું કર્તવ્ય કેવું બજાવ્યું છે એ હકીકતનું ચિત્ર આ ગ્રંથમાં વિનોદચંદ્રના કર્તવ્યથી જણાશે.

વામ વર્ગને માનનારા વિદ્વાન લોકોની હીલચાલ અને તેમનાં છુપાં કર્મ કેવાં છે! તેઓની ગુપ્ત જગોમાં નવનીત સપડાઇ હતી, છતાં તેઓના દુરાચાર ધર્મને કબુલ કર્યો નથી,જેથી તે વામ માર્ગીય આચાર્યના હાથથી ભયંકર સ્થિતિમાં આવી પડી છે.એ વિગરે હકીકત જાણવાને આ રસીક વાર્તા છે.

સજ્જન અને જ્ઞાની પુરૂષો આ વારતાનો સાર જોશે, અને લેખકના કર્તવ્યની કદર કરશેજ.

લી. કવિ. હર્ષદરાય સુંદરલાલ મુનશી.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

આ પુસ્તકની પેહેલી આવૃત્તિની નકલો ઘણીજ ટુંક મુદતમાં ખપી જવાથી, તેમજ આ પુસ્તક મારા સ્વદેશી મીત્રમંડળોના હૃદયમાં ઘણુજ સંતુષ્ટ વાંચકવૃંદોની વૃત્તિ અને રસજ્ઞાનને સંતુષ્ટ કરી સન્માર્ગ બતાવનારૂં છે, એવો કેટલાએક પત્રો તરફથી આગ્રહ થયો છે એટલુંજ નહિ પણ આ પુસ્તકની ઉપરાઉપરી ગ્રાહકોની માગણીઓ થવાથી આ બીજી આવૃત્તિ છપાવી બાહાર પાડવામાં આવી છે. એજ

લી. શેવક.

કેશવલાલ મગનલાલ તંત્રી હર્ષદ તરંગ.

ઠે. ખાડીઆ ભંડારી પોળ સામે—અમદાવાદ.

ગૃહસ્થો ! શું તમો સ્ત્રી, પુત્ર, પુત્રીઓને પવીત્ર ને પ્રેમી કરી ઘરસંસાર સુધારવા ચાહોછો તો લ્યો મંગાવોને ખુશી થાવો.

હર્ષદતરંગ.

માસીક ચોપાનીયું.

દોહરો.

હર્ષદ તરંગ રસિક જન પેખહિહિ સતત સુરંગ;
રસિકનકો હર્ષદ સદા; ચાહત પુર્ણ ઉમંગ.

હર્ષદ [આનંદ આપનાર] તરંગ [લહેર]

આ નામનું માસીક ચોપાનીયું આખા હીંદુસ્તાન ઉપરાંત આફ્રીકા વગેરે દેશોમાં બોહોળો ફેલાવો પામેલું ગુજરાતી ભાષાનું ઉત્તમ માસીક. દર ઈંગ્રેજી મહીનાની શરૂઆતમાં પ્રગટ થાય છે, જેમાં સૃષ્ટીસૌંદર્ય, પડવીકરોનું ચીત્ર, અલંકાર, ઉક્તીના ભેદ બતાવનારૂ સાહીત્ય પ્રકૃતી પ્રશંસા, આર્ય મહીલાઓનો ધર્મ, આધુનીક ભગનીઓ ને બોધ, ખનીજ પદાર્થ, સાન, કાવ્યનીરણ, રસીક નૉવેલ. ઇત્યાદિક અનેક પ્રકારના ઘણા વિષયો અનુક્રમે આવે છે. આ માસીકને માટે વાર્ષિક લવાજમ ટપાલ સહીત રૂ. ૧॥ દોઢ રાખવામાં આવ્યો છે આફ્રીકાવાળા પાસેથી ત્રણ આના વધારે રાખવામાં આવ્યા છે. વી. પી. સાથે ભેટનું પોસ્ટેજ વધ.રે. આ માસીકના ગ્રાહકોને સને ૧૯૦૭ ની સાલમાં હરીશ્ચંદ્ર નામનું નૉવેલ ભેટ આપવામાં આવશે, માટે તાકીદે ગ્રાહક થાવ.

કેશવલાલ મગનલાલ તંત્રી—હર્ષદતરંગ.
ઠે. કાલુપુર ભંડેરી પોળ સામે—અમદાવાદ.

श्री गणेशाय नमः

મદનચંદ્ર અને નવનીતકળા.

એક

(નવલ કથા.)

પ્રકરણ ૧ લું.

દરિયા કિનારા ઉપર બે રમ્ય હૃદયનો વાર્તાવિનોદ.

સ્નેહી સમાગમ સમય સમીપ આવવાથી પ્રમાદ કરતો યદ્યપી પોતાની મર્યાદામાંજ વિલાસ કરતો નદી સરોવરના નિવાસ સ્થાનરૂપ અને વિદ્વાનોના હૃદય રૂપ સાગર જ્યારે નિઃશંક વિચરતો ચંદ્રસ્પર્શની આશાથી વિહ્વળ થતો હતો અને સાગરથી સ્પર્શ થતો પવન પોતાના શીત કીરણોવડે કીનારે વિચરતાં કેળવાયલાં અને શુદ્ર જીવોના શરીર છીદ્ર દ્વારા પ્રવેશી મન અને શરીરને શીત રસથી આનંદ ઉત્પન્ન કરી શ્રમ ઉતારતો હતો ત્યારે તેના ઉપકંઠ સમીપ મુગ્ધાવસ્થાની પુર્ણાહુતીમાં મંદ વિકસીત જુઇ કુસુમ જેવી એક સૌંદર્ય પુર્ણ રમ્યબાળા સાગરની ગતીને જોઇને તદ્રુપ થઇ સાગરની પેઠે કોઇ પ્રીય જીવનના સમાગમની અભિલાષાએ પ્રીય માર્ગ પ્રતિક્ષા કરતી હતી, અને તેના શ્વેત કર્ણના નીલ કમળરત્નને સાથેની સખીના શબ્દ સ્વર સ્પર્શ કરતાં હતાં, તેનુ પણ પુરે પુરૂ ભાન રહ્યુ નહતું; શ્રમધારી પુરૂષોના શાન્તવન અર્થે અપરિમીત તાપથી સૃષ્ટીની રક્ષાર્થે અને કમલીનીના સંયોગથી

અધિક પ્રેમ ઉદ્દીપન અર્થે તેને પુનઃ સમાગમરૂપી આશ્વાસન આપી પાથરેલી સુવર્ણતા સમેટતા સમેટતા દ્રશ્ય પદ્મનીપતિ સૂર્ગ ભગવાન્ જ્યારે અદૃષ્ય થયા, અર્થાત સાંજ પડી ત્યારે આ મુગ્ધ બાલા પોતાના અદ્રષ્ય હૃદય સૂર્ય ભગવાનના દૃષ્ય પ્રકાશનો સમય સમીપ આવતો જોઇ સ્ખલીત ચિત્તે મનને પ્રીય પાસે મોકલી દ્રષ્ટીને માર્ગપર રાખી વાણીને પ્રીય સખી સાથે પ્રશ્નોત્તરમાં યોજી શરીરને નીરાધાર રાખી વૃત્તીને મન સાથે વિદાય કરી ઘડીમાં ઉભાં થતી હતી, ઘડીમાં સખીને આગળ પ્રસારતી હતી, ઘડીકમાં હુંજ આગળ ગમન કરૂં એટલે પ્રીય દર્શન થશે એમ ધારીને તે કીનારા ઉપર આમતેમ એ ડગલાં આગળ વધતીહતી.

આ સંક્રમણમાં પરિવર્તન કરતાં તેના હાથમાંથી માહાકાળનું માસીકપત્ર સરી પડ્યું; પૃથ્વી ઉપરથી લેતાં પૃષ્ઠ વચ્ચે રાખેલુપત્ર સૂચન પણ કાંઈ સુચવવા નિમીત્તે તેના પાદાંગુષ્ટપર અડ્યું, પડ્યુ, તેની દ્રષ્ટી મોટા અક્ષરે નિયંત્રણ શબ્દ લખેલ તે પર પડી, પડતાંજ મન, વૃતિ, વાણી, શરીર અને દ્રષ્ટી સર્વ એકત્ર થઈ ગયાં, નવનીત, આ શું! આ શી પ્રબળ મનેચ્છા! આશો વૃત્તિનો વેગ; સખી! શું તું મને ગનથી હશી તો નથી; અહા! કયાં અદ્રષ્ય થયું. મારૂ પરમાર્થ શીળ દેશ-ગોરવ! માનસીક સૌંદર્ય! તારૂ પ્રાબલ્ય અનિવાર્ય છે! યુવાવસ્થા! સૌંદર્ય! માવથી તું દ્રવે છે! આહા! શું નવનીત તારૂ મન અને શરીર શું સરસ્વતીનું મન અને શરીર ન રહ્યું! પ્રીયમદનચંદ્ર! તમે આ શું કર્યું તમને પ્રીય કહું કે અપ્રીય! તમારા જ્ઞાન વૈભવમાં આ શો મોહ! તમારી સરસ્વતી વાગધારામાં આ શો ચમત્કૃતિ! મદનચંદ્ર! તહેં મારા વિરાગી છતાં પરોપકારી વીચરનો વિદ્ધંશ કર્યં! મદનનો પરાભવ તો જ્ઞાને અને વૈરાગથી થાયછે, અને એ આ નવનીતમાં પ્રબળપણે વસેછે, ત્યારે તું કયો મદન! શું સરસ્વતી કૃપાપાત્ર કાળીદાશ કે બાણ? શું મને તું સ્વતંત્ર નહિ વિચારવા દે! શું તારી સમીપ રહી મારાથી કાંઇ કર્તવ્ય કર્મ નહી થાય! શું તારી મીત્રતા વીના નહીજ ચાલે! મદન! ખરેખર ત્હારામાં કાંઈ દૈવી વિભૂતીત છે.

પ્રીય મદનચંદ્ર! તમે મારો સ્વીકાર કરો એ પણ અયોગ્ય કહેવાય, કેમકે તમે વિવાહીત છો, સપત્ની છો, પુરૂષે એક સ્ત્રી સાથેજ લગ્ન કરવું એ શાસ્ત્રનો અને આપણો સિદ્ધાંત છે, ત્યારે માહારી સાથેની મૈત્રી અર્થે અને જ્ઞાન વૈભવની વૃદ્ધિ અર્થે અન્ય સબળ સાધન નથી શું? શું આપનીપાસેબન્નેનેઆનંદ આપવાનું સામર્થ્ય સાધન છે! કદાચ છે તોપણ જે રીતીનો આપણે ઉચ્છેદ કરવાનો છે તે રીતીને આપણે અનુસરીશું તો જગત આપણો દાખલો લેશે; તો તેમને આ રીતથી આપણે શી રીતે મુક્ત કરી શકીશું! પરંતુ જ્ઞાની જ્ઞાનીનો યોગ લાભકરજ છે, સમ્યકજ્ઞાનના અધિકારીવર્ગે દૈવીક આર્કષણ સામે યુદ્ધ કરવું એ પણ કેટલેક અંશે અહિતકર છે, જેવી રીતે પ્રાણનો આકસ્મિક એકી વખતે નિરોધ નુકશાનકારક છે, તેવી રીતે પ્રારબ્ધ વેગ (દૈવીક આકર્ષણ) નો આકસ્મિક નિરોધ પણ અહિતકર છે; અચ્છિત વૈરાગ ગૃહણ કરી સ્વાત્મ શ્રેય સાધવા કરતાં પરમાર્થ રાગમાં વિરાગ ધારણ કરી સર્વાત્મશ્રેય કરવુ અતિ ઉત્તમ છે; પ્રારબ્ધ વેગને અનુકુળ થઇ જ્ઞાની જ્ઞાનીનો યોગ થવા દઇ અને એ યોગ સત્તાવડે અનેક વિચાર પ્રક્રિયા અને દ્રષ્ટાંતથી જનસમુહનું કયાં હીત થઇ શકતું નથી ! અસ્તુ.

પ્રીય મદન ! આ શો સન્નિપાત !વૈરાગ ઉપર મને સ્વાભાવિક પ્રેમ હતો શારીરીક લગ્ન સંબંધને હું પારતંત્ર્ય અને બંધી ગૃહ સમજતી હતીઃ મન મૈત્રી વિનાના સંસારી પ્રાણીયોને હું તિમર પાશમાં સપડએલા સ્વાર્થી જંતુ સમજતી હતી, તેમાં આ આકસ્મિકફેરફાર શો ! માતા પીતા હૈતેષીક મંડળની ઇચ્છાને મ્હેં અભિનંદન કર્યું નહી ! કોણ જાણે શાથી મદન ? તારૂં દર્શન અને જ્ઞાનસૌંદર્ય મને ગ્રહસ્થાશ્રમ સ્વીકારવાને આકર્ષે છે; ત્હારા માનસિક સ્નેહે, સૌંદર્યે મને શરીર સૌંદર્ય પરત્વે પણ મોહ ઉત્પન્ન કર્યો; ઉપદેશક ઉપદેષ્ટા થઇ; ખરેખર યુવાવસ્થા જ્ઞાન વૈરાગ્ય આધિન ત્યાંજ સુધી રહેછે કે જ્યાં સુધી યોગ્ય યોગ્ય પાત્રનો સમાગમ થતો નથી; મારા પુર્વ વિચાર અને અવસ્થા બદલાયલાં અવલોકી પ્રીય વર્ગ મારા માટે શું તર્ક બાંધશે ! પ્રીય માહાકાલ ! સમાલોચક ! તમારી મૈત્રી પણ શું અપૂર્ણ છે!

વિધા અને જ્ઞાન તમે પણુ શું અપુર્ણું વસ્તુઓ છે કે ? શું માનસીક શૌંદર્યમાંજ શારીરીક શૌંદર્યનું અથવા શારિરીક દર્શનમાંજ માનસીક મૈત્રીનું પરિસ્ફોટન છે ! ત્યારે શું આપણે પ્રાચીન ગ્રંથોમાં અવલોક્યું છે કે ! પુર્વે મહારાજાઓની સહી, પ્રતિવૃતા રાણીયો સૂર્ય ભગવાનનું મુખ પણ જોતી નહી તે શું આટલા માટેજ ! વાસનાઓ આપણામાં સર્વ પ્રકારની છે પરંતુ વિદ્યા અને જ્ઞાનબળથી ઉછરેલી વાસનાઓ તેવી સ્વજાતીય વાસનાઓ સાથે મળતાં એકમેક થઈ જાય છે અને જીવનયુક્ત શરીર અને પ્રાણત્રાચાને એકત્ર કરે છે. વળી પ્રથક કરે છે; છતાં હૃદય અને સ્મરસ્થાન વાંસના તંતુઓથી સંધાયલાં રહેછે. અહા ! મને ખબરં નહોતી કે હું “ મહાકાલ ” પત્ર પ્રતિ પણ નિસ્પૃહ થઇશ ! શું દૈવની ઘટના ! નવનીત ! તેને કદી પણુ સ્વપ્ન હતું કે તું આત્મ મૈત્રીમાં પરિણુમીશ.

કાંઇ ચિંતા નહી મારી આત્મિક અને શારિરિક મૈત્રિ સાંધનાર અને સાધનાર વિધા વિચાર મહત્વ અને જ્ઞાન છે તેથી તેનું અનિષ્ટ ફળ હોયજ નહીં અને દૈવ પણ અનુકુળ છે, વળી ગૃહાશ્રમના પાલન સાથે ગૃહાશ્રમમાં વિચરતાં સંસારી જીવનના દુઃખની નીવૃતિનું જે જ્ઞાન થાયછે અને જે સાહિત્ય મળી આવે છે તે જ્ઞાન અને તે સાહિત્ય ગૃહાશ્રમ ત્યાં અને વૈરાગ્યમાં મળી આવતાં નથી, સમ્યકજ્ઞાનને તો રાગના સ્વીકારમાંજ સ્વતંત્ર વિરાગ છે, રાગમાં જે પરિણાસી નથી અને વિરાગમાં જે પરિણાસી તેવું ચિત પ્રીય મદનચંદ્રનું પ્રતીત થાય છે.

અહા ! મદનચંદ્ર ! પ્રીય મદનચંદ્ર ! તમારૂં આગમન આ પ્રદેશ તરફ થયું નહોતતો ખરેખર મારાથી નવીન જ્ઞાન, નવીન અનુભવ, અને રાગ વિરાગનું યથાર્થ સ્વરૂપ ન અવલોકાત.

આ પ્રમાણે અનેક વિચારતંત્રમાં રમણ કરતી હતી, તેવામાં તેની પ્રીય સહચારિકા તેણીને કંઇક કહેવા લાગી.

સાગરીકા—(નવનીત પ્રત્યે) બળ્યું બેહેન, તારોતે આવો શું સ્વભાવ હશેઃ શુન મુન મુંગાં બેશી રહેવું તે કોને ગમે ! આપણે તે એટલા બધા શું વિચાર કરવાના હતા! વિચારતો વેપારીયો કે કારભારીયો કે દુ:ણીયારાં કરે પણ સાચું, ભણેલાંઓ

સર્વે જ્યાં જોઈએ ત્યાં આવાંજ કેમ હોયછે; એકલાં બેઠાં હોય તો બેઠાંજ, સુતાં હોય તો સુતાંજ, પાસે હોવા છતાં જાણે પાસે તો કોઇ નાનું મોટું છેજ નહીં, તેમ જ્યાં નજર માંડી ત્યાં માંડીજ માંડી, એમના તો જાણે ચારે જુદી જાતના, વાતોએ જુદી જુદી જાતની; વખત પણ નીયમિત ને તબીયત નણીયત ને તબીયત જ.

નવનીત—બેહેન ! તું કહેછે તે સત્ય છે, વિદ્યાનો અને વિચારનો કોઈ એવો પ્રભાવજ છે. કેટલાક અજ્ઞલોકો અભિમાની એકલસુરાનો આરોપ તેમના ઉપર મૂકે છે, પરંતુ એ આરોપથી તેઓ મુક્ત છે.

સાગરિકા—વારૂ બહેન! શું તું સરસ્વતી જેવી અવિવાહીત રહીશ! માતા પિતાને તું સંસારનો લ્હાવો નહીં લેવા દે! શું આપણે ત્યાં આવેછે એ મદનચંદ્ર પણ તાહારે યોગ્ય નથી! એ પણ વિદ્વાન છે, શું દર્શાવ્યા શિવાય તારા હૃદયનું રમ્ય રહસ્ય એ નહીં સમજી શકે! એમની તો સર્વ કોઇ વિદ્વાનમાં ગણના કરેછે અને એમના સરળ સ્વભાવ અને અધિક રૂપ તથા વિદ્યાના સૌ કોઇ વખાણ કરેછે; પિતાશ્રી અને માતુશ્રી બેઉ તો બન્ને આંખે એમનેજ જુવે છે.

નવનીત—બહેન! ખરેખર તું કહેછે તેમ એ વિદ્વાન જ છે, એમનો નિવાસ આ પ્રદેશના જીવનને રમ્ય અને હિતકર છે, મારા કઠીન સ્વભાવને પણ એમની મુગ્ધતા, સરળતા, વિદ્વતા; અને સરળતા આકૃષ્ટ કરેછે, મારા પૂર્વ વિચારોમાં વિકૃતિ કરેછે અને એમના શ્રવણ કરેલા સાર્વજનીક શ્રેયસ્કર વ્યાખ્યાનોની પ્રભા મારા મસ્તક અને હૃદયમંદીરમાં અપ્રતિમ અસર, નવીન વિચાર, નવીન જ્ઞાન, અને અનુભવસત્તા પ્રદાન કરેછે અને લોકો જેને પ્રેમ કહેછે એ વિદ્યાભ્યાસનો આરંભ કરી મારા મનને દ્રવતું કરી મૂકે છે, બ્હેન! આ આકસ્મિક હૃદય વિનીમય (ફેરફાર) કોને દર્શાવું ! તારા સમીપ દર્શાવતાં પણ લજાઉછું, લોક અન્ય આગળ શી રીતે દર્શાવાય ! એમણે સર્વનું હિત કર્યું હશે, પણ મારૂ તો અહીત કર્યું છે બ્હેન! દૂર હોવા છતાં મનથી, વાણીથી એ મારી સાથે રસ ભરી નવનથી વાતો કરે છે; વિશ્વા-

સ, સ્નેહ આપે છે, અને લે છે; અને તેથીજ બ્હેન! તારી સાથે વાર્તાલાપમાં હું બરાબર ભાગ લઈ શકતી નથી.

સાગરીકા—ત્યારે બ્હેન? માતુશ્રીને આ બાબત કાંઈ દર્શાવું તો કાંઈ હરકત! અહા! લે લે, જો જો બ્હેની! તારા મદનચંદ્રતો તારા હૃદયનું સંકેત જાણી લઈ તારી ઇચ્છાનુસાર આ તાહારી સમીપ ત્વરાથી આવ્યા.

નવનીત—હા, બ્હેન! ખરેખર એજ આવે છે.

મદનચંદ્ર—નવનીત! આપના આવાગમને આ પ્રદેશને કેટલા સમયથી રમણિય બનાવ્યો છે, હાં લ્યો! બ્હેન સાગરીકા પણ અત્રજ પ્રકાશીત છે વીલંબ માટે બેઉ વીદુષીયોનો હું અપરાધી છું.

સાગરીકા—લ્યો લ્યો હવે મદનચંદ્ર? બહુ થયું આ અમે આવ્યા અને થોડી વાર પછી તરતજ તમે આવ્યા છો, તેમાંય વળી અપરાધી? હા, પણ મારી આ નવનીત તો તમારા શિવાય જાણે સુનમુન બની ગઈ હતી એનેતો એટલો સમય પણ જુગ જેવો ગયો, પણ અહા! મદનચંદ્ર! તમ દર્શનથી મારી બ્હેની તો સૌમ્ય મુખકળા ખરે વીકસીત થઇ હોય એમ જણાય છે અરે સ્મીતનો આદર અનાદરના ભય શિવાય નિઃશંક કપોલ અને ઓષ્ટપર વિહાર કરવા લાગ્યું છે માટે આપની આ કૃપાથી તો મારી સખી આપનીજ અનુંગ્રહીત છે, પણ મદનભાઇ આજે પોતા અત્રે ફરવા આવ્યા નથી એમ કેમ?

મદનચંદ્ર—સાગરીકા? પીતાશ્રી તો આજ શેઠ રતનચંદને ત્યાં કંઇ કામસર ગયા છે,

નવનીત—સાગરીકા? તારી પાસે તો બ્હેન ઉપહાસનીજ વાતો; અને સર્વને ઉપહાસનાંજ અનુમાન કરવા! ખરૂ કે? પ્રીય મદનચંદ્ર? આજ કયા ઉદ્દેશની ઉન્નતિના વ્યાપારે આપનો વીશેષ સમય રોકયો હતો? હવે આ પ્રદેશના પ્રાણીઓને આપના જ્ઞાન સમૃદ્ધિ વિશિષ્ટ વકતૃત્વ સુધી વૃષ્ટિથી પ્રક્ષાલીત કરી ધન્ય કરવાને કયો દિવસ નિયમીત કર્યો છે?

મદનચંદ્ર—બ્રહ્મચર્ય સેવન, વીશે એક લેખ મુદ્રિત થવા શ્રી ચંદ્ર ગુણકલા મંદીરમાં આજ મ્હારે મોકલવાનો હતો તેથી

આજ જરા વિલંબ થયો. આ વખતે રવીવારનો દીવસ વ્યાખ્યાનનો રાખ્યો છે અને તે દીવશે વ્યાખ્યાન પણ બ્રહ્મચર્ય વિષયપર આપવાનું છે.

નવનીત—અહા ? જનમંડળના ઉદયનું બ્રહ્મચર્ય સેવન અને તેમાં સંચીત થતી વિદ્યા એ શું પ્રધાન કારણ નથી ? ત્યારે શું જનસુધારક મંડળ છે તે પ્રતી નિઃલક્ષ્ય રહી અથવાતો તેના મહાત્મ્યથી અજ્ઞાન રહી, ખરેખર શું ગાઢ નીદ્રામાં ઘોરેજ છે? શું તેમને જ્ઞાન નથી કે તનની પુષ્ટતા મનની પુષ્ટતા અને ઐક્યમાંજ દેશની ઉન્નતી અવનતિ છે, અને એ સર્વ બ્રહ્મચર્ય સેવન અને તેમાં પ્રાપ્ત થતી વિદ્યાથી સંપ્રાપ્ત થાય છે.

મદનચંદ્ર—ખરેખર આપનું કહેવું સ્તુતીજન્ય છે. આયુબળને સંવર્ધન કરનાર બ્રહ્મચર્ય છે. તન અને મનની પુષ્ટીથી શારીરીક અને બુદ્ધિબળ વધે છે. અને તેના સંવર્દ્ધનથી ઇચ્છીત સ્થાને મનુષ્યથી પોહોચાય છે અને તન મન નીર્બળ અને ક્ષીણ હોવાથી (કોઈ સદગ્રંથોના સંસ્કારે) સદ્ વિચાર ઉદીત થતાં તે અલ્પકાળ રહી પુનઃ તે જ્યાંનો ત્યાં શમી જાય છે; બ્રહ્મચર્ય સેવનમાં વીઘ્ન કરનારા કારણોમાં મુખ્ય કારણ બાળલગ્ન છે, અને બીજી સ્ત્રી શીક્ષણમાં તમને ન અપાતી બાળ સંરક્ષણ શીક્ષા અને પ્રકૃતી ઔષધીજ્ઞાન સંતાનના પ્રથમ શરીર ભાગ્યનો ઉદય તો કેંટલેક અંશે તેના માતા પીતાના શરીરની સ્વસ્થતાપર છે. અને જન્મ થયા પછી યોગ્ય ઉમરે પોહોચતા લગી તેમની માનસીક અને શારીરિક કેળવણીના સમર્થ્ય અનુસાર છે, પરંતુ દેવઅંશી જીવનો તો જન્મ પછી થોડાજ સમયમાં થોડાજ શીક્ષણથી પરાધીનતા અને અજ્ઞાનથી નીવૃત થઇ સ્વતંત્ર બને છે; પણ આહાવાં જીવનો કયાંયકજ હોયછે; અને જ્યાં હોયછે ત્યાં અદ્રષ્ય રહીને પણ પ્રકાશ આપે છે; વસ્તુ માત્રનો સંવધ્ધેન ક્ષય અને પત્તન છે, અને એ સર્વનો આધારભૂત પ્રારબ્ધ ધર્મછે. પુર્વ પુરૂષાર્થ પ્રારબ્ધ કહેવાયછે અને વર્તમાન પુરૂષાર્થ કર્મ કહેવાય છે; માટેજ વર્તમાન શ્રેષ્ઠ પુરૂષાર્થથી આપણા અને અન્યના પ્રારબ્ધ બંધારણ ઉચ્ચં પ્રતીના રચવા.

નવનીત—આપનું કહેવું યથાર્થ છે પરંતુ આજકાલ સર્વ

विद्या कळा व्यापार અने નોકરીની પ્રાપ્તી માત્ર પોતાના ઉદર નિમિત્તે માની બેઠા છે. ત્યાં દેશોન્નતીની આશા ક્યાં બાંધવી! ઉદર અને લક્ષ્મીપાશમાં સપડાયલા જંતુઓ આવા પરોપકાર વિદ્વન્ચિતને અભિનંદન કરવું તો ક્યાંથી પરંતુ પાછળથી તેમની નિંદા કરેછે અને કેટલા મુર્ખ શિરોમણીતો ખશી ગએલા મગજનાની સંજ્ઞા આપતાં પણ પાછી પાની કરતા નથી ત્યાં હવે દેશ સુધારણા માટે શાની નુન્યતા રહી?

પ્રિય મદનચંદ્ર! આજકાલ આપની પત્ની ચંદ્રલેખાના શા વર્તમાન છે? શું હજુ પણ તેમને વિદ્યાસંસ્કાર કરાવ્યા હોય તો તેમનું મન અને વિચાર ઉચ્ચ શ્રેણીના ન થાય! હજુ એમની તો કિશોરાવસ્થા છે આપ સર્વેનું હીત કરોછો, ઉત્તમ બોધ આપોછો, કળાનો શોધ દર્શાવોછો, વાણીનો વિલાસ વર્શાવોછો, છતાં તેમના પ્રત્યે તો તદન લક્ષજ આપતા નથીને શું! તે આપની સુખ દુઃખ ભાગિની વીલાસભૂમિ નથી! કે કાંઇ આપની અપરાધિની છે! કે મંદ બુદ્ધિને લીધે આપના પ્રભાવથી અજ્ઞ છે! કે આપજ એમના પ્રત્યે વિના કારણે નિષ્ઠુર થયા છો પરં-એ કલ્પનાનો તો ઉદય થતાંજ આપનો સહવાસ ઉચ્છેદ કરે છે.

મદનચંદ્ર—નવનિત! એ પૂર્વ કર્મે કરીનેજ અધમતાને પામી છે; અથવાતો વર્તમાન બાલ્યાવસ્થા સંસ્કાર નિઃકૃષ્ટ છે, વિદ્યાહીન અને દુર્વીનિત સ્રીયોના સમુહમાં તેની બાલ્યાવસ્થા વ્યતિત થઇ છે; તેમજ તેના માતપિતાએ વિદ્યાશાળામાં તેનો પ્રવેશ કરાવ્યો નથી તેથી બાલ્યાવસ્થાના અવિદ્યા સંસ્કારથી એ આવુત છે ઉપદેશની અસર હાલ તેને થાય તેમ નથી, તેમ વિદ્યા પ્રત્યે પણ તેનું લક્ષ્ય નથી.

સાગરિકા—બેહેન! ભણાવ્યા અને ભણાવતા હશે તોય કોને ખબર; એતો ભણેલા સર્વે મોઢે ન જણાવે બાકી મનમાં તો ભણુએ ખરૂ. ઉપરથી કઠીનતા અને અંતરમાંતો મુગ્ધતા, ભણેલાઓ એવા કાંઈ કાચા ન હોય કે પોતાના અર્થનું સ્થાન નિરસ રહેવાદે માટે એમના બહારના દેખાવનો કોઇ પાર ન લઈશકે તો અંદર તો કોણ જાણે શુંયે ભર્યું હોય! તેની તો ખબરજ ક્યાંથી પડવા દે!

નવનીત—જા જા બેહેન ? એમતે હોય; વિદ્વચિત સભ્યતા, લજ્યા, વિનય એ દૈવીઅંશોથી આવૃત હોઇને દૃષ્ટવ્યજ તેઓ-દાર્શિત કરેછે; તેથી પ્રાકૃતજનને તેઓ વિચિત્ર પ્રતિત થાયછે અંતઃકરણ તેમના મુગ્ધ કરૂણ અને વિમળ હોયછે અને બાહ્ય દેખાવ તેમનો શાન્ત અને એકરસ હોયછે.

સાગરીકા—બહેન? દેશોન્નતિ માટે આપ કંઇ કંઇ વાતો કરી ગયાં પણ કપાળે કપાળે ન્યારી મતિ એ જનકહેણી અનુસાર જન્મોના તીમિર પ્રદરમાં ઉપદેશ પ્રભાકીરણ શી રીતે પ્રસ્તાવ કરી શકે ? માટે ઉપાધી રહિત રહેવુંજ ઉચિત છે.

બેહેન તું કહે છે તેવીજ મારા મનની સ્થીતિ હતી. પરંતુ મદનચંદ્રના આ પ્રદેશમાં નિવાસ અને તેમાં વિશેષ કરી મારી સાથેના તેમના પ્રસાદ પરિચયે મારા પૂર્વ વિચારમાં મહાન ફેરફાર કરી નાંખ્યોછે, પ્રથમ મને લક્ષ્ય (જીવ) પર દ્વેશ અને અલક્ષ્ય (બ્રહ્મ) પર રાગ હતો હવે હું લક્ષ્ય સાથે અલક્ષ્ય ભજુંછું; ઉત્તમ અને નિકૃષ્ટ પુરૂષાર્થનું ફળ ઉત્તમ અને નિકૃષ્ટ મળે છે; માટે કાળ ક્રમે પુરૂષાર્થ રૂપ ઉપદેશ પુષ્ટ થતાં ઉપદેષ્ટા ઉત્તરે સુધરે છેજ.

સાગરીકા—બેહેન ! જોને આ સામે ગાડી કોની આવેછે ?

નવનીત—કોણ જાણે હશે કોઇની.

આ પ્રમાણે વારતા ચાલેછે એવામાં ગાડી થોભી અને ગાડીવાન નીચે ઉતરી નવનીત અને અને મદનચંદ્રને સલામ કરી બોલ્યો.

ગાડીવાન—બાસાહેબ ? આપનું નામ નવનીતબાને ? આપના પિતાજી રતનચંદશેઠને ત્યાં છે અને ત્યાં આપને જલદીથી બોલાવે છે, હું ગાડી લઈ આપને તેડવા આવ્યોછું આજે રતનચંદના પુત્રનો જન્મમહોત્સવનો દિવસ છે માટે આપ જલદીથી પધારો.

મદનચંદ—પિતાજીએ અમારા ગાડીવાનને તેડવા કેમ મોકલ્યો નહી ?

ગાડીવાન—હું રતનચંદશેઠનો ગાડીવાનછું. કદાપી નવનીતના પીતાજીનો ગાડીવાન કોઈ બીજા કામે રોકાયો હશે, તેથી મને હુકમ થવાથી હુંજ આવ્યોછું.

નવનીત—હું અહિંયાં છું એવી તને કયાંથી ખબર પડી ?

" ગાડીવાન—મ્હે મારા શેઠને પૂછયું એટલામાં તો આપના પીતાજી બોલ્યા કે હજુ તો એ કુસુમબાગમાંજ હશે માટે ત્યાંજ જાય તો મળશે.

મદન—ખરેજ ત્યારે તો શેઠજી આજ ગયા હશે નવનીત? ત્યારે તમે ત્યાંજ જાઓ હું તમારી સાથે ત્યાં આવત પણ મારે આજે મીટીંગમાં જવાનું છે, કદી મને શેઠજી યાદ કરે તો તેમને તેવુંજ કહેજો.

સાગરિકા—બેહેન નવનીત ? મારાથી પણ આજે તારી સાથે નહીં અવાય કારણ કે મારા પિતાશ્રીની તબીયત આજ બે ત્રણ દીવસથી નરમ રહેછે; તે તને કયાં ખબર નથી? વળી તમે જ્યાં જાઓછો ત્યાં તમને વાર પણ થવાની માટે હું ઘેર જાઉછું, તું પીતાજી પાસે જા.

મદનચંદ્ર—નવનીત હવે આપ ત્યાંજ જાઓ, કેમકે આપના પીતાજીએજ આપને ત્યાં બોલાવ્યા છે; હું જાઉછું કાલે પ્રાતઃકાળે તમારે ત્યાં હું આવીશ.

નવનીત—લાચાર થઇ પીતાજીની આજ્ઞા થવાથી ત્યાંજ જાઉછું પણ મદનચંદ્ર તમે જરૂર પ્રાતઃકાળે દર્સનનો લાભઆપજો

આ પ્રમાણે વાતચિત થઇ રહ્યા બાદ મદનચંદ્ર અને સાગરીકા પોતપોતાના મુકામે જાય છે અને નવનીત તો પ્રારબ્ધની ગાડીમાં બેશીને વાર્તાલાપ વિસ્મૃત કરી ચાલવા લાગી.

આ પ્રમાણે ત્રણે જુદે જુદે માર્ગે ચાલ્યાં, નવનીત જેવી ગાડીમાં બેઠી તેવીજ ગાડીવાને ગાડી બને તેમ જલદીથી ચલાવી અદ્રષ્ય થયો.

પ્રકરણ ૨ જું.

ઉન્મત.

દોહરો.

કુસંગ કેરા રંગમાં, રંગાયો તજી સાન,
ઉન્મત તું ઉન્મત થયો, પામ્યો અતિ અપમાન.

શીરદ્ધી અને ઉત્તમ કામ કરનારાઓના કાર્યની સીદ્ધિજયાં ત્યાં જોવામાં આવતી હતી, ઉદ્યમીયોના ઉદ્યોગનો ચળકાટ તેમની ચંચળતાથી જણાતો હતો, વિદ્યાર્થીઓનો ઘોશ મંત્ર ઉચ્ચારથી બ્રાહ્મણોના નીચા ઘરમાં થતો હતો, રૂપીયાનો ખડખડાટ શ્રીમંત વ્યાપારીઓની દુકાનોમાં થયા કરતો હતો, સેંકડો મજુર લોકો પ્રાતઃકાળમાં નગર બાહેર મોટી મોટી મીલોમાં કામ કરવા સારૂ ચંચળવૃતિથી જતા હતા, પરગામથી કૃશીકારો પોતાનાં ગાડાં ઠઠોઠઠ દાંણાથી ભરીને નગરમાં પ્રવેશ કરતા હતા, નગરનું રક્ષણ કરનાર રક્ષકાર સીપાઇયો હાથમાં કાળા ડંડ પકડીને પોતાની હદમાં ફરતા હતા, કેટલીક સ્રીયો દેવમંદીરમાં લાલજીમાહારાજનાં દરશન કરવાને માટે દોડમદોડા કરી રહી હતી. કેટલીક ગાડી અને ચારઠ તથા સઘરામ પોઇશ પોઇશ કરતાં ત્વરાથી દોડાવીને લોકોને ખશેડતા હતા, કેટલાક ખીસ્સા કાતરનાર ઠગ લોકો પોતાની દ્રષ્ટી બાજની માફક ફેરવતા હતા, કેટલાક ભીખારીયો મેહેલ્લે મેહેલ્લે બુમો પાડી રહ્યા હતા, કોઈ કોઈ જગોએ સભાઓ થતી હતી, કેટલાક બેરીસ્ટરો સ્વદેશના રહેવાશી છતાં સ્વદેશાભિમાનનો ત્યાગ કરી બુટ પાટલુન અને સાથે યુરોપીયન ટોપી પેહેરીને ગંભીર મુદ્રા કરી પોતાના વીચારમાં લીન થએલા રોફથી ચાલતા હતા, કેટલાક દેશોન્નતીનો માત્ર ફાંકો બતાવનાર સભા કરીને જેમ વર્ષારૂતુનાં દેડકાં સોરબકોર તેવી રીતે મેજ ઉપર હાથ પછાડીને વકતૃત્વતાનું જ શૌર્ય બતાવતા હતા, કેટલાક નેત્ર ઉપર ચશ્માં પેહેરીને લાયબ્રેરીમાં ન્યુસ વાંચતા હતા, મોટા વ્યાપારીયોનો ઉદ્યોગ તડામાર ચાલતો હતો, એવું એક નવલનગર નામનું સુશોભિત શેહેર હતું. તેમાં લક્ષ્મીચંદ્ર નામનો નામાંકિત ધનાઢ્ય વેપારી હતો; તેના નામ પ્રમાણે તેને ત્યાં લક્ષ્મીનો નિવાસ સંપૂર્ણ હતો. દેશ પરદેશ તેની ઘણી પેઢીયો હતી પોતાના નગરમાં તેણે ઘણા મકાનો બાંધ્યા હતાં. તે શેઠના બાપદાદાની વખતથી બોહોળા વ્યાપારમાર્ગે અઢળક ધનનો સંગ્રહ થતો આવેલો હતો, જેમાં તેની ઉમરેમનાં નગર બાહેરના બે મોટા બાગ હતા તે બાગમાં તેણે સુશોભિત બંગલા બનાવ્યા

હતા, તે શિવાય જમીનં જાગીર ઘણી સંપાદન કરેલી હતી. તે નગરમાં લક્ષ્મીચંદ શેઠની ઉત્તમ પ્રતિષ્ઠા હતી, તે સ્વભાવે ભોળો અને ધર્મચુસ્ત હતો, તેના વિચાર કેવળ જુના હતા તેની રૂઢીની પદ્ધતી પણ છેક જુની હતી, તે વગર વિચારે ખર્ચ કરતો નહોતો. તે છેક ઉદાર નહોતો તેમ કંજુસ પણ નહોતો વિદ્યાદાન માટે કે દેશકલ્યાણ માટે જોકે તે મોટી મોટી રકમો મુકવા ધારે તો તે સમર્થ હતો પણ તે તેવા કામમાં પોતાનો દ્રવ્ય ઉપયોગ કરતો નહોતો તેથી એક રસ્તે તે કૃપણ પણ હતો. તેને અત્યંત રૂપ ગુણ શીલ સુશીલા નામની સ્ત્રી હતી, તે સ્વભાવે ઘણી નમ્ર અને મિલનસાર હતી. તેણીના નેત્રમાં કેવળ કૃપાનું દર્શન હતુ તેણીની પુન્યદાન ઉપર ઘણી શ્રદ્ધા હતી.શેઠ શેઠાણીનો પરસ્પર અવર્ણનીય પ્યાર હતો, એક બીજાથી જુદાં થતાંજ એક બીજાને અણગમો થયા વિના રહેતોજ નહીં, શેઠને જોકે દુકાનેથી ઘેર આવતાં કાંઇ વિલંબ થઈ ગયો હોય તો સુશીલા આકુળ વ્યાકુળ થઇ જતી હતી; તે સાથે અધીરી થઈ ગએલી પોતાના નોકરને શેઠ પાસે મોકલતી હતી; બન્યોની ઉમર ત્રીશ ત્રીશ વરસની થઇ ગઈ હતી તેથી પુત્રની આશામાં ને આશામાં કેટલા દીવસ વ્યતિત થઇ ગયા હતા, ભવિષ્ય સૂચક જોશીયોને આવકાર આપીને વારંવાર સંતતીના સુખને માટેજ પ્રશ્નો થયાં કરતાં હતાં. જોશીભાઈ રવી અને મંગળનો દોશ બતાવીને શેઠ પાસેથી જોઇએ તેટલા રૂપીયા જપ કરવામાં કઢાવ્યાં કરતો હતો. ઠેર ઠેર રૂદ્રી અને જપ વગેરેનો ઘોંઘાટ દેવાલયોમાં થઇ રહ્યો હતો.એમ કરતાં પાંત્રીસ વરસનો સુમાર થયો ત્યારે શેઠજીની આસ્થા જોશી વીગેરે જે જે ભવિષ્યવાદીઓ મળેલા તેઓ ઉપરથી ઉઠી ગઈ; શેઠને ઘેર લક્ષ્મીએ નિવાસ કર્યો હતો એટલે કઈ બાબતના સુખની ખામી હોય! માત્ર ખામી એટલીજ હતી; આટલા બધા વૈભવનો ભોગદારી ઈશ્વર બક્ષે તો સારૂ, એવી ઈચ્છાવાળાં બન્યો એજ બાબતની આશાંના તરંગમાં ઝોકાં મારતાં હતાં પણ ઇશ્વરની કૃપાથી તેને પુત્રરત્ન પ્રાપ્ત થયું. આ ખુશાલીની વાત શી કહેવી ! શેઠની આશા ફળિભૂત થઇ. શેઠ અને શેઠાણી હર્ષઘેલાં બની ગયાં હતાં; પુત્રપ્રાપ્તિના આનંદમાં તેણે બક્ષસોં-

જનમાં, મંદિરમાં, ધર્માદામાં, વિદ્યાદાનમાં, લુલાં લંગડાં લોકોની ધર્મશાળામાં, અનાશ્રિતોમાં કેટલુંક નાંણુ મુકયું.-કેટલીક દિવસ સુધી એજ આનંદમાં જલસો થવા લાગ્યો; તે પુત્રની સંભાળને માટે ઉત્તમ પ્રકારનો ચિકીત્સક વૈદ્ય રાખ્યો; કેટલીક દાઇયો રાખી; બાળકની માવજત કરવામાં આ મહા ધનાઢયને ત્યાં શાની ખામી હોય ! નજ હોય; દીનપરદીન તે છોકરો મોટો થવા લાગ્યો, એકનો એક પુત્ર લાડકવાયો હતો. તે આંધળાને નેત્ર જેવો હતો. એટલે એને કોઇ પ્રકારે તનને કે મનને હરકત પડે નહી તેવી ગોઠવણ યોજવામાં આવી હતી, તે બાલ્યાવસ્થામાં અતિ ચપળ, તોફાની હઠીલો અને સ્વતંત્ર મગજનો જણાવવા લાગ્યો. માતપીતાના અધિક વ્હાલ અને લાલન પાલનથી, તે બાળકના સ્વતંત્રપણામાં દીનપરદીન વૃદ્ધિ થવા લાગી; ઘરમાં કે બહાર ગમેતેમ ફરે તોપણ ભાઇને કોઇથી કહેવાય નહીં; માત્ર તેના શરીરની રક્ષા અર્થે પાછળ પાછળ ફરનાર એક બે નોકરો ફર્યા કરતા હતા; કાચની કેટલીક કીમતી વસ્તુઓ તે ભાઇના જોવામાં આવે કે તડાક દૈને ભાગી નાંખે. સેવકોને લાકડી ચોઢી દે, તોપણ કોઇ બોલી શકતા નહોતા, તેની દસ વરસની ઉમર થઇ એટલે તેને શીખવવાને માટે શિક્ષક રાખવામાં આવ્યો હતો. તે શિક્ષક પ્રાત્તઃકાળમાં આવેલો દસ વાગ્યા સુધી ભણાવવાને માટે બેસતો હતો, પણ આ ભાઈ ઘણા રમતિયાળ અને સ્વતંત્ર વૃત્તિવાળા હોવાથી માસ્તરના આવતા પેહેલાં કયાંનો કયાં ગચ્છંતી કરી જતો હતો, તેને બળાત્કારે યુક્તિથી શોધી કાઢીને શિક્ષક પાસે બેસારતા હતા. માતપીતાના લાડથી આ છોકરા ઉપર તેમનો બીલકુલ દાબ નહોતો પણ શિક્ષકે તેના ઉપર દાબ રાખ્યો હતો; વળી શિક્ષકનાજ અપૂર્વ ખંત અને પરિશ્રમથી અને શેઠના અપૂર્વ ભાવ અને દ્રવ્યદાનથી ભાઇ ગુજરાતી વાંચતાં લખતાં તો શીખ્યા; પરંતુ તેટલી મુદતમાં તો શિક્ષકથી શિષ્ય કંટાળ્યા અને શિષ્યને શિક્ષક પગે લાગ્યાં.

વાચક ! આજ કાલના જુની પદ્ધતીના વ્યાપારીયો પોતાના એકનાએક લાડકવાયા પુત્રને અતિ લાલનપાલનથી તેનો આખો

ભવ સુધારવાને બદલે બગાડે છે; વાત્સલ્યભાવને બદલે શત્રુભાવ પ્રગટ કરેછે; માતાપિતાના લાલનથી નિમંત્રણું સમયે તેઓ સ્વચ્છંદ વિચરે છે; વિદ્યાભ્યાસ સમયે સંસારમાં પડી વીષથી નિર્માલ્ય અલ્પાયુષી થાય છે; કૃત્રિમ ત્યાંથી મોજશોખમાં લપટાય છે; કુસંગતિમાં ફસાય છે, અન્યને ફસાવે છે, સંસારને નિરર્થક ભારરૂપ થાયછે; વળી લક્ષ્મીવાનના સંતાન હોવાથી, કમાવાની તો જાણે બેદરકારી હોયછે; તેથી લક્ષ્મીનો મનમાનતો જગજાહેર ઉપયોગ કરેછે, અને સર્વ પ્રકારની અનીતિના શિક્ષણમાં દ્રવ્યનો ઉપયોગ કરેછે. અહા ! શું શ્રીમંતના બાળક !

શ્રીમંતના બાળ બાળિકાઓને તેમના બ્રહ્મચર્ય સેવનરૂપ બાલ્યાકાલમાં વિદ્વજન પાસે ઉચ્ચપરિશીલન અપાવ્યું હોય તો ઉચિત બાલ્યકાળમાં તેમનો સદ્દૈવ્યનો પરિચય અને નિવાસ પણ શુદ્ધપાત્ર વચ્ચે હોય તો ઉચિત અને રક્ષક તેમનો મહા સમર્થ અને સૂક્ષ્મ બુદ્ધિનો અને જેને ભિન્ન ભિન્ન પ્રકૃતિનું પૂર્ણજ્ઞાન હોવું જોઇએ, પૂર્વ સંસ્કારાનુસાર બાલબાલિકાઓમાં સત્વ, રજ, અને તપના જે અંશ તેમનામાં સ્પુરિત થતા દ્રષ્ટીગોચર થાય તેમના રજ, તપ અંશનો ઉક્તારક્ષક શનૈ શનૈ દમન કરે અને સત્વ અંશને સાહિત્ય દર્શનથી પુષ્ટ અને ઉત્તેજીત કરે.

આ પ્રમાણે જ્યારે શ્રીમંતોનું પોતાના બાળકો ઉપર લક્ષ અપાયછે ત્યારે તેમનું યૌવનકાળ રમણિય પરમાર્થશીલ, ધર્મશીલ. અને દેશઉન્નતિકર બનેછે, અને તેથી લક્ષ્મીનો યથેચ્છ તેમનાર્થો થાયછે.

શ્રીમંતના બાળકને અનીતિમાં પ્રવૃત કરનાર, માતપીતાનું લાલન અને તેમની પ્રત્યે નિઃલક્ષ્યપણું તે બાળકને ન અપાવી તેમને વિદ્યા કેળવણી જેછે તે નીચ અને વિષયી સેવક ગુમાસ્તા મિત્રની સંગતી અને લક્ષ્મીની સહાય, ઇત્યાદિક કારણથી શ્રીમંતનાં બાળક બગડે છે.

દેશ ઉન્નતી સાધનમાં, વિદ્યાકળા, બ્રહ્મચર્ય સેવન, વિદ્યાકલા ઐક્ય, શૌર્યબળ, બાહુબલ, અને અનેક દેશપ્રદેશ પર્યટનની આવશ્યકતા છે; તેમાં એ સર્વની સંપ્રાપ્તીમાં દ્રવ્યની જરૂર; શ્રીમંત પુરૂષ તેમ કરવાને શક્તીવાન છે માટેજ શ્રીમંતના બા-

ળકને ઉચ્ચ પરિશીલન અપાયું હોય તો દેશહિતેષીયોને દ્રવ્યબળ અને વિચારબળ આપી જીવનને સફળ અને કૃત્યકૃત્ય કરેછે.

લક્ષ્મીનો મદ એવો દારૂણ છે કે ઉત્તમ પાત્ર કૃત્રીમ વિષય પ્રતિ ખેંચી જઇ ભ્રષ્ટ કરેછે; તેમાં જ્યારે યૌવન અને લક્ષ્મી વિષય વિષયી એકત્ર થાયછે, ત્યારે દીવ્ય દૃષ્ટિપર પણ તિમીરાવરણ થાયછે; તો પછી સ્થુલદૃષ્ટિની તો વાતજ કયાં રહી ! વિદ્યાબળ, બુદ્ધિબળ, મનોબળ, સર્વ વૃત્તિ અનુકુળ થઇ જાયછે; માટે લક્ષ્મી અને યૌવનરાજમાં પરાયણ થતાં ચિતને બહુ સાવધાન રહેવાનું છે; તેમજ તેમના સહવાસમાં સદૈવ સદપાત્ર અને સમરણ સરસ્વતીનું અવિચ્છિન્ન રહેવું અત્યુપયોગી છે; લક્ષ્મીવાનની સંગતી કરવા સર્વ કોઈ ઇચ્છા કરેછે. તદપિ આત્મ સંતુષ્ટ ચિત કરતાં પ્રાકૃત, ક્ષુદ્ર, ઉદરનિર્વાહી, ખુસામત પારતંત્ર્યમાં વિચારનારા જીવન તેમની કૃપા સંપાદન કરવાની ઇચ્છાથી તેમના સહવાસમાં અધિક આવેછે; માટેજ શ્રીમંત બાળને વિદ્યા અને કળાના પૂર્ણ સંસ્કારી કરવા જોઇએ નહિતો કોઇપણ પ્રાકૃત ચિતનાં છાંટા તેમને અડકેજ; લક્ષ્મીમદ એવો છે કે, કોઇ ધીર વીર વેદવિત્ શાન્ત શીલ ચિતજ તેમાંથી નિષ્કલંક સાંગોપાંગ બહાર નીકળી શકેછે; માટે સાવધાનપણે ન રહેવાય તો આ જન્મમાં તો નષ્ટ ભ્રષ્ટ થવાય એટલુંજ નહિ પરંતુ તેનું પ્રારબ્ધ અનેક જન્માંતર સુધી તે પુરૂષને ભોગવવું પડે, પણ આજ વિચારકલ્પનાને એટલી લાંબી મજલ કોણ કરાવેછે! આજકાલ તો સર્વ વિષયી ચિતમુખમાંથીજ એજ ઉચારણ થાયછે કે, જે મોજ મારીએ એ આપણા બાપની, કાલ કોણે ભાળીછે! પરંતુ આવું વદનારાની પણ પોકા કાળ પછી કેવી દુર્દશા થાયછે તે જેણે એવાં પાત્રને અવલોકયાં છે તેને કે સ્વઅનુભવાર્થીને માલુમ હોયછે; યૌવનકાળના બે ચાર દિવશ વિષયાનંદમાં વિષય સન્મુખથી દ્રવિત અને વિષય ઉન્મુખથી પીડીત, ક્લિષ્સિત વ્યતીત થાય છે; અને તતક્ષણ યૌવનાવસ્થામાંજ તેમની વૃદ્ધાવસ્થાથી પણ નિકૃષ્ટ થાય છે; અને અસહ્ય કરૂણાજનક કષ્ટ ભોગવેછે; માટે લક્ષ્મીવાન શ્રીમંતવર્ગે પોતાના બાળકની બાલ્યાવસ્થાપર વિશેષ લક્ષ આપતાં તેમને વિદ્વાનગુરૂ, પ્રકૃતિજ્ઞ રક્ષક,

અને વિમલ પાત્ર વચ્ચે ઉછેરવો આવશ્યક છે; અસ્તુ, વાચક! ચાલો હવે ચાલતા વિષયને અનુસરીયે—

શિક્ષકે ઉન્મતભાઇને ભણાવવાની તેના માતાપીતાને નામરજી બતાવવાથી તેની જગોએ કોઇ બીજા શિક્ષકને નીમવા શેઠજીએ વિચાર કર્યો પરંતુ પ્રકૃત સુધારાની મુદ્રા કાંઇક શેઠજી ઉપર પડવાથી તેમણે ઉન્મતભાઇને ગુજરાતી શાળામાં મોકલ્યો ત્યાં તેમની પરીક્ષા લેવાઇ અને પાંચમી ચોપડીમાં દાખલ કર્યા; પછી ખાનગી રીતે ભણાવવાને માટે મેટ્રીકમાં પાસ થએલો એક શિક્ષક રાખ્યો; આ શિક્ષક સર્વઉપમા જોગ હતો, ઇગ્રેજી સુધારો ડ્રીંકીંગમાંજ સમજતો હતો; આપણા ઉન્મતભાઇ પણ જુવાનીના મળસ્કામાં આવ્યા તેમાં "ભાવતું હતું તે વૈદ્યે કહ્યું" જેવા શિક્ષક મોજીલા અને સ્વતંત્ર મગજના મળ્યા તેવા ઉન્મતભાઇની પણ ચીંનગી જોવામાં આવતી હતી, સોબત તેવી અસર થાય તેમાં શું આશ્ચર્ય! ઉન્મત તો મુળથીજ સ્વતંત્ર હતો, તે મળથીજ આમ તેમ ફરવા હરવાનો અભિલાષી હતો, વિદ્યાભ્યાસ કરવાને માટે તેને કંટાળો લાગતો હતો, ભુમીતિ અને વ્યાકરણ તથા હીસાબની પદ્ધતી તો તેને બાવળના કાંટા જેવી લાગતી હતી, અરૂચતા પદાર્થ ઉપર વ્રતિ કંટાળી જાયછે; સ્મર્ણશકતીને વધારે પરિશ્રમ આપવાને ઉન્મત કંટાળ્યો હતો; તેમાં વળી તેને મોજીલા રંગીલા અને મનભાવે તેવઃ શિક્ષક મળ્યા તો પછી શું! તેમને તો પરસ્પર જેવો જોઇએ તેવો રંગ જામી ગયો. શેઠજી તો એમજ જાણેછે કે ભાઇ તો ભણેજ છે; અને શેઠાણી તો લાડ કરવામાં અને ઉમર લાયક થયો માટે મોટે ઘેર પરણાવવો, એ અભિમાનમાંજ રહ્યાં; ઉન્મતભાઇને બે ત્રણ ચોપડી જેટલું ઇગ્રેજી જ્ઞાન આપ્યું તેમાં બાકી તો અવિદ્યાના ઓધપાઠનું શીક્ષણ શિષ્યને સંપૂર્ણ આપ્યું; અને શિષ્યે પણ તે ઓધપાઠ, ઉમંગથી પોતાના મગજમાં ઠસાવી દીધા.

ભાઇ હવે ઉમર લાયક થયા, તેથી તેમના માતા પિતા તેમના લગ્ન સમારંભની તૈયારીયો કરવા માંડી, એજ નગરના એક ધનાઢ્ય વેપારીની બાળા સાથે ભાઇનું લગ્ન થયું, આ વિવાહીતા બાળાનું નામ સરસ્વતી હતું; તેમનાં માતપીતા વિદ્યાસ-

સ્કારી અને ગુણુશીળ હતાં, તેથી પુત્રીનેં પણ વિદ્યા અને ગુણુથી અલંકૃત કરી હતી. સરસ્વતીના પીતાએ નીતિબોધ સ્રીશિક્ષણ આદિના સારા બોધદાયક ગ્રંથો સરસ્વતીને લઈ આપ્યા હતા, તેના અભ્યાસથી સરસ્વતીનું વિદ્યાબળ નીતિબળ, આધ્યાત્મદ્ધિને પામ્યું હતું, દિલગીર ! કે સરસ્વતીના માતા પીતાએ સરસ્વતીને સરસ્વતી કરીને તેનું હિત કર્યું હતું; શ્રીમંત વ્યાપારીનું ઘર જોયું, આબરૂદારનું ઘર જોયું કુળ સારૂ જોયું પરંતુ વિવાહીત પોતાના જમાઇના અંતઃ સ્વરૂપનું અવલોકન કર્યું નહી; તેથી સરસ્વતીના સર્વાંતર સુખ ઉપર પ્રતિરૂપ પ્રધાન દુઃખથી સર્વપર પાણી ફરી વળ્યું અને પુત્રીનું સઘળું જીવતર નિરર્થક ગયું.

આપણા ઉન્મતલાલે પાંચમા ધોરણ સુધી ગુજરાતી અભ્યાસ કરી પોતાના શિક્ષકની અને પોતાની ઇચ્છા એક થવાથી "ઓયસ" અને "નોંટ એટ ઓલ" નો અભ્યાસ આરંભ્યો, પોતાની સહી કરવા જેટલી શકતી આવી કે ભાઇ તો કંટાળ્યા, પીતાને કહ્યું કે મારૂ મગજ બહુ વિક પડી ગયું છે તેથી હવે મને વધારે અભ્યાસ કરવાથી નુકશાન છે, દુકાને હું વખતો વખત જતો રહીશ, અને વ્યાપાર કલામાં માહીતી મેળવીશ. આ પ્રમાણે સાંભળીને ભોળા અને જુની પદ્ધતિના શેઠજીએ કહ્યું કે બહુ સારૂ ભાઈ; ઉન્મતલાલ શાળામાં ગોંધાઈ રહેવાથી બચ્યા; શિક્ષક અનેબીજા બે ચાર એમના ડીયરઇન્ટીમેઇટ ફ્રેન્ડ થઇ પડયા, ઉન્મતલાલ પોતાના ખાનગી ખરચમાંથી તેમજ કાંઈ બહાનુ બતાવી પીતાજી પાસેથી મધુર મધુર બોલીને માતાપાસેથી,આડુ અવળુ સમજાવી દુકાનેથી દ્રવ્ય લઇમિત્રમંડળમાં ઉડાવવા માંડયું; દુકાને એકાદ ચક્કર લગાવી આવી સાંજે એક સ્થળે પાર્ટી ઝામે, નવનવા નાચરંગ, મુજરા, અને બાટલીના બુચોને સ્કે ફેરવાય— એક દીવસ દરીયા કિનારા તરફ તેમની સ્વારી ઉપડી, અને કોઈએક ફાંકડી અનેલટકાળી ખુબસુરત યુવતી તેમની નજરે પડી કે તરત સર્વનિં વાગ્ધારા એકી વખતે ફુવારાની પેઠે છુટી—યાર ! જોની ! આ તો મોહના ખુબસુરત છે અરે ! પણ એની ચાલ કેવી છટાદાર છે ! અરે મિસ્તર ! આતો કોઈનવીન

આજ જોવામાં આવી; હાં યાર! સાચુ કહો છો! સાચુ; ઉન્મતલાલભાઈ આપ સર્વ ભૂલ કેમ કરો છો! જુવો તો ખરા આ તો શેઠ રતનચંદની પુત્રી નવનીત છે, આજનો કાંઇ એનો સ્વાંગ અને દેખાવ વિચિત્ર અને મનરંજન છે; ખરૂં માય ડીયર; એ તો કોઈ સાથે વરવાનુંજ કબુલ કરતી નથી; યુનીવરસીટીમાંથી કાંઈ વાખ્યાન બાખ્યાંન સાંભળીને અહીયાં ફરવા આવી હશે; બસ આ નવલપુરીમાં આ એકજ છે; આપણે કંઇક માલ ઉડાવ્યા પણ આના આગળ બધાએ રદ છે. યાર! એના બાપની સત્તા જોરાવર છે, વળી એ પણ વિદ્યામાંથી કયાં હાથ ધોય એમ છે! તેમજ કયાં તે નવરી પડે છે!

ઉન્મત—એક વખત તો તેની મુલાકાત લઇ વાતચિત કરીએ તો ઠીક, પછી બને તે ખરૂ, કેમ ખરૂં કે!

૧ મિત્ર—વોટ ઇઝ ધેટ! એમાં તે શું બનવાનું હતું.

૨ મિત્ર--છીટ્ છીટ શું એના બાપને જોયો છે! આજે સત્તા કોહોની ચાલે છે! તે ખબરછે કે! રજવાડી નહીં હો. પણ ઇંગ્રેજી.

૨ મિત્ર—અરે ભાઇ તું ભૂલ કરેછે; ઇંગ્રેજી સત્તા તો બિચારી સારી પણ રજવાડી સત્તા સહુ ભૂંડી--પકડાયા તો હાડકાંતો જાણે કામ ચાલતા અગાઉજ ખોખરાં થઈ જવાનાં અને મારા જેવા ટકા વિના ન બેસી શકનારા તો સત્વર વડીલોને મળવા સ્વર્ગનો મારગ પકડવાને ઉપડી પડે; અને ઇંગ્રેજી સત્તા તો સારી કે કામ ચાલતા સુધી તો આરામમાં રહીયે, વળી દ્રવ્યનું બળ પૂરેપૂરૂ હોય તો મોજ મારી તે આપણા બાપની, ને વળી છુટી જઇએ, અરે ભાઇ! વખતે પકડતાંજ આપણા જેવો પોલીસ અમલદાર નીતિવાન હોય તો હાથ દબાવ્યો કે જાણે છુટાજ છીએ.

૨ મિત્ર--હવે આ પંચાયત જવા દો, પણ મિસ્તર ઉન્મત! હવે તો તમે એક જુદો મકાન આપણા ગમ્મત માટે રાખો તો ઠીક કેમકે શેઠજી બેઠા હોય તે વખતે તમારી પાસે આવવાને અમને મોટી અડચણો પડેછે; માટે કોઇ સારા બંગલાની જરૂર છે.

ઉન્મત—પણ પિતાજી એ વાત શી રીતે માન્ય કરશે ?

૧ મિત્ર—અરે ! એમાં શું મુશ્કેલ છે ! અમે તે યુક્તીથી શેઠજીને સમજાવો.

ઉન્મત—શી યુક્તી કાઢવી ?

૧ મિત્ર—જેના હોઠ સાજા ! તેને ઉત્તર ઝાઝા, એ કહેવત પ્રમાણે આપણી પાસે યુક્તીયોની ક્યાં ખોટ છે, તમારા પિતા જુના વિચારના ભોળા છે. તેમણે તમને નવા વિચારમાં અને કેળવણી પામવાને ઉત્તેજન આપેછે માટે કેળવણી બાબતમાં શેઠજી કેવળ અજાણ્યા છે તેથી શેઠજીને તમે એમ કહો કે મારી તબીયત હમણાં ઠીક રહેતી નથી; માટે ખુલ્લી હવામાં રહેવાને મને પરવાનગી આપો, વળી ગુલાબબાગ તમારા કબજાનો છે તેમાં જે બંગલો છે તે કોઇને તમે ભાડે આપ્યો નથી. બાગનો માળી જે છે તેને મેળથી લેવો એટલે એ બંગલામાં તમે રહેશો એટલે આપણે જોઇએ તેવી મઝા આવશે. એકાંત અવાસની તો મઝા જુદીજ છે, કેમ મિત્ર !

ઉન્મત—બરાબર કહોછો, એ બનવા જેવું છે ખરૂં.

૧ મિત્ર—એજ બાગમાં તમે તમારી પત્નીની સાથેજ રહેજો, એટલે ભોજન માટે હરકત પડે નહીં, આપણે ગમે તે રંગ ઢંગ પ્રમાણે વર્તન કરીએ તેમાં તમારી પત્ની કંઇ પણ બોલે નહીં. તેમજ કોઇને વાત જણાવે નહીં, એવો બંદોબસ્ત કરજો. સ્રીજાત ઉપર દાબ અને રોફ રાખવાથીજ વશ રહેછે; માટે તેમના ઉપર મજબુત દાબ અને કડપ રાખવો. એમ કરશો એટલે તે તમારી પત્ની આપણી રીતભાતમાં આડી આવેજ નહીં; સ્રી ઉપર પ્રથમ દાબ પડયો તે પડયો. જો કદી સ્રીને મોઢે ચઢાવીકે સ્વતંત્રતા દીધી તો પાછળથીતમને બીલકુલ ગાંઠશેનહીં.

ઉન્મત—થેંકયુ માય ફ્રેન્ડ, ત્હેં સારી યુકતી બતાવી, કાલેજ આપણા કાર્યની સિદ્ધિ થઇ, એમ તું સમજજે, પછી રોજ ગુલછરા, પછી ત્યાં બંદાને કોણ કહેનાર છે કે જોનાર છે! કેમ ખરૂંકે ?

ઉપર પ્રમાણે ઠરાવ થઈ અનીતિપ્રવર્તકસભા વિસર્જન થઈ

ગુડ બાય કહી ઉન્મત પોતાની ગાડીમાં બેશી ત્વરાથી પોતાના ઘર તરફ આવ્યો.

ઉન્મત--(માતુશ્રી પ્રત્યે) માતુશ્રી! આજ કેટલાક દિવસ થયાં મારૂં શરીર ઠીક રહેતું નથી; તેમ જમવાની રૂચી પણ થતી નથી, તેથી હું નહિ જમું; આજ સ્વચ્છ હવા લેવાને માટે હું ફરવા નીકળી પડયો હતો, તેથીજ મને વાર લાગી છે.

માતુશ્રી—બાપુ! અરેરે! તને શું થયું છે? આપણા વૈદ્યની દવા કર, તને શી વસ્તુની ખામી છે? તને જે દરદ થયું હોય તેનો ઉપાય કરવોજ જોઇએ, કાલે સવારે આપણા વૈદ્યરાજને બોલાવીને ઉપાય કરવો જોઇએ,--બાપુ થોડુ પણ ખાય તો સારૂ, હું તારી રાહ જોઇને ભૂખી બેશી રહી હતી.

ઉન્મત--માતુશ્રી! તમે જમી લ્યો, હું અરૂચી ઉપર નહી જમું, એમ કરવાથી વધારે તબીયતને નુંકસાન થાયછે; હે માજી! મારે સ્વચ્છ હવાની ખાસ જરૂર છે, મને મોટા દાક્તરે સ્વચ્છ હવા લેવાનોજ અભીપ્રાય આપ્યો છે માટે મારે તો આપણા વૈદ્યરાજની દવા લેવીજ નહીં. અંગ્રેજી દાક્તરનો અભીપ્રાય મોટા વિદ્વાન લોકો પણ કબુલ કરે છે, માટે થોડા સમય સુધી હું ગુલાબબાગના બંગલામાં રહું તો શી હરકત છે?

માતુશ્રી—ભાઇ! પ્રાતઃકાળમાં તારા પીતાજીને કહીશ, હવે રાત્રી વીતી છે માટે તું સુઈ જા.

બહુ સારૂ માતુશ્રી. એમ કહીને ઉન્મતલાલ પોતાના શયન રૂમમાં આવ્યા, સરસ્વતી બિચારી દુઃખી ચિતે અનેક તર્કવિતર્ક કરતી તકીયાને અઢીંગી અર્ધ નિંદ્રાવશ થઇ હતી, ઉન્મત અંદર પ્રવેશ કરી પોતાની પત્ની સરસ્વતીને સૂતેલી જોઇ–વેલ ઢેમ અબીસેં કેસે સોગઈહય, હમારે આયે પેસ્તર સો જાતીહેં–એમ કહીને બુટથી ઠોકર લગાવી.

સરસ્વતી—(જાગ્રત થઇને–પોતાના પતિને જોતાંજ) કોણ સ્વામીનાથ?

ઉન્મત—ના, ત્યારે કોઈ બીજું કે! અત્યારમાં શાનું ઘોરણુ આવેછે?

સરસ્વતી—શું સ્વામીનાથ! હજુ અત્યાર છેકે! બાર વાગ્યા તોયે પણ!

ઉન્મત—બાર કયા લેકીન દો બજે તોભી કયાહે, હમેરી તબીયત ચ્હાય જીસ બખત આવે; (ક્રોધથી) શું તું મને દબાવે છેકે શું! હું સ્ત્રીવશ થાઉં એમ નહીં હો!

સરસ્વતી—આપને હું શું દબાવું! આપતો મારા પ્રાણનાથછો

ઉન્મત—ગમે તેટલાં મધુર વચન બોલે તોપણ બંદા તો સ્ત્રી ચરિત્રથી ભોળાઇ જાય એવા નથી.

સરસ્વત—પ્રાણનાથ! આપ સારા કુળના છો, સમજુ છો, તેથી હું આપને કહેવા યોગ્ય નથી, પરંતુ આપ નીચ સંગતીનો ત્યાગ કરો તો બહુ સારૂ, કારણ કે મારાં સાસુ સસરાનો યશ સર્વત્ર જગોએ વિસ્તૃત્ય છે. અને જ્યારે આપનું અધમ નીચ સંગે ફરી દુરાચરણ અન્યને અવલોકવામાં આવે ત્યારે ત્યાંથી આપના માતપીતાના જાણવામાં આવે તો તેમને કેટલો બધો ખેદ થાય! આપણને પણ પાછળથી પશ્ચાતાપ થાય, માટે આ દાશી તેઓનો સંગ ત્યાગ કરવા આપની પ્રાર્થના કરેછે; પછી તો આપ સ્વતંત્ર છો, દુઃખ અસહ્ય થાયછે ત્યારેજ આટલું કહેવાઇ જાયછે.

ઉન્મત—અહા, વાહરે સમજણનું ઘરતો જાણે તુંજકે! શું માહારી સ્ત્રી થઇને મને ઉપદેશ આપેછે! આઇ ડોન્ટ વોન્ટ યોર એડવાઇસ ગોઆવે!

સરસ્વતી—હું દાશી આપને શું ઉપદેશ દઉં! પરંતુ આ દાશીનું હીત પણ આપના હાથમાંજ છે, હે પતિ! મારાથી સહન ન થવાથી બોલી જવાય છે.

ઉન્મત—ડોન્ટ સ્પીક ટુ ફુલ, બ્રીંગ માય ચિરૂટબોક્ષ.

સરસ્વતી—લાવુંછું સ્વામીનાથ! (એમ કહી લાવી હાથમાં આપી.)

ઉન્મત—હવે તારે વધારે ઓછું ન બોલવું હોંકે!

સરસ્વતી—સારૂ પ્રાણનાથ.

એ પ્રમાણે વાતચીત કરતાં કરતાં પ્રાણનાથ તો ઈઝીચેર ઉપરજ ચીરૂટના ધુમાડાનો ગોટ કાઢતા કાઢતા તેના કેફમાંજ હજુરમાં હાજર ઉભેલી દેવીને (પોતાની પત્નીને) વશતો ન થયા

પણ નિદ્રાદેવીના સપાટામાં તો આવી ગયા, સરસ્વતી પોતાના તાનાં પતિ વિશેના ચિંતવનમાં ગાદીપર નિદ્રાવશ થઇ.

વાંચક ! આપણે શ્રીમંતના સંતાનના દિવશ લાલન પાલનથી વિદ્યાહિન અનીતીરત અને નિશામત રહીને નિર્ગમથનતા હતા, માતા ગુમાસ્તા, અને ઉન્મતભાઇ પણ બીજે દીવશે મુગે મોઢે શેઠજીને સમઝાવવા લાગ્યા અને આખરે શેઠજીને ગળે કાંઈ વાત ઉતરવાથી તે બોલ્યા,—ત્યારે બહુ સારૂ જો કે ઉન્મતની તબીયત સુધરતી હોય તો તે સુધરતા સૂધી ભલે એ ગુલાબબાગવાળા બંગલામાંજ રહે; અને આપણા દાક્તરને કહેવું કે બન્ને વખત ત્યાં જઇ તેમની તબીયત સંભાળતા રહે, તેમજ વહુને પણ તે બાગમાં તેની સાથે મોકલવી, કે તેના શરીરની માવજત સારી રહી શકે, તેને પસંદ પડે તેટલાં જરૂર પુરતાં માણસો રાખે; એમ કહીને શેઠજીએ ઉન્મતને કહ્યું, કે ઉન્મત ! આજ કાલ દુકાને આવતો જણાતો નથી, માટે સઘળો સમય તું શામાં ગુજારે છે?

ઉન્મત—દાકતર સાહેબના અભિપ્રાયથી હું સવાર સાંજ ફરવા જાઉછું; વળી તેમના કહેવાથી, હાલ કાંઇ વાંચતો પણ નથી કારણ કે મારૂં બ્રેઇન વીક થઉ ગયુંછે;એમ તે દાકતર જણાવેછે.

શેઠજી—ઠીક, ઠીક, બહુ સારૂ, તો પછી જેમ તારી તબીયત ઠીક રહે તેમ કર—તારા માટે એજ બાગમાં ગોઠવણ કરવામાં આવી છે.

ઉન્મતભાઇના મંત્રતંત્રની સિદ્ધિ થઇ તેમના કામનો બેડો પાર થયો, આજથીજ તેઓએ મનોહર ગુલાબબાગના એક અતિ વિશાળ સુશોભિત બંગલામાં નિવાસ કર્યો,—હાજી કહેનાર ખુશામતખોર માણસો પાસે રાખવામાં આવ્યા, હવે ઉન્મતભાઇને ચક્રવર્તી રાજ્ય મળ્યું—સ્વતંત્રતાની કંઈ કસર રહી નહીં મનોવૃતિને આડતર કંઇ રહ્યું નહીં.

ઉન્મત—વેલ બોય, બોય, બોય.

બોય—જી સાહેબ.

ઉન્મત—કોચમેનકો બોલો કે હમારે ફ્રેન્ડ પ્રમાદજીવનકો બુલાવે ઓર યહ સબ ફ્રેન્ડકો લેકે ;ઈહાંપર જલદી આવે, ગો ઓન, ક્વીક શાર્પ.

બોય—(કોચમેનપ્રત્યે) કોચમેન! કોચમેન! શેઠજીયે હુકમ કર્યો છે કે તુમ ગાડી લેકર જલદીસે શેઠજીકા ભાઈબંધ પ્રમાદજીવન ઔર ઇનકે દુસરે મિત્રમંડલકો સત્વર બુલાઓ?

કોચમેન—બહુત અચ્છા.

સર્વમિત્ર—ગુડમોરનિંગ માયડીયર, મોરનિંગ માય ડીયર; એમ કહીને સર્વેએ ઉન્મત સાથે હાથ મેળવ્યો અને પાછી પોત પોતાની જગો ઉપર બેઠા; ટેબલ ઉપર સ્કૃ અને બાટલીયો તથા તે સાથે સાધનીક ચીન્હ ગોઠવી દીધી, આવતાં વાંતજ એકંદ બે જણાએ ધુમાડાથી પેટ ભરવા શરૂ કર્યા. એ પ્રમાણે રંગ બરોબર જામ્યો એટલે તો નિશાની ધુનમાં અનીતિપ્રવર્ત્તક સભામાંથી એક સભાસદે મંગળાચરણ શરૂ કર્યું.

૧ મિત્ર—ઉન્મતભાઇ! યાર જો હીમત હોય તો આજતો આપણું કાર્ય સિદ્ધ થાય તેમ છે.

૨ મિત્ર—શું?

૧ મિત્ર—કેમ શું! આજ આપણે અહિ આવતાં, કુસુમ બાગમાં એ છબીલી નવનીતને જોઇને આવ્યા તે સ્ત્રી પાસે માત્ર એક બીજી સ્ત્રી છે તે શીવાય ગડબડ નથી.

ઉન્મત—અરે યાર પણ એમ કેવી રીતે તેને અહીંયાં લવાય! એમના પીતાની સત્તા અહીં બહુજ ચાલેછે. વળી તેમજ મારા પીતાજીને અને એના પીતાજીને ઘણાઘણી છે.

૧ મિત્ર—ઉન્મતભાઈ! આપ તો સમજતા નથી, આપણે જબરદસ્તીથી ક્યાં લાવવી છે! કોઇ તતબીર રચીને લાવીએ.

ઉન્મત—શી તતબર?

૧ મિત્ર—જાણે આજે પુનમચંદ શેઠને ત્યાં તેમના પુત્રનો જન્મ મહોત્સવ છે તેથી આજે સર્વ મોટા મોટા શેઠીઆઓ ત્યાં એકત્ર થવાના. જેમાં તેઓ મોડા સુધી રોકાવાના છે. તેમાં નવનીતના પીતા પણ અત્યારે ત્યાં ગએલા છે અને નવનીત સમુદ્ર કીનારા નજીક કુસુમબાગમાં છે, માટે તેને એવું સમઝાવીને અત્રે લાવીએ કે તારા પીતાજી તમને સત્વર બોલાવેછે, એટલે તે નવનીત પોતાના પીતાજીએ બોલાવવા મોકલેલ છે એમ ધારીને અત્રે આવશે; પછી અહીં આવ્યા બાદ તો આપણે ઘણીએ તતબીરો લડાવીશું.

ઉન્મત--પરંતુ એ તો નીતિવાન, ગુણીયલ અને વિદ્વાન છે; છતાં તે આપણી ભ્રષ્ટ વૃત્તિને કેમ માન્ય કરશે!

૨, મિત્ર--અરે એતો વખત આવે એટલે વિદ્વાનને બિદ્વાન બધાયને જોઇ લીધા છે; ચાર આંખ ભેગી થઇ કે વિદ્યા અને નીતિનાં થોથાં બાજુ ઉપર હવા ખાવામાં આથડયાં કરેછે; એકાંત મહા બુરી છે, એકાંત મળી કે બધુએ ધોઇ પીવાનું સમજવાનું; હે મિત્ર! તમે શું જાણો! આ નગરમાં ઘણા માણસોના હું ભેદ જાણુંછું, ઉપરથી ઇંદ્રવરણા જેવા દીમાખ ધરાવનારા અને અંદર તો કડવું ઝેર સમજવું; જુઓ આપણા નગરમાં પરમાનંદ મોટો શેઠીયો છે તેને ત્યાં લાંબા લાંબાં ટીલાં ખેંચીને એક પુરાણીબાવા શ્રીમદ્‌ભગવત્‌ગીતાની કથા કહેછે. તે બધાને બ્રહ્મજ્ઞાનનો બોધ કરેછે પણ પોતે તો બ્રેંડીનો બુચ ખુલ્લો કરીને ગ્લાસ ભરીને ગટ કરી જાયછે; જુવો પેલા જુગલદાસ મુખીયાજી ઓળખ્યો કે! મંદીરમાં ઠાકોરજીનાં પારણાં ઝુલાવેછે! પોતે માથાનો અંબોડો વાંકો શ્યામ રંગનો ઓઢેછે; દેખાવમાં છેલછબીલો દેખાયછે પણ જ્યારે લાગ આવેછે ત્યારે મદમત છકેલી સ્રીયો જે કે દરસન કરવા આવેછે તેનાથી મોજ કરેછે. આ વાત હું સારી પેડે જાણુંછુ. દરશન કરનારા કેટલાક ભકતીભાવવાળા શ્રદ્ધાવાળા દેવને પ્રેમપૂર્વક નમેછે, અને મુખીયાજીને પવિત્ર માનીને તેમનું ચરણામૃત લેછે, પણ તે છેલછબીલાનાં મુખ્ય છુપાં આ ચરણુ કેવાં છે, તે તો જે કોઇ ખટપટીયો હોય તે જાણે. પેલો મર્કટાનંદ સરસ્વતીને જાણ્યો કે! ભગવાં વસ્ત્ર પેહેરીને તથા ચાખડીયો ઉપર પગ દઇને મોટા મોટા શ્રીમંતોને ત્યાં બ્રહ્મવિદ્યાનો બોધ કરેછે, તમામ ભોળા મનના લોકો તેના પગ ધોઇને પીયેછે, ઉપરાઉપરી દરરોજ પૌષ્ટીક ભોજન શિષ્યવર્ગ તરફથી મળેછે, પણ અંદરખાંને તપાસ કરો પેલી વીનોદગવરી જે કે વિધવા મસ્ત છે તેને ત્યાં જાયછે. તે વિનોદગવરી એ મર્કટાનંદની શિષ્ય થઇ છે, વિચારસાગર શીખે છે પણ અંદરખાંને એવી ઉધાઇ છે કે કહેવાની વાત નથી માટે એ તમામ વિદ્વતા બતાવવાની છે, પણ જ્યાં એકાંત મળે તે વખતે કાર્યસાધકો પોતાનું કાર્ય સાધી લેછે. એવા બગભગત સેંકડો નામાંકીત પુરૂષો

છે અને સેંકડો સ્ત્રીયો તેનું નકામું વર્ણન કરવાની જરૂર નથી. --ત્યાં માત્ર પોતાનું ચાતુર્ય બતાવે. પણ તે અંદરખાનેથી રસીલાને પસંદ કર્યા વિના રહેજ નહી, તમે સ્ત્રીચરીત્રના અજાણ્યા છો એવી તેની માહીતી મ્હે ઘણી રીતથી મેળવી છે; માટે ગમે તેવી તે નવનીત વિદ્વાન હોય પણ તેને અહીંયાં લાવ્યા પછી જોઇ લ્યો ખુબી.

ઉન્મત--હા યાર! ત્યારે તો બંદા જેવો આ દુનિયામાં કોણ ભાગ્યશાળી! (નિશાની ધુનમાં) ઓ યસ યુ આર કવાઇટ; ામસ્તર ત્યારેતો કોચમેનને બરોબરસમજાવી સત્વર મોકલો.નહિ તો તેટલામાં કંઇક એવીએ ઘર તરફ રવાના થઇ જશે; આવો અમૂલ્ય તક વારે ઘડીએ મળવો ઘણો મુશ્કેલ હોયછે.

ઉન્મતના મિત્રે કોચમેનને બરોબર સમજાવી, સારૂં ઇનામ આપવાની લાલચ આપી, નવનીત તરફ મોકલ્યો; વાચક! આપને યાદ હશેજ કે નવનીતને ખોટું સમજાવીને લઇ જનાર આજ ગાડીવાન (કોચમેન) હતો, ચાલો હવે તે નવનીતનું ધૈર્ય અને તેની બિપે જે કંઈ થયું તેનું વર્ણન કરીયે.

થોડી વખતમાં કોચમેન નવનીત સહિત પોતાના બંગલાના ઝાંપા આગળ આવી પોહોંચ્યો.

નવનીત--(ગાડીવાન પ્રત્યે) શું મહોત્સવ આ ગુલાબબાગમાં અને આવા એકાંત વાસમાં છે?

ગાડીવાન--જી હા,

નવનીત બંગલાની અંદર પ્રવેશ કરીને જુવે છે તો છાકટા ટોળી બેઠેલી છે. તે સર્વના વચમાં આરામ ખુરશી ઉપર ઉન્મતને પડેલો દીઠો,--અરે! આ તો કાંઇ દગોજ; છકેલ ઉન્મતે અને તેના દુષ્ટ સોબતીઓએ મને ફસાવવાને માટે આ જાળ પાથરી છે; પણ મારી સદ્દબુદ્ધિ છે અને તેથી ઈશ્વર કૃપાળુ થશે તો તેઓ લુચ્ચાઓથી શું થવાનું છે, મારા પિતાને ત્યાં કોઇ કોઇ વાર આવતો હતો ત્યારથીજ હું એને લુચ્ચો છે એમ જાણતી હતી. વિચાર કરતી જરાક વાર સ્તબ્ધ થઇને ઊભી રહી; ઉન્મતે નવનીતને દીઠી, આ વખતે ઉન્મત આરામચેરમાં લાંબો થઇને નીશાની ધુંધમાં આડો થયો હતો તે જલદીથી બેઠો થયો, પછી

લાલ અને ઘેહેરાં નેત્રથી મોહજનિત દ્રષ્ટી કરીને નવનીત પ્રત્યે બોલવાં લાગ્યો કે--આવો, આવો, પધારો--આં મારા આશમચેર પાસેજ બેસારવા તમને બોલાવ્યાંછે; ઘણા દીવસથી આ નેત્ર તમને માત્ર જોવાને વિકળ થઈ રહ્યાં હતાં, તમે ચતુર છો, વિદ્વાન છો. માટે તમારી મુલાકાત લેવી એમાંજ હું આનંદ માનું છું--કેમ નીચું જોઈ રહ્યાંછો, ! શું વિચાર કરોછો ! આ મકાન કાંઈ પણ વિચાર કરવાનો નથી. તમને લોકલજ્યાનો પણ અહીંયાં ભય નથી, તો પછી તમને શાની અડચણ છે ! માટે મનના સઘળા તર્કવિતર્કનો ત્યાગ કરીને મારા પ્રત્યે પ્રેમાળ હૃદય કરો, હું તમારી ખુશામત કરવાને હાજર જઈ ગયોછું. હવે આ ચકોર પ્રત્યે ભેદ શો રાખવો?

નવનીત--(ઉન્મત પ્રત્યે) પ્રિય ભાઇ ઉન્મત ! હે ઉન્મત ! તમે આ શું બોલો છો; તમારે મારી સાથે આવું વર્તન ચલાવવું યોગ્ય છે કે ! તમારા પીતાજી અને મારા પીતાજીને કેવો નિકટ સંબંધ છે ! તેમજ પરસ્પર કેવો સ્નેહ છે તેનો ઉપયોગ શું તમે આવો કરો છો કે ! પિતાજીના સંબંધે કરી તમે તો મારી સાથે ભગની પ્રેમભાવ રાખવો જોઇએ. અને કોઇ દુરાચારીના હાથથી મારૂં રક્ષણ કરવું જોઇએ. તેને બદલે તમે જાતેજ મારા પ્રત્યે અધમ વર્તન ચલાવોછો તે શું યોગ્ય છે ! તમારી પત્ની સરસ્વતી જે કે વિદ્યા અને ઉત્તમ ગુણથી શોભા પામેલી પતિવ્રતા સરસ્વતી કેવળ સરસ્વતી જેવી છે તેના પ્રત્યેના પ્યારમાં વિષ નાંખીને તથા તે વિવેકશીલ બાઇનું અંતઃકરણ બાળીને તમે આવાં અધમ કામ કરો છો એથી પરીણામે કેવું વિપરીત થશે એ વીચારવાનું છે; અરેરે મને આશ્ચર્ય થાયછે કે જેને પેટે જન્મ લૈયે એવા સદ્ગુણી તમારાં માતપીતા છે તેમનામાં જે ગુણ રહ્યા છે તે ગુણનો અંશ તમારામાં કેમ નથી---ભાઇ ઉન્મત ! હું તમને ખરેખરૂ કહુંછું કે; આવા દુરાચારથી તમે તનનું અને મનનું સુખ ગુમાવશો; તમારા પીતાએ જે દ્રવ્ય સંચિત કર્યુંછે તે થોડા વખતમાં ઉડાવી દેશો; કેવળ અપયશ લેગો કરશો. થોડા કાળમાં તમારૂ શ-

રીર અનેક પ્રકારના રોગથી અશક્ત થશે, મન ક્ષીણ જઇ જશે, સુવાવસ્થાછે તે વૃદ્ધાવસ્થા જેવી થઇ જશે. પેટતો પશુ પણ ભરે છે, વ્યભિચાર તો શ્વાનને પણ આવડેછે; વિષયથી પતંગીયાં પણ ફના થઇ જાયછે; પરંતુ ઉન્મત ! જરા વિચાર કરો કે, તમારૂં કળ કયું, તમારા માત પીતા કોણ? તેમણે તમને સ્વતંત્રતા આપી તો પછી તેનો સારો ઉપયોગ કરવો જોઇએ, મનુષ્ય દેહ તમને દુર્લભ મળ્યો છે છતાં પશુની સંજ્ઞામાં રહેવું એ તમને ઉચિત નથી; આ મોજશોખ ક્ષણિક છે; લક્ષ્મીનો વ્યય આત્મ ઉન્નતી અને દેશ ઉન્નતીને માટે કરો તો કેટલો બધો પરમાર્થ સિદ્ધ થાય!અને તેથી તમે કૃત્ય કૃત્ય થાઓ. તમારી પતિવૃતા પત્નિ સરસ્વતી પ્રત્યે મારો નિર્મળ પ્રેમછે; તેણીમાં સદગુણ અને વિદ્યાનો નિવાસછે; તેણીના માતપીતા કુલીન અને કીર્તીવાન છે; તેણીને ઉત્તમ પ્રકારનું શીક્ષણ મળ્યું છે; તેનું મન દુભાવીને તમે ખોટી વર્તણુકે ચાલોછો એ કેટલું બધું પાપ છે! તે તમારા આધીનમાં છે. તે તમને પ્રેમભાવથી ચ્હાય છે, તે તમારી શેવા ઉત્તમ પ્રકારની બજાવેછે; છતાં તેના પ્રેમની કદર તમે બીલકુળ કરી શકતા નથી, એ કેટલો બધો અવિવેક! તમારી આવી રીતભાત જોઇને તેણીનું અંતઃકરણ કેવું બળીને ખાખ થઈ જતું હશે, તેણીના નેત્રમાંથી રાત્ર દિવસ અશ્રુ વેહતાંજ હશે, તેણીનું ખીન્ન થએલું હૃદય કોણ જોઈ શકે તેમ છે? આ પ્રમાણે બોલતી બોલતી નવનીત જરા બંધ થાયછે એટલામાં બંગલાના મેડા ઉપરથી સરસ્વતી જલદીથી ઉતરીને જ્યાં નવનીત ઉભી છે ત્યાં આવેછે તેને જાતાંજ પ્રેમભાવથી ભેટે છે, અને તેણીનો હાથ પકડીને બંગલાના મેડા ઉપર લઇ જાયછે. નવનીત ઉન્મતની સ્ત્રી સાથે મેડી ઉપર ગઇ ત્યારપછી અનાચાર પ્રવતક સભામાં બીરાજેલા અધ્યક્ષ મીસ્તર ઉન્મતના અંતઃકરણમાં જે દુષ્ટ વિચારનું આવર્ણ થયું હતું તે કાંઈક ખસી ગયું. તે પોતાના મનમાં ક્ષોભ પામ્યો, આંખો પડી ગયો; મુખમુદ્રા મ્લાન થઈ ગઇ, નેત્રની દ્રષ્ટિ જમીન ઉપરજ ફરવા લાગી. શ્વાસ મૂકતા લાંબો થઇને પડયો છાતી ઉપર હાથ મુકીને પોતાના મિત્રો પ્રત્યે કહેવા લાગ્યો કે, આ કામ મોટું જોખમ-

રેલું અને અનીતિનું કર્યું છે. જુવો તે નવનીત કેવી હુશીઆર, વિદ્વાન અને ચાલાક છે કે તેણીએ આપણને ઊલટી શીખામણ દઇને તિરસ્કારની નજરે જોવા લાગી! અરે એતો શું! પણ મારા પીતાની સાથે એ નવનીતના પીતાને ગાઢી મીત્રતા છે છતાં જો કે તેને અને મારા પીતાના જાણવામાં આ વાત આવશે તો કેટલી ફજેતી.

૧ મિત્ર—વાહ વાહ ઉન્મતભાઇ! તમે પણ વેદીયાઢોરમાં ભળ્વા, એતો મોઢેથી બધી સ્રીયો ડાહી ડાહી વાતો કરે, સતીયો થાય, પણ 'ભીતરકી તો રામ જાણે' પેલી નવનીતે તમને જરાક સમજાવ્યું એટલે તો ભોળવાઇ ગયા, જો એમ ભોળા થશો તો મનનું ધાર્યું કામ થાય નહી, હજી પણ તે તમારા સપાટામાંજ છે, તમારી સ્રી તેને મેડી ઉપર લઇ ગઈ છે હવે તે એકલી કયાં જવાની છે! જો તમારામાં યુક્તીની આવડ હોય તો તમે તમારી સ્રીની માર્ફતે નવનીતનું ચીત તમારા તરફ વળે એવી તતબીર કરો, તે નવનીત તમારી સ્રીની બેહેનપણી છે, આ ઉત્તમ પ્રકારની અનુકુળતા મળી ચુકી છે; ચાલાકીથીજ સ્રી વશ થાયછે; જેવો વખત હોય તે પ્રમાણે ચાલવાથીજ કાર્યની સીદ્ધિ થાયછે, કેટલીક શોખીન સ્રીયો મરદની સાથે બેશીને શરાબ પીયેછે, જ્યાં શરાબ પેટમાં ગયો કે તે સ્રી જેમ મદારીની સામે મર્કટ નાચે તેમ આધીનમાં રહેછે. પોતાનો પ્યાર અને શરીર બક્ષેછે; પ્રીય મીત્ર! એવા અનુભવ મ્હેં બહુ કર્યાછે, અનુભવી હોય તેજ સ્રીયોને વશ કરી શકેછે; જુવો પેલા દીપચંદ શેઠની દીકરી ચંપક ઓળખી કે! લોકો તો એમ જાણેછે કે એના જેવી ભક્તી ઉપર શ્રદ્ધા રાખનારી બીજી કોઈ નથી. વ્હાણું વ્હાય કે, ગદાધરલાલ, શંખધરલાલજી અને શામલાલજીના મંદીરમા દર્શન કરવા જાયછે. બધાએ તેને જુવેછે કે દર્શન કરવા પણ એક કલાકનો એવો વખત મેળવે છે કે યુક્તીથી ચોથા નંબરના માળામાં ચઢી જાય છે ત્યાં મારો મીત્ર મદન રસીક છે તેની પાસે જઇને ઉંચામાં ઉંચો વાઈનનો ગ્લાસ ગટ કરી જાયછે. બે ઘડી વાતચીતનો આનંદ મેળવીને ચાલી આવે છે. જ્યાં જય જય જય એવો શબ્દ થયોકે પછી મંદીરમાં દરશન

કરવાસારૂપેશી જાયછે--પ્રિય મિત્ર ! ચોર હોય તેજ ચોરને ઓળખેછે; લોખંડજ લોખંડને કાપેછેઃ વ્યભિચારી પુરૂષ હોય તેને જ વ્યભિચારીણીયો મળેછે; જે બિચારો સાત્વીક સભાવનો, સૌસ્ય આકૃતિનો સભ્યતાનો ફાંકો બતાવનાર સાદો અને શીળો હોય તેવાને તો તે નવરંગી સ્ત્રીયો બીલકુલ જોતીજ નથી; માટે તમે તો ફાંકડા અને રસીલા છો. તેમાં વળી યુક્તીથી નવનીતને અહીયાં લાવીને ફસાવીછે, જોઇએ તેવો તકછે પછી વિચાર શો કરવો !

ઉન્મત--મારી સ્ત્રીની માર્ફતે એવું કામ બનવું ઘણુંજ અશકય છે; તે આવી બાબતને બહુજ ધિક્કારે છે; આપણે ગોઠવણ જે કરી હતી તે ગોઠવણ સ્ત્રીના જાણવામાં આવેનહી તેવી હતી. પણ નવનીતે ઉંચા સ્વરથી ભાષણ કર્યું. અને તે ભાષણ મારી સ્ત્રીએ સાંભળ્યું અને તે આવી પોહોંચી જેથી આપણા કામમાં વિક્ષેપ પડયો.

૨ જો. મીત્ર--અરે મેહેરબાન ! મીઠી મીઠી વાતો કરવાથીજ સ્ત્રી વશ થાયછે, ગરજ પડે ત્યારે વખતે ગધેડાને કાકો કહેવો પડેછે; તમે પુરેપુરો પ્રેમ બતાવશો એટલે પ્રેમને આધીન કોણ ન થાય, પ્રેમની બલિહારી ઔર છે.

૧ લો. મિત્ર—પ્યારા ઉન્મત ! બસ એમજ કરો. હવે રાત્રી પડીછે માટે અમે તમામ અમારે ઘેર ચાલ્યા જઇએ છીએ, સભા વિસર્જન થઇ ઉન્મત એકલો વિચાર અને નિશાન ઘેનમાં હતો તે ત્યાંનો ત્યાંજ ઘોર નીદ્રામાં પડયો; બંગલાના મેડા ઉપર સરસ્વતી નવનીતને મળી પણ તે સરસ્વતિ કેવળ બાહાવરી થઇ ગએલી જણાઇ; તે જોઇને નવનીતે પ્રશ્ન કર્યો કે બેહેન ! તું છેક બાહાવરી કેમ બની ગઇ છું !

સરસ્વતિ—બેહેન ! તને જોતાંજ, મારૂ હૃદય ઉછળ્યું રહે છે- મારા શરીરનું રકત ઉષ્ણ થઇ ગયું છે, અને ઇશ્વર પાસે એજ માગુછું કે આ દેહમાંથી મારો પ્રાણ કયારે મુકત થાય ! (એમ કેહેતી કેહેતી રોઇ પડી)

નવનિત--(સરસ્વતિનાં નેત્રનાં આંસુ પોતાના કપડાથી સાફ કરતી કરતી) બેહેન ! હાય. દશી વિસી ચાલ્યાં કરેછે, સાહસ કરવાથી શું થાય.

સરસ્વતિ--આ દુષ્ટ માણસોની સોબતનોજ પરીણામ છે, મને તો બીલકુલ ખબરજ નથી, હું આ મેડી ઉપર વીદુરનીતી વાંચતી હતી; વળી તે વીષય પડતો મૂકીને હરીશ્ચંદ્રનું આખ્યાન હું વાંચતી હતી; જ્યારે મ્હે શબ્દ સાંભળ્યો કે જેમાં કોઇ નીતિનો બોધ કરતું હોય તેવું મ્હે જાણ્યું; મને પણ ઠીક લાગ્યું કે આ પ્રમાણે કોણ બોલનાર છે તે હું જોઇ લેઉં. એટલામાં તો બેહેન ! મેં તને દીઠી, અરેરે ! તે દુષ્ટ લોકોએ તને અહીંયાં શી રીતે આણી ! આટલા દીવસથી હું બંગલામાં રહુ છું તેમાં મારો પતિ પોતાના મુર્ખ સોબતિયો સાથે બેશીને નીશો કરેછે એટલુંજ હું જાણતી હતી પણ બેહેન ! આ તેઓનું અધમ કૃત્ય તો આજજ જોયું, તેમાં તને અહીયાં આંણી--અરેરે. હાય હાય. એટલાજ માટે મારૂ હૃદય ઉછળ્યાં કરેછે.

નવનીત—બેહેન હું ભાગ્યશાળી છું કે તું અહીંયાં હતી. તારાથીજ મારા શીયળનો બચાવ થયો છે. હું તારો મોટો ઉપકાર માનું છું; મને છળ કરીને તમારો ગાડીવાન લઇ ગયો છે, તે ગાડીવાન તમારા સ્વામીનો નોકર હોવાથી તેણે તે સેવા બજાવી તેમાં તેનો દોશ શો ! હું બાગમાં બેઠી હતી મારી જોડે મારી બેહેનપણી સાગરીકા હતી, ઉત્તમ નીતિજ્ઞ અને વિવેકી મદનચંદ્ર પણ ત્યાં બેઠા હતા, સાયંકાળ થયો હતો, એટલામાં ગાડીને વેગથી ચલાવતો ત્યાં આવી પોહોચ્યો તેણે એવી ખબર આપી કે તમારા પિતાજી રતનચંદ શેઠને ત્યાં બેઠા છે, તે શેઠની સ્ત્રીને પુત્રરત્ન સાંપડયો છે તેની ખુશાલીના મહોત્સવ માટે સારા સારા શેઠ શાહુકાર વિગેરે ત્યાં આવ્યાછે માટે ત્યાં તમને તમારા પીતાજી બોલાવેછે. આ પ્રમાણે સાંભળી મને પણ તે વાત યોગ્ય લાગવાથી ગાડીમાં બેઠી. અને આખરે પરીણામ આ પ્રમાણે યયો.

સરસ્વતી—મદ્યપ શું ન કરે ! મદ્યથી પ્રમત્ત થએલાઓએ અનીતિ કરવામાં કંપપણ કસર રાખી છે ! ન જુવે આપ્તવર્ગ કે સગાંસહોદર, અરેરે આ ટેવ કયારે જશે (એમ કહીને નેત્રમાં આંસુ ભરેછે.

નવનીત—બૈહેન અફસોસ થતી નહીં; જે થયું તે થયું-જેનો હાથ પકડ્યો તે પકડ્યો. હવે કંઇ મિથ્યા થનાર નથી, ઇશ્વરકૃપાથી સર્વે સારાં વાનાં થશે.

સરસ્વતી—બેહેન તું હમણાં નિંદ્રા લે. હું પ્રાતઃકાળ પેહેલાં ચાર વાગે ઉઠીને એજ ગાડીવાનને લાલચ આપીને તને ગાડીમાં બેસારીને ઘેર પોહોંચાડી દઇશ.

આ પ્રમાણે વિચાર કરીને બન્ને જણીઓ બંગલાના અંદરના ભાગનાં કમાડ બંધ કરીને સુઇ ગયાં. પણ ચિંતાને લીધે નિંદ્રા આવતી નહોતી; સરસ્વતી પ્રાતઃકાળ પેહેલાં પથારીમાંથી ઉઠી ઉભી થઇ; ગાડીવાનને બોલાવીને ખાનગી સુચના આપી, મનમાનતુ દ્રવ્ય આપીને નવનીતને તેના પીતાને ત્યાં પોહોંચાડવાને કહ્યું, ગાડીવાને કહ્યું કે બાઇ સાહેબ! શેઠજી ગુસ્સે તો નહી થાય!

સરસ્વતી—તેનો તારે રજ પણ શોચ ન કરવો, તને પૂછે તો મારૂં નામ આપવું.

એટલું કહીને નવનીતને ગાડીવાન સાથે ગાડીમાં જવા કહ્યું, જતી વખતે નવનીને કહ્યું કે સરસ્વતી! તારો આ ઉપકાર હું જન્મ સુધી ભૂલું તેમ નથી; પરંતુ બેહેન! તુ મારા લીધે પતીના કોપનું સ્થાન થઇ પડીશ, સરસ્વતી બોલી--બેહેન! તેની કંઈજ હરકત નથી; તારા માટે હું સર્વ સહન કરીશ, તારા શીયળવૃતનું રક્ષણ કરવું એ મારો ધર્મ છે; આવાં કાર્ય કરવામાં મારો પ્રાણ વખતે જોખમમાં આવે તે પણ કંઈ વિશેષ નથી; હવે આ ખરાબ સંગતીથી અટકાવવા મારા સસુ સસરાને સર્વ વાત વિદીત કરવી પડશે; તે શિવાય, મારૂં અને તેમનું હિત જાળવવાનો એક પણ રસ્તો નથી; કારણ આ અધમ સંગતીમાં વિશેષ સમય વ્યતિત થવાથી એમના જીવને પણ કોઇ દિવસ નુકશાન જેવું છે.

નવનીત—બેહેન! ત્યારે હું રજા લઉ છું. અને અવકાશ મળે ઉપકૃત બેહેનને દર્શન આપી કૃતાર્થ કરીશ.

સરસ્વતી—સાંરૂ બહેન.

નવનીત—અહીંથી છુટી પણ ઘોર પ્રારબ્ધરૂપ વનમાં ચાલી,—જેવા બાઇ તેવાજ તેમને ગડીવાન પણ સર્વેઉપમા જોગ મળ્યા હતા. આ ગાડીવાન, વ્યસની, લંપટ, ચોર, અને લોભી હતો; કીંમતી જવાહીરથી અલંકૃત થએલી સૌંદર્ય વૈભવથી પૂર્ણ જોઇને રાત્રીના અધિક નીશાની લહેરમાં ગાડીવાનનું મન ચળ્યું; આટલું જવાહીર આપણે હાથ આવ્યું કે પછી નોકરીની પરવા ના આપણને રહેજ નહીં, હજી અંધારૂ છે, શી ફીકર છે! હવે અંદાના હાથમાંજ બાજી છે. આ ગાડી ને બળદ આપણાજ સમજવા, દૂર નીકળી જઇશું તો પછી ભય શાનો; જંગલમાં કોણ પૂછનાર છે, આવી અપ્સરા જેવી બાયડી જેનાં પુરાં ભાગ્ય હોય એનેજ મળે, અહાહા, હું કેવો નશીબદાર, વિધાત્રાએ હાથે ઝાલીને આવી મને બાયડી આપી તો પછી હું મોઢું ધોવા જાઉ એ કેમ બને! ચાલ જીવ હવે એમજ કરવું, એવો વિચાર કરતો ગાડીવાન નવનીતના ઘરનો રસ્તો છોડી પોતાની અભિલાષા પ્રમાણે અનેક અનેક સંકલ્પ વિકલ્પના વેગમાં ગાડીને વેગમાં ચલાવતો નિર્જન પ્રદેશ તરફ ચાલવા લાગ્યો.

પ્રકરણ ૩ જું.

પ્રિય વાચકો ! આ વારતામાં આવેલી નવનીતને ઓળખવાની હવે જરૂર છે, એજ નવલપુરમાં રતનચંદ નામનો ધનાઢ્ય શેઠીયો રહેતો હતો તેને પાર્વતી નામની સ્ત્રી હતી. આ બન્ને પરસ્પર પ્રેમથી આનંદમાં રહેતાં હતાં. એક બીજાનો પ્યાર નિર્મળ હતો. બન્નેની નીતિ અને ધર્મ ઉપર દ્રઢ મમતા હતી, રતનચંદે અનેક વિષયોનાં પુસ્તકો વાંચ્યાં હતાં.—તેથી તે બહુશ્રુત હતો. તેના વિચાર દેશઉન્નતીને માટે ઉત્તમ હતા. જ્યાં ત્યાં સભા કરીને લોકોના મનમાં ઉત્તમ કાર્ય કરવાની લાગણી થાય તેવાં ભાષણ કરતો હતો. તે વિદ્વાન

પુરૂષને ઘણોજ વ્હાલો હતો. જો કે તે પોતાના કર્તવ્યકર્મમાં, વ્યાપાર રોજગારમાં સંપૂર્ણ લક્ષ આપીને વખત વ્યતિત કરતો હતો, તોપણ તેમાંથી નિવૃત થઇને પુસ્તકશાળામાં બેશીને પુસ્તકો, વર્તમાન વિગેરે વાંચવામાં વખત લેતો હતો. આ રતનચંદ ધનાઢય હતો છતાં તેના અંતઃકરણમાં બીલકુલ ગર્વ નહોતો; તે સર્વેની સાથે સમાન દૃષ્ટીથી ચાલતો હતો. સઘળા માણસોનો તે રતનચંદ ઉપર પ્યાર હતો. નવલપુરના રાજાની સાથે મિત્રતાનો હક ધરાવતો હતો, તેમજ નવલપુરના રાજાનો રતનચંદ પ્રત્યે અપૂર્વ પ્યાર હતો. રતનચંદના સત્વગુણ સ્વભાવથી સઘળું નગર ધન્યવાદ આપતું હતું; આ રતનચંદે સંસ્કૃત, ઉરદુ અને અંગ્રેજી ભાષાનો અભ્યાસ કર્યો હતો, તેથી તે સઘળા રહસ્યને જાણતો હતો; ઉદ્યોગબળ અને ઐકયતાનો વધારો થવાને માટે પૂર્ણ અભિમાની હતો; નિરૂદ્યોગીના અંતઃકરણની પીડા જાણવાને જીજ્ઞાસુ હતો, ખળ પુરૂષોના અંતઃકરણ ચિત્ર જોઇ તેનો ચિતાર કરવાને ઉત્તમ ચિતારો હતો; નિર્મળ વૃતિવાળા સાત્વિક ભાવમાં શોભા પામેલા રાગદ્વેશ રહિત સુજ્ઞ પુરૂષ [illegible]નો તે દાસ હતો, અને તેઓના વચન ઉપર વીશ્વાસ રાખનાર તે પ્રમાણીક હતો; નવલપુર રાજાના અંતઃકરણમાં નિવાસ કરનાર હતો, અને રાજકાર્ય માટે સલાહકાર હતો; સઘળો પ્રજાવર્ગ તે શેઠના ઉત્તમ વિચાર અવલોકન કરવાને આશાતુર હતો, આ પ્રમાણે રતનચંદ કીર્તિ પામેલો હતો; તેજ પ્રમાણે રતનચંદની સ્ત્રી પાર્વતી પણ ભણેલી હતી, તે પોતાના પતિ ઉપર સંપૂર્ણ પ્રેમ રાખનારી પવિત્ર અને આનંદી હતી, સેંકડો સ્ત્રી સમુદાયમાં શુક્રના તારાની માફક રૂપે અને ગુણે કરીને શોભે તેવી હતી, તેણીના ઉમદા જાતિના વિચાર સ્ત્રીવર્ગને ભૂષણરૂપ થઈ પડયા હતા, શેઠ અને સેઠાણીની ઉમર પાંત્રીસ વરસની હતી, તે વખતમાં પાર્વતીબાઇને પેટ પુત્રીરત્ન પ્રાપ્ત થઇ હતી. તેનું નામ નવનીતકળા પાડવામાં આવ્યું હતું; પોતાની સંતતીને શી રીતે કેળવણી આપવી જોઈએ. એ વિષયમાં પાર્વતી તથા રતનચંદ એ બન્યો સં-

પૂણ માહીતગાર હતાં, નવનીતકળાની સોળ વરસની ઉમર થઇ ત્યાં સુધીમાં તેને સંસ્કૃત ભાષાનો અને ઈંગ્લીશ ભાષાનો સારો અભ્યાસ કરાવવામાં આવ્યો હતો; તેણીએ અનેક પુસ્તકો વાંચ્યાં હતાં તેના માટે રાતનચંદે ઘણા પુસ્તકોનો સંગ્રહ કર્યો હતો; તેને બેસવાને માટે પોતાના વિસ્તીર્ણ મેહેલમાં પુસ્તકાલયનો જુદોજ ભાગ આપ્યો હતો. નવનીતકળાની વિદ્વતા તથા તેનું ઉત્તમ ડાહાપણ અવલોકીને રતનચંદ અને પાર્વતી એ બન્યો ઘણાંજ સંતોષ પાંમતાં હતાં; રતનચંદ જ્યારે કોઇ સભામાં કોઇ પણ વિષયનું ભાષણ કરવાને માટે જાય ત્યારે નવનીતકળાને પણ પોતાની સાથે લઇ જતો હતો. સભામાં આવેલા વિદ્વાન સદગ્રહસ્થો નવનીતકળાની વિદ્વતા અને તેની લાવણ્યતા જોઇને વિસ્મય પામતા હતા; એ સભામાં નવલપુર નગરનો રાજ્યપુત્ર ધર્મસિંહ પણ ભાગ લેતો હતો; નવનીતકળા સોળ વરસની ઉમરવાળી થઇ છે છતાં હજુ સુધી તેનું લગ્ન કેમ કરવામાં આવ્યું નહિ હોય ! એવા તર્કવિતર્ક ઘણા લોકો કરતા હતા, પરંતુ તે વિષે ભેદ લેવાને માટે રતનચંદને પ્રશ્ન કરવાની કોઇની હિમ્મત ચાલતી નહોતી, નવનીતકબાનું યૌવન પૂર્ણ રીતે ખીલ્યું હતું. તેને જોઇને કેટલાક મોહપાશમાં પડીને ભ્રમિત થતા હતા, કેટલાક ધનાઢ્ય યુવકો તેને પ્રાપ્ત કરવાની આશાના તરંગમાં સંકલ્પ વિકલ્પના મોજાથી અથડાતા હતા, કેટલાક કુલિન સભ્ય ગ્રહસ્થો રતનચંદ ઉપર ચીઠી લખીને માગણી કરતા હતા, કેટલાક દુરાચારી પુરૂષો તેને યુકતીથી સપડાવવાને પ્રયત્ન કરતા હતા; પણ રાજભકત અને રાજ્યમિત્ર લક્ષ્મીચંદના પ્રતાપનો ભય સઘળા રાખતા હતા, તેથી કંઈ તેમનું વળતું નહોતું.

પાર્વતી પોતાના પતિ રતનચંદને વારંવાર કહ્યાં કરતીજ હતી કે નવનીતના રૂપગુણને લાયક વર જોવો જોઇએ; તેમજ તે પાર્વતીના આગ્રહ ઉપર ધ્યાન આપીને રતનચંદ એજ કાળજીમાં રહેતો હતો; પણ તે કાળજી તમામ ભુલી હતી; કેમકે નવનીતની બેહેનપણી સાગરીકાથી નવનીતનો વિચાર રતનચંદને

જણાઇ આવ્યો હતો; નવનીત પોતાના માતપીતાની મર્યાદા હદથી જાદે રાખતી હતી; તેથી નવનીતના અંતઃકરણના ઉંડા વિચાર પાર્વતી જાણી શકી નહોતી તેમ રતનચંદ જાણી શકયો નહોતો, રતનચંદ ઘણો વીવેકી અને શાણો હતો તેથી નવનીતનો જ્યાંસુધી લગ્ન કરવાનો વિચાર થયો નથી ત્યાં સુધી રતનચંદ ધ્યાન આપતો નહોતો; રતનચંદની ધારણા વાસ્તવિક રીતે જુદા પ્રકારની હતી, જો કે નવનીતે હજુ સુધી પોતાના માટે લગ્ન નિશ્ચયનો નિષેધ કે સફળતાનો ઈરાદો જણાવ્યો નથી તોપણ તેણીની મરજી નહી હોવાથી જુદા પ્રકારની બંધાઇ હતી.

રખેને કદી વિદ્યાકળા અને કાર્યકુશળ વરંને માટે તે નવનીત તક જોતી હોય, એવા વિચારનો તેને દૃઢ નિશ્ચય થયો હતો. તોપણ નવનીતની બેહેનપણી સાગરીકાને બોલાવીને નવનીતના અંતઃકરણના વિચાર લગ્ન માટે કેવા છે તે જાણવાને ઇન્તેજારી બતાવી. તે ઉપરથી સાગરીકા સખી નવનીત પાસે સત્વરથીગઇ.

સાગરીકા—બેહેન નવનીત ! શું કરોછો ?

નવનીત—આવ્ય બેહેન ! હું વાંચુંછું.

સાગરીકા--વાંચી વાંચીને આંખોનું તેજ પણ ઓછું કરી નાંખશો, આ તે શું ! વાંચ વાંચ--શું વાંચોછો ?

નવનીત—બેહેન ! હું તો નળાખ્યાન વાંચુંછું, જેમાં દમયંતીને ભયાનક વનમાં મુકીને અર્ધ વસ્ત્ર કાપીને, તે અર્ધ વસ્ત્ર પોતે પેહેરીને થોડેક દૂર જઇને સંકલ્પ વિકલ્પ ચાલવા માંડેછે. આ તરફ નિર્દોષ, પતિવૃતા, મહા સતી દમયંતી પોતાના પતિના દુઃખમાં ભાગ લેનારી નળની સાથે આવી છે, છતાં તેની કદરનો ત્યાગ કરી, પ્રેમમાર્ગનું દ્વાર બંધ કરી, નિર્દયતા અંતઃકરણમાં આદરીને નળ ચાલવા માંડેછે, એક તરફ તે નળને સતી પ્રત્યેનો પ્યાર નિંદ્રાવશ થએલી દમયંતી તરફ ખેંચેછે, અને એક તરફ કળીનો પ્રવેશ નિર્દય મન કરી અરણ્ય તરફ નળને ખેંચેછે. અહાહા, આ વિષય વાંચતાં વાંચતાં મારા નેત્રમાંથી અશ્રુનાં બિંદુ ટપકતાં હતાં. મારૂં ચીત આ હકીકત વાંચવામાંજ

લીન થઇ ગયું હતું. તેમાં તું આવી પહોંચી. ઠીક થયું તારા આવવાથી પણ ગમત થશે.

સાગરીકા—હ્યો હ્યો, હવે તો તમે એવાં એવાં પુસ્તકો વાંચીને ગાંડાં થઇ જશો; કહો જોઈએ વળી આ ટેબલ ઉપર સોનેરી અક્ષરથી પુંઠા ઉપર લખેલું શાનું પુસ્તક છે ?

નવનીત—(સ્મિત હાસથી) પ્યારી સખી ! એતો વેદાંતનું પુસ્તક કે જેનું નામ વિચારસાગર છે, આ ગ્રંથ નિશ્ચલદાસજીએ રચેલોછે. એ નિશ્ચલદાસ મહાત્માએ કેટલાક ગ્રંથોનું દોહન કરીને વૃતિપ્રભાકર રચ્યો છે તે ગ્રંથ ઘણો કઠીણ છે તેમજ આ વિચારસાગર પણ તેવોજ છે.

સાગરીકા--એ વિચારસાગર તો વૃદ્ધાવસ્થામાં વાંચવા યોગ્ય છે અત્યારે તો સંસારસુખ વિચારસાગર વાંચો; જવા દો એવી વેદાન્તની કથની, કોણ જાણે તમને કંટાળો કેમ નથી આવતો વારૂ ?

નવનીત—બેહેન ! અફીણનું સેવન કરનારને સાકરથી સુખ થતું નથી, તેજ પ્રમાણે જેને જેમાં સમજ પડતી નથી તેને આ વિષયો રસ વગરનાં બાવળના કાંટા જેવા લાગેછે પણ જેને આનંદ મળેછે તેતો એમાંજ મસ્ત રહેછે.

સાગરીકા—મોટાં મોટાં પંદર પંદર શેર વજનનાં પોથાં વાંચવાથી આનંદ મળતો હોય તો પછી અન્ન પણ ખાવાની મરજી નહી થતી હોય, ભુખ પણ નહી લાગતી હોય ખરૂં કે?

નવનીત | જા, જા, તને તો હરવખતે ટીખળ કરવાની ટેવજ છે; હવે એ વાત જવા દે; બેહેન ! કહે જોઈએ ! કાંઈ નવાજુની સમાચાર ?

સાગરીકા—નવીનમાં તમારા સમાચાર.

નવનીત—એમ કેમ બોલે છે ! મારા સમાચાર શા છે ?

સાગરીકા—તમે યૌવન અવસ્થાએ પોહોચ્યાં છો, યોગ્ય લાયક અને તમારા કરતાં પણ વધારે વિદ્વાન, ડાહ્યો તથા કુલિનને જોવાને તમારા પીત જી ઇચ્છા રાખે છે—કેમ બેહેન તારી ઈચ્છા શી છે ?

નવનીત—હાલ મારી ઇચ્છા નથી,--મારી મરજી ઉપર-

ત મારા પિતાજી મારે માટે યોગ્ય વર જોવાને પોતેજ પ્રયત્ન કરતા હશે તો તું તેમ કરવા તેમને રોકજે.

સાગરીકા—બેહેન ! તું શામાટે માતપિતાને નારાજ કરે છે ! તારૂં લગ્ન કરીને તેમને મોટો લ્હાવો લેવાનો છે; તું આટલી ઉમરે પોહોચેલી છતાં જ્યારે પરણે નહી ત્યારે લોક તરફથી વ્યવહારિક અપવાદ તારા માતપિતાને પણ લાગે, લોકો હાંસી કરે, કહો જોઇએ એમ થવાથી કેવું દેખાય !

નવનીત—બેહેન ! હાલની રૂઢીમાં ફસાયલા લોકો પોતાની સંતતીના સુખનાં સાધનો ઉપર બિલકુલ લક્ષ આપતા નથી, જેજે અનીતિનો સડો પડેલો છે તે સડામાં દુઃખ પામીને આનંદ માનનારી સ્રીયોની આજ્ઞાને આધીન રહેલા પુરૂષ વર્ગ રૂઢી દેવીની જાળમાં રહીને બાળાના જન્મનું સાર્થક કરતા નથી, એ વિશે તને હું શું વિશેષ કહું ! મારા પિતાજી વિવેકનીપુણ છે, મારી માતુશ્રી સંતાનને શિક્ષણ આપવામાં અને સુવિચારમાં કુશળ છે તેથી મને સંપૂર્ણ આશા છે કે માહારા વીચારની બાહેર કદી પણ પગલું મુકશેજ નહીં.

સાગરીકા—મને ખાસ રીતે તારો વિચાર જાણવાને માટેજ તારી તરફ તારા માતપિતાએ મને મોકલી છે.

નવનીત--હાલ મારો વિચાર નથી. પછીથી અનુકુળ આવે હું તેમ કરવાને માતપિતાના વિચારને આધીન થઇશ.

સાગરીકા--હજુ પણ હાથુ ખસેડતી જાયછે, તું કયાંસુધી આવીને આવી સરસ્વતીની માફક પરણ્યા વિનાની રહીશ.

નવનીત--એજ, મેં તને ઉદ્દેશ હાલને માટે જણાવ્યો છે તે તું માતા પીતાજીને કહી દેજે.

સાગરીકા--વારૂ બેહેન.

થોડીકવાર સાગરીકા નવનીત પાસે બેસીને ત્યાંથી રતનચંદ અને પાર્વતી પાસે જઈ પોહોચી. સાગરીકાએ નવનીતના અંતઃકરણનો વિચાર દર્શાવી દીધો. રતનચંદ શેઠજીએ એ વાત માન્ય કરી,ત્યારપછી એક પટાવાળો પત્ર આપી ગયોતે વાંચવામાં શેઠજીએ લક્ષ આપ્યું એટલામાં નવનીત પોતાના પિતા પાસે આવી પોહોચી, નવનીતે પીતા પ્રત્યે પ્રશ્ન કર્યો કે પિતાજી ! શું વાંચોછો ?

રતનચંદ—નવનીત! તું પૂછતી હતી કે શીવપુરના પ્રધાન પુત્ર મદનચંદ્ર બહુ વિદ્વાન છે, ગ્રેજુએટ છે, દેશઉન્નતી, ધર્મ ઉન્નતી આત્મ ઉન્નતીનાં વ્યાખ્યાન આપેછે, એવું સાંભળવામાં છે તે સત્ય છે; એજ મદનચંદ્ર કાલે આપણે ત્યાં આવનાર છે, બીજા પણ કેટલાક ગ્રહસ્થો, વ્યાપારીયો, સત્તાધિકારીયો, આપણા પાર્કના બંગલામાં એકઠા થશે, કાલે છથી તે આઠ સુધી પર્યટન વિષય ઉપર એમનું વ્યાખ્યાન છે; મ્હે એમની પ્રશંષા બહુ સાંભળી છે; માટે તું અને તારી માતુશ્રી તથા સાગરીકા વિગરે સૌ ત્યાં આવજો. તમારી બેઠક ઇલાયદા રૂમમાં ગોઠવશું.

બીજે દિવસે નિયમસર અગાઉ એક કલાક મદનચંદ્ર રત્નચંદને ત્યાં આવ્યાં. શેઠે તેમને આદરસત્કાર સારો આપ્યો, મદનચંદ્રે નવનીતની તરફ દ્રષ્ટી કરી હતી, તેણે પણ નવનીતના ઉત્તમ ગુણ અને વિદ્યાની પ્રશંષા સાંભળી હતી તેથી તેના મનમાં નવનીતને જોવાની જીજ્ઞાસા સ્ફુરાઇ હતી, તેજ પ્રમાણે નવનીતે પણ મદનચંદ્રનો તુરતને માટે ઉતારો નવનીતને ત્યાં હતો, તેથી નવનીત પ્રત્યે મદનચંદ્રની અને મદનચંદ્રની નવનીત પ્રત્યે પરસ્પર નેત્ર ઇંદ્રીયદ્વારા નિર્મળ દ્રષ્ટીનું આકર્ષણ સંસ્કારીક પ્રેમભાવનું તેજ વખતે થઇ ગયું હતું; એટલામાં રત્નચંદ શેઠજીએજ મદનચંદ્રને કહ્યું કે—મદનચંદ્રજી! આ માહારી જમણી બાજુએ બેઠી છે તે નવનીત નામની માહારી પુત્રીછે. અને આ બીજી છે તે મારા ભાઇની પુત્રી છે.

મદન—(નવનીત તરફ દ્રષ્ટી કરીને) શેઠજી! મેં સાંભળ્યું હતું તેવુંજ હું આજ માત્ર નવનીતના સભ્ય મુખ દર્શનથીજ અનુભવુંછું, એમનું દર્શનજ વિદ્યા અને જ્ઞાનથી વિશિષ્ટ હોય એમ સુચવેછે; અને એમનો જન્મ પણ આર્યાવર્તની ઉન્નતી કરેછે, નહિ તો આ અવસ્થાએ આટલો વિદ્યા અને જ્ઞાનવૈભવ કયાંથી હોય! (આ પ્રમાણે વચન કહીને નવનીત તરફ દ્રષ્ટી કરીને નવનીત પ્રત્યે મદનચંદ્રે પ્રશ્ન કર્યો કે) નવનીત! તમે ઇંગ્રેજી અભ્યાસ કયાં સુધી કર્યો છે?

નવનીત—સેજસાજ લખવા વાંચવા જેટલો.

મદન—ઠીક ઠીક આપના બોલવાથીજ જણાઇ આવેછે કે

તેનું ભાષાનું સારૂ જ્ઞાન મેળવેલુંજ હોવું જોઇએ.

નવનીત—આપનો તર્ક યોગ્યજ હોય.

આ પ્રમાણે વાર્તાવિનોદ થઇ રહ્યાપછી સર્વે પાર્કમાં એકઠા થયા, અને મદનચંદ્ર મધ્યસ્થ ટેબલ પાસે ઉભા રહી પર્યટન વિષય ઉપર ભાષણ આપવું શરૂ કર્યું—

આર્ય બંધુઓ !

જગતકર્ત્તા ઈશ્વર જગતનું કલ્યાણ કરો, જગતનિયંતા ઈશ્વરનું વંદન કરીને કહુંછું કે, આજનું વિવેચન પર્યટન વિષયપર છે; અર્થાત મનુષ્યે ઘરમાં બેશી રહેવાથી અને દેશવિદેશ ન ફરવાથી શા શા ગેરલાભ છે અને દેશવિદેશ ફરવાથી શા લાભ થાયછે; તે વિષય માટે હું ટુંકમાં કહેવા ધારૂંછું—

જ્યાંસુધી મનુષ્યે અન્ય મનુષ્યનાં મન અને તન મહત્વ કે લાઘવ્ય અવલોકયું નથી ત્યાંસુધી તેને પોતાના મન અને તનના સ્વરૂપ સામર્થ્યનું યથાર્થ જ્ઞાન થતું નથી; જ્યાંસુધી મનુષ્ય સ્વદેશ છોડી વિદેશ વિચરતો નથી, ત્યાં સુધી તે પોતાના દેશની પણ તુલ્યના કે ઉન્નતી કરી શકતો નથી; અન્યને અવલોકવાથીજ પોતાને અવલોકવાનું સામર્થ્ય આવેછે; અને જન્મથીજ આત્મદર્શન જેને થયું છે, એવાં ચિતતો વિરલાંજ છે; દેશવિદેશ વિચરવાથી મનમાં સૌર્ય, ધૈર્ય અને પરાક્રમની વૃદ્ધિ થાયછે, ચિત પ્રફુલ્લિત રહેછે; અને શરીર મજબુત તથા પુષ્ટ થાયછે; બુદ્ધિ સૂક્ષ્મ થાયછે; અને જ્ઞાનમાં ભિન્ન ભિન્ન સ્વરૂપનો ઉમેરો થાયછે; સ્મર્ણશક્તી તેજ થાયછે; દ્રવ્યની પ્રાપ્તી થાયછે; નવનવી વિદ્યાકળાનું પરિશીલન થાયછે, ઈશ્વરની રચનાનું દર્શન થાયછે; નવનવા ચિત્ત અવલોકવાથી આત્મપરિક્ષાનું જ્ઞાન થાયછે; સુખ દુઃખના દ્વંદ અવલોકાય છે; ભિન્ન ભિન્ન વાયુ, જળ, અન્ન, ઔષધિ સત્યદ્વારાએ હિતકર થાયછે; મમત્વ અને દુરાગ્રહ છુટી જાયછે; ચિત આખરે ઉપશયદશાને પામેછે; પર્યટન શિવાય કોઇની ઉન્નત દશા જોવામાં આવી નથી; ઘરમાં ભરાઈ રહીને કોઇ વિદ્વાન, કળાવાન, બુદ્ધિવાન કે અનુભવી થયો નથી; જે જે કોઇએ જે જે પ્રકારની ઉન્નતી કરીછે તે સૌ પર્યટનના પ્રતાપે કરીનેજ; ઘરમાં બેશી રહેનાર અભ્યાસીને કંઇ નિમીતસર વિ-

દેશ જવાની જરૂર પડતાં, સ્રીની પેઠે, સ્રી, માતાપીતા ઘરને જો ઇને આંસુ પાડેછે; તેનાથી કોઈપણ પ્રકારનું સાર્થક શું થાય! આવા જીવન આર્યાવર્તમાં ઘણા છે. અસ્તુ!

આજકાલ અંગ્રેજો સર્વ કરતાં અધિક ઉન્નતિપર છે તેનું કારણ માત્ર પર્યટન અને પુરૂષાર્થ છે; તેઓ પણ ભીરૂની પેઠે ઘરની કોઠીમાં ભરાઇ બેસી રહ્યા હોત તો તેઓના હસ્તકમાં આ આર્યાવર્ત સૂવર્ણભૂમિ કયાંથીજ આવત! અને આજકાલ રિદ્ધ-સિદ્ધ, બળ, કળા, વિદ્યાથી પરીપૂર્ણ પ્રકાશી રહ્યા છે તે કયાંથી પ્રકાશે! પરંતુ તેઓ તો ઘરની કોઠીમાં ભરાઈ ન રહ્યા, પરંતુ ખાલી કોઠીયો વિદેશમાં લાવી, તે દ્રવ્યથી પૂર્ણ ભરી સ્વદેશ મોકલવા લાગ્યા, તેથી આખા યૂરોપની દ્રષ્ટીએ હિંદુસ્થાન ચઢયું. પરંતુ હિંદુસ્થાનના પ્રતાપે ટુંક સમયમાં દ્રવ્યના સાહીત્યથી લક્ષ્મીવાન, કળાવાન, વિદ્યાવાન, શૌર્યવાન, અને બુદ્ધિવાન થએલ ઇંગ્લાંડ સામે કોઇથી જોવાઇ શકાયું નથી; મિત્ર થઇને, ગુરૂ થઇને, રાજા થઇને, શુદ્ર થઇને, હીત બતાવીને પણ કંઇક અહીત કરીને, વૈશ્ય થઇને, કારીગર થઇને, ક્ષત્રીય થઇને, રાજી કરીને પણ થોડુક રોવરાવીને, પરમાર્થ બતાવીને પણ સ્વાર્થ સાધીને, ભીક્ષુકથી તે શ્રીમંત સુધી ભર્વના ભંડાર ખાલી કર્યા એટલુંજ નહી પણ સર્વને પોતાને વશ કરી લીધા, ભીક્ષુક સ્થિતિ હોયતો પણ વિદેશની બનાવટની દીવાશળી વિના ચાલે નહી, સારો અવસર આવે ત્યારે પરદેશનો કાપડમાલ કરજ કરીને પણ વ્હોરે ત્યારે શ્રીમંતોની તો વાતજ શી કરવી! પ્રીય ભાઇયો! આ સહુ પ્રતાપ પર્યટનનાજ! કળાકૌશલ્યનાજ, પુરૂષાર્થનાજ, જ્યાંસુધી સ્વદેશભાઈયો, ઘરમાં પેશી રહો, વિદેશ વિચરી ભિન્ન ભિન્ન પ્રકારની વિદ્યાકળાની સંપૂર્ણ માહીતી મેળવી તેમની રાજ્યવિદ્યા, બ્રહ્મવિદ્યા, ક્ષાત્રવિદ્યાનું યથાર્થ પરિશીલન તેમની બરોબર અથવા તો તેમનાથી અધિક વિજયી નહીં નીવડે ત્યાંસુધી અહીં બેઠે સર્વ વિચાર હવામાં કીલ્લા બાંધવા સમાન છે; હાલ સર્વ પ્રકાર ઉપયોગમાં લેવાતી, વપરાતી, ભીન્ન ભીન્ન વસ્તુઓ માટે જ્યારે ઓર્ડર લખતા બંધ થશે અને સ્વદેશીય વસ્તુ સામે પરદેશની વસ્તુ આવતાંજ જ્યારે હૃદયમાંથી છીટ શબ્દનું ઉચ્ચા-

રણુ થશે ત્યારેજ લક્ષ્મીથી આર્યાવર્તપર કૃપા થશે; અને લક્ષ્મીની કૃપા થએજ બ્રહ્મવિદ્યા. ક્ષાત્રવિદ્યા, વૈશ્યવિદ્યા, શુદ્રવિદ્યા,શિલ્પવિદ્યા, રાજવિદ્યા, પ્રજાવિદ્યાનું સ્વદેશીય વિદેશીય જ્ઞાન થઇને સ્વતંત્ર થવાશે; વિજય મેળવાશે, જે જે દેશ ઉન્નતી દશાપર આવેલા છે તે તે અન્યદેશની સર્વ પ્રકારની કલા અને વિદ્યાના અધ્યયનેજ કરીને છે.

વીલાયતમાં જઈ ડીનર આપીને ઝભ્ભો પેહેરી આવ્યા તેથી શું રંધાણું! વદેશ વિચારવાનો ઉદ્દેશ તો કાંઈ ઓરજ છે.

આર્યાવતના કારીગરે વિલાયત પોતાની બનાવટી વસ્તુ મોકલીને અધિક પ્રશંષા મેળવી છે કે! અથવા ત્યાં જઇ તેમની વિદ્યાકળા શીખી તેમનાથી અધીકતા શું મેળવી! કે કોઇ ક્ષાત્રવિદ્યા, સંગ્રામવિદ્યામાં નિપુણ નીવડીને તેમનામાં અધ્યક્ષપણું મેળવ્યું! દિલગીર કે,જે પોતાના ઘર બાહાર પગ મૂકતાંજ આંસુ ઢાળેછે અને જનાનામાં રહી સ્રીના મુખ સામું જોઈ રહી સમય ગુજારેછે તેનાથી શું સાર્થક થવાનું!

પર્યટન અને પુરૂષાર્થ શિવાય વિદ્યાકળા અને જ્ઞાનની પ્રાપ્તી નથી, વિદ્યાકળાની પ્રાપ્તી શિવાય દ્રવ્ય મળતું નથી, અને વિદ્યાકળા જ્ઞાન અને દ્રવ્યના યોગથી દેશની ઉન્નતી થાયછે.

સર્વ કાર્યની સિદ્ધી સમાજથીજ છે, અને સમાજના મૂળને પ્રયત્નથી આચ્છાદન કરીને અનેક સદપુરૂષોના સમુહ કરવો એ સત્યવક્તા વિવેકી અને બુદ્ધિવાન પુરૂષોનું કામછે; માટે હે આર્ય ભાઈયો! પર્યટન અને પુરૂષાર્થથીજ દેશની ઉન્નતીકરો,તથાસ્તુ!

(ધન્યવાદની તાળીયો પડી અને સભા વિસર્જન થઇ).

નવલપુરીમાં મદનચંદ્રની પ્રતિષ્ટા વધી; સર્વે એની વિદ્વતા અને જ્ઞાનનાં વખાણુ કરવા લાગ્યાં, તેની સ્વદેશશેવાથી સર્વકોઈનાં મન તેનાથી આકર્ષાયાં, અને નગરશેઠ રત્નચંદનું તેનાપ્રત્યે અધિક મમત્વ બંધાચું; તેમાં વિશેષ કરી મદનચંદ્રનો શુદ્ધ હૃદય—સત્કાર નવનીતે કર્યો અને નવનીતના હૃદયનો વિલાસ મદનચંદ્ર થઈ પડયો હતો, મદનચંદ્ર પણ નગરશેઠની પુત્રી નવનીતકળાના વિમળ હૃદય લાવણ્યથી આકર્ષાવા લાગ્યો; સ્વભાવે બન્નેની ઉન્નતેચ્છાનું ઐકય હોવાથી પરિચય દીનપ્રતિદીન વધ

તો ગયો. તે એટલે દરજ્જે કે એક બીજાને મળ્યા શિવાય ચાલે જ નહી; હૃદયના શુદ્ધ લાવણ્ય-સત્વનું અન્યોઅન્ય પરીશીલન થતાં ગાઢી મૈત્રી થઇ, મૈત્રી થતાં યુવાવસ્થાએ વીજળીના દ્વાર ઉઘાડી સુક્ષ્મ વાયુરૂપે બન્નેના શુદ્ધ હૃદયમાં પ્રવેશ કરી આર્દ્ર કરી નાંખ્યાં, અને દેશશેવાના પ્રરોહના ઉદય સાથે પ્રેમપ્રરોહ પણ સ્નિગ્ધ રસભરી હૃદયભુમીમાંથી ઉદ્દિપન થવા લાગ્યાં, સમુદ્રતટપર બાગમાં શેઠ તથા નવનીત સાગરીકા અને મદનચંદ્ર સ્વચ્છ હવાના વ્યાપારઅર્થે જતા ત્યાં પણ ભીન્ન ભીન્ન વિષયો ચર્ચાતા, કોઇવાર વાગવિલાસમાં નવનીત વિજય મેળવતી હતી, અને કોઇવાર મદનચંદ્ર વિજય મેળવતો હતો; મદનચંદ્રના ઉત્તમ ગુણ અને પ્રમાણીકપણા ઉપર રત્નચંદ પૂર્ણ સંતોષ પામ્યો હતો. તે સાથે રત્નચંદશેઠના મનમા નવનીતને માટે મદનચંદ્ર લાયક વર છે એમ નિશ્ચય કરી મૂક્યું હતું;એટલાજ માટે મદનચંદ્રને પોતાને ત્યાંજ ઉતારો આપ્યો હતો, મદનચંદ્રે શેઠની પાસેથી આજ્ઞા માગી હતી, વીદેશ વિચરવાને પોતાની જીજ્ઞાસા જણાવી હતી. પણ તે ઉપર રત્નચંદે લક્ષ ન આપતાં ઘણા આગ્રહથી એક વરસ માટે પોતાનીજ પાસે રેહેવાને રોક્યો હતો. મદનચંદ્રના સહવાસથી રતનચંદને ઘણોજ આનંદ વધતો હતો એકજ ઘરમાં એક બીજાની સાથે વાગવિનોદનું સંઘટન હોવાથી નવનીતનો નિર્મળ નિખાલસ પ્રેમ મદનચંદ્ર પ્રત્યે અનહદ થયો, નવનીત કેવળ સુમતિકુશળ હતી, તેણીના હૃદયમાં મદનચંદ પ્રત્યેનો નિર્વીકાર પ્રેમ હતો, તે પ્રેમ એવો હતો કે મદનચંદ્રને ક્ષણમાત્ર જોવામાં જો ન આવે તો તે નવનીત બેચેન રહેતી હતી, તેજ પ્રમાણે મદનચંદ્રનું પ્રેમાળ હૃદય નવનીત પ્રત્યે નિર્મળ હતું; નવનીત અને મદનચંદ્રનો પરસ્પર નીર્વીકાર અને વિમળ પ્રેમ જોઇને રતનચંદ શેઠને આનંદનો પાર રહેતો નહોતો; રતનચંદ કેવળ પરીક્ષક અને નિદાન કરનારો હતો, તેની દીર્ઘદ્રષ્ટી હતી, તેના વિચાર કેવળ તૈલપ્રસાર ચપળ હતા; માણુસમાત્રના શરીરમાં પ્રકૃતિસ્વભાવનું કેવું હલનચલન છે તે વિશેનું ચિત્ર જોવામાં રતનચંદની બિલક્ષણ બુદ્ધિહતી.

એક વખતે શેઠાણી પોતાની બેહેનને ત્યાં ગયાં હતાં. અને

શેઠ લાયબ્રેરીમાં ન્યુષ વાંચવા સારૂ નગરમાં રોકાયા હતા, જેથી તે શેઠના મોટા અવાસમાં નોકરચાકરો પોતપોતાનાં કામમાંજ ગુંથાયા હતા, તે મહેલના તીસરા મજલામાં નવનીત પોતાના પુસ્તકાલયમાં મદનચંદ્રની જોડે બેઠી હતી, જોકે ઘરમાં શેઠ કે શેઠાણી પૈકી કોઈ હતું નહી છતાં એકાન્ત હતી તોપણ નિર્મળ પ્રેમની પરીક્ષા નિર્મળ મનવાળાજ કરી શકેછે; મદનચંદ્ર અને નવનીતના વચ્ચે એક વિષયની વાત શરૂ થતી હતી, એટલામાં રતનચંદશેઠ ઘરમાં આવી પોહોચ્યા, તે બોલ્યા ચાલ્યા વિના તે પુસ્તકાલયની જોડે બીજા ભાગમાં ચુપચુપ થઇને એક આરામચેર ઉપર પડે પડે હાથમાં એક પુસ્તક લઇને વાંચતા હતા. શેઠના જાણુવામાં હતુંજ કે ઘરમાં શેઠાણી નથી, માત્ર નવનીત અને મદનચંદ્ર એ બન્યો વાત કરેછે, તે શા વિષય ઉપર વાર્તા ચર્ચાવે છે! તે સાંભળવાને માટે શેઠ શાંતવૃતિથી કાન ધરીને બેઠો હતો.

હવે આ બાજુએ પરસ્પર વાત થાયછે તે સાંભળો:—

નવનીત—પ્રિય મદનચંદ્ર! પ્રેમ એ શી વસ્તુ હશે?

મદન—એક બીજાની શુદ્ધ વૃતિનું આકર્ષણ એજ પ્રેમ છે, પણ તે પ્રેમ બે પ્રકારના છે. એક નિર્મળ પ્રેમ અને બીજો સ્વાર્થ પ્રેમછે; સમાન સ્વભાવ, અને સમાન વિચાર હોયછે ત્યારે પ્રેમનો ઉદય થાયછે, સાત્વિક સ્વંભાવવાળાને સાત્વિક સ્વભાવવાળા સાથે શુદ્ધ પ્રેમ રહેછે; તે પ્રેમ અખંડ અને ધન્યવાદને પાત્ર ગણાય છે;—સ્વાર્થપ્રેમ ઘણી વખત સુધી નભતો નથી, વિકારી પુરૂષોનો સ્વાર્થપ્રેમ હોયછે, તે પ્રેમમાં પ્રથમ સુખ પ્રાપ્ત થાયછે, અને પછીથી કલહ પ્રગટ કરાવેછે; લોભી પુરૂષો દ્રવ્ય પ્રાપ્ત કરવાને માટે ધનાઢ્ય પુરૂષોની સાથે પ્રેમ બાંધીને તેની ખુશામત કરીને આધીન રહેછે; વ્યભીચારી પુરૂષોનો પ્રેમ સ્વપ્નવત્ જેવો કેવળ દુઃખદાયક છતાં તેઓ તેમાંજ સુખ માનીને મસ્ત રહેછે, તેઓનો પરસ્પર પ્રેમ કેવળ એકબીજાના નાશકારક યૌવનના દેખાવ ઉપર મોહલુબ્ધ માર્ગનોજ છે; જ્યારે તેઓનું અંગ શીથીળ થાયછે, જ્યારે શક્તી હીન થાયછે, જ્યારે વ્યાધીસ્થ થાયછે

જ્યારે તેઓનો પરસ્પરનો પ્રેમ આકાશના વાદળાંની પેઠે વિખેરા ઈ જાયછે; અર્થાત્ સ્વાર્થપ્રેમને ધિક્કારવામાં આવેછે.

નવનીત—બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા—એવો વેદાન્તીઓનો મત છે, જ્યારે તે મતનો અંગીકાર કરીયે તો આ શરીર અને જગત્ તમામ જુઠું છે, ફના થઇ જાયછે; તોપછી પ્રેમ કયાં રહ્યો ! પાંચે તત્વ પાંચ તત્વમાં મળી જાયછે; ઈશ્વર તો અક્રીય અને નિરાકારછે; અર્થાત તેને બ્રહ્મ (ઇશ્વર) અને જીવ તથા પ્રકૃતિ એમ ત્રણે આનંદી માની છે, કેટલાક કલ્પના કરનાર ફીલોસોફરો (તત્વવેત્તાઓ) શરિરીક રચનાને માટે અને તેના કર્તાને માટે વિલક્ષણ પ્રકારના તર્ક બાંધેછે. તે સમગ્ર તર્કમાં વેદાન્ત વિષયના તર્ક ઉપર ઘણાક વીદેશીયો અને આર્યવાશીયો વધારે દૃઢ વિશ્વાસ રાખેછે, તે આધારે જોતાં તે ત્રણે જુદા એટલે બ્રહ્મ—જીવ અને માયા કહેવાયછે. બ્રહ્મની સત્તામાં જીવ અને માયાછે, જીવ કર્મ કરનારો ગણાયોછે, બ્રહ્મ અકર્મ.છે અને જગતનું ઉપાદાન કારણ માયાને ગણીછે. આમ ત્રણે ભાગ નીરનિરાળાં કલ્પ્યાંછે, છતાં આ સ્થુળદેહમાં જ્યાંસુધી જીવછે ત્યાંસુધી પાંચ જ્ઞાનેંદ્રીય આદીથી દ્રષ્ટા થઇને કર્મ કરેછે, જીવ દ્રષ્ટારૂપે રહેલો છતાં કર્મને જુવેછે જો કે પોતે કાંઈ કરતો નથી, પણ અહંભેદથી હું કરૂં છું એમ જ્યારે માનેછેત્યારે અહંભેદિવૃતને અજ્ઞાનમાં ગણે છે; આ પ્રમાણે ટુંક મતલબ જોતાંપ્રેમભાવને માનનાર કોણછે?

મદન—હે નવનીત ! આજનો તમારો વિષય મને ઘણોજ આનદ આંપનારો થઇ પડયો છે,—પ્રેમ ઉર્મીએ ચિત્ત, બુદ્ધી, મન આદી શુદ્ધ હૃદયસ્થાનમાંથી શુદ્ધ નીર્વીકાર વૃતિદ્વારાએજ સ્ફુરે છે. અને તેને પ્રગટ કરનાર જ્ઞાન છે; જેટલા દરજ્જે અનુભવ જ્ઞાનની શક્તી હોયછે તેટલા દરજ્જે પ્રેમની પ્રબળતા રહેલી છે જુવો કે ગાય, પશુ છતાં તુરત જન્મેલા વાછરડાને સંભાળે છે, તેને મુકીને ક્ષણમાત્ર બસતી નથી; તે વાછરડા ઉપર વીપત્તિ આવી હોય તો પોતાનો પ્રાણ અર્પવા તૈયાર થઇ જાયછે; અહા ! તે પશુ છે તોપણ કુદરતિ માયા (પ્રેમ) કેવી રીતે બની જાય છે ! પણ ફેર એટલો છે કે જ્યારે તે વાછરડુ મોહોટુ થાય છે ત્યારે તે ગાય તમામ પ્રેમ ભૂલી જાયછે; જે પ્રેમનું આવર્ણ તે ગાયમાં હતું તે આવર્ણ ખશી જાય છે; એમ

થવાનું કારણ એટલુંજ છે કે તે પશુમાં પ્રેમ માયા અનુભવનું તેટલાજ પુરતુ થોડા કાળને માટેજ જ્ઞાનનું આરોપણ રહેલું હતું; પ્રીય નવનીત ! તમારા સ્થુળમાં જે તત્વ છે તે તત્વનું પ્રથ્થકરણ કરવાને વા તેને સમજી શકવાને અને તે સમજાયા પછીથી સ્પષ્ટીકરણ સાથે વિવેચન કરવાને શક્તીવાન તમારામાં કોણ છે ? એ જ્યારે જોશો ત્યારે તે જોવાને કોણ શક્તીવાન છે ! એજ પેહેલું વિચારવાનું છે; તે વિચાર કરીને અવલોકન કરશો ત્યારે ખાત્રી થશેજ કે અનુભવજ્ઞાન છે; એ જ્ઞાન પંચેદ્રીય મન, બુદ્ધિ, ચિત અને કર્મેન્દ્રીય સાથે સંબંધ રાખનાર છે; કાનથી શબ્દાદીકનું, નત્રથી જોવામાં આવેછે તેટલા પદાર્થનું, શરીરથી ઉષ્ણ શીતાદીકનું, જીભથી સ્વાદનું, નાશિકાથી સુગંધી આદીક વસ્તુનું અને કર્મેન્દ્રીયથી પાંચે વસ્તુથી થતી ક્રીયાનું અનુભવ જ્ઞાન થાયછે, તે અનુભવ લેતાં પણ અગમ્ય વસ્તુને માટે તર્ક અને ન્યાયદ્વારાએ સપ્રમાણ અનુભવાદીક માર્ગે જ્ઞાને પોહોચાડવામાં આવેછે ત્યારે તે માર્ગે જે અવલોકન થાયછે તેનું નિર્ણય કરનાર પણ જ્ઞાન છે. તે સમગ્રમાં પ્રધાન્યવૃત્તિ છે. અને વૃતિદ્વારાએ પ્રેમનું આરોપણ થાયછે; અને એજ પ્રેમભાવને માનનાર છે; જ્યારે પરસ્પર સ્વભાવ મળતો હોયછે ત્યારે પરસ્પર અંતઃકરણ ઐક્યતાને પામે છે; એક બીજાને હર વખતે મળવાની જીજ્ઞાસા રાખે છે, જ્યારે મળેછે ત્યારે જ પરસ્પર આનંદ માનેછે એજ પ્રેમની બલિહારી છે.

નવનીત—ધન્ય છે, ધન્ય છે મદનચંદ્ર ! જેઓ પ્રેમના રહસ્યને જાણેછે, તથા જેઓ પ્રેમનાજ આધિનમાં છે તેજ પુરૂષ કે સ્રી આ સંસારમાં સૂખને અનુભવે છે; જંગલમાં પહાડી પ્રદેશમાં રેહેનારા જંગલી ભીલ્લ લોકો પુરૂષ સ્રીની જોડ પ્રેમયુક્ત રહે છે; તેઓનો પ્રેમ અને જ્ઞાની પુરૂષો પરસ્પર મળીને જે પ્રેમનો રંગઢંગ જાણી આનંદ રહે છે તેઓના પ્રેમમાં કંઇજ ફેરફાર નથી. કેમકે પ્રેમ ઊમતો એકજ રંગની છે; તથાપી વિદ્વાન વિવેકી પુરૂષો વિવેકદ્વારાએ પ્રેમાધીન થાયછે તે આધીનતાનું સુખ અને રંગ વિદ્વાનજ જાણે છે.

મદન—મ્હેં પ્રથમથીજ કહ્યું છે કે વિવેકદ્વારાએ વિદ્વાનોનો પ્રેમ નિર્મળ હોયછે. નિર્મળ પ્રેમની જુદીજ ખુબિકારી છે; નળરાજા રાજનો ત્યાગ કરીને વનવાસ નીકળ્યો હતો, નિર્મળ પ્રેમવાળી દમયંતીએ પતિસેવા માટે નળ સાથે વિકટ અરણ્યમાં પ્રયાસ કર્યો હતો; કળીના પ્રભાવથીજો કે નળની બુદ્ધિ ફરી હતી, નળમાં ક્રોધે સમાવેશ કર્યો હતો તેથી કરીને નિર્દયતાએ નિવાસ કર્યો હતો, નળરાજાની આટલી બધી દુર્વૃત્તિ થઇ હતી તોપણ નિર્મળ પ્રેમની પ્રેમવાળી પ્રેમાળ દમયંતીએ પતિના અવગુણ ઉપર બિલકુલ ધ્યાન આપ્યું નહતું. દમયંતીને નિદ્રાવશ સ્થિતિમાં અરણ્યમાં એકલી મૂકીને તથા તેના અંગનું અર્ધ વસ્ત્ર કાપીને નળરાજા તે પવિત્ર સતીનો ત્યાગ કરીને ચાલ્યો ગયો હતો; અહાહા ! તે નળના અંતઃકરણમાં કેવી નિર્દયતા વ્યાપી હતી ? છેવટે વિચાર કર્યા વિના ચાલ્યો ગયો તોપણ અખંડ અને નિર્મળ પ્રમવતી દમયંતીએ નળ, નળ એવો ઉચ્ચાર કરતી કરતી ભટકતી ભટકતી, અનેક દુઃખ સહન કરતી પરતંત્રતા ભોગવતી મિથ્યારોપનું દુઃખ સહન કરતી, પતિનું નામ રટતી રટતી, અનાયાસે પોતાના પીતાને ત્યાં કાળે કરીને પોહોચી, યદ્યાપિ નળનું ચિત્ર તેણીના અંતઃકરણમાંથી ખસ્યુ નહતું; અહાહા ! તે કેવો પ્રેમ ! હે નવનીત ! વિમળ પ્રેમ તો તેનેજ કહેછે; એવો પ્રેમ રાખનાર મિત્ર હોય તો આ જીવન કેટલું ધન્ય પામે !

નવનીત—પ્રીય મદનચંદ્ર ! તમારૂં કહેવું સત્યછે; તેવો પ્રેમ નિર્મળ અંતઃકરણમાંજ રહેછે, જેઓનું અંતઃકરણ નિર્મળ છે તેના ચિતમાં તેવો પ્રેમ શામાટે ન રહે ! હે મદનચંદ્ર ! મને ખાત્રીછેકે તમારા અંતઃકરણમાં તેવોજ પ્રેમ વસવો જોઇએ;અને તમારી સાથે વાત કરનારી નવનીત તેવાજ પ્રેમને સ્વીકારેછે.

મદન—હું તમારો મોટો ઉપકાર માનુછું,એજ પ્રેમ સૂક્ષ્મ દેહમાં રમશે, એજ પ્રેમ કારણદેહના કેંદ્રમાં ઘુમશે. અને એજ પ્રેમપ્રકૃતિ મહામાયાના સૂક્ષ્મમાં સૂક્ષ્મ અંશ છે તેમાં નિવાસ કરશે, અને એને લીધે એજ પ્રેમ મોટા વિસ્તારને પામશે.

અસ્તુ. એમજ થાઓ.

મદનચંદ્રનું વચન સાંભળી નવનીતે નીચું જોયું; કેટલીક વાર શાંત થઇ ગઇ; તોપણ તેણીના અંતઃકરણમાં જાણે મદનચંદ્ર ચીતરાઇ ગયો હોય તેવુંજ દેખવા લાગી; પુસ્તકાલયમાં આ પ્રમાણે ભાષણ શાન્ત થયું એટલામાં તો રતનચંદે ત્યાંજ પ્રવેશ કર્યો. શેઠને આવેલા જોઇને મદનચંદ્ર અને નવનીતકલા બન્યો સભ્ય મુદ્રાએ એક બાજુએ ઉભા રહ્યા, રતનચંદ એક ખુરશી ઉપર બેશી ગયો, પછી નવનીતને અને મદનચંદ્રને બેસવાનું કહ્યું તેથી તેઓ ખુરશી ઉપર બેશી ગયા; રતનચંદ બન્યો તરફ દ્રષ્ટી કરીને બોલ્યા કે સાબાશ, સાબાશ, આજનું પરસ્પર ભાષણ મ્હેં સાંભળ્યું તેથી મને અનહદ આનંદ થયોછે, તમારી પરસ્પર નિખાલસ વૃત્તિએજ પરસ્પર ઉત્તમ વિવાદ કરાવ્યોછે, તે વિવાદ હું મારા ખાનગી ઓરડામાં ન્યુસ વાંચતો હતો તે વખતે સાંભળતો હતો, જો કે હું અહીંયાં આવ્યોછું તે વાત તમે બીલકુલ જાણતા નહોતા, તોપણ તે વિવાદ સાંભળવાને મને ઇચ્છા થવાથી હું શાન્ત થઇને બેશી રહ્યો હતો, જેમાં છેવટે આનંદના આવેશમાં હું આવેલો તમને ધન્ય આપવા આવ્યોછું.

મદનચંદ્ર—શેઠજી! તમે વિદ્વાન છો, સારાસાર વિચારને જાણવાવાળાછો, દેશકલ્યાણ થવાને માટે આમતેમ પરીશ્રમ કરોછો, ઉન્નતીનું સ્વરૂપ ઘડવાને માટે તમે જીજ્ઞાસુ થયાછો અને વિદ્વાન પુરૂષોની શેવા બજાવોછો, અનહદ પ્યાર બતાવોછો, તે ઓ પ્રત્યે વિચાર લાવોછો; તોપછી આ વિષય માટે આપને આનંદ કેમ ન થાય! તમારી મારા પ્રત્યે જે મમતા છે તે આ નવલપુરના સર્વે ધનાઢ્ય પુરૂષો જાણેછે; તમારો મારા પ્રત્યે કેટલો આગ્રહછે તે કોઈનો અજાણ્યો નથી. તમારા પ્રેમે મને અહીયાં બાંધ્યોછે; અને તેજ બંધનમાં તમે ઉદારનું આનંદજનક મુખ નિરંતર જોઉછું, મારો સઘળો દીવસ આ ગુણજ્ઞ નવનીતના સહવાસથીજ આનંદમાં વ્યતિત થાયછે, મદનચંદ્રનું ભાષણ સાંભળી રતનચંદને સંતોષ થયો થોડીકવાર થઈ એટલે ભોજનશાળામાં જમવા સારૂ સઘળા ઉઠયા.

પ્રિય વાંચકવૃંદ! આપને સ્મર્ણ તો હશેજ કે આ નવલક-

થાના આરંભમાં સમુદ્રકીનારે કુસુમબાગ સમીપ બે જણાં મનહર વાતવિનોદ કરી રહ્યાં હતાં તે આજ મદન અને નવનીત હતાં, તેમાં દૈવ્યઇચ્છાથી ખળપુરૂષોએ કપટજાળ પાથરી ગાડીવાન મારફતે તેનું હરણ કરાવી તેમાં તેને ફસાવી હતી, ત્યાંથી ઉન્મતની પતિવ્રતા પત્ની સરસ્વતીની સહાયથી છુટી ગાડીવાનના હસ્તકમાં આવી તે આપણે ગયા પ્રકરણમાં અવલોકી ગયા છીએ એથી કરીને તે નવનીતની શી સ્થીતિ છે તે જાણવાને આતુર છીએ, પરંતુ નગરશેઠ જેવાને ત્યાંથી છળકપટ થાય તેની ખબર તે શેઠને આપ્યાવિના વગર સાહિત્યે નવનીત પાછળ દોડીએ તેથી શું ફળ સિદ્ધિ!

પ્રકરણ ૪ થું.

દોહરો.

પ્રભુ ઇચ્છા બળવાન છે, નથી પુરૂષ બળવાન;
મનનુંધારયુ કયાં રહે, થવા કાળ સ્થીર જાણ.

પુનમચંદશેઠના પુત્રમહોત્સવમાંથી નિવૃત થઈ શેઠ રતનચંદ રાત્રીના દસ વાગતાં પોતાને ઘેર આવ્યા. આવતાંજ શેઠાણી પાર્વતીએ નવનીતને ન જોવાથી નવનીત વિષે શેઠને સમાચાર પૂછયા; શેઠે નવનીત વિશે અજાણપણું બતાવ્યું; શેઠાણીએ શોક અને ગભરાટથી પુછયું. હે! આપ શું કહો છો? સાગરીકા કહેતી હતી કે શેઠે ગાડીવાનને મોકલી પોતાની પાસે તેડાવી હતી અને તમે આ શું કહો છો? કહોને સાચુ! મારો તો એના વિના જીવ ઉંચો થયો છે; આવી બાબતમાંયે તમે શું હસતા હશો!

રતનચંદ—(શેઠાણી પ્રત્યે) નાના, ત્હારા સમજે, હું હસતો હોઉં તો! આવી બાબતમાં તે હસવું હોયકે! હું સાચું કહું છું.

પાર્વતી—હાય હાય, ત્યારે મારી નવનીત કયાં ગઈ! મુવો ગાડીવાન એને કયાં લઇ ગયો હશે! અરે! રડયો ગાડીવાન એ કોનો હશે? અલ્યાએ રામલા? કયાં મુવો; બહેરોછે કે શું! સાગરીકાને બોલાવ.

શામલો—સારૂ માજી જલદીથી બોલાવી લાવું છું (એટલામાં મદનચંદ્ર આવે છે) તેમને જોઇને શેઠ રતનચંદે કહ્યું.)

રતનચંદ—મદનચંદ્ર ! તમે કુસુમબાગમાં નવનીત જોડે ગયા હતા કે ! હાલ તમે કયાંથી આવો છો ?

મદનચંદ્ર—(વિચારમાં પડેલો) હું એક મિત્રને ત્યાંથી આવું છું હું કુસુમબાગમાં નવનીત પાસે હતો. જુવો આ સાગરીકા પણ આવેછે તે પણ ત્યાંજ હતી, કેમ વારૂ ! શું થયું !

રતનચંદ—કોઇ ગાડીવાન ગાંડીમાં બેસારીને લઇ ગયો છે એવી ખબર પ્રથમ આ સાગરીકા આપીને ગઈ હતી પણ તે કોણ ગાડીવાન એ કંઇ સમજાયું નહી.

મદનચંદ્ર—કુસુમબાગમાં હું, નવનીત, અને સાગરીકા એમ ત્રણે બેઠા હતા, સાયંકાળ વખતે એક ગાડોવાન ત્યાં આવ્યો તેણે એવી ખબર આપી કે પુનમચંદને ત્યાં પુત્રોત્સવ માટે સારા સારા સદગ્રહસ્થો આવેલા છે તેમાં રતનચંદ પણ આવ્યાછે તે શેઠજીએ આ ગાડી સાથે મને મોકલ્યો છે અને કહ્યું છે કે બેહેન નવનીતને જલદીથી આ મહોત્સવમાં મારી પાસે લાવો, આ પ્રમાણે દાખલા દલીલ સાથે તે ગાડીવાન ગાડીમાં બેસારીને લઇ ગયોછે.

સાગરીકા—હા, માજી ! એમજ થયું છે, એ ગાડીવાન શેઠજી તરફથી આવ્યો છે એમ ખાસ જણાવ્યું હતું.

મદનચંદ્ર—(શેઠ પ્રત્યે) મ્હેં તે ગાડીવાનને ઉલટપાલટ પ્રશ્ન કર્યા હતા તેમાં એમ પૂછયું હતું કે રતનચંદ શેઠનો ગાડીવાન અને તેમની ગાડી કેમ ન આવી ! તને મોકલવાનું શું કારણ ! તેના પ્રત્યુત્તરમાં તેણે એવો ઉત્તર આપ્યો કે રતનચંદશેઠની ગાડી કોઇ બીજા સદગ્રહસ્થને બોલાવવા મોકલીછે. અને હું પુનમચંદ શેઠનો ગાડીવાનછું, તેથી મનેજ મોકલ્યો છે. તેનો આ પ્રમાણે જવાબ મળવાથી અમારા મનમાં વહેમ રહ્યો નહોતો.

શેઠાણી—અરેરે મને નવનીત વિના ક્ષણમાત્ર જંપ નહી પડે, ઓ બેટા નવનીત ! તું કયાં અદૃષ્ય થઈ ! અરેરે લુચ્ચા લોકો દ્રવ્ય માટે એના જાનનું નુકશાન કરશે; અત્યારેને અત્યારે

સર્વે જગોએ તપાસ કરાવો, મારે તો દ્રષ્ટી કરવા માત્ર એજ છે; (એમ કહીને નેત્રમાંથી આંસુ કાઢવા લાગી.)

શેઠ—(શેઠાણીપ્રત્યે) તું શામાટે ગભરાય છે! હાલ તેનો તપાસ કરાવુંછું.

મદનચંદ્ર—(શેઠજીપ્રત્યે) આપની આજ્ઞા હોય તો હું છાપખાનામાં તથા વર્તમાનપત્રમાં ખબર નોંધાવું તેમજ પોલીસ વીગરેને ખબર આપું ને તે બાબત જાહેરનામાં કઢાવું.

શેઠ—ભાઇ! અત્યારે રાત્ર ગઇ છે, તમે વાળુ કરીને તે કામમાં જાઓ.

મદન—મુને નવનીત વિના અન્ન ખાવું રૂચતું નથી, મારા કંઠમાં એક ગ્રાસ પણ ઉતરશે નહીં, (એમ કહીને મોટો નિશ્વાસ મૂકયો તે જોઇને).

શેઠ—(શેઠાણી પ્રત્યે) જો, જો, આ મદનચંદ્રનો નવનીત ઉપર કેટલો બધો પ્રેમછે! કેટલી બધી મમતાછે! નવનીત કોને અળખામણી છે! ભાલ્ય જોઇએ!

(મદનચંદ્ર ભોજન લીધા વિના એકદમ નવનીત માટે બાહેર નીકળી પડેછે.)

રતનચંદે જમાદારને બોલાવીને કહ્યું કે તમે પુનમચંદ શેઠને ત્યાં જઇને તપાસ કરો અને પૂછો કે નવનીત ત્યાં છે કે નહી? તેમજ બે ત્રણ બીજા માણુસોને ત્યાં છાકટાટોળીયોનો એકાંત સંકેતસ્થાન હોય ત્યાં ત્યાં અત્યારેને અત્યારે મોકલી તપાસ કરી મને ખબર આપો, શેહેરની આસપાસ નજદીક તપાસ કરવા બીજાઓને મોકલો. આ પ્રમાણે વ્યવસ્થા કરી ઉદાસીન વૃતિએ શેઠ આરામખુરશી ઉપર પડયા. એકાએક કેવળ સરસ્વતી જેવી વિચીક્ષણ પુત્રી કયાં ગઈ હશે, શું થયું હશે! એ વિગરે વિચારના ભ્રમચક્રમાં ચઢેલો, બહાવરો બની ગએલો, ચિંતાની ચિતામાં બળતો, અસહ્ય વેદનાથી ઘેરાઈ ગએલો, ઉંડા વીચારમાં લીન થયો; કેવળ દીન થઈ ગયો; હૃદય નરમ થઇ ગયું, તકીઆ ઉપર માથું મૂકી નિઃશબ્દ અજસ્રધારા અશ્રથી તકીયાને પલાળવા લાગ્યો; આ વખતે કોઇ કોઇને ધૈર્ય આપવા રહ્યુ નહી.

આવા સમૃદ્ધિવાન શેઠ ઉપર પણ દૈવે પોતાની સત્તા પાથ-

રી દીન કરી દીધો તોં સાહીત્ય વીનાનો રંક માણુસ શા હીસા-બમાં! શેઠાણીના કિંચિત પણુ કોપનું નિમીત્તસ્થાન થનારનું જીવન નષ્ટ ભ્રષ્ટ થાય, પરંતુ જ્યાં દૈવ્યકોપિત થાય ત્યાં તેનો શું ઇલાજ! પાર્વતીના એક એક અશ્રુબિંદુ માટે શું ન થાય! પ-રંતુ તે દૈવ્યવશ; દૈવ્યને શું કરી શકે!

મદનચંદ્ર વિદ્યાકળા અને જ્ઞાનથી પૂર્ણ છતાં પણ દૈવે તેના દીર્ઘદ્રષ્ટીવાળા વિચારનો પરાભવ કર્યો; તેની જ્ઞાનપ્રભાપર દૈવ્ય ભાવી બળરૂપ અજ્ઞાન તીમીર છવાઇ ગયું; અલ્પજ્ઞને છેવટે દૈવે અલ્પજ્ઞજ બનાવ્યો; વિદ્વતાને ક્ષણુમાત્રમાં વીખેરી નાંખી, નહિતો પ્રાણુ જતાં પણુ મદનચંદ્ર વિપતિમાં ઘસડાવવાને નવનીતને જવા દેત નહીં, પરંતુ પોતાનો પરાભવ પોતાથી થઇ શકતો નથી; અને થાયછે તોપછી કંઇ ઉપાધી રહેતી નથી; દૈવના સ્પુર્ણ અસ્ફુર્ણનું યથાર્થ જ્ઞાન વિદ્વાન યોગીજનોનેજ હોયછે; દૈવની જે સનાતન નીતિ તેનું ઉલ્લંઘન કરવાને કોઇ સમર્થ નથી; પણુ વિદ્વાન યોગી તેના સ્વરૂપને યથાર્થ જાણેછે; મદનચંદ્રે સર્વને વિદ્યા જ્ઞાનકળાથી વશ કર્યા હતા પણુ દૈવ આગળ તેનું કંઇજ ચાલ્યું નહી; સંસારમંડળ આખું પ્રારબ્ધકર્મથી પુરીતછે, તો ગરીબ મદનચંદ્ર બાહાર કયાંથી હોય! દૈવ અને ઇશ્વર પ્રથક નથી તેમજ કર્મથી જીવ પ્રથક નથી; ઇશ્વર દૈવ્યવ્યસ્થામાં સ્વતંત્ર છે; અને જીવ કર્મમાંજ સ્વતંત્ર છે; ઇશ્વર જીવવ્યવસ્થાને યથાર્થ અવલોકવામાંજ પ્રાપ્તવ્ય જ્ઞાતવ્ય અને સર્વજ્ઞછે; એના અવલોકનથી થતો સ્વપ્રકાશ અનિર્વચનીય છે.

નવનીતને વિપદદ્વારા કસવાને, ઘડવાને ઇશ્વરે તેને દુઃસહ સાગરમાં નાંખી હશે! કે દૈવેચ્છાનો સત્કાર કરવો જોઇએ, એ વિવેકથી સ્વેચ્છાએ દુઃખસાગરમાં પ્રવર્ત થઇ હશે! કે પોતાનું શુદ્ધ સ્વરૂપનું જગતને શીક્ષણુ આપવા આ વર્તન ચલાવ્યું હશે! કે દૈવેચ્છા પ્રબળ છે, ક્ષણુમાં તે શું કરશે તેનું પૂર્વથી કોઇને જ્ઞાન સ્મરણુ થતું નથી તેથી નવનીત પણુ દૈવજાળમાં ફસાઇ હશે! વિગરે કલ્પવું વાચક આધીન છે.

અમાચિત પ્રારબ્ધકર્મના પ્રવાહમાં વહેછે; અને આપણે તેમને સુખમાં, દુઃખમાં, રાગ દ્વેષમાં, ઉદયમાં, અસ્તમાં, પ્રકાશ-

માં, અંધકારમાં, પ્રવર્તાયલાં જોઇએ છીએ; પરંતુ વસ્તુતઃ તેમનું વાર્ડ અંતઃકરણ અવલોકીયેતો શાંત અને વિચલિત હોયછે આસાચત વંદનીય, પુજનીય છે.

પરંતુ સંસારમાયાથી વીંટાયલા ક્ષુદ્ર માનવચિત આશા અને તૃષ્ણામાં ચઢતાં ચઢતાં શરીરે કષ્ટ સહી જયાં છેક ઇચ્છીત સ્થાનની શીમા લગભગ આવી પોહોચેછે; તેટલામાં તો દૈવ તે તૃષ્ણામાં લીપ્ત થએલાને ત્યાંથી એક મોટી ખાઇમાં ફેંકી દેછે, કે જયાંથી તરફડીયાં મારતાં પણ તેનાથી નીકળી શકાતું નથી; એવી દૈવની વિચિત્ર ગતી છે.

રાત્રીના બાર વાગ્યા પછી જમાદાર આવીને હાજર થયો તેણે શેઠને જાહેર કર્યું કે તમામ જગોએ તપાસ કર્યો, પણ નવનીતનો પતો લાગતો નથી; ઘણાખરા માણસોને શહેરની અંદર શોધ માટે દોડાવ્યા છે, જયાં જયાં છાટકા ટોળીયોના ગુપ્ત સંકેત હતા ત્યાં ત્યાં તપાસ સારી રીતે કરાવ્યો છે, પણ તે જગાએ કંઈજ પતો લાગ્યો નથી; જમાદારનું વચન સાંભળી શેઠ ઘણોજ નિરાશ થયો; હૃદયમાં અજંપાએ પ્રવેશ કર્યો; છેક ઘેલો થઇ ગયો હતો, નવનીત જેવી સકોમળ તનયા જેકે ચક્ષુથી પણ દુર રહેતી નહોતી, તે એકાએક ગુમ થઇ જવાથી તેના દુઃખ માટે થતી અસરથી કેવળ અસહ્ય વેદના થઇ પડી હતી; ભીત ઉપર નીરજીવ ચિત્ર જેમ ચિતરેલું હોય છે તેજ પ્રમાણે ચિત્રતુલ્ય થઇ ગયો હતો, હવે શું કરવું! નવનીત કયાં હશે! કયાં તપાસ કરવો! એ વીગરે વિચારની સંકલનામાં તે શેઠને કંઇજ સુજ પડી નહી.

થોડી વાર થઈ એટલે મદનચંદ્ર આવી પોહોચ્યો, તેણે પોલીસમાં જાહેરાત આપ્યાની વાત કરી; કેટલાક ન્યુસમાં ખબર આપ્યાની હકીકત શેઠને જણાવી, યદ્યપિ મદનચંદ્રના હૃદયમાં નવનીતને માટે જે દુઃખની અસર થઇ હતી તે અસર અવર્ણનીય હતી; મદનચંદ્રની મુખમુદ્રા સંદૈવ્ય મંદવિકસીત પ્રફુલ્લ અને તેજસ્વી રહેતી હતી તે આરજ તદન સંકોચાઇ ગઈ હતી; તેના બે કપોળ પ્રદેશ ગુલાબ પુષ્પ તુલ્ય સુરંગ હતા તે કેવળ

બદરંગ થઇ ગએલો જણાયો; સ્મીત નિમીત્તથી જે કપોળ પ્રદેશપર ખાડા પડતા હતા તે ગાલ ઉપર આજ લાંબી શેરડા પડેલા જણાયા, જે લલાટ ભ્રમરપર તંદુરસ્તી સાથે વિશેષ વાંચન કરવાથી પરસ્વેદનાં બિંધુ મુકતાની માફક શોભતાં હતાં તે આ વખતે ચિંતા અને વ્યાકુળતાને લીધે બાઝેલા પરસ્વેદ શરીરને કંપાવતા હતા; મોટી મોટી સભાઓમાં સિંહની માફક રસમય વાણીથી ગર્જના કરીને સભા ગજાવતો હતો તે અત્યારે દીનશુન્ય જેવો દેખાવા લાગ્યો; તે ઉપદેશક છતાં આજ ઉપદેષ્ટા જેવો દેખાવા લાગ્યો; સૌને દેખવામાં આજ તે ભિન્ન તરેહનો દેખાવા લાગ્યો; મદનચંદ્ર શાન્તવૃત્તિથી શેઠ પ્રત્યે કહેવા લાગ્યો, મેહેરબાન ! ધૈર્ય રાખો, આમ છેક હીમત હારીને શુન્ય થતા નહી; નવનીતને શોધ માટે બનતો ઉપચાર કરવામાં આવ્યો છે; નવનીત શુદ્ધ અને પવિત્ર છે, તેની દયાશીળ પરોપકાર વૃતિના પ્રભાવે કરી તેણીપર વિપત્તી આવે તો પણ તેનો બચાવ સાક્ષાત્ ઈશ્વર કરશેજ; અને હું પણ આખી રાત્રીછે કે ઈશ્વર કૃપાથી પ્રાતઃકાળમાં હું ગમે તેવી પણ નવનીતની ખબર આપને કહીશ.

આ પ્રમાણે શેઠને આશ્વાસન આપીને નવનીત નગરમાં નીકળી પડયો; નગરરક્ષકોની માર્ફતે છાકટા અને લુચ્ચા માણસોના સંકેતની બાતમી મેળવતો મેળવતો મદનચંદ્રે આખી રાત નગરમાં ભ્રમણ કર્યુ, પ્રાતઃકાળ થયો, આકાશમાં પૂર્વ દીશાની કક્ષાએ સફેત રંગનું દર્શન કરાવ્યું. ધીરે ધીરે લાલરંગનો પ્રકાશ થવા આવ્યો, આ વખતે મદનચંદ્ર નિશ્વાસ મુક્તો આમતેમ ફરતો, શોકસમુદ્રમાં ડુબકાં મારતો આમતેમ દ્રષ્ટી કરતો, અનેક વિચારના જાળમાં ઠરતો, ધીમે ધીમે પગ ભરતો ભરતો, ઉમંગ ભંગ થએલો નગરના દરવાજાનો ત્યાગ કરીને પ્રવેશ કરવા લાગ્યો. આ વખતે એક સ્ત્રી દરવાજામાં થઇને નગરમાં પ્રવેશ કરતી જોવામાં આવી; મદનચંદ્રે વિચાર કર્યો કે હજી સૂર્યનો પુર્ણ પ્રકાશ થયો નથી. છતાં આ બાઇ દરવાજા બાહેરથી નગરમાં જાયછે તે કોણ હોવી જોઇએ ! એવી શંકાથી તે બાઇની પાસે નજીક ગયો, તેજ વખતે તે બાઇએ મદનચં-

દ્રને જોતાંજ એમ કહ્યું કે કોણ મદનચંદ્ર !

મદન—હા બેહેન, હુંજ છું તમે કોણ છો ? દરવાજા બાહેરથી તમે એકલાં છતાં આ વખતે નગરમાં કયાં જાઓ છો ? અગર તમે દરવાજા બાહેર ક્યાંથી ?

સ્ત્રીયે જવાબ આપ્યો કે હું તમને ઓળખુછું, જાણુછું, પણ તમે મને ઓળખી શકો નહી. એ વાસ્તવિક છે; હું અત્યારે રતનચંદ શેઠને ત્યાં ઘણીજ જરૂરીયાત કામને માટે જાઉં છું;

મદન—ગમે તે જરૂરીયાત કામ હોય તે કદાપી તમે કહો કિંવા ન કહો એ તમારી મરજી ઉપર છે. પણ રતનચંદ તો નવનીત ગુમ થઇ જવાથી મોટી ચિંતામાં છે. અને નવનીતની શોધ માટે આખી રાત્ર હું ફર્યા કરૂં છું. ! તમે કોણ છો તે હું જાણુતો મથી માટે ક્ષમા માગુ છું પણ અત્યારે તો શેઠજી અસાધ્ય વ્યાધીમાં ફસાયા છે.

સ્ત્રીએ મદનચંદ્રનું વચન સંભળ્યું, તેણીએ રાત્રીની વખતે બનેલો હેવાલ મદનચંદ્રને કહ્યો, તે ઉપરથી મદનચંદ્ર અને તે સ્ત્રી જે કે ઉન્મતની સ્ત્રી સરસ્વતી હતી તે બન્યો જણાએ રતનચંદશેઠને ત્યાં પ્રાતઃકાળમાં તેમના અવાસમાં પ્રવેશ કર્યો.

શેઠ અને શેઠાણી એ બન્યો પરિતાપને લીધે આખી રાત્ર ઉંઘ્યાં નહોતાં. પ્રાતઃકાળમાં શેઠજી પોતાના અવાસના ઝરોખામાં આમતેમ ફેરા મારતો હતો, કોઇપણ મને ખુશીની ખબર કેહેવા આવશે એવી ઇચ્છા રાખતો હતો તેટલા માટે વારંવાર ચારે તરફ દ્રષ્ટી કરતો હતો, પ્રાતઃકાળમાં અનેક આશાએ ભરેલો રતનચંદ ઝરોખામાં ઉભો રહેલો તેણે મદનચંદ્રની સાથે શેઠ લક્ષ્મીચંદના પુત્ર ઉન્મતની વહુ સરસ્વતીને આવતી દીઠી, સરસ્વતીનું મુખ દીન થઇ ગએલું, શોકગ્રસ્ત થએલું રતનચંદે દૂરથી જોયું. તે ઉપરથી તે શેઠના હૃદયમાં નવનવીન વિચાર તુરતજ સ્પુરવા લાગ્યા. એટલામાં મદનચંદ્ર અને સરસ્વતી મેડી ઉપર શેઠ પાસે આવી પોહોચ્યાં. સરસ્વતીને જોતાંજ શેઠે પ્રશ્ન કર્યો કે સરસ્વતી! તું અત્યારમાં અહીં કયાંથી ! નવનીતના કાંઇ સમાચાર તો લાવી નથીને !

સરસ્વતી—ક્ષમા કરો; મારાથી આપનો મોહોટો ગુન્હો થયો છે; દુષ્ટ ચાલના મારા પતિયે છાકટા લોકોની સોબતમાં ભળી તેઓની શીખવણીથી બેહેન નવનીતને છળ કરી ગાડીવાન દ્વારા ત્યાં બોલાવ્યાં; એમ કરવાથી જો કે તે પાછળથી બહુ પસ્તાયા, તોપણ મને મંદભાગી દુર્ભાગી દુષ્ટાને એમનાપર બરાબર વિશ્વાસ ન આવવાથી પ્રાતાકાળમાં વ્હેલા ચાર વાગતાં ગાડીવાનદ્વારા આપની તરફ રવાના કર્યાં; હે પીતાશ્રી! ગાડીવાનને મ્હેં પ્રથમ આવો લુચ્ચો ચોર જાણ્યો નહોતો નહીં તો મારા પ્રાણતુલ્ય નવનીત બેહેનને હું તેની સાથે બગીમાં બેસારીને મોકલું ખરૂં કે! તેમજ મારા પતીથી પણ છળ કરી તેમના ઠપકાપાત્ર થાઉ છું! પણ મનુષ્ય પોતાની સમજુત પ્રમાણે સઘળું કરવા જાયછે અને ભાવીયોગે ફરી અવળુ થાય છે; ગાડીવાળો પાછો આવ્યો નહીં, તે ઉપરથી મને ફાળ પડી, કે શા માટે તે આવ્યો નહીં, પ્રાતઃકાળ થતાં આવ્યો તોપણ ગાડી બળદ અને ગાડીવાનનું હજી સુધી કેમ ઠેકાણું પડતું નથી! આવા વિચારમાં હું ગભરાઈ ગઈ, ગાડીવાને જરૂર છળ કર્યું હોવું જોઇએ, એમ ધારીને તુર્ત આપને ખબર કહેવા સારૂ આવતી હતી, દરવાજા બાહેર આ મદનચંદ્ર પણ નવનીતની ખબર માટે આખી રાત્ર પરીશ્રમ કરતા હશે તે પણ મને રસ્તામાં મળ્યા. તેમણે મને પ્રશ્ન કર્યાં. મ્હેં સઘળી હકીકત કહી,—અને હું આપ પાસે આવી તુરત આપને મ્હેં ખબર આપી. કારણ કે વખતે વિલંબ કરવાથી અનિષ્ટ ફળ આવે: પીતાશ્રી આપ સત્વર તપાસ કરાવો, હજુ પણ આટલામાંજ શેહેરની નજીકમાંજ હશે, દૂર લઇ જઇને એ કેટલે દૂર ગયો હશે! દ્રવ્યથી એ મુવાનું મન ચળ્યું હશે; આપની સત્તા એવી છે કે શેહેરમાં એનાથી રહી શકાય તેમ નથી;—પાર્વતીબા! આપ આમ શુન્યમુન્ય કેમ થઈ ગયાં છો? શેઠની સત્તા એવી છે કે બેહેન નવનીત એકલાં હશે તોપણ વાંકો વાળ કોઇ કરી શકે તેમ નથી. કદાચ દાગીના લેવા હશે તો તે લઇને ડરનો માર્યો નાશી જશે, આપ રૂદન કરો નહીં; તપાસ માટે ચોગરદમ માણસો છૂટયા હશે; એમ કહ્યું ને અને ક્ષમા માગીને સરસ્વતી પોતાને ઘેર ચાલી ગઇ.

સરસ્વતીનું શાણપણ અને તેણીએ જે ઉપકાર નવનીત ઉપર કરેલો હતો તે સઘળી બીના સાંભળીને રતનચંદને ઘણું સારૂ લાગ્યું; પણ તે વિકળ હૃદયમાં સારૂં લાગવાપણાનો વિવેક રહી શકયો નહીં, માત્ર નવનીત કયાં હશે! શું કરતી હશે! તેની અત્યારે કેવી સ્થીતિ હશે! તેને કોણ હરી ગયું હશે! એ વિગરે વિચારજાળમાં રતનચંદ ફસાઈ ગયો હતો; પોતાથી બને તેટલો પ્રયત્ન ચોગરદમ માણસોને દોડાવીને કરી ચૂકયો હતો; પણ જ્યાંસુધી ફતેહમંદ કાર્યનો જવાબ મળી શકયો નહોતો ત્યાંસુધી તે પોતે તથા પાર્વતીશેઠાણી એ બન્યો ચિત્રવત થઈ ગયાં હતાં; શોક અને ફીકરના સમુદ્રમાં ડૂબકાં ખાવા લાગ્યાં હતાં, જળમાં ડૂબી જવાની સંધી વખતે જેમ હૃદય અને આખું શરીર રૂંધાઇને વ્યથાને પ્રાપ્ત થાયછે તેવી રીતે તે બન્યોના હૃદયમાં ચિંતારૂપી સળગતી ચીતાએ વ્યવસ્થા કરી હતી; જો કે તેઓનાં નેત્ર ખુલ્લાં હતાં પણ તે નેત્ર જગતના કોઈપણ પદાર્થ ઉપર દ્રષ્ટી કરતાં નહોતાં, પણ તે નેત્રમાં કેવળ નવનીતના સ્વરૂપનું તાદ્રષ્ય ચીત્ર વારંવાર દર્શાઇ આવતું હતું.

બીજી તરફ મદનચંદ્રની પણ એજ સ્થીતિ થઇ હતી; એક તરફ પીતાનો પુત્રી ઉપર વાત્સલ્યભાવ દર્શાતો હતો, ત્યારે બીજી તરફ મદનચંદ્રના અંતઃકરણમાં શુદ્ધ સાત્વિક પ્રેમભાવ દરસાતો હતો, એક તરફ નવનીતના માતા પીતાના નેત્રમાંથી નવનીતના વિયોગ વિરહવેદનાનાં અશ્રુ નીકળતાં હતાં તો બીજી તરફ મદનચંદ્રના હૃદયને નવનીતના ઉત્તમ ગુણોનું આચ્છાદનપટ વિખેરાઈ ગએલું મર્મભેદક વાણીવિલાસ અને તેણીની પ્રેમાળ મુર્તિવિયોગ વિરહ ભેદનકરનાર નેત્રમાંથી અશ્રુ કઢાવતાં હતાં.

મદનચંદ્ર ધીરે રહીને ધૈર્ય આપતો રતનચંદ પ્રત્યે બોલ્યો કે મેહેરબાન! તમે ગભરાશો નહીં: વ્યપત્તિ તો હરેક માણસો ઉપર આવેછે, પરંતુ તેમાં ધીરજ રાખવી એજ મુખ્ય કામ છે; યવાકાળ આગળ કોઇનું ચાલતું નથી: પૂર્વે મોટા મોટા ભૂમીપતિ રાજેંદ્રને પણ દુઃખ વેઠવું પડયું છે; મને ખાત્રી છે કે નવનીત બહુજ શીલ સ્વભાવની અને સદાચરણવાળી છે તેથી ભલે કદી ભાવીબળયોગે દુઃખ પડે તોપણ તે પોતાનો કુળધર્મ

ત્યાગ કરશેજ નહીં;—ત જ્યાં હશે ત્યાં પરિતાપ, ભય, કલેશ, દુઃખ, વિપત્તિ ઇત્યાદિકના સપાટામાં હશે તોપણ તે તમામનું સહન કરવાની તેનામાં શક્તિ છે; તેથી સમયને ઓળખીનેજ વર્તન કરશે એમ મને તેના સહવાસથી ખાત્રી થાયછે, તોપણ તેના શોધ માટે પુરૂષાર્થ કરવો અવશ્ય છે;—હું કેટલાક બીજા કામ સાધ્ય કરવા સારૂ બાહેર નીકળી પડયોછું છતાં તે તમામ કામ બાજુએ મુકીને તેના શોધ માટે નીકળી પડવા ધારૂંછું, મને ખાત્રી થાયછે કે નવનીત આ નગરમાં છેજ નહીં; પણ હદ વટાવીને બાહેર જવા પામીછે; માટે હું પણ તમામ બીજા કામ મુકીને જ્યાં મને અનુકુળ આવે ત્યાં નીકળી પડુંછું; માટે આપ ધૈર્ય રાખો.

રતનચંદ બોલ્યો કે-હે ભાઈ! તમારી મમતા નવનીત ઉપર બેહદ છે; નવનીતને તમારો સહવાસ આનંદપ્રદ થઈ રહ્યો હતો; જેટલો પ્રેમ તમારા પ્રત્યે નવનીતનો હતો તેટલો મ્હેં તેનો બીજા પ્રત્યે લેશ પણ જોયો નથી. તમારો નીર્વીકાર પ્રેમ મ્હેં જાણી લીધોછે. અને તે બાબતની લાગણી તમારા અંતઃકરણમાં જે થઇ છે તેનું દર્શન અત્યારેજ તમારા હૃદયમાંજ થઇ શકેછે. તમે મ્હારૂં અંતઃકરણ છો, મારા અંતઃકરણમાં નવનીતના વીયોગનું જે દરદ છે તેજ દરદ તમારા અંતઃકરણમાં છે એમ મને પક્કી રીતે પ્રતીત્ત થાયછે; તમે તેનો શોધ કરવા નીકળોછો તેથી મને ઠીક લાગેછે; ખરો ભરોસો તમારોજ છે; નોકર ચાકર ઇત્યાદિક તો પોતાના શામધર્મ પ્રમાણે નોકરી કરવાના ધોરણ ઉપર જશે પણ નિર્મળ હૃદયમાં સમાન સભ્યતાનો જે ભાવ છે તે ભાવથી ઉત્તમ કાર્ય થઇ શકેછે એજ માયાનું આવર્ણ છે; અને તેના યોગેજ પૂર્વનાં સંસ્કારો સ્ફુરેછે, સંસ્કારથીજ વસ્તુ મળી આવેછે, જડ વસ્તુ ચુંબક છતાં લોહને ખેંચી લેછે તે પણ એક પ્રકારનો ગુણછે; તો સજીવનદેહમાં વિવેકદ્વારાએ વસેલો પ્રેમભાવ શું ન કરી શકે? હે ભાઇ! આ નગરના રાજા આનંદપ્રભ મારી સાથે ઘણો સ્નેહ રાખેછે; તેમનો પુત્ર વીનોદચંદ્ર વીસ વરસની ઉમરે પોહોચેલો વિવેકી અને વિદ્યા કલાનીપુણ છે તેણે નવ

નીતને બેહેન કહીને બોલાવી છે; ત વાનોદચંદ્ર દરબારશે ભાઈવિ-
સલીમાં ઉમદા પોશાક આપેછે; જુવો આ વખતે તેનો પત્ર આ
વ્યો છે તેમાં વીનોદચંદ્ર લખેછે કે નવનીતના તપાસને માટે મ્હ
મારા ભરોંસાના કેટલાક માંણુસોને ગામ પરગામ મોકલ્યાછે; હું
ઘણો નારાજ થઈ ગયોછું મારી ગુણવતી આનંદપ્રદ વિવેકી ન-
વનીત બેહેનને હું કયારે જોઇશ; આ પ્રમાણે ચીઠી લખી છે; ત
પાસ કરવાને માટે મારૂં કામ હુલુ નથી પણ ભાવીબાજી કેમ હ-
શે તે બાબત કંઇ સમજાતું નથી.

મદનચંદ્રે કહ્યું કે એ ચીઠી મારી પાસે હાલ રહેવા દ્યો
કેમકે બીજા કેટલાક રાજ્ય છે તે તરફ વીનોદચંદ્રે પત્રો લખ્યા
હશે તેમાં હું પણ શોધ માટે નીકળી પડુંછું-છતાં પ્રસંગે આ
ચીઠી મને ઉપયોગી થઈ પડશે-મદનચંદ્રનું વચન સાંભળીને
રતનચંદે ચીઠી આપી.

મદનચંદ્ર ત્યાંથી ત્વરાથી ચાલી નીકળ્યો.

પ્રકરણ ૫ મું.

નવનીત અને ગાડીવાન.

સૂર્યોદય થતાં થતાંમાં ગાડીવાન નવનીતને શેહેરથી દૂર
છ સાત ગાઉ લેઇ ગયો;--સૂર્યોદય થયો--સુર્યરસ્મી
એ ગાડીવાનના હાથમાં પકડેલી રશ્મીને શીથીલ ક-
રવા માંડી; રાત્રિએ અધિક કરેલો ગાડીવાનનો નિશો
સમય વ્યતિત થયો તદન ઉતરી ગયો; તેનું શરીર શીથીલ
જેવું થયું, મગજ દુખવા લાગ્યું, જીવ ડોળાવા જેવો થઇ
વમન થવા જેવું થયું; હાથ કંપવા લાગ્યા; રાત્રીના વિચાર
અને નિર્ણય અત્યારે થતા વિચાર અને નિર્ણયથી તદન પ્રતિ-
કુલ લાગ્યા, અને મનમાં ગણગણવા લાગ્યો: ખરેખર, ઘણું અ-
વિચારી અને સાહસિક કામ કર્યું. નગરશેઠની પુત્રીનું હરણ!
અરેરે! ગજબ કર્યો છે જેની સાથે સરકાર પણ મૈત્રીભાવ રા-
ખેછે અને સર્વલોક એમની સત્તાથી ડરીને એમને વંદે છે;
તેની સામે મ્હે આ અવિચારી પગલું ભર્યું. પૃથ્વીના પડમાંથી

પણ મને શોધી કાઢવા એ સમર્થ છે અને મ્હેં મુરખે આ સાહસ શામાટે માથે વોહોરી લીધું. આહાહાં તેના માણુસો પણ તપાસ માટે છૂટયા હશે કદાપિ તેઓ આટલામાંજ હોય તો કોહોને ખબર ! હવે શું કરૂં, કયાં જાઉં ! કયો માર્ગ સોધું ! દુષ્ટ દારૂ ત્હેં મારી બુદ્ધિપર અંધકાર ફેરવી, વિચારશુન્ય પગલું ભરાવી મારૂ મોહોત નજીક આણ્યું; જેના કુમકમાં સરકાર પણ છે છતાં તે શી રીતે મને સુખી કે જીવતો જવા દેશે !

આ ગાડીવાન પરગામનો હતો; તેનું નામ ધુર્તદાસ હતું, બાલ્યાવસ્થામાં તેના પિતાનું મર્ણ થવાથી માતાના હાથમાં સ્વચ્છંદપણે ઉછર્યો હતો. કોઈ કહેનાર ન હોવાથી નીચ સોબતીયોદ્વારા સર્વ દુષ્ટાચાર શિખ્યો હતો; આ સમયે તેનું વય ચાલીસ વર્ષનું હતું; કેટલાક દુષ્ટાચાર તો સમયબળે અને સંસ્કારે કરીને મંદ પડવા આવ્યા હતા પણ દારૂના વ્યસનથી નીશાના સમય સુધી પ્રકાશમય રહેતા, અને નીશો શાંત થએ દુષ્ટાચાર પણ સમય સંસ્કાર અને વયના બળથી પગભવ પારી શાંત થઈ જતા, સ્વભાવે તે સમજુ, ડરકણ, અને શાહુકારવર્ગમાં રેહેવાથી તેનો કાંઈ પટ લાગ્યો હતો પરંતુ દારૂ અને ઉન્મતભાઇ જેવા શેઠની સંગતી. એ બન્નેથી ઉધું વળાઇ જતું અને વળાઇ ગયું.

નીશાન્તી ખુનમાં કરેલા કૃત્યથી તેને તીવ પશ્ચાતાપ થતો હતો; વ્યભિચાર કરવાના વિચાર તો તેના હવાની પેઠે અદૃષ્ય થઇ ગયા, તેના ધારેલા વિચાર સ્વપ્નવત્ ભાસવા લાગ્યા. દ્રવ્યપર તેનું મન ચોટેલું હતું, પરંતુ તે હરી લેતા. આ ઘોર વનમાં પણ શેઠની સત્તા અને નવનીતના દવીઅંશ તેને અટકાવતા હતા.

વાચક ! દારૂ એ કેવું દુષ્ટ વ્યસન છે ! ગાડીવાન બિચારો નિઃશંક ઉદરપુર્તી કરતો હતો ત્યાંથી તેને ઉપાડી કેવા મૃત્યુપાશમાં ફસાવ્યો ! દુષ્ટ પ્રકૃતિનો ગાડીવાન પણ દારૂને કેટલે અંશે ધિઃકારે છે! ત્યારે દારૂની દુષ્ટતાની શી પરંપરા

અહાહા! આજકાલ દારૂનું શું પ્રબલ વધ્યું છે! આજકાલના કેટલાક તરૂણ મીસ્તરો તો સ્પીરીટ વિના સ્પીરીટવાળા રહી શકતાજ નથી; જરા શ્રમ પડયો કે પાધરૂજ ઉચ્ચારણ યુ લેટ અસ હેવ આ સ્મોલ ડોઝ જો બાટલીમાંથી નીકળે તો વાહ વાહ, નહી તો યુ બોય ગો એન મેઇક હેઇષ્ટ ધ સેઇમ સોર્ટ યુ અંડરસ્ટેન્ડ! એમ કહીને વિદાય કરે, કેટલાક ગરીબ તરૂણ મીસ્તરો છપાતા લપાતા, કેટલાક ડોન્ટ કેર કહેતા સ્પીરીટાલયમાં પ્રવેશી રાંડીરાંડકા પુત શાહુજાદા જેવા બની હૃદયમાં મોટું ડુધુ અને મોંમાં નાનું ડુધું ઘાલી ધુમાડા કાઢતા, સર્પની આકૃતિ પાડતા બાહાર નિકળે, શેખચલ્લીથી પણ અધિક મંત્રતંત્ર રચે અને એક ભ્રષ્ટાચારમાંથી નીકળી બીજા ભ્રષ્ટાચારમાં પ્રવેશ કરે.

આર્યાવર્ત! તારી આ શી દુર્દશા! તારો ગર્ભ આ વેપાર શાથી! છેક આમ થઇ ગયું, આયુર્વેદીક વચનોના ઉદ્દશનો શા માટે લોપ થવા લાગ્યો! શરીરે સુધારાના લેખકોના લેખ ઉપર શા માટે પાણી ફરવા માંડયું, દેશ સુધારકો શા માટે આંખ્યો મીચીને સુતા છે! કે શું તેમના પ્રયત્ન નિષ્ફળ પામેછે!

અરેરે! જેનાથી હૃદય દગ્ધ થાયછે; મગજ દુખે છે, રાજસ પ્રકૃતિનો ઉદય થાયછે, તામસબળને વધારેછે; શરીર નબળું પડી જાયછે; આયુષ ક્ષણ થાયછે. ચિત ભ્રમ થાયછે; તેનો આદર કરી વ્યસનધારી પોતાના મનુષ્યજીવનને નષ્ટ ભ્રષ્ટ કરેછે; વ્યસની દુષ્ટ લોકો ખોટી પ્રશંસા કરી શ્રીમંતના અને રાજાના બાલકને તેનો છંદ લગાડી મનમાનતું દ્રવ્ય હરણ કરેછે, અને તેમનો આખો ભવ નિરર્થક કરેછે

વાંચકવર્ગને લેખકની બહુજ અનુભવપૂર્વક પ્રાર્થના છે કે આ દુષ્ટ વ્યસનમાં ન ફસાય તેટલા માટે પોતાના સંતાનપર પુરતી તપાસ રાખજો. કારણ કે દારૂમાંથી ભ્રષ્ટાચાર શીખાયછે; અને દારૂ જ્યારે શરીરને ખોરાકરૂપ, વ્યસનરૂપ થઇ જાયછે, ત્યારે શરીરનો બહુજ અલ્પકાળમાં નાશ થાયછે; અને દ્રઢ વ્યસન થયા પછી એકાએક તે છોડી પણ શકાતો નથી; માટે સુધારકમં-

ડળે પોતાના સંતાનની વ્યસન-કારાગારમાં બંધમાન થતાં પુરતી સંભાળ રાખવી, નહિતો તેનો આખો ભવ નિરર્થક જતાં તન અને મનનો સત્વર નાશ થશે,—

નવનીત નિઃશ્વાસ નાંખતી, દૈવેચ્છાનુકુળ થઇ ગાડીમાં વહેતી ચાલી; આગળ એક મોટી ઝાડી આવી, અને પાસે પાસે નાની નાની મોટી ડુંગરોની હાર આવી, એક બાજુ છેટેથી ધુમાડા જેવું જણાતું હતું; તે ઉપરથી ત્યાં કોઈ નાનુ ગામ હશે એમ અનુમાન થતું હતું; તે દિશા તરફ ગાડીવાનને કોઇ ઘોડાનો હણહણાટ સંભળાયો. શું કરવું એ ગાડીવાનને કાંઈ સુઝતું નહોતું; તેવામાં ઘોડાનો હણહણાટ સાંભળતાંજ તેની મુઝવણનો અંત આવ્યો; એકદમ ગાડી ઉપરથી છલંગ મારી નીચે કુદી પડી હાથની મુઠીયો વાળી પોબાર ગણી ગયો અને પાસેની ડુંગરીમાં ક્યાં અદૃષ્ય થઇ ગયો એ દ્રષ્ટાને જણાયું નહીં.

નવનીત ઘોર વનમાં એકલી પડી, ગાડી હાંકનાર એકદમ પોબારા ગણી ગયો, એ જોઇને નવનીત મોટા વિચારમાં પડી, પણ નવનીતને ગાડી હાંકવાની ટેવ હતી તેથી તેણે બન્ને અછોડા હાથમાં લઇ ગાડીને ખાડાખઇયાવાળી જમીનમાંથી આગળ ચલાવવાને પ્રયત્ન કર્યો; એટલામાં તો ત્રણે ઘોડેસ્વાર તેની સન્મુખ આવી ઉભા, જે સ્વાર સહુની આગળ હતો અને પોશાકના દેખાવ ઉપરથી અમલદાર જેવો લાગતો હતો તે બોલ્યો.

બાઇ ! તુમ કૌંન જાત હો ! કહાંસે આતે હો ! ઔર કહાં જાતે હો ! તુમ એકીલે કહાંસે હે ! યહાં તો બગી ચલનેકા રસ્તા નહિ હૈ, યહાં તુમકો કોઇ લુંટ લેવેગા.

નવનીત—ભાઇ ! હું નવલપુરીના શેઠ રતનચંદની પુત્રી છું. મને દગો કરી ગાડીવાન અહીં લાવ્યો છે.—તમને આવતા જોઇને મને અહીં મૂકી આ ડુંગરીના ટેકરા તરફ નાશી ગયા છે.

અમલદાર—ગાડીવાનનું અને તમારૂં કેવી રીતે મળવું થયું ! ગાડીવાન કોણ હતો ?

નવનીતે જે પ્રમાણે હકીકત બનેલી તે સર્વ તેને વીદિત કરી. તે સઘળું સાંભળીને આગેવાન અમલદારે કહ્યું કે ભાઈ! એ ગાડીવાને જુલમ કર્યો છે; સારૂં થયું કે તમારા દાગીના વિગેરે લેવા પામ્યો નથી ચાલો ઠીક થયું; તમારો બચાવ થયેલો જોઈ અમને પણ આનંદ થાયછે; તમે ઠેકાણું બતાવ્યુંછે તે નવલપુર અહીંથી આઠ કોસ દૂર થાયછે; અત્યારે સાંજ પડવા આવી છે. માટે તમને ત્યાં મોકલવાને બની શકે તેમ લાગતુ નથી માટે તમને જાપતા સાથે કાલે સવારે બે માણસો તમારી સાથે મોકલીને તમારે ગામ પોહોંચાડી દઈશું માટે અત્યારે તો તમે અમારા હેડકવોર્ટર ભણી ચાલો, તમને ત્યાં કોઈ પ્રકારનો ભય નથી, તમારે માટે જુદો મકાન રહેવા આપીશું, તમારા રક્ષણ માટે અમારા બે ત્રણ સીપાઈયોને બાહેર સુવાડીશું, તમે આ બગીની અંદર બાજુ બેસી જાઓ અને હું બગી હાંકીશ, મારો ઘોડો મારી સાથેના માણસો દે.રીને લાવે છે, હવે તમારે કાંઈજ ચિંતા રાખવી નહીં.

આગેવાન અમલદારનાં વીવેકયુક્ત વચન સાંભળી નવનીતને આનંદ વ્યાપ્યો, પોતે નિર્ભય થઈ પછી બોલી કે હે ભાઈ! તમારો ઉપકાર માનુંછું હું અબળાને માટે જે તમે પ્રયત્ન કર્યોછે તે કદી પણ વિસરનાર નથી, તમારા કહેવા પ્રમાણે હેડકવાર્ટરમાં આવવાને ખુશી છું.

આગેવાન અમલદાર મનમાં મલકાતો તે બગી હાંકવા બેશી ગયો. થોડીવારમાં હેડકવાર્ટરમાં આવી પોહોચ્યા.

આ વખતે સૂર્ય અસ્ત થયો હતો, કૃષ્ણપક્ષનો ચતુર્દશનો દિવશ હતો. આ હેડકવાર્ટર ગામથી અર્ધકોસ દૂર હતું, હેડકવાર્ટરથી દૂર જે ગામ હતુ, તેમાં કોળી ભીલ્લ મેવાસી લોકો કે જેઓ લુંટફાટનો ધંધો કરનારા હતા તેઓનો જથો હતો. તેથી રક્ષણ માટે આ જંગલમાં હેડકવાર્ટર બાંધવામાં આવ્યું હતું; એ હેડકવાર્ટરમાં આઠ સીપાઈયોને રહેવાની આઠ ઓરડીયો હતી, અને તેથી જરાક નજીક ત્રણ ઓરડા હતા તેમાં

અમલદારને રહેવાની સગવડ હતી, મધ્ય ભાગમાં સ્વચ્છ ચૌગાન હતું, આજુ બાજુ લીમડીયોનાં ઉત્તમ .વૃક્ષ હતાં, મધ્યુ ભાગમાં પુલબાગ કરેલો હતો, ચારે બાજુ ચાર ફાનસોના થાંભલા હતા તેથી તેનો પ્રકાશ સઘળી જગોએ પડતો હતો.

આગેવાન અમલદારે પોતાના રહેવાના જોડે જોડે ત્રણ સુશોભિત ઓરડાના આગળની ઓસરીમાં સુંદીર સેતરંજી બીછાવીને તે ઉપર નવનીતને બેસારી.

આ આગેવાન અમલદાર કોણ હતો તે હવે મારા પ્રિયવાચકને ઓળખાવું છું.

તે જાતે બ્રાહ્મણ હતો; બાલ્યાવસ્થામાંજ તેના માત પીતા રામશરણ પોચ્યા હતા તેથી તે સ્વેચ્છાચારી થયો; તેને કોઇ સંભાળનાર રહ્યું નહીં, તેથી સોબત તેવી અસરના રંગઢંગમાં ચઢી ગયો, અનેક પ્રકારના વ્યસનના તોરમાં ચઢી ગયો, જોકે તે ઉત્તમ દેહ પામ્યા છતાં બ્રહ્મગુજાતીમાં હતો પણ તે અર્ધદગ્ધ ભણેલો હતો તેથી આપણો ધર્મ શો છે તેનું રહસ્ય તે સમજ્યો નહોતો; તે ભાઇ કોઈ પાદરીનો બોધ પામ્યા એટલે ક્રિશ્ચીયન થયા; પછી ટોપી અને પાટલુન પેહેરવા લાગ્યા, તે તરફની લાગવગને લીધે તેને પોલીસ અમલદારની જગો મળી હતી; તે ક્રિશ્ચીયન થયો ત્યાર પછી તેને વર્ણાવર્ણનો જાતીભેદ રહ્યો નહોતો, અભક્ષાભક્ષનો વિવેક રહ્યો નહોતો, તેને લાયક સ્ત્રી મળી નહોતી તેથી તેની વૃતિ જુવાનીના તોરમાં વ્યભિચારમાંજ રમણ થઇ રહેલી હતી; આજે રૂપ લાવણ્યવતી નવલ વનીતા આવીને સપડાઇછે એથી તેના અંતઃકરણમાં આનંદનો પાર રહ્યો નહોતો, સેંકડો કુટીલ વનીતાઓથી તેણે મિથ્યા પ્યાર લાલચ બતાવીને વ્યભીચાર કર્યો હતો કે જેમાં તેને કંઇજ પ્રયત્ન કરવો પડયો નહોતો તેથી આજે પણ તેણે પોતાના મનમાં જે મનોરથ ઘડયો હતો તે પાર પાડવામાં કંઇજ હરકત નથી એમ ધારી લીધું હતું.

આ વખતે રાત્રીના આઠ વાગ્યા હતા, આ વખતે નિર્દોષ નવનીત આગેવાન અમલદારના ત્રણ ઓરડાની બાહેરની ઓસરીમાં સેતરંજ ઉપર બીતને ઓઠીંગણ દઇને નિરાશ્રીત ગરીબ

બની ગએલી બેસી રહી હતી,—અને બીજી તરફ આગેવાન અમલદાર પોતાના સુશોભીત ઓરડામાં પોશાક ઉતારી સ્વસ્થ થઇને ખુરશી ઉપર મોટા ગોળાઇ ટેબલ આગળ બેઠો હતો.

પરંતુ પ્રિય વાંચનાર મિત્રો! તે શીયળવૃતને સાચવનારી નવનીતને સારી પેઠે તમે ઓળખો છો; કેમકે તે નવનીત પેલા પોલીસ અમલદારને હલકામાં હલકો કેવળ અણુતુલ્યગણુતી હતી.

નવનીત ઘણી બુદ્ધિશાળી હતી. તે પોલીસઅમલદારનાં વિકારી નેત્ર તથા તેની દરેક વખતે નિકળતી વાણીવિલાસને જાણી ગઇ હતી; જેવી રીતે દારૂ દુર્ગંધ આપીને પોતાનો સ્વભાવ જણાવી આપેછે; જેવી રીતે લસણ છુપાવ્યું છુપું રહેતું નથી, જેવી રીતે હીંગનો વઘાર ઢાંકયો રહેતો નથી; જેવી રીતે ગર્ધવનો નાદ તુરતજ ઓળખવામાં આવેછે તેવી રીતે તે પોલીસઅમલદારની બાહ્યકૃતિ તથા હીલચાલને નવનીત જાણી ગઇ હતી.

ઉડા કપટી પુરૂષો ઉપરનો દેખાવ સભ્યતાનો બતાવે તોપણ કુદરતી તેઓની જે હીલચાલ થાયછે તે ઉપરથી બુદ્ધિવાન પુરૂષો તુરતજ તુલ્યના કરી દેછે.

તે પ્રમાણે નવનીતે આ પોલીસઅમલદારને તેના વાણીવિલાસ ઉપરથીજ જાણી લીધો હતો તોપણ તેના તાબાના બીજા નોકરવર્ગ વિગરેછે એમ જાણીને તે નવનીતના હૃદયમાંથી ભય જતો રહ્યો હતો; તોપણ તે સંકલ્પ વિકલ્પના ભ્રમણચક્રમાં ચડેલી નવનીત વારંવાર એગજ ધારતી હતી કે અહીયાં, પરમેશ્વર મારી રક્ષા કરે તો ઘણું સારૂ; એ પ્રમાણે વિચારમાં લીન થએલી નવનીત હેડકવાર્ટરની ઓસરીમાં સ્તબ્ધ થઇ બેઠેલી છે.

આ તરફ પોતાની ખાનગી ઓરડીમાં બેઠે બેઠે પોલીસ અમલદાર બ્રેન્ડીનું એક પેન્ટ ખાલી કરીને તથા તે ઉપર બે ત્રણ ચીરૂટ ફુંકીને તૈયાર થએલો તથા મદમત્ત થએલો ઓસરીમાં જ્યાં નવનીત બેઠી હતી ત્યાં આવ્યો, અને લેહેરમાં ગસ્ત થએલો નવનીતને પૂછવા લાગ્યો, કે તમારૂ નામ શું છે?

નવનીતે કહ્યુ કે—મારૂ નામ નવનીત છે.

અમલદાર બોલ્યો—વાહ વાહ! મારા જાણુવા પ્રમાણે નવ-

નીત તેતો નવનીતજ ! નવનીતને, માંખણું પણ કહેછે; માંખણુંમાં જે ગુણ રહ્યા છે તે ગુણ તમારા ધર્મશાસ્ત્રમાં ઇતિહાસીદ્વારાએ શ્રીમદભાગવત કહેવાયછે તેમાં નવનીતનું સેવન કરનાર શ્રી કૃષ્ણ ભગવાનજ હતાં, તે નવનીતના સેવનથી સોળહજાર સ્ત્રીયોની સાથે સરખી રીતે પ્રેમ રાખનાર શ્રીકૃષ્ણ સામર્થ્ય થયા હતા —હે નવનીત ! તો પછી તમારા પરિચયથી આ સેવક કંઈ બાબતમાં સામર્થ્યતા પ્રાપ્ત ન કરી શકે ! વાહ વાહ, નવનીત તે તો નવનીતજ; તમારૂં નામ તો ઠીક છે; નામ પ્રમાણે ગુણ પણ તેવાજ જોઇએ—એ પ્રમાણે કહીને જરાકવાર થંભ્યો.

નવનીત—ભાઇ ! અહીંયાંજ ઠીક છે; તમારા પેહેરેગીર આ મેદાનમાં આંટા માર્યા કરેછે અને હું આખી રાત્ર બબ્રણ કરતી અહીયાંજ બેશી રહીશ.

તરૂણ અમલદાર દારૂના નિશાથી લાલ નેત્રવાળો પ્રેમઅંકુર બતાવતો વિનયથી બોલ્યો;—ના, ના, મારા સગ, અંદર આવો અહીંયાં કંઇ ખુરશીની ખોટ નથી, અંદર આવવાથી તમને કોઇ પ્રકારનો ભય નથી; તમે લાયક છો માટેજ હું તમને આગ્રહ કરૂંછુ તમે કોઈ પ્રકારની શંકા લાવશો નહી.

તરૂણ અમલદારનો આગ્રહ તથા બાહેર પેરગીર લોકો ફરતા હતા તેથી તે નવનીત તે ખુલ્લા ઓરડામાં એક ખુરશી ઉપર બેઠી. તે વખતે ટેબલ ઉપરં સીસો અને ગ્લાસ જોઈને ભડકી, પછી વિચાર કરીને બોલી કે અરે ભાઇ ! આ શું છે ?

તરૂણ આગેવાન જુવાન બોલ્યો—એતો રીફ્રેશમેન્ટની દવાછે

નવનીત—શું દારૂ છે કે ?

હા, પણ બહુજ ઉંચી જાતનો ઇંગ્રેજી દારૂ છે. એમ કહી સીસાનું બુચ ઉઘાડી એક ગ્લાસ મોહો સુધી ભરીને નવનીતની સામે ધર્યો, અને પોતે વધ્યા કે આ બહુજ સુપ્રીયર પ્લેઝન્ટ વાઇનછે; આપને થએલો શ્રમ પળવારમાં ઉતરી જશે; અને તબીયત બુહાલ થશે.

ભાઈ! તમે પણ શું આ ફંદમાં ફસાયલા છોકે ! એના જેવી દુરાચારમાં ફસાવનારી ભ્રષ્ટ વસ્તુ એક પણ નથી, તમે શું

ફાયદો જોઇ એનો સ્વીકાર કર્યો છે! ઘણા લોકો એમાં પાયમાલ થઇ ગયા અને પાયમાલ થતા આપની દૃષ્ટિએ આપણે જોઈએ છીએ, મનુષ્યને દારૂ એ એક કટ્ટા શત્રુ છે; મોઢે મીઠું બોલી પાછળથી જેમ શત્રુ સંહાર કરેછે તેવી રીતે દારૂ પણ પ્રથમ અલ્પકાળ આનંદ આપી પાછળથી તેનો સંહાર કરે છે; માટે ભાઇ! માહારી સલાહ તો તમારા પ્રત્યે એટલીજ છે કે તમારે તેનો ત્યાગ કરવો જોઇએ.

જુવાન બોલ્યો;—હે નવનીત! હું બીજાની માફક શુધબુધ ભૂલી જાઉં એવો નથી. તેમજ તબીયતને નુકશાન કરે તેટલો હું પીતોજ નથી.

ભાઈ! ગમે તેટલું અને ગમે તેવું પણ વિષ તે વિષજ; વળી તમામ અનીતિ દુરાચારનું પ્રસુતિસ્થાન છે.

જુવાન અમલદાર બોલ્યો—મારા સમ, ત્યારે તમે લિટલ કવોંટીટિ (જરા) પણ નહિ લ્યો કે! જુવો તો ખરાં! એક વખત જરા લેશો કે તબીયત દુરસ્ત થઇ જશે; એક વખત ટેઇસ્ટ કરો અને પછી તે વિષય ઉપર જે ભાષણ કરવું હોય તે કરજો;

એ વિષય સંબંધી હવે ફરીવાર વાત મારી સામે કરતા નહીં. હું એ વસ્તુને ધિક્કારૂં છું, તો પછી તેના ગ્રહણ કરનારને કેમ ન ધિક્કારૂં! એમ કહીને નવનીત બાહેર ઓસરીમાં બેઠી.

પોલીસ અમલદારે બીજો બોટલ પણ ખાલી કર્યો, દારૂના નિશામાં ચકચુર થએલો લથડીયાં ખાતો અને તુટક શબ્દે ભાષણ કરવા લાગ્યો.

ન અ અ અ વ વ વ ની ત ણા આ....યુ યુ માય ડીયર કમીંગ....

નવનીત ગુસ્સે થઈ—અરે દુષ્ટ તું આ શું બકે છે! મારો પ્રાણ જતાં પણ તું મારૂં તન ભ્રષ્ટ કરવા શું તું સમર્થ છે કે! દુષ્ટ લંપટ! નીચ! તું શું બકે છે! એમ કહેતાંજ તે ઉભી થઇ ગઇ, તેનાં નેત્ર લાલચોળ થઇ ગયાં, અને મોંહોમાંથી અગ્નિજ્વાળા નીકળતી હોય તેવાં દીસવા લાગ્યાં; ફીકા પડેલા મુખપર રતાશ જણાઈ, ચઢી ગએલાં ભ્રમર પોતાનું સ્થાન છોડી ધનુષરૂપે

ઉંચે ચઢી ગયાં, અંગ કંપવા લાગ્યું, અને મહાવિકાળ જેવી કાલિકા હોય તેવી નવનીત દીસવા લાગી, તે ઓસરીમાં બેઠી હતી છતાં તુરતજ ઉભી થઇ. પોતાની પાસે છેક નજીક આવેલા તરૂણ જુવાન અમલદારને જોરથી ધક્કો માર્યો કે જેથી તે અડબડીયું ખાઈને ઓસરીના થાંભલાને અથડાઇને ઓટલા ઉપરથી ગડબડી પડયો. આ વખતે રજપુત સીસોદીયા જાતના બે સીપાઈ પેહેરો ભરતા હતા. તે સીપાઈ પેલા ઉપરી તરૂણ જુવાન અમલદારના દુરાચરણને લીધે કેવળ નારાજ હતા, અને તેમાં પણ અબળા ઉપર તેની કુદ્રષ્ટિ થએલી જોઇને છેક કંટાળી નારાજ થયા હતા. નવનીતે પેલા અમલદારને ધક્કો માર્યો જેથી તે જમીન ઉપર ગડબડી પડયો, એટલે લાગ જોઈને ત્યાંથી નવનીત સરીયામ માર્ગ તરફ દોટ મૂકીને સટકી ગઇ.

એટલામાં એક ઉંટ ઉપર બે માણસો ઘણા જોસભેર આવતા, આ તરૂણ વનીતાને જોતાંજ તે ઉંટ ઉપરથી સત્વર એક પુરૂષ હેઠળ ઉતરી પડયો, ઉંટને ઝીકારીને હેઠળ બેસાર્યું.

ધુંઆમાંથી મીણબત્તીનો કકડો કાઢીને દીવાસળીથી દીપકનો પ્રકાશ કર્યો, ભયથી વ્યાકુળ થએલી તરૂણ વનિતાને જોતાંજ તેને અભય વચન કહેવા લાગ્યો કે બાઇ! બાઇ! તું ભય પામતી નહીં; અમે તારા રક્ષંણ માટેજ અહીંયાં આવ્યા છીએ. તું આ ભયંકર જંગલમાં અંધારામાં ખાડા ટેકરામાં જતી નહી, તું છેક આધિરી થઇ ગઈછે. જ્યારે માથા ઉપર આફત આવેછે ત્યારેજ તે દુઃખના અનુભવની વાત તે દુઃખ પામનારજ જાણેછે.

નવનીત ઉંટ ઉપરથી ઉતરેલા બે કદાવર માણુસ પ્રત્યે બોલી કે ભાઇ! તમે કોણ છો! હું તમને ઓળખતી નથી.

જુવાન બોલ્યો, ઓ બાઈ! ઓ બાઇ!" તમે ફકર ચંતા રાખો માં, નવલપુરનો રાજપુતર વનોદ ચંદર સે એણે તમોને બહેન કહીને બોલાવ્યાંસે એટલે એ તમારા ઉપર ઘણો પરમ ભાવ રાખેસે, વળી હું ઇમની પાહે ઘણા દીથી ભરૂસાનો માણુહ છું. તપે એકદમ જણાયાં નહી એથી કરીને તમારો બાપ રટણચંદ અને તમારી મા પરવતી બા શુનમુન થઈ જયાં છે; વળી

હજી લગણુ રોટલો કે દાળ પણ ખાતાં નથી. વળી તમોને ખોળવાને હારૂ ચોગરદમ ઘણા માણુહો મોકલ્યાંસે, અને વળી વીનોદચંદર કુવરજીએ તો મારા જેવા ઘણા માણુહ મોકલ્યાંસે. વળી હું વિનોદચંદરની મુછનો વાર છું.

એક દુઃખ અને બીજું હસવું, એ પ્રમાણે આ નવીન માણુસની વાણી સાંભળીને નવનીતને હસવું શરૂ થયું અને બોલી કે હે ભાઈવીનોદચંદ્ર જેવા વિદ્વાન કુમાર પાસે તમે આવા ગાંમડીયા જેવા અને વિચીત્ર ભાષણ કરનાર શી રીતે રહી શકયા છો ?

જુવાન બોલ્યો, અમારી પાસે એલફેલ ટેલ બોલવાની વદ્યા નથી. અમારામાં તલવાર બાહાદુરીનો ગુણ જોઈને રાજકુંવર ખુશી થાયછે, વળી એ કુંવર સૂરા માણુસનેજ બહુ ચાહેસે.

આ પ્રમાણે તે નવીન આવેલા જુવાને દાખલા દલીલ સાથે વાત કરી તેથી નવનીતને આનંદ થયો; તેના મનમાં જે ભયે પ્રવેશ કર્યો હતો તે ભય વાદળાંની માફક ખસવા લાગ્યો; તુરત જ નિર્ભય થઈ.

એટલામાં તો હાથમાં લાકડાનો કાળો ડંડો પકડીને પેલો દારૂથી મદમત્ત થએલો જુવાન વિષયાશક્ત થએલો ત્યાં આવી પોહોચ્યો; એટલે તેણે ઉંટની પાસે હથિયારબંધ કદાવર અને બળવાન બે માણુસોને દીઠા; જોકે તે બે માણુસો હતા તોપણ પેલી નવનીતની પાસે ઉભો રહીને લથડતો લથડતો જઈ પોહોચ્યો અને કહેવા લાગ્યો કે પ્યારી ! આ બેવકુફ માણુસો મારા હેડ કવોર્ટરમાં આવ્યા છે તેઓને હમણાંજ હું કેદ કરૂંછું; હું અમલદાર છું; રાત્રીની વખતે હથિયારબંધ આવેલા માણુસોને રોકવાનો મારો અધિકાર છે. તમે એકલાં જંગલમાં જાઓ છો માટે તમને પણ રોકવાનો મારો અધિકાર છે; એમ બોલતો બોલતો ઉંટ પાસે ઉભેલા બન્ને જુવાન પૈકી એક કદાવર જુવાનનું ઝડપથી કાંડુ પકડીને હેડ કવાર્ટર તરફ ખેંચી જવાને પ્રયત્ન કરવા લાગ્યો.

આ વખતે પેલા નવીન આવેલા બાહાદૂર જુવાને કમરમાંથી કટાર કાઢીને પેલા અમલદારના પેટમાં ખોશી દીધી તેથી તે ક્ષણ વારમાં ઓ માય ગોડ કહીને તરફડીયાં મારતો જમીન ઉપર પડીને રામશરણ પોહોચ્યો; અને તુરતજ નવનીતને ઉંટ ઉપર બેસારી દીધી અને તે શસ્ત્રધારી નવીન જુવાન ઉંટ હાંકવા સારૂ આગળ બેસી ગયો, તેની સાથે જે બીજો જુવાન હતો તે નોકર હતો. આ વખતે ઉંટની સાથે અતિ સત્વરથી રાત્રે ચાલવા લાગ્યો:

હેડકવાર્ટરથી એક ખેતરવા છેટે આ બનાવ બન્યો હતો, તેથી હેડ કવાટરમાં બંધુક લઇને પેહેરા માટે ફરનાર રજપૂત સિપાઇયોના જાણવામાં બિલકુલ આવ્યું નહિ કે આપણો અમલદાર મરાયો છે. તેઓ તો એમજ માત્ર જાણતા હતા કે દારૂના નિશામાં મસ્ત થએલો પેલી બિચારી બાઇની પાછળ ગયો છે તે હમણાંજ તેને પકડીને પાછો આવશે, ... તેઓ આ અમલદારના અધમ કાર્ય ઉપર નારાજ હતા તેથી તેની સાથે કોઇ ગયું નહોતું.

પણ જ્યારે સૂર્ય ઉદય થયો ત્યારે તે અમલદારનું મડદું જણાયું હતું.. સપાઇયોએ યોગ્ય અમલદાર તરફ જાહેરાત આપી; રાત્રીએ ઉંટ ઉપર બેશીને કોણ આવ્યું હતું ! તથા નવનીતનું હરણ કરી કયાં ગયા ! એ બાબતનો તપાસ તેઓએ કરવો જારી રાખ્યો.

પ્રકરણ ૯ હું.

રતનચંદ શેઠની સાથે લક્ષ્મીચંદ શેઠની ગાઢી પ્રીતિ હતી; છતાં સરસ્વતી જે કે ઉન્મતની સ્ત્રી થાય, તેના કહેવાથી નવનીતની જે સ્થિતિ થઇ તે જાણીને રતનચંદને પગથી તે માથા સુધી કોધાગ્ની લાગ્યો હતો; તુરત રતનચંદે એક ચીઠી લખીને લક્ષ્મીચંદને પોતાના આ-

વાસે બોલાવ્યો; સમગ્રહકીકત ઉન્મતના દુરાચરણથી જે બનાવ બનેલાની કહી દીધી.

ઉન્મતની કુટિલતા માટે લક્ષ્મીચંદ બહુ ગભરાયો જમીન ઉપર નીચુ માથુ કરી જોવા લાગ્યો હૃદય ગભરાવા લાગ્યું; અનીયમિત શ્વાસ ચાલવા લાગ્યો, શરીર ઉપર જાણે શ્રમ થયો હોય તેવી રીતે પરશ્વેદનાં બીંદુ ટપકવા લાગ્યાં; નેત્રમાંથી આંસુ ટપકવા લાગ્યાં; વારંવાર નિરાશાએ તેના શરીરના રંગને ઝાંખુ કરવા માંડયું,--નવનીતના વિયોગથી રતનચંદની જે સ્થીતિ થઇ છે તેવીજ સ્થીતિ થઇ ગઇ; પોતાના કુટીલ પુત્ર ઉન્મતથીજ મારા મિત્રની પુત્રી ઉપર આફત આવી પડી એવું સમજીને લક્ષ્મીચંદ ઘણુંજ લેવાઇ ગયો, આ જીવન કરતાં મૃત્યુ સારૂં એમ મનમાં પસ્તાવા લાગ્યો. રતનચંદે જે વચન કહ્યાં તે સાંભળીને ઘણીવારસ્તબ્ધ બની ગયો પછી નીચું મુખ કરીને બોલ્યો કે—પ્રીય ભાઇ ! તે નઠોર ઉન્મતને મ્હે તેનો બાળપણામાંથીજ સ્વતંત્રતા આપી એજ મ્હારી ભૂલ થઈ છે; તેવી દુઃખદાયક સંતતી કરતાં પરમેશ્વરે મને વાંઝીયો રાખ્યો હોત તો ઘણુંજ સારૂં હતું; અત્યારે મારૂં હૃદય બહુજ ધડકે છે; તમારી પુત્રી એતો મારીજ પુત્રી છે, તમારા કરતાં મને અત્યારે આ વાત જાણીને ઘણોજ ખેદ થાયછે; જીવવા કરતાં મર્ણ સારૂં એમ હું માની બેઠોછું; તે છોકરાનું મુખ પણ જોવું નહીં; અરે હાય! મારા પેટે આવો અધમ પુત્ર શા માટે પ્રગટ થયો. પ્રીય મિત્ર ! આટલો દાવાનળ અગ્નિ સળગ્યામાં પાણીના છંટકાવરૂપ સુપાત્ર જળતુલ્ય ઉન્મતની વહુ સરસ્વતીને ધન્યવાદ આપુછું; તેણીએ નવનીતનો ઉત્તમ રીતે ધર્મ સાચવ્યો હતો. વળી તેને સહી સલામતથી પોહોચાડવાને પ્રયત્ન કર્યો, ગાડીમાં બેસાડીને મોકલી એ અતિ ઉત્તમ કામ કર્યું પણ સોબત તેવી અસર, એમ કેહેવત પ્રમાણે ઉન્મતનો ગાડીવાન લાલચુ અને લંપટ હોવાથી બીજે રસ્તે ચાલ્યો ગયો છે; શીવ શીવ શીવ શીવ, ભાવીબળ આગળ કોઇની તતબીર ચાલી શકતી નથી; જ્યારે વાંકી તકદીર હોયછે ત્યારે તતબીર પણ નષ્ટ થાયછે; હે ભાઇ ! હવે હું

તે દુષ્ટ છોકરાને બંધનમાંજ રાખવાનોછું. જેવી રીતે કેદીને રાખેછે, તેવી રીતે રાખીને પાંશરોદોર કરી નાંખીશ, લાંબા કાળ સુધી કોઇનો પણ તેની સાથે સંસર્ગ થવા દેવાનો નથી. પરમેશ્વર કરે અને નવનીતનો પત્તો લાગે તો ઘણું સારૂં.

આ પ્રમાણે વાત કરીને લક્ષ્મીચંદ શેઠ ક્રોધાવેશમાં પોતાને ઘેર ચાલ્યો ગયો.

રતનચંદ જેવા લાયક માણસની દીકરી નવનીતને ફરેબ દઇ લક્ષ્મીચંદના પુત્રે બોલાવી હતી અને તેનો બચાવ ઉન્મતની પવિત્ર વહુ સરસ્તીચે કર્યા છતાં ઉન્મતનો ગાડીવાન તેને તેને કંઇક લઇ ગયોછે તે હજુ સુધી આવ્યો નથી એવી વાત નવલપુર નગરમાં ઘેર ઘેર અને ચૌટેચકલે ચરચાવા લાગી; એમ કરતાં કરતાં મહીનો થયો બે મહિના થયા તોપણ નવનીતનો પત્તા લાગતો નથી એમ સિદ્ધ થઇ ગયું. દરબાર તરફથી તથા રતનચંદ તરફથી છુટેલા પ્યાદલ અને સ્વારલોકો ઘણે દૂર દેશાવર જઇને પાછા આવ્યા, યદ્યપિ નવનીત કોઈજ પણ જગોએ દ્રષ્ટીએ પડી નહી; જ્યારે આમ થયું ત્યારે રતનચંદે નવનીતની હયાતિ માટે આશા છોડી દીધી; પોલીસની તપાસમાં એટલુંજ જણાઇ આવ્યું કે હેડ કવોટરનો અમલદાર એક ઉંટવાળા જબરદસ્ત હથિયારબંધ માણસથી મરાયો હતો તેનજ જે બગીમાં નવનીત બેઠેલી હતી તે બગી ઉન્મતની હતી તે બગી હાંકનાર ગાડીવાન નાશી ગએલો જણાયો; નવનીત નામની સ્ત્રી હેડકવાર્ટરમાં આવી હતી, તેને બીજા દીવસે રાત્રી સમયે ઉંટવાળો લંઇ ગયો હતો એજ ઉંટવાળાએ પોલીસ અમલદારનું ખુન કર્યું હતું.

એ ઉંટવાળો કોણ ! ક્યાં ગયો ! એ બાબતની તપાસમાં કંઇજ જણાયું નહિ; તેમ છતાં એ હકીકત બની ગયે બે ત્રણ માસ વીતી જવા આવ્યા તોપણ કાંઈ ખબર જણાઇ નહી; તેથી નવનીતની હયાતિ માટે રતનચંદે આશા મૂકી દીધી હતી કેમ

કે નવનીતના અંગ ઉપર કીમતી ઝવાહીરના અલંકાર હતા; ઉંટવાળો કોઇ ધાડ પાડનારો કે ચોર હોવો જોઇએ, તેણે કીમતી દાગીના હાથ કરવાની લાલચે નવનીતને ઠેર કરીને તથા તેની લાશ હાથમાં આવે નહીં એવી યુક્તિ રચીને નાશી જવો જોઇએ; આ પ્રમાણે રતનચંદના મનમાં દ્રઢ વીચાર થયો હતો. નવલપુરમાં તમામ માણસોના હૃદયમાં પણ એજ પ્રમાણે અનુમાન થતો હતો.

રતનચંદ કોટયાધિપતિ હતો, તેના ત્રીસ પાંત્રીસ બંગલા ગગનચુંબિત હતા તેમાં કેટલાક દેશાવરોમાં રહેનારા વ્યાપાર અર્થે આવેલા ભાડે રહેતા હતા, દેશ પરદેશમાં રતનચંદનો વ્યાપાર ચાલતો હતો. સેંકડો ગુમાસ્તાઓ તાબામાં હતા. તેમાં મુખ્ય મુન્યમ ઘણોજ પ્રમાણીક અને વૃદ્ધ ઉદયચંદ્ર કરીને હતો તેને સઘળા વહિવટની કુંચી સોંપીને તથા તે ઉપર દેખરેખ રાખવા પોતાના સાળાને રાખીને સૃષ્ટિ સૌંદર્ય નિહાળવાને જવા માટે રતનચંદે નિર્ણય કર્યો.

પોતાની એકની એક પુત્રી ગુમ થઇ ગઇ, તેથી રતનચંદને અને પાર્વતીને એકાએક વિરાગ ઉત્પન્ન થયો હતો; જે દ્રવ્યનો સંચય પોતે કર્યો હતો તે દ્રવ્યનો વિવેકદ્વારાએ મારી નવનીત ઉપયોગ કરશે તથા તેની સંતતી કેળવણીએ પામેલી છતાં દ્રવ્યયોગે ઉત્તમ કીર્તી મેળવશે, માહરૂ નામ દુનીયામાં અમર રાખશે, માહરા કર્તવ્યકર્મના મૂળને વારંવાર ઉત્તમ જળનું સીંચન કરશે, આ પ્રમાણે જે તેના મનમાં આશા બંધાઇ હતી તે આશા પવન વેગથી જેમ વાદળ વિખેરાય છે તેમ વિખેરાઇ ગઇ; તેથી નિરાશ થએલો રતનચંદ બ્રહ્મસત્ય અને જગત્ મિથ્યા સમજીને તથા જે વસ્તુ છે તે અનિત્ય છે એમ દ્રઢ કરીને સૃષ્ટિ સૌંદર્ય જોવાને માટે પોતાની પત્નીને લેઇને તથા સાથે ગાડીઘોડા માણસો વીગેરે સાધન લઈને અને નવલપુર નગરના રાજાને તથા રાજપુત્ર વિનોદચંદ્રની ભેટ લઇને એક વરસ પછી આવવાને વાયદે નીકળી ચુકયો.

વિનોદપુરના રાજાએ રતનચંદને માટે દેશ દેશાંતરના

દેશી રાજાઓ ઉપર ભલામણના પત્ર લખી આપ્યા; રાજપુત્ર વિનોદચંદ્રે રતનચંદને ધૈર્યતા આપી, અને જરૂર પડે હું પણ મળી શકીશ એમ સાર્મીક વચન બોલ્યો, વિનોદચંદ્ર ઘણો બુદ્ધિવાન અને દીર્ઘ દ્રષ્ટી કરનારો હતો, તેથી તેના મનમાં જે લાગણી નવનીતને માટે મમતા ભરેલી તથા ભ્રાતૃભાવની નીખાલસ વૃતિએ કરીને હતી તે લાગણી પ્રમાણે પોતાની ફરજ બજાવવાને અભિલાશા પોતાની નહીં જણાવતાં થોડુંક જ બોલીને ચુપ રહ્યો હતો, પણ પ્રપંચજાળને જાણવાની તેનામાં અગાધશક્તિ હતી, વિનોદચંદ્ર રાજપુત્રે રતનચંદ્રને ધીરજ આપીને વીવેક કર્યો; પોતાના માણસો સાથે રતનચંદ પ્રદેશ જવા નીકળ્યો.

પ્રકરણ ૭ મું.

ત્રીજું ટીખળ.

નવનીત અને પ્રમતસીંહ.

પેલા ઊંટ ઉપર બેઠેલા જુવાને નવનીતને ઊંટ ઉપર બેસારીને રાત્રીના નવ વાગ્યાના સુમારે તડામાર કરતો રસ્તો કાપવા લાગ્યો; આ વખતે નવનીતને આનંદનો પાર રહ્યાં નહોતો; હવે હું મારાં માત પિતાને પ્રાતઃકાળમાં જરૂર મળીશ, મારા વિના ટળવળતા માત પિતાને શાન્ત કરીશ, મારી બેહેનપણી સાગરીકા સાથે વિનોદયુકત વાત કરીશ; આ પ્રમાણે મનોર્થચક્ર ઉપર ચઢેલી નવનીત મોટી આશાના આવેશમાં આનંદનો લાભ લઈ રહી હતી.

જેમ જેમ રસ્તો કપાતો હતો તેમ તેમ વિકટ જંગલ, ઝાડી, ડુંગર ટેકરા વીગરેનો દેખાવ નજરે પડયો; પણ નવનીત રસ્તાની કેવળ અજાણી હતી તેથી તેને કોઇ રીતની શંકા આવી નહીં. જેમ જેમ ઊંટ જલદી ચાલતું હતું તેમ તેમ ઊંટની સાથે બીજો માણુસ હતો તે પણ સત્વરથી રસ્તો કાપતો હતો. પ્રાતઃકાળ થતામાં તો આ માણુસે ત્રીસ કોષ રસ્તો વટાવી નાંખ્યો, ભાનુદેવે પૂર્વ દીશાના આકાશને પ્રકાશ આપવા માંડયો,

રસ્તામાં રાત્રીની વખતે જે વૃક્ષ ભયંકર દેખાતાં હતાં તે વૃક્ષ આ વખતે સુશોભિત અને સુંદીર દેખાવા લાગ્યાં, જે રમણીય અરણ્ય નવનીતનાં જોવામાં કદી પણ આવ્યું નહતું તે અરણ્ય આ પ્રસંગે જોવામાં આવ્યું; વૃક્ષ ઉપર આખી રાત બેશી રહેલાં પક્ષી પૂર્વ દિશા તરફના ઉજ્વળ ભાસ તરફ જોરભેર ઉડવા લાગ્યાં; અનેક પ્રકારના પક્ષિયોનો કલ્લાવર થવા લાગ્યો, ધીરે ધીરે ભાનુદેવે પ્રકાશ કર્યો, જાણે સુવર્ણનો મોટો થાળ હોય તે પ્રમાણે બાલકીરણ સાથે રાતા રંગનો સૂર્ય પૂર્વદીશાએ દેખાવા લાગ્યો; જ્યારે પ્રકાશ થયો, ત્યારે ઊંટ ઉપર બેઠેલા કદાવર યોદ્ધા ઉપર તેની પીઠ તરફ નવનીતની દ્રષ્ટી ગઈ; પછી નવનીતને પૂછ્યું કે હે ભાઇ! નવલપુર અત્યાર સુધી કેમ આવતું નથી ? તે સાંભળીને પેલા જુવાન યોદ્ધાએ કહ્યું કે, પરમેશ્વર કરશે તો હવે કાંઈ છેટું નથી, તમે પરમેશ્વરનું સ્મરણ કરો એટલે બસ.

થોડીક વાર થઇ એટલે દૂરથી નાનાં નાનાં ઝુપડાં જણાયાં, મોટા મોટા ઊંડાં કોતર અને ઉંચા ડુંગરની હાર માલુમ પડી. એક ઝુંપડાથી બીજું ઝુંપડું અકેક ખેતરવા દુરં હતું; તે દરેક ઝુંપડાની પાછળ મકાઇ અને જવારનું વાવેતર કરવાનાં વાડોલીયાં હતાં. તે એક નાનું સરખું ગામ હતું તેમાં સુશોભિત એક મહેલ હતો. તે મહેલ નર્મદા નદીના કિનારા ઉપર છેક ઉંચી ટેકરી ઉપર શોભી રહેલો હતો, આ સઘળો દેખાવ જોવામાં આવ્યો. ઊંટ બહુજ જલદ ચાલનારૂં હતું તેથી પ્રાતઃકાળમાં નવ વાગ્યાના સુમારે તે ગામમાં પેલા ઉટવાળાએ પ્રવેશ કર્યો અને જે મહેલ સુશોભિત માત્ર એકજ હતો તે મેહેલના મોટા દરવાજામાં પેલો જુવાન ઊંટને હંકારીને ગયો. ઊંટને ઝીકારીને બેસાર્યો પછી નવનીતને તે ઉપરથી ઉતરવાને કહ્યું. નવનીત તે ઉંટ ઉપરથી મોટા વિચારચક્રમાં પડી ગએલી ઉતરી પડી.

મેહેલના છુટા ભાગમાં ઠાકોર સાહેબ પધાર્યા છે એવું જાણીને તેના કોળી ભીલ નોકરો હાજર થઈ ગયા, તેઓએ અદબ બજાવીને રામ રામ રામ એમ ઉચ્ચાર કરીને ઠાકોરને નમન કર્યું.

ઠાકોર સાહેબની જોડે કોઇ નવીન સ્વરૂપવાન સ્ત્રી આવીછે એમ જાણી જનાનખાનામાંથી કેટલીક દાશીયો આવી પોહોચી. તે દાશીઓએ ઠાકોરનાં વારણાં લીધાં, ઠાકોરે દાશીયોને કહ્યું કે આ નવનીતબાઇ આવ્યાં છે તેમને આપણા રંગમહોલમાં લેઇ જાઓ અને આ ઊંટ ઉપર બેશીને થાકી ગયાંછે માટે સારી પેઠે ઉન્હું પાણી કરીને ઇમને ચોળીને નવરાવો અને રામણને બોલાવીને ખાવાનું કરાવો, પછે હું આવું છું.

નવનીત તરફ નજર કરીને તે જુવાન બોલ્યો કે નવનીત બાઇ ! આપણે આખી રાતર મુસાફરી કરી એથી કરીને થાકી ગયા છીએ અને ગામ વચમાં આવ્યું છે તેથી રોટલા ખાઇને પછે નેકળવાનો વચાર કરીશું માટે તમે આ બાઇયો જોડે મહોલમાં હેડયાં જાઓ.

નવનીતે દાશીયોને જોઇ તેથી તેને વિશેષ શંકા આવી નહીં તેથી તે દરબારમહેલમાં દાસી સાથે અંદર ચાલી ગઇ.

પ્રિય વાચકને આ જુવાન યોદ્ધો કોણ છે એ હવે ઓળખાણ આપવાનું ધારીએ છીએ, કેમકે આ વાતમાં હેડકવાર્ટર તરફ આ માણુસ અનાયાસ શી રીતે આવી શકયો! તે કોણ હોબો જોઇએ! તેમજ નવનીતને નવલપુરમાં નહીં પોહોચાડતાં પોતાને ઘેર શામાટે લઈ ગયો! નવનીત હેડકવાર્ટરમાં સપડાઇ છે એવી ખબર તે જુવાનને શી રીતે પડી! એ વિગેરે શંકાઓ ઉત્પન્ન થતી હશે એટલા માટે હવે તે માણુસને હું ઓળખાવું છું—

આ તરૂણ યોદ્ધાનું નામ પ્રમતસીંહ હતું તે નર્મદાનદીના મુખપ્રદેશમાં જ્યાં અત્યંત વિકટ ડુંગર અને ગહનવન ઉપવન છે ત્યાં રહેતો હતો તેના પિતાનું નામ જયમલ હતું–તે જાતે કોળી ઠાકરડો હતો; નવલપુરના રાજાના રાજની હદમાં આ એક ખંડણી ભરનારો હતો તેથી એ ત્રણ વરસમાં એક વાર જયમલસિંહ નવલપુરમાં આનંદપ્રભ રાજાની સભામાં પ્રમતસીંહ પુત્રને લઇને જતો હતો; નવનીતનું હરણ થયું તે પેહેલાં ત્રણ માસ અગાઉ આ જયમલ ઠાકોર નવલપુરના દરબારઘઢમાં આ-

ળ્યો હતો, તે વખતે જયમલની સાથે તેનો પુત્ર પ્રમત પણ આવ્યો હતો, તે સમયમાં રતનચંદશેઠ પોતાની પુત્રી નવનીતને લઈને દરબારગઢમાં આવ્યો હતો, આ વખતે નવનીતે સજ્જન પુરૂષના કર્તવ્ય બાબત અસરકારક ભાષણ કર્યું હતું, તે ભાષણ થઈ રહ્યા પછી રાજભક્ત પ્રજાના અંતઃકરણનો ચિતાર ભાષણદ્વારાએ નવનીતે ઉત્તમ પ્રકારનો ચીતર્યો હતો. નવનીતની બોલવાની છટા, તથા તેની લાવણ્યતા જોઇને પ્રમતસીંહ ઠાકોરનો પુત્ર હતો તે અભણ હતો તેથી કેવળ મોહલુબ્ધ થઇ ગયો હતો; તે પોતાના મનમાં એ વખતે વારંવાર વિચાર કરતો હતોકે "આવી અપછરા જેવી બાયડી મને મળે તો હું ચેવો નસીબદાર કહેવાઉં;" હે પરભુ! આ બાયડી મને કયારે મળે! એમ વારંવાર વિચાર કરી કરીને નિશ્વાસ નાંખતો હતો, જો કે તે શરીરે કદ્દાવર હતો, તેનો બાંધો મજબુત અને રાક્ષસ જેવો દ્રઢ હતો, તેની વિશાળ છાતી અને તેના પ્રચંડ ભુજદંડ જોવાલાયક હતાં, તેનામાં બાહુબળ અતુલ હતું તેને જોઇને બીજા યોદ્ધાઓ સાબાશી આપતા હતા, તે મહા શુર હતો પણ તેનામાં વિદ્યાકલા નહોતી, તે કેવળ અભણ હતો પણ કાર્ય સાધક અને પ્રપંચી હતો, તેનામાં વિદ્યા થોડી હતી પણ ધાર્યું કામ પાર પાડવાને સાહસ કર્મ કરવામાં પાછી પાહાની કરે તેવો નહોતો. એવો પ્રમતસીંહ તે સમયે નવનીતનું હરણ કરવાને ઇચ્છાવાળો થઇ રહ્યો હતો.

તે રાજસભામાં નવનીતને જોઇને જ્યારે પોતાને ગામ ચંદનપુર નગરમાં આવ્યો ત્યારપછી તે રાત્ર દિવસ નવનીતની મૂર્તી અંતઃકરણમાં ધાર્યા કરતો હતો, પ્રમતસીંહને જયમલ ઠાકોરે બચપણમાંથીજ સ્વતંત્રતા આપી હતી, કેમકે એકજ પુત્ર હતો તેને લાડથી ખુબ ચઢાવ્યો હતો તેની ત્રીસ વરસની અત્યારે ઉમ્મર થએલી હતી, છતાં જયમલે આજુબાજુના પોતાના બરોબરીયા ઠકરાતમાંથી ત્રણ સ્ત્રીયો પરણાવી હતી, કોળી ઠાકરડા ઠાકોરની જેવી સ્થિતિ હતી તે સ્થિતિ અનુસાર સ્ત્રીયોને પણ કેળવણી હતી; અર્થાત સ્ત્રીયોઅભણ હતી; તેમજ પ્રમ-

તસીંહજી પણ અભણ હતા જેથી તેમની જોડમાં વિશેષ ખામી આવવા જેવું નહોતું તોપણ મનની ઇચ્છા જ્યારે પ્રબળ થાય-છે ત્યારે જાંબુના રંગને પણ માત પમાડનારાં સીદીબચ્ચા કોઈ બાદશાહની શાહજાદી સાથે લગ્ન કરવાની ઇચ્છા રાખેછે તે પણ ઇચ્છા રેતમાં પાયો ચણવા જેવીજ હોયછે; સમાન બુદ્ધિ તથા સમાન વિચાર અને સમાન વર્તણુક વિદ્યા વિના એક બીજા સાથે પ્રેમ જોડાતો નથી; દૂધમાં ક્ષાર કે ખટાઈ નાંખવાથી દૂધ બગડયા વિના રહેતું નથી; એજ પ્રમાણે ગામ ગરાસનો અધિકારી સત્તાને પ્રાપ્ત થએલો વિદ્યા વિહીન પ્રમત્ત સરસ્વતી તુલ્ય વાગ્વીલાસદ્વારા વહન કરનારી નવનીતને વરવાની ઇચ્છા રાખતો હતો અગર હરણ કરીને તો જરૂર લઇજ જવી એમ તેના મનમાં નિશ્ચય થયું હતું.

કાકતાળી ન્યાય પ્રમાણે આ વખતે યોગ અચાનક બની આવ્યો, પ્રમતસીંહે પોતાના પિતાને યાત્રા કરવાનું નિમિત્ત બતાવીને ઉંટ ઉપર બેશી એક માણસને લઇને બાહેર નીકળી પડયો હતો; ચંદનપુર નગરથી નવલપુર પાંત્રીસ કોસ દૂર હતું યાત્રા તો બાજુએ રહી પણ પ્રમતભાઈ તો નવલપુર નગર આસપાસ અરણ્યમાં ટેકરા ટેકરીમાં અને ગાઢા જંગલમાં રેહેવા લાગ્યા; દિવશે શિકાર નિમિત્ત આમતેમ જંગલમાં ફરીને ગુપ્ત સંકેત સ્થાનમાં રેહેવા લાગ્યા, વખતે બની આવે તો નવલપુરમાં પણ સાધારણ દરેશ પેહેરીને આંટા મારી જતો હતો; નવલપુર નગર બાહેર કેટલાંક મંદીરમાં પણ શેતો હતો એમ કરવાનો હેતુ એ હતો કે નવનીત દર્શન કરવા સારૂ બાહેર નીકળતી હોય તો તે પણ જોવામાં આવે.

જે દિવશે ઉન્મત્તના ગાડીવાન સાથે સરસ્વતીએ પાછલી રાત્રીએ પરોઢીએ કંઇક અંધારામાં નવનીતને ઘેર જાપતાથી પોહોચાડવાને બગી તૈયાર કરાવીને મોકલી તે વખતે ગાડીવાન દારૂના નિશામાં નવનીતં ઉપર લલચાઇને નગર બાહેર અરણ્યના રસ્તે બગી હાંકી ચાલ્યો હતો, આખરે જ્યાં તે સ્થંભ્યો હતો તે સ્થળથી નજીકજ પ્રમતસિંહનું છુપુ રહેઠાણુ હતું; તે

વખતે સાયંકાળની શરૂવાત હતી બગીમાં બેઠેલી નવનીતને છુપી રીતે પ્રમતે જોઈ હતી તેથી હવે આ બગી કયાં જાયછે. તથા આ ગાડીવાન શું કરેછે ? એ વિગરે તમાસો જોવાને અને પોતાનો લાગ મેળવવાને પ્રમત તયારીમાંજ હતો પણ અનાયાસે થાંણામાંથી બે ત્રણ સ્વાર અને પેલો દારૂ પીનાર અમલદાર આવી પોહોચ્યા એટલે પ્રમતસીંહે એ વખતે ધીરજ રાખી હતી હેડકવાર્ટર એક ભીલાક વસ્તીવાળા ગામથી અર્ધ માઈલ દૂર હતું; તેથી તે હેડકવાર્ટરમાં દંગલ મચાવીને કાર્ય સાધી લેવાને પ્રમતને ફાવે તેવું હતું;–છેવટે નવનીત તે નીશાબાજ અમલદારથી કંટાળીને હેડકવાર્ટરથી દૂર ઊભી રહી તે વખતે પ્રમત સઘળો તમાશો જોઈને હેડકવાર્ટર નજીક ઊંટ સાથે છુપી રહ્યો હતો; ખરેખરો લાગ આવ્યો ત્યારે પેલા પોલીસ અમલદારને રામશરણ પોહોચાડીને નવનીતને જુઠું આશ્વાસન આપીને પોતાને ગામ ચંદનપુરમાં લૈ આવ્યો.

પ્રમતસીંહ આજે તો મોટા ઉમંગવાળો થઈ ગયો હતો; તે પોતાના મનોર્થચક્ર ઉપર વારંવાર ફેરા માર્યા કરતો હતો; આખી રાત્ર પરિશ્રમ પામેલો હતો તેથી ઉષ્ણોદકથી તૈલાભ્યંગ કરીને સ્નાન કર્યું. ઠકરાત રીવાજ પ્રમાણે તેણે ઉમદા વસ્ત્ર પરીધાન કર્યા ઉત્તમ પ્રકારના અંગ ઉપર અલંકાર ધારણ કર્યા; આજે તો મ્હારે નવનીત સાથે વાતો કરવી છે તથા માહારી ઠકરાતનો રોફ રવાબ બતાવવો છે એમ વારંવાર વીચાર કરવા લાગ્યો; નવનીતને હરિ લાવ્યો તેથી તેના હૃદયમાં લેશ પણ ભય નહોતો. કોળી ઠાકરડાઓમાં પૂર્વથી એ રીવાજ ચાલતો આવેલો હતો, એ વાતમાં તેઓ મોટાઈ માનતા હતા, તેમાં વળી શાહુકાર પુત્રીનું હરણ કર્યું હતું તેથી પ્રમતસીંહનો પીતા જયમલ વધારે આનંદ પામ્યો હતો; એટલે એ વારીજથી પ્રમતસીંહ વધારે પ્રમત થયો હતો; પ્રમતને ત્રણ ઠકરાણીયો હતી તે ઠકરાણીયો આ નવીન આવેલી નવનીતને જોઇને ઈર્ષા કરતી નહોતી પણ ઉલટી રીતે જનાનખાનામાં ગમ્મત થવાને માટે એક સ્ત્રીને વધારો થયો એમ સમજીને આનંદ પામતી હતી.

ભોળી નવનીત તો એમ સમજે છે. કે પેલો ઊંટ ઉપરનો સ્વાર હજુ સુધી કેમ આવ્યો નહીં! બપોર તો વીતી ગયા, નવલપુર કયારે જવાશે! તેણે અહીંયાં વિશ્રામ લેવાનું કહ્યું હતું! છતાં સાંજ પડવા આવી; શું તે અહીંયાં રાતવાસો રહેલાનો હશે કે શું! આપ્રમાણે વિચારમાં ગભરાયલી બેઠી હતી,–એટલામાં ચંપા અને ગુલાબડી એમ બે દાશીયો તેની પાસે પાન સોપારીનું તબક લઇને આવી પોહોચી તેને જોઇને નવનીતે કહ્યું કે બાઇયો હુ તો હવે ભોજન કરીને તૈયાર થઈછું, સાંજ પડવા પણ આવી છે માટે પેલા ઊંટવાળા માણસને ખબર આપ્ય કે નવલપુર જવાને તૈયારી કરે.

દાશી બોલી—ચીયો ઊંટવાળો?

નવનીત—જેની સાથે હું આવી છું તે.

દાશી—ઓય, ઓય, એતો અમારા કુંવરસાહેબસે; તે તમે નથી જાણુતાં કે?

નવનીત—જે ઊંટ હું બેસીને આવી હતી તે ઊંટને હાંકનાર પ્રમતસીંહજી હતા એમ તું કહે છે?

દાશી—હા એજ પરમતસંગજી આ ગામના ઠાકોરના કુવાર થાયસે.

નવનીત—તો પછી અહીંથી નવલપુર કેટલે દૂર થાયછે?

દાશા—એતો રામ જાણે ચેટલે છેટે હશે.

નવનીત—હે બાઈ! આ ગામના ઠાકોરનું શું નામ છે અને જાતે કેવા છે?

દાશી—ઠાકોરનું નામ તો જેમલજી છે અને વળી ઠાકરડા મકવાણા કહેવાય છે,

નવનીત—કેટલા ગામનો ઠાકોરસે ?

દાશા—સાત આઠ ગામનો ઠાકોર સે. અને પંદર વીહ હજારની ઉપજ સંભળાયસે.

નવનીત—શીવ શીવ શીવ શીવ, હે પ્રભુ! એક પીડામાંથી બીજી પીડા કયાંથી આવી પડી એમ કહીને નિશ્વાસ મૂકે છે; તે જોઇને.

દાશી— એમ બાસાહેબ ઈમ કરોછો; તમેતો અમારા ફાંકડા રૂપાળા કુવોર સાહેબનાં નવાં ઠકરાણી થયાંસો હવે તમને શેનું દુઃખસે; તમને ખુશી કરવાને હારૂ તો અમારા કુવોરજી સાહેબ આવ્યાંછે તારના માથામાં સુંગધી અંતર ઘાલીને પટીયાં પાડયાં કરેસે. વળી મલમલનું અંગરખું જેવરદાર કાઢયુંસે. વળી પોતાના સરખે સરખા ભાઈબંદોમાં બેઠાસે. અને ગમ્મત કરેસે, જાણ્યું કે ! અને તમારે માટે બદામ, ચારોળી, અંજીર વગેરે થાળમાં મંગાવી મુચ્યુંસે. તમે જ્યાં લગણુ ઈમની સંગાથે હાથ મેળવ્યોનથી ત્યાંલગણુ બાંમણુપાહે રસોઈકરાવશે. અમારા કુવોર સાહેબ સભાવના ઘણા સારા છે; અને રાજા એંદર જેવા રૂપાળા રઢિયાળા દેખાયસે. તમારૂં ધનભાગ કે અમારા કુવોર સાહેબને પામ્યાંસો ? અમે દાશીયો ઉપર મેરબાની રાખજો કેમકે તમે તો હવે માનીતાં થયાંસો.

દાશીનું વચન સાંભળીને નવનીત ગાભરી થઈ ગઈ. એકદમ શરીરમાંથી પરસ્વેદના બુંદ ટપકવા લાગ્યાં; મુખ ઉપર ફીકાશ થવા લાગી, શરીરના રોમ ખડાં થઇ ગયાં, અંગ ધુજલાગ્યું; તે સ્થળ કેવળ સ્મશાન જેવું જણાવા લાગ્યું, પોતાના સમીપ બેઠેલી દાશીયો રાક્ષસી જેવી દીસવા લાગી; હોઠ ઉપરની લાલાઇ બદરંગ થઇ, જીવ્હા ઉપરની અમી સુકાતાં કંઠ ગળગળો થવા લાગ્યો; ઉલટી ચારે બાજુ બંધનમાં ફસઇ ગઇ; આહીંથી મારો બચાવ શી રીતે થશે. અહીંયાં મારૂ રક્ષણ કોણુ કરનાર છે. અરેરે ! અભણુ અને મુર્ખ દુરાચારીના સહવાસમાં હું ફસાઇ ગઈ.

આ પ્રમાણે વિચારમાં ને વિચારમાં સમાધી જેવી સ્થિતિ નવનીતની થઇ, રાક્ષસ જેવા અજ્ઞાન કોળીના પેહેરામાંથી સટકી જવાનો તેને એકે માર્ગ જડે તેવો નહોતો, તેમજ રાજઘઢી મહેલના છુપા રસ્તાને પણુ જાણતી નહતી; તાજી આવેલી તુરતના સહવાસવાળી કેવળ અજાણી નવનીત નવિન પોપટની માફક લોહ પાંજરા રૂપ રાજઘઢીમાં ઘણું ગભરાવા લાગી; પણુ તે હૃદયમાં અસહ ગભરાટ પેલી દાશીયો કળી શકે નહી

તેવી રીતે સ્મીતહાસ મુખ બતાવવા લાગી, અભણ પ્રતમસીંહને કેવી રીતે વશ કરવો જોઇએ ! શિયળ કેવી યુક્તીથી સાચવવું જોઇએ ! એ વિગેરેની ગોઠવણ કરવા લાગી, ધીરે રહીને દાશી પ્રત્યે નવનીતને કહ્યું કે બેહેન ગુલાબ ! તમારા કુંવર સાહેબ અત્યારે તો પોતાના મિત્રો સાથે ગમ્મત રમતમાં બેઠા હશે કેમ ખરૂકે ?

ગુલાબ—હા બાઇ સાહેબ; તમે એમના ભાઈબંધને જોયાસે કે ?

નવનીત—ના, એમના ભાઈબંધ પણ એમના જેવાજ ચતુર હશે.

ગુલાબ—હા, તમે ખરી વાત કહોસો અહોહોહો તમે પણ વીધાતા જેવાં સો તમે એકદમ શી રીતે જાણ્યું ?

નવનીત--ચતુરની સાથે તો ચતુર પુરૂષોજ હોય.

ગુલાબ—વળી તમે બીજુ જાણોસો કે ?

નવનીત---શું.

ગુલાબ—એક ઉંહાજી કરીને એમના ભાઈબંધ છે તે ભજન બહુ સારાં કહેછે. વળી એની જોડે મંજુરા વગાડનારો મુહાજી કરીને છે તે છેલબટાઉ જેવો દેખાયસે વળી એની લટક તમે જાશો એટલે કાંઇ બાચી રહેવાનીજ નથી. અમારાં ઠકરાંણી સાહેબ તો બીજે તીજે દન એ લોકોને બોલાવીને ભજન કહેવરાવે છે, અને મોટી ધમચકડ થઈ રહેછે.

નવનીત—વાહ વાહ. વાહ વાહ, ત્યારે તો તમારા ઠાકોર પરમતસંગજી આજે ભજન કહેવરાવે તો કેવું સારૂં.

ગુલાબ—એતો જયાં તમારો હકમ થયો કે ઝટ દઇને ભજન રાતરે શરૂ થશે.

નવનીત—ભજનમાં પરસાદ વેહેંચવાનો ખરો કે ?

ગુલાબ—હા, ટોપરાં અને ખારેકો. વળી દારૂના સીસા સરવેની વચમાં મુકી દેશે. પછે બધા પીઇને, ભજન કરવા બેસશે.

નવનીત—વાહ વાંહ, ત્યારે તો એ ભજનનાં બાકી શાની રહી; તો પછી બધી ઠકરાણીયો પણ દારૂ પીયેછેકે?

ગુલાબ—હા, ઠકરાંણીની બેઠક આ નીચેની ઓસરીના મોટા ઓટલા ઉપર થાયછે. અને તેમાં પણ જેમની જેટલી મરજીમાં આવે એટલો દારૂ પીયે છે; પછે એ ઉપર વઘારેલા ચણા ફાકેસે; ઓ બાઇસાહેબ! ભજનને દાહ ડે તો ગોકળીયા જેવું થઇ રહેછે. આહાહાહાહાહાહા, કાંઈ કહેવાની વાતજ નહીં. (એમ કહીને ગુલાબડી ખુશી થતી જાયછે.)

નવનીત—ત્યારે હજુ એક પહોર દિવસ છે, માટે તું રાજકુંવરને ખબર આપ્ય કે નવનીતબાઇ સાહેબ આજે ભજન સાંભળવાની ઇચ્છા રાખે છે.

નવનીતનું વચન સાંભળીને ખુશી થતી ગુલાબડી પ્રમતસીંહ પાસે જઈ પોહોચી. આ વખતે પ્રમતસીંહ પોતાના ઠાકમાઠમાં હતો, સારા સારા અલંકાર અંગ ઉપર ધારણ કરતો હતો; અડદના રંગ જેવા શ્યામ મુખ ઉપર વારંવાર તેલ ચોપડીને તેજસ્વી કરતો હતો, ભમરાની પાંખ જેવા કાળા વાળને કાંસકીથી ચટીયાં પટીયાં પાડતો હતો, વારંવાર ગુલાબીરંગનો ફેંટો બાંધતો હતો અને તે બાંધણી દુરસ્ત નહીં લાગવાથી ફરીને ભાગી નાંખતો હતો, પોતાના મિત્રો સાથે મર્મનાં વાક્ય બોલતો હતો, પોતાની વિચિત્ર ખુશાલીના ઉદગાર મિત્રોમાં કાઢતો હતો.

એટલામાં પ્રમતસીંહના પગ ઉપર થપડ મારીને ઉહાજી બોલ્યો, અહાહાહા! પેલી નવી બાયડી ઉપર આ ટાપટીપકે!

પ્રમત—મકલાતો, મકલાતો,–બેસ બેસ છાનુમાનુ.

ઉહાજી—બેશીયે ચ્યમ, અમે તો ખરૂ કેહીએ–લ્યો ત્યારે આજ ઇનામ ખરૂં કે નહીં.

પ્રમત—આપણે આજે મનમાં આવે એટલો દારૂ પીવો, પછે કાંઇછે કે?

ઉહાજી—દારૂ તો નીત પીયે છીએ. પણ પાઘડી, પાઘડી.

મુહાજી—હા, મારે પણ નવું ફાળીયું જોઇએ.

પબજી—તો પછે મને થેપાડુ લાલકોરનું નહીંકે?

પ્રમત—ઠીક ઠીક. ઇનામ આપીશું પછે કાંઈછેકે!

આ પ્રમાણે પરસ્પર ટોળ કરેછે એટલામાં ગલાબડી દાશી આવી પોહોંચી,–તેણે માથુ નમાવીને પ્રમતસીંહને કહ્યું કે,–ગરીબ પરવર! પેલાં નવાં બાઇસાહેબ આવ્યાંસે, ઇમણે એમ કહ્યું છે કે આજે ભજન કરાવો તો સારૂં.

દાશીને જોતાંજ અને વચન સાંભળતાંજ આનંદ આવેશમાં પ્રમતસીંહ બોલ્યો કે અલ્યા ઉહાજી! અલ્યા મુહાજી! આજે તંબુરો અને મંજીરા લઇને જનાનખાનાના મોટા ચોકમાં ભજન કહેવા આવજો; અને મનમાં આવે એટલો આજ દારૂ પીવામાં બાકી રાખશો નહીં હોકે.

પ્રમતસીંહે પોતાના પાંચ સાત મિત્ર જે કે ઉહાજી–મુહાજી–પબજી––રબજી—ગમજી –ગુમાનજી––રામાજી—ભગલજી વિગેરેને ભજનમાં આવવાની પરવાનગી આપી; તેઓ પોતાનું કામ અટપોને દરબારઘઢમાં આવવાને માટે તંબુરો વિગરે લેવા પોતાને ઘેર ગયા.

રાત પડી દીવાબત્તીનો વખત થયો, અંધારી રાત્ર અમાસની હતી તેથી અંધકારે ચારે તરફ પોતાનો અમલ ઝમાવી દીધો હતો; રજવાડીના જનાનખાનાના મોટા ચોકમાં ચારે બાજુ દીપકનો પ્રકાશ કર્યો હતો; વચ્ચે મોટી જાજમ પાથરવામાં આવી હતી, તે ઉપર એક બાજઠ ગોઠવ્યું હતું. તે બાજઠ ઉપર દસ બાર દારૂના સીસા અને ચાંદીની વાડકીયો ગોઠવી હતી; થોડીકવાર થઇ એટલે પ્રમતસીંહજી પોતાના મીત્રસંડળ સાથે ચોકમાં જાજમ ઉપર પ્રમતસીંહજીની જુવાન ત્રણ ઠકરાણીયો જાજમ ઉપર ભજન સાંભળવાને બેઠી હતી; એજ ઓસરીમાં બીજી બાજુએ જુદા ઓરડાના બારણા આગળ તળાઇ પથરાવીને નવીન આવેલાં નવનીતબાઇ બેઠાં હતાં; જેની પાસે ગુલાબડી અને જીવલી એ નામની બે દાશીયો બેઠી હતી; હવે ભજનની શરૂવાત થતા પેહેલાં દારૂ પીને મદમસ્ત ગવાની સ્થિતિની શરૂવાત થવાની છે એટલામાં પ્રમતસીંહ ઉભો

થઈને જ્યાં નવનીત બટ્યે દાશીયો પાસે બેઠી હતી ત્યાં આવીને ઉભો રહ્યો અને કહેવા લાગ્યો કે—નવનીતજી! હવે તમે અમારાં ઠકરાંણી થયાં હવે તમને કોઇ રીતની ફીકર નથી; અહીયાં રાજા એંદર પણ આવી શકે એમ નથી; મારા જેવો જબરો તમને ધણી કયાંથી મલનારો હતો; પરમેસરે મારી અને તમારી જોડ સરજી મુચી હશે માટે એ બનાવ બની ગયો છે. હવે આજે તો સુખેથી ભજન સાંભળો, ભજન થઇ રહ્યા પછે હું તમને વાત કરવા આવીશ.

પ્રમતસીંહનું વચન નવનીતને બાંણુ જેવું લાગ્યું હતું, પણ મદોન્મત મુર્ખને તીરસ્કાર આપવાથી પણ આપણું કાર્ય સરે તેમ નથી, શરીરમાંથી પ્રાણ ત્યાગ કર્યા વિના આ દુષ્ટના પંજામાંથી નીકળી શકાય એમ નથી એમ પાકી રીતે સમજીને સ્મિતહાસ કરીને નવનીત તે પ્રમતસીંહ પ્રત્યે બોલી કે, મેહેરબાન! તમારી ચતુરાઇ જોવાને માટેજ આજ ભજન સાંભળવાની ઇચ્છા થઇ છે.

પ્રમતસીંહને આ પ્રમાણે વચન મળતાંજ અતીશય આનંદ વાધ્યો અને બોલ્યો કે આ દુનીયામાં તમારા જેવું ચતુર કુંણુ છે! ચતુર માંણસ તો ચતુરનેજ જુવેસે અને જયારે તમે મારા ભાઇ બંદાનું ભજન સાંભળશો એટલે ચતુરાઇનો છેડો આવી રહેસે જોઈ લેશો.

એમ કહીને મિત્રમંડળીમાં પ્રમતસીંહ બેઠો; દરરોજના નિયમ પ્રમાણે દારૂના સીસા વાપરવા માંડયા, તેમાં આજે તો વિશેષ ખુશાલીનો દિવશ હતો, તેથી દારૂ પીવામાં કોઇએ કસર રાખી નહોતી, એટલુંજ નહીં પણ મિત્રમંડળે પ્રમતને હદથી જાદે દારૂના નીશામાં ટેં કરી નાંખ્યો હતો.

થોડીવાર થઈ એટલે ઉઢાજીએ હાથમાં તંબુરો પકડયો તેની જોડે છેલબટાઉ બનેલો મુઢાજી હાથમાં મંજીરા લેઇને તાલની ઠણુક દેવા લાગ્યો. આ તરફ ઉઢાજી આંગળીવતી તારા ઉપર રણુક કરવા લાગ્યો.

શરૂવાતમાંજ ગાયન કરવા લાગ્યો—

ઓઇ.......સરસત સાંમીને વેંધવું, ને ગણપતનાં લાગે પાયજી
કાન ફફડાવતા મારા કાનજી આવે, પછે મનમાં કાંઈકાંઇ થાયજી
જી-જી-જી-જી.

મંજીરા વગાડતો વાહ વાહ કહેતો હતો અને મસ્તક હલાવતો ધન્યસે, ધન્યસે એમ મુહાજી કહેવા લાગ્યો.

એટલામાં રામજી હાકરડો દારૂના નીશામાં લથડીયાં ખાતો ઉભો થઇને જાણે સભામાં ભાષણ કરતો હોય તે પ્રમાણે કહેવા લાગ્યો કે અલ્યા ઉહાજી! પેલું રામચંદરજીનું ભજન બોલે તો ચેવી મઝા આવે તને હમજણ પડી કે એક વખત રામચંદ્રજી અને સીતા ફોઈએ બે જણાં મહુડાં વેણવા નેકળી પડયાંતાં. પછે એક ઝાડ ઉપર ચઢીને ગાતાં હતાં અને કલ્લોલ કરી રહ્યાં હતાં. વળી એ બે જણાંની વચમાં હનુમાનજી હડીયો કાઢતા હતા, વળી મેઠાં ધરાખ જેવાં મહુડાં હડુમાનજી પણ ઉભા ઉભા ચાવતા હતા, તે વખતે ચેવી મઝા આવતી હશે! માટે અલ્યા ઉહાજી! એ સમાનું ગીત બોલે તો આ વખતે બંધાયને ગમત ઠીક થાય.

પ્રમતસીંહજી માથું હલાવતો બોલ્યો કે, મારો મીતર આ વખતે ઠીક ઓંચર્યોસે વાહ વાહ એ ગીત મઝાનું લાગે એવુંસે.

બધાંયની જ્યારે એમજ મરજી થઇ એટલે ઉંહાજીએ એં અને ઉં કહીને તંબુરાના તાર સાથે સુર મીલાવવા લાગ્યા. પછી ભજન કહેવાને શરૂવાત કરી—

ભજન.

ઓઇ આણી પાહની ડાળે કાકા રાંમચંદરજી બેઠાને
આણી પાહની ડાળે ફૂઇ સીતા,
ઓઈ વચમાં હડુમાન હડીયું કાઢે;
પછે વાણીયાં વાંચે છે જીતા,
એ જીવડા હવે ગોકુળીયામાં ચમ જૈયે;
આંછપો પરની માંછયો મારા રામજી ઉડાડને,
મોટી મોટી મુછો ફફડાવે;

મકાઈનાં ઢબરાં હડુમાન લાવે પછે,
છાસમાં વ્હાલો શીરાવે;
એ જીવડા હવે ગોકુળીયામાં ચ્યમ જેયે;
રામજી કાકો બેઠો બગલ વગાડને
હડુમાન દાંત કકડાવે,
સીતા ફોઇ કોદરા ને બાવટા બાજરીયાનું,
ગાંણું ભલી પેરે ગાવે;
એ જીવડા હવે ગોકુળીયાંમાં ચ્યમ જેયે;

આનંદ આવેશમાં લાંબા હાથ કરતો પબજી અને રબજી એ બન્નેજણ કીલકાર કરતા બોલી ઉઠયા કે વાહ વાહ, વાહ વાહ, આ ઉંહાજી અને મુહાજીની જોડ તો મારા કાળીયા અને ધોળીયા બળદની જોડ જેવા શોભે છે એવી આ વખતે ભલી પેરે દેખાયસે, પરમેસર કરેને એ જોડ કાયમ રાખે.

એક એક ભજન વિચિત્ર વાણીવિલાસનું જેમ જેમ ગવાતું જાય તેમ તેમ વારંવાર દારૂના સીસા ખાલી કરવા લાગ્યા, કેવળ માંકડા જેવા બની ગયા, આજે અતિ આનંદનો દીવશ હતો તેથી તેમના ચતુર મિત્રોએ પ્રમતસીંહને વારંવાર દારૂ પાઇ દીધો હતો. તેથી અધિક નિશાને લીધે પ્રમતસીંહ ભજનમંડલમાંજ શબવત્ લાંબો થઇને સૂઇ રહ્યો, જયારે આમ થયું એટલે ભજનનું કામ અટપી લેવામાં આવ્યું; ઉહાજી મુહાજી વિગરે પોતાને ઘેર ચાલ્યા ગયા; પ્રમતના વિચાર મનમાં ને મનમાંજ રહી ગયા. તે તો આ વખતે શુશુપ્તિ અવસ્થામાં પડયો હતો, તેની ત્રણ ઠકરાંણીયોએ સંપ કરીને પ્રમતને જયમ મડદુ ઉઠાવે તેમ ઉપાડીને પોતાના સંગારેલા ઓરડામાં લઇ જઇને પલંગમાં નાંખી દીધો.

આ વખતે નવનીતને બહુજ નીરાંત થઇ ગઇ, એક હસવું અને બીજી હાંણુ એ કહેવત પ્રમાણે પેલા ઠાકરડાઓનાં ભજન સાંભળીને નવનીત પેટ પકડી પકડીને હસ્યા કરતી હતી. તેમાં પણ કહ્યું છે કે,—

સવૈયો.

ઉર જાનકી બાત સિચાની ગહી
તલ ખેંચ કબાન રહયો ભર રેં
બપનિ અપને પિયુંસે બિનવેં
પિયુ મહોત આઇ સુમિરો હરરે
તતકાલકો કાલ ભુજંગ ડસ્યો
દ્રગ બાજકો બાન લગ્યો શીરરે
જિનકે રખવાર ગોપાલ ધની
તિનકો ભાલભદ્ર કહા ડરરે—

આ સવેયામાં છેલ્લા ચરણુનો અર્થ એ છે કે.જેનું રક્ષણુ કરનાર સાક્ષાત ગોપાળ ધણી છે તેને પછી ડર શાંનો હોય ! એ જ પ્રમાણે નવનીતના શિયળનો બચાવ અનાયાસ થયો; તે રાક્ષસનો ઈરાદો નવનીતના ઉતારામાં પ્રવેશ કરવાનો હતો, તેટલા માટે તો તેણે ચટીયાં પટીયાં કરવા માંડયાં હતાં, તેટલા માટે તો તેણે અંગ ઉપર આભુષણુ ધર્યાં હતાં, તેટલા માટે તો તેણે ભજન કહેવરાવીને નવનીતને આનંદ આપવાનો ઉપચાર કર્યો હતો; **પણુ હોનહાર હિરદેબસેં ॥ બિસર જાય સબ બુધ ॥** આજે તો થવાનું હતું તેજ થયું છે. આજની કાળ રાત્રીમાં નવનીતને કાંઈક નિશ્ચિંતપણું ઇશ્વરે બક્ષ્યું હતું. પણુ તે તો અત્યારે વાંચકવર્ગનેજ માત્ર માની લેવાનું છે પણુ નવનીત તો દુઃખી તે દુઃખીજ હતી, જે વખતે પેલી ત્રણુ ઠકરાણીયોએ પ્રમતને ઉપાડીને પોતાના અવાસમાં લીધો તે વખતે આ નવનીતને જે અવાસ જુદો આપ્યો હતો તે અવાસનું દ્વાર બંધ કરીને નવનીત અંદર પેશી ગઇ.

ગલાબડી અને જીવલી દાશીયોને નવનીતે કહ્યું કે તમારૂ મારી પથારી પાસે કામ નથી, માટે હવે હું સાંકળ અડકાવીને એકલી મેડી ઉપર સૂઇ રહીશ. અને તમે આ ઓસરીમાં શયન કરો કેમકે રાત્રીના નવ વાગીં ગયા છે; જ્યારે તમારૂ કામ પડશે ત્યારે હું તમને બોલાવીશ. દાશીયોએ નવનીતનો હુકમ માનીને ઓસરીમાંજ શયન કર્યું; નવનીત મેડી ઉપર જઇ પોહો.

ચી, તે મેડી ઉપર રંગવાડી ઠાઠ પ્રમાણે ઉત્તમ પ્રકારની શોભા કરી હતી; શયન કરવાનો પલંગ ઉત્તમ રીતે શૃંગાર્યો હતો; પ્રતાપસીંહ આજે આ સ્થળે આવવાના છે એવા ચોકસ ભરોસા ઉપર દાશીયોએ ત્યાં વિશેષ ગોઠવણ કરી હતી, તે ઠેકાણે ચારે બાજુ દીપકોનો પ્રકાશ પડતો હતો; તે મેડી ઉપર બીજી બધી ઘણી વસ્તુઓ ગોઠવીને શોભા કરી હતી, પણ આ ઠેકાણે નવનીતને અત્યંત ભય લાગ્યો હતો; નિરાધાર અબળા, જે કદી પણ બાહેર નીકળેલી નહોતી તે આ સ્થળમાં ગભરાય એમાં શું કહેવું! વિચીત્ર વિચારવાળા વિચીત્ર રૂઢીમાં ફસાયલા વિચીત્ર કેળવણી પામેલા. રાક્ષશ જેવાના અવાસમાં નવનીતને બીલકુલ જપ વળતો નહોતો; તેણીને પોતાના મમતાળુ માતપીતા યાદ આવવા લાગ્યાં, વારંવાર નિશ્વાસ નાંખતી નેત્રમાંથી આંસુ કાઢવા લાગી; તે કેવળ અજંપના સપાટામાં ફસાઇ ગઇ; જોકે તે જાગ્રત અવસ્થામાં હતી પણ ભય અને ચિંતાની સમાધી લાગવાથી પોતાના દેહનું પણ ભાન તેને રહ્યું નહોતું. જરાક બેઠી તો થોડીકવાર પછી ઉભી થઇ જતી હતી. પણ તેને કોઇપણ રસ્તો સૂઝતો નહોતો, આમ તેમ આંટા માર્યા કરતી હતી. શું કરૂ! કયાં જાઉં અહીંથી કેવા પ્રકારે હું છુટી શકું! જરૂર હવે તો આ દેહનો અંત આણવો એજ મારા માતપીતાના કુળનું ભુષણ છે, મારૂં પણ ભુષણ એજ છે, એમ બોલતી બોલતી આમતેમ આંટા માર્યાજ કરતી હતી વળી થોડીકવાર થાય એટલે બાહાવરી બની ગએલી ચમકીને બેઠી થઇ જતી, તેના મનના વિચાર મનમાંજ ગુંથાયાં કરતા હતા, પણ કંઈ રસ્તો જડતો નહોતો,—અરેરે રાત્રી તો વીતી જશે, કોણ જાણે કદી તે દુષ્ટને નીશો ઉતરી જાય અને કદી પાછો અહીંયાં આવીને તોફાન કરશે તો પછી મારી શી દશા! હેઠળનાં કમાડ તો મ્હેં મારી પક્કાઇથીજ વાસ્યાં છે કદાપી તેમ કરે તો ઉપર આવવા પામે તેમ નથી, તોપણ તેથી શું થયું! પ્રાતઃકાળે પણ કમાડ ઉઘાડયા વિના કયાં ચાલે તેમ છે! ના ના, એમાં તો કાંઇ છુટકો નથી. ત્યારે હવે હું શું કરૂ! અરે દૈવ્ય! આ દેહ ત્હેં શા માટે ઘડયો!

શું આ પ્રમાણે દુઃખ ભોગવવાને કે! એમ બોલતી બોલતી ઘણુ રોઈ પડી, પણ આ ઠેકાણે નવનીતનાં અશ્રુ કોણ લ્હોનાર હતું!

તેની છાતી ધડકવા લાગી, ચિંતારૂપી અગ્નિ અને તે યોગે વૃતિભંગના કારણથી શરીરની સ્નાયુઓની ગતી હળવી થવા લાગી, કંઠમાં ઉતરતો જીભ્હાદ્વારાએ અગીરસ જતો બંધ થયો, એકાએક જાજમ ઉપર અચેત થઇને પડી હરે હરે આ સ્થિતિને પામેલી નવનીત! હે નવનીત! એમ કહીને તેને અભય કોણ કરનાર હતું, એતો સાક્ષાત ઇશ્વર શિવાય કોઈજ નહોતું; સંસ્કાર પ્રેરણા સાથે બુદ્ધિનુંજ કામ હતું; થોડીકવાર સુધી નવનીત એજ સ્થિતિમાં રહી; પણ આખરે તેણે એજ નિશ્ચય કર્યો કે શરીરમાંથી પ્રાણ છુટો કર્યા શિવાય આ અભણ કુમારના પંઝાગાંથી બચાવ થાય તેવો નથી; આ પ્રમાણે અનેક વિચારના ફંદમા ફસાયલી નવનીત ભ્રમણચક્રના ચગડોળે ચઢી ગઇ. તેણીની દ્રષ્ટી પછીત તરફની બારી ભણી ગઈ. તે ઉપરથી તે બારી તરફ જઇ પોહોચી બારીનાં કમાડ વાસ્યાં હતાં, માત્ર સાંકળ ચઢાવી હતી, તે સાંકળ ધીમે રહીને નવનીતે ઉઘાડી, જેમ ચોર ચોરી કરવાને માટે ભયગ્રસ્થ થએલો યુક્તિથી કામ કરેછે તેમ તે બારીનાં બારણાંને નવનીતે ધીરે રહીને ખુલ્લાં કર્યાં; એટલે તે બારીને લગતું છજ્જુ નજરે પડયું, છજામાં નવનીત ઉભી રહી, ચારે બાજુ નજર કરી ત્યારે તેને પૂર્વ દિશાએથી વહન્ કરતી મોટી વિસ્તારવાળી નદી છેક નિચાણમાં નજરે પડી, તે નીચાણ એક હજાર ફુટનું સુમારે હશે તેવું જણાઇ આવ્યું—તે નદીને લગતા ઉંચા ટેકરાનો ભાગ કેવળ પથ્થરનોજ હતો અને તે ઉંચા ટેકરા ઉપર આ રાજમહેલ બાંધ્યો હતો, તે એવી ખુબીથી મહેલ રચ્યો હતો કે તમામ પછીતનો ભાગ તે વિસ્તારવાળી નદીની હવા લેવાની અનુકુળતાવાળો થઇ પડે; તે પછીત લગતુ છજ્જુ પોહોળુ અને વિશાળ હતું તે છજામાંથી ઉભાં રહે રહે હજારફુટની દોરડીથી નદીની ધરામાંથી જળ લઇ શકાય તેવી સગવડ હતી, તેવા છજામાં અત્યારે નવનીત ઉભી રહેલી ચે ગરદમ નજર કરે છે, આ મોટા વિસ્તારવાળી નદી કેઇ હશે! તે વિશે નવનીત

નિશ્ચય કરી શકી નહી; તમામ જગોએ શાન્ત હતું. રાત્રીના પક્ષીયોનો સોરબકોર હતો, ગંભીર નદીનું જળ ઘણા વેગથી અસ્ખલિત વેહેતું હતું; અંધારી રાત્રીએ ચારે બાજુ અંધકાર છાઈ દીધો હતો. તે અંધકાર તરફ તથા ગંભીર નદી પ્રદેશ તરફ અને આકાશમાં ચળકતાં નક્ષત્રો તરફ નવનીત નજર કરી રહી હતી; પરંતુ તેની નજર સષ્ટિસૌંદર્યના દેખાવ ઉપર નહોતી, તે કાંઇ રમણિય સ્થળને જોઇને વિચાર કરતી નહોતી, પણ આ વખતે તે બિચારી નિરાધાર નિરાશ્રીત થએલી હવે મારે માટે શું થશે ! એજ વિચાર કરતી હતી; આ શરીરમાંથી પ્રાણનો ત્યાગ બલાત્કારથી કાંઇ થતો નથી પણ અહીંથી નેત્ર મિંચીને એકદમ નદિમાં પડતું મુકવાથી આ શરીર અથડાઈ કુટાઇને કે જળમાં પડીને નાશ પામશે, એવો વિચાર કરી રહી હતી; જયારે વિપત્તી પડેછે ત્યારે એક વિચાર સ્થિર રહેતા નથીઃ ચતુર પુરૂષો પણ ચિત્રવત્ થઇ જાય છે; તો પછી આ બિચારી નવનીત કે જેણે સ્વપ્નમાં પણ દુઃખ જોયું નહોતું, જેણે કદી પણ આ પ્રમાણે જંગલી પ્રકૃતિના સપાટામાં બંધનપણું દીઠુ નહોતું. તે જયારે જોવામાં આવ્યું તો પછી તેની હિમ્મત શી રીતે હાથ રહી શકે ! જયારે દુઃખ પડે છે ત્યારેજ બુદ્ધિ અનુસારે યુક્તિયો નજરે આવેછે; સાત્વિક સ્વભાવવાળાને જયારે ભારે વિપત્તી અનાયાસે આવેછે ત્યારે તેના વિચાર સાત્વિક ગુણને અનુસરીનેજ પ્રગટ થાયછે; પણ તામસ અને રાજસ મિશ્ર સ્વભાવ ગુણવાળો વખતે સાહસ કૃત્ય કરેછે; તોપણ વિપત્તી સમયે એક વિચાર સ્થિર રહેતા નથી; કેટલીકવારે નવનીતને ભાન આવ્યું. તેણીને એક વિદ્વાન માણસના લખેલા શબ્દો યાદ આવ્યા,—તે ઉપરથી અહાહા ! વિદ્વાન પુરૂષના શબ્દો અજ્ઞ પુરૂષને કેટલો બધો બોધ આપેછે ! આ પ્રમાણે તે ધૈર્યતાથી બોલવા લાગી; અરે મ્હેં ઉત્તમ ગ્રંથો વાંચ્યા છે. ધૈર્ય વિષે જે બોલ કહ્યા છે તે હું શા માટે ભુલી જાઉં છું; જયારે વિપત્તિ આવે ત્યારે બુદ્ધિવાન માણસે અનુકુળ આવે તેવા ઉપાય ખોળી કાઢવા જોઈએ; જે માણસ મોહ પામેલો હોય તેને

મિથ્યા મોહનું દર્શન કરાવીનેજ દીલાસો આપવો. જે માણસ દ્રવ્ય સંગ્રહ કરવાને માટે લાલચુ કે લોભી હોય તે માણસને દ્રવ્ય બતાવીનેજ આશ્વાસન કરવું જોઇએ; એ પ્રમાણે વિદ્વાન લેખકોએ લખ્યું છે; તો પછી હું શા માટે અત્યારે ભૂલ કરૂં છું! પ્રાણત્યાગ કરવાનો પ્રયત્ન કરવાથી ઉત્તમ પુરૂષાર્થ કહેવાશે નહી; પણ સાહસ કર્યું કહેવાશે; અભણ રાજકુમારને મોહ દર્પણ બતાવવાને કુંચી ખોળવી જોઇએ; મોટા મોટા ચતુર વિદ્વાન પુરૂષો તથા રાજપ્રપંચમાં કેળવાયલા દીવાન અને રાજકામદારો તથા રાજપુત્રો પણ સ્રીયોની વાણી વિલાસમાંજ પાયમાલ પામેલા છે; તલવારે બહાદુર લડવૈયા યોદ્ધાઓ તે પણ સ્રીના પ્રેમપાશમાં ફસાઈને પકડાયેલા છે; તો પછી આ રાજકુમાર મારા પ્રત્યે મિથ્યા મોહ રાખનાર પતંગીયાને મોહ લુબ્ધ કરવો એમાં કંઇ મુશ્કેલ નથી; ઠીક છે, આ મુગ્ધબાળાને હે જગદીશ્વર! તમે સહાય થજો, હે પ્રભુ! તમે મને સુમતિ આપજો. આ પ્રમાણે ચિંતવન કરતી કરતી છજામાંને છજામાં સમાધી થઇ હોય તેવી બની ગઇ; આ પ્રમાણે અનેક પ્રકારના વિચારમાં ગુથાયલી આમથી તેમ અને તેમથી આમ મેડી ઉપર આંટા મારતી નવનીતે પ્રાતઃકાળની શરૂવાતમાં કુકડાના શબ્દો સાંભળવા લાગી તેથી તેણીયે જાણ્યું કે રાત્રી તો વીતી ગઇ. હવે ભાનુદેવને પધારવાંની થોડીજ વાર છે; એમ ધારીને નવનીત નિંદ્રા લઇ શકી નહીં.

પ્રાતઃકાળ થયો, દિવસે ગમન કરનારાં પક્ષીયોને કલરવ થવા લાગ્યો, પૂર્વ દિશાએ દૂધના જેવો રંગ જણાવા લાગ્યો તે તે વખતે મનોર્થ ફળીભુત થવાની ઇચ્છાવાળી નવનીત છજામાં જઇને જોવા લાગી તો ઘણા નીચાણમાં મોટા વિસ્તારવાળી નદી વહેતી દીઠી; તે નદીના સામા તટપર ગગનચુંબન ડુંગરાઓની શાખાઓ ભયંકર જોવામાં આવે, અનેક પ્રકારનાં વૃક્ષ નજરે દીઠાં. જો કે કોઇ પ્રકારની અંતઃકરણમાં ચિંતા ન હોય તો આ પરમરમ્ય આનંદપ્રદ જગો જોઇનેજ ચિત સ્વસ્થ થયા શિવાય રહે નહી તેમ હતું પણ નવનીતબાઇનું તો ચિંતા,

અને ભયે કરી હૃદય વ્યાકુળ હતુ. તેથી એ સઘળો દેખાવ કેવળ ભયરૂપેજ ભાસવા લાગ્યો, એમ કરતાં કરતાં ભાનુદેવ પોતાનું સ્વરૂપ સૂવર્ણની થાળી જેવું ઉંચા શિખરોની ટોચ ઉપર બતાવવા માંડયું.

જે દાશીયો ઓસરીમાં શયન કરી રહી હતી તે દાશીયોએ સાંકળ ખખડાવી, ઓ બાઈસાહબ! ઓ બાઈસાહબ! ઉઘાડોને! અત્યાર લગી આટલી બધી હુંઘ ચેમ આવીશે?

દાશીયોનું વચન સાંભળી ત્વરાથી સાંકળ ખુલ્લી કરીને દ્વાર [illegible]; દાશીયો અંદર દાખલ થઇ, થોડીકવાર થઈ એટલે [illegible]માંથી બ્રાહ્મણ આવ્યો, તેણે રસોઇ કરવાની તૈયારી કરી, દાશાયોએ ઉષ્ણ જળ ભરેલી ત્રાંબાકુંડી નવનીતને સ્નાન કરવાને સરાને મૂકી; નવનીત શૌચ જઇ આવીને તથા દંતધાવન કરીને સ્નાન કરીને પરવારીને બેઠી; પોતાની જોડે એક બે ચોપડીયો રાખતી હતી, તેમાંથી યોગવસિષ્ઠનું પુસ્તક વાંચવા લાગી.

જે મકાન નવનીતને રહેવાને માટે આપ્યો હતો તે મકાનથી એજ ઓળમાં ચોથો મકાન ત્રીજી નવીન ઠકરાણીનો હતો, તેમાં પ્રમતસીંહ તો ઘોર નિંદ્રામાંજ રાત ગાળી હતી: પ્રાતઃકાળમાં નિશો ઉતર્યા પછી પ્રમતસીંહ બેઠો થયો; જેમ તેમ અટ[illegible] [illegible]ને તે ઓરડામાંથી બાહેર નીકળ્યો; નવનીત અત્યારે શું [illegible] જેવાને માટે પ્રમતસિંહ નવનીતના માળામાં જલદ[illegible] પહોંચ્યો; ત્યારે તો આ વખતે નવનીતને એક પુસ્ત[illegible] વાચવા બેઠેલી જોઇ; આ વખતે નવનીતે ભસ્મનું ત્રિપુંડ ભા[illegible]દેશ ઉપર કર્યું હતું, બે બાજુએ ઘીની દીપક પ્રગટાવેલા હતા [illegible]પદાનોમાં ધુપની શળીયો સુગંધીદાર બળ્યાં કરતી હતી તે સઘળું જોઇને પ્રમતસીંહ બાજુએ એક ગાદિ ઉપર બેઠો.

થોડા વાર થઈ એટલે પ્રમતસીંહ નવનીત પ્રત્યે બોલ્યો કે, અહાહાહા! તમે તો ભારે પુજા કરેસો; અમારી ત્રણ ઠકરાણી-

યો તો એમાંનુ કાંઇયે જાણુતી નથી; હવે મારો મનખો તમારી સોબતથી સુધરી જશે; મને મનમાન્યુ રતન મળ્યું તે.હવે હુ કાંઇ છોડવાનો કે ! કેમ નવનીત! હુ તમને ગમ્યો કે નહી; નાના મારા સમ. હું તો ખરેખરૂં કહું છું અમે તો આટલા દી લગી માધેવજીને પુજીએ સીએ તેમાં વળી પુજાપાઠ તો મારો ભા પણુ જાણુતો નથી છતાં હવે મારા ઘરમાં પુજાપાઠ થાય એ પણુ ધન ધન ભાયગ; કહો હવે આપણાં લગન ચ્યારે કરવાનાં! હવે તો વાર કરવીજ નહી; મારો ભા પણુ ખુશી થઈ ગયાસે. વળી મારા જેવો તમને ધણી ચ્યાંથી મળવાનો હતો; તમે કદી પરણુત તો કોઇ હીંગતોળ વાંણીયાને પરણુત; પણુ મારા જેવો સમશેર બહાદર ઠાકોર કાંઇ મળત કે ? હે નવનીત! આ બધી જા કરોસો એનુજ ફળ પરમેસરે તમને આલ્યુ કે તમે વગર મેહેનતે આ મહોલમાંઆવી પોહોચ્યાં, અને મારી સંગાથે લગન પણુ થશે; નવનીત ! નવનીત ! મારા સોગન, કેમ મારૂ બોલવુ કાંઇ ખાટુસે કે ?

નવનીત—માહરા મહેરબાન ! આપ તો રાજકુવર છો; વળી ચતુર છો, તેથી આપના જાણુવામાં આવે એમાં શું આ-શ્ચર્ય; મારૂં ધન્ય ભાગ્ય કે હું અહીંયાં આવી પડી; જો આપ ન મલ્યા હોત તો જરૂર મારાં માતપિતા કોઈ ગરીબ વાણી-યાને પરણાવી દેત; વળી જેથી મારો ભવ બગડત.

નવનીતનુ વચન સાંભળી અત્યંત ખુશી થતો પ્રમતસીંહ બોલ્યો—રંગસે, રંગસે, તમને ઘણા રંગસે, હું તો એમ જા-ણુતો હતો કે તમારૂં મન દુખાયું હશે. કેમકે તમારા આગળ જુઠુ બોલીને અહીંયાં તમોને લાવ્યોસુ.

નવનીત—ના, ના, એમ તો હોય નહીં, સ્રીની જાત બ-હુ ચપળ હોયછે તેમ મન પણુ હોયછે; શરીરે મજબુત, દે-ખાવે રૂપાળો, અને લડાઇ કરવામાં બળો બહાદુર હોય એવા વીર પુરૂષનેજ ચતુર સ્રી પસંદ કરેછે; જુવો તમારા શરીરનો

રંગ રૂપાળાં પાકાં જાંબુ હોય તેવો છે; વળી મુખ ઉપરની કાળા રંગની ચાંમડી તેલથી ચોપડેલા અડદની માફક ચળકે છે; હે મહેરબાન ! દ્વારકામાં શ્રીકૃષ્ણુ ભગવાનનું રૂપ તમારા જેવુંજ હતું. મ્હેં તો તમને ગઇ કાલ રાત્રીએ ભજનમાં જોયા ત્યારથીજ તમારા સુંદર સ્વરૂપ, અને રૂપાળા વસ્ત્રની શોભા ઉપર તમારા સમ, હું તો મોહ પામી ગઇછું.

ગાદી ઉપર હર્ષયુક્ત એકદમ ઉછળતો બેઠો થઇને બોલળવા લાગ્યો કે—પ્યારી ! મહારી વાહાલી ! તને મ્હેં પેહેલાનંબરની ઠકરાણી કરીસે, હાંકે ! અહાહા ! તારામાં પરીખ્યા કરવાની વધા જબરી દેખાયસે. શ્રીકરશણભગવાનના જેવું મારૂ રૂપસે, એવું તો મારૂંબેટુ કોઈએ મને કહ્યું નથી પણ તમે ઘણી પોથીયો વાંચીસે એટલે તમને ઝડપ દઇને માલુમ પડી ગયું.

મનમાં ઘણું ચીડાતી અને ક્રોધ આવેલો છતાં તે ક્રોધને યુક્તિથી દબાવીને નવનીત બોલી—મેહેરબાન ! જ્યાં સુધી તમારી સાથે મારૂ લગન થયું નથી ત્યાંસુધી પ્યારી અને વ્હાલી એ પ્રમાણે મને કહેવું નહી; એમ કહેવાથી સ્ત્રીહત્યા ગૌહત્યા અને બ્રહ્મહત્યાનું પાપ બેસેછે; વળી જમરાજાના તાબામાં નરકમાં પડવાનો વખત આવેછે; હું તો તમારા ભલા માટે કહું છું,—કેમકે તમારામાં ચતુરાઈ અને બુદ્ધિ બહુ છે, એ વીશે મને પુરેપુરી ખાત્રી થઇ ચુકીછે.

પ્રમત—હા મારૂબેટુ એ તો ભૂલથી કહેવાઈ ગયું. પણ મારામાં બુદ્ધિ બહુસે એતો તમને હમજણ પડી એમાં તો વાંધો નથીને ?

નવનીત—મારા મેહેરબાન ! તમે તો મોભાગ્ર બુદ્ધિંના સલક્ષણા છો.

પ્રમત—મોભાગ્ર એટલે શું ?

નવનીત—છાપરાનો મોભ જેવી રીતે જાડો છે તેવી રીતે તે મોભના જેવી તમારી બુદ્ધિ જાડી અને મજબુત છે, જાડી

બુદ્ધિ એકદમ ભાગી કે તુટી જતી નથી; અને જેની ઝીણી બુદ્ધિ હોયછે તે તો જલદીથી ભાગી જાયછે. એ બુદ્ધિ બહુ દીવશ ટકી શકતી નથી.

પ્રમત—એમકે ! ત્યારે તો હુ જેવો મજબુત છું એવી બુદ્ધિ પણ મારા શરીરના જેવી જાડી અને મજબુત છે ખરીકે?

નવનીત—હાજી, આપના ગુણુનો કાંઇજ પાર નથી, જેટલું કહીએ તેટલું થોડું.

પ્રમત—ના, ના, મારા સમ બીજુ કેવી રીતે ?

નવનીત—તમને મહિષીના તીર્થરૂપ કહીએ તોપણ ચાલે.

પ્રમત—મહીષીનો તીરથરૂપ કેવો હશે ?

નવનીત—અરેરે ! તમે એ પણ ન સમજ્યાકે !

પ્રમત—ના, ના. તમારી શાશતરની વાંણી અમે શી રીતે જાણીયે ! અમારા ગામમાં ગીધા ગોળ હતા તે બધુંએ જાણતા હતા, પણ એ તો રામશરણ પોચી ગયા ત્યારથી અંધારૂં થઈ જયુંછે.

નવનીત—જુવો ત્યારે તમને એની પણ સમજણ પાડું;—મહીષી એટલે ભેંશ (ડાબુ) અને તેનો તિર્થસ્તપ (સ્વામી–કે ધણી) પતિ એટલે પાડો, એવો અર્થ થાયછે.

પ્રમત—(મનમાં રીસ લાવીને) તો પછે હુ પાડા જેવોકે?

નવનીત—અરે મેહેરબાંન ! પાડાના પરાક્રમથી તો દેવલોકો ભય પામીને ડુંગરામાં વસવા લાગ્યા. ઈંદ્ર રાજા ઈંદ્રાસન મૂકીને હીમાલયની ગુફાઓમાં સંતાઇ જવા લાગ્યો, વળી વિષ્ણુ અને બ્રહ્માએ તો પોતાનું સ્થાનક છોડીને એ વખતે કયાંએ જતા રહ્યા તેનો ફરીથી પત્તોજ લાગ્યો નહી.

પ્રમત—એમ કે ! એ કીયો પાડો હતો ?

નવનીત—પુરવે મહિશાસુર રાક્ષસ થઇ ગયો હતો તે; તમારા ગાંમના ગીધા ગોર પાસે એ કથા સાંભળી નહી હોય?

પ્રમત—હા, હા, હવે મને સાંભળી આવ્યું; બધા લોકો નવરાત્રીમાં વલ્લભ ધોળા ભગતના ગરબા ગાયસે ઇમાં મહીખાસુરનું નામ આવેસે; એજ કે?

નવનીત--હાં. એજ પાડો, એજ પાડાએ ગજબ કરી નાંખ્યો છે, એ મહિશાસુર કોઈથી મરે એવો નહોતો; બ્રહ્મા, વીષ્ણુ અને દેવંતાઓને જ્યારે મહામાયાં દેવીની સ્તુતિ કરી ત્યારે આઠ હાથવાળાં અંબિકાદેવી ઉત્પન્ન થયાં હતાં; ત્યારપછી એ અંબિકાની સાથે ઘણાં વરસ સુધી મહીસાસુરે લડાઈ કરીછે; સમઝયા કે,--એ પાડો બળવાન હતો કે જેણે ત્રણે દેવતાને વશ કર્યા હતા.

પ્રમત—વાત તો ખરીસે. મારા ગામમાં મારો બેટો એક પાડો આવ્યો હતો તે એવો જબરો હતો કે એણે ચાર પાંચ માણુસોને કચરઘાંણ કરી નાંખ્યા.

નવનીત--કહો ત્યારે હું તમને મહીશીતના તીર્થરૂપ કહું છું તે શું કાંઇ ખોટું છે કે ?

પ્રમત--ખરી વાત, ખરી વાત;હવે હીસાબ મળતો આવ્યો.

નવનીત--મેહેરબાન સાહેબ ! મને આ મેડો બહુજ સારો લાગ્યો. કેમકે આ પછીત પાછળ જે છજ્જુ છે તેમાં બેઠા હઈએ તો નદી અને ડુંગરાઓ ઘણા રૂપાળા દેખાય છે; પણ હું તમને પુછું છું કે એ નદીનું નામ શું હશે ?

પ્રમત—સાંભળો ! એ નદીનું નામ નરમદા છે; એ નરમદા સાતપુડ઼ા પર્વતમાંથી નેકળે છે, એજ સાતપુડ઼ા ડુંગરમાં આપણે રહીયે છે. હજુ આગળ આગળ એ ડુંગરો બહેં ગાઉનો છે, આપણે નરમદાના મોઢા આગળ છીએ. વાઘ વરૂ રેં છે, દીપડાં સીંહ બહુ રહેછે. ખરો મરદ હોય એજ આ ડુંગરમાં થઇને હેંડયો જાય, નહિ તો વાઘ વરૂના પંઝામાં આવ્યા વના રહેજ નહી; આ મહોલ નરમદાના ધોહ ઉપર ઉંચી ટેકરીએ બાંદયોસે, એથી કરીને જ્યારે ચોમાહું આવેસે ત્યારે ખરેખરી રાઝા જોવામાં આવેસે આઇ તો બારે માસ લીલા લહેરસે મ્હેં આ સાતપુડા પરવ઼તમાંથી ભટકી ભટકીને અતારલગી પુણુસો વાઘ માર્યાસે એ વાઘના ચાંમડાને મ્હેં તંબુ બનાવ્યોસે મારા પગના જોડા પણ વાઘના છે.

નવનીત--સાબાશ સુરા કુમાર મંસ્દનું તો એજ લક્ષણ છે; તમારી સંમશેર બહાદુરી જાણીને મને ઘણો આનંદ થાય છે. એ સાથે જો તમે ઉત્તમ વિદ્યા જાણી હોંત તો કાંઇજ બાકી નહોતી.

પ્રમત--હવે અમાને ભણીને શું કામ છે ! બહુ ભણવાથી કેટલાક ગાંડા થઇ જાયછે. હું નેસાળમાં ભણવા જતો હતો, તારપછે બારેકુબારા જાણીને મુચી દીધુ. એ કડાકુટ અમારે ન જોઇએ, અમારે કયાં ચોપડા લખવાસેં, અમારે તો તલવાર ઢાલનું કામ, અને તમારા જેવી મરગના બચા જેવી બાયડીનું કામ; કેમ ખરૂ કે નહી ?

નવનીત--(અરેરે ! કાળા કામળા ઉપરથી કાળાશ જાય કે આ માણુસને નીતિનું વાકય માન્ય થાય એમ મનમાં વીચાર લાવીને) તમારૂ બોલવું ખરૂ છે, જેઓ ભણે છે તેઓ ભડકણ ટટ્ટુ થઇ જાયછે; વ્હેમી બની જાયછે; અને વળી અભિમાનમાંથી તો હાથે કાઢતા નથી; માટે ભણતર ગણતર તો કેવળ માથાકુટ પંચકનું ભણુતર છે; તમારે તો મસ્તાન રહેવું એજ સારૂ છે;

પ્રમત આનંદ થતો બોલ્યો--અહાહા નવનીત ! તું તો ખરેખરી ચતુર છે. મારા ઘરમાં ત્રણ ઠકરાણીઓ છે એ તો ખરેખર મુરખી છે; તારા ચંદરવદન ઉપર તો હું ખુશી ખુશી થઇ ગયો છું આ ધડ ઉપરથી માથુ ભલે હેઠે પડે પણ હવે તો હું તને છોડવાનો નથી; માટે કહુછુ કે કાલે સવારે ભરામણને બોલાવીને આપણું લગન કરી નાંખીયે તો ઠીક કેમ ખરૂને ?

ધીરજ રાખીને યુક્તિથી નવનીત બોલી--મેહેરબાન સાહેબ ! હું પોતેજ તમારા ઉપર મોહ પામીછું તો તેમાં કાંઇ વધારે બોલવા જેવું નથી. પણ ધીરજનાં ફળ સારાં નીવડે છે; મારી માતુશ્રીએ મને સારો રૂપાળો વર તમારા જેવો મળવાને માટે અંબાજીની બાધા માની છે તે બાધાનું કામ પૂરૂ થાય એટલે આપણું લગન અહિયાં કરી નાંખીયે--

પ્રમત--એવી ચેવીં બાધાસે ?

નવનીત--ઓગણુપચા માટીના ઘડા લેવા. તે ઘડામાંથી દરરોજ એક ઘડો લઇને, તે ઘડાનું પુજન કરવું પછી તેના ગળામાં ફુલનો હાર ઘાલીને અને તે ઘડાના મોઢા ઉપર માટીનું કોડીયુ મુકી ઘીનો દીવો કરીને નદીમાં વેહેતો મુકવો, એ કામ મારી હાથેજ કરવાનું છે. આ પ્રમાણે ઓગણુપચાસ ઘડા પૂરા થાય એટલે પચાસમે દીવશે આપણાં લગન કરવાં, ત્યાં, સુધી હું આ મેડીમાં પુજન અરચન પરમેશ્વરનું એકાન્તથી કરીશ; તમે આજે જેવી રીતે મારી પાસે બેશીને આનંદની વાતો કરો છો તેવી રીતે દરરોજ આખા દાહાડામાં બપોરી વખતે આવીને વાતોના તડાકા મારી જવા; જેથી મને પણ ચેંન પડે, તમારૂ મોહુ જોયા વીના મને ચેંન પડતું નથી. માટે દીવશમાં મને એક વાર દરસન આપવું; એટલી મારી માગણી છે.

પ્રમત--અધધધધ, ઓગણુપચા દીવસ તો બે મહીનામાં દહ દીવસ ઓછા ગણાય છે.

નવનીત--એ તો કાલે સવારે પૂરા થઈ જશે. આપણી આટલા વરસની જીદંગી ચાલી ગઈ તો ઓગણુપચાસ દીવશનો શો હીશાબ છે ! માતાજીનું કુડુ પડે તો આપણી જોડ ભવોભવ સુધી દુઃખમાંજ રહે, કંકાસ વધે, રોગ વધે, માથે આફત આવે; માંટે અંબીકા માતાની જે બાધા માંની હોય તે તો કર્યા વીના ચાલેજ નહીં.

નવનીતના લગ્ન કરવાના મોહજાળમાં ફસાયલા પ્રમતસીંહે નવનીતનુ વચન માની લીધું; નવનીતનું વ્રત પૂરૂ થતા સુધી નવનીત પાહે પાક મહોબતથી વર્ત્તવાને તેણે નિશ્ચય કર્યો; મારી રાજઘડીમાં હવે સપડાઇ છે તે કયાં જવાની છે ! મારી ચોકી પહેરામાંથી તેને જવાનો બીજો કોઈ માર્ગ છેજ નહીં; તેમજ ગલાબડી અને જીવલી દાશીયો તેની પાસેજ છે; તેથી હવે કોઇ રીતની હરકત રહી નથી; એમ સમજીને પ્રમતસીંહે નવનીતનું વચન માન્ય કરીને કહ્યું, કે જ્યારે એમ છે તારે તમામ

ઘડા આજને આજ મંગાવી આપું છું, વળી મારા બાગની આંપલી માલણુસે તે રાજ રાજ ફુલનો હાર ગોટા આલી જશે માટે તમો બાધાનું કામ પૂરૂ કરી નાંખો, તમારૂ કહેવું ખરૂસે માતા અંબાજીનો કોપ થાય એમ કદી કરવું નહી, પણ તમે કહોસો કે મારી જાતે મારા હાથે એ ઘડાને નદીમાં મૂકવો. એ એવી રીતે બનશે અહીંથી નદી પગવાટે રાજઘઢીમાંથી નીકળીને ચાર ખેતરવા નીચાણમાં ઉંડા કોતરમાં દાશીને લઇને મૂકવા જાઓ તારે બને એવુંસે, અને તમે તો મારાં ઠકરાંણી કહેવાઓ તેથી હોજલપડદામાંથી બાહેર નેકળાય નહીં, તો પછે ઘડો મુકવાનું એવી રીતે કરસો. કદાપીને આ દાસી જીવલી ઘડાને નદીમાં મુકી આવે તો કાંઇ હરકત નથી.

નવનીત—મ્હારે આ રાજઘઢીમાંથી બાહેર નીકળવાનું શું કામ છે! હું તો હવે મણુ થાય તોપણુ કોઇને મારૂં મોઢું બતાવનારી નથી તેમ બીજાનું મોઢું મારે શા ઉપયોગમાં આવવાનું છે! હું તમારા મુખ ઉપર વારંવાર વારી જાઉં છું; તમારૂ જાંબુડાના જેવા રંગનું મુખ શ્રીકૃષ્ણુ ભગવાનના જેવું જોઇને જ મારૂ હૃદય વશ થઇ ગયું છે; મોટો ઇંદ્ર રાજા આવે તોપણુ તેને ધુતકારીને કાઢી મુકું, તમે તો ખરેખર મારા મનમાં વશી ગયા છો, તમારા મુખમાંથી જે શબ્દો નીકળે છે એ શબ્દ તો મારા કાળજામાંજ ચિતરાઇ જાયછે, હે કુમાર ખરેખરૂં કહું છું કે મને હોજલપડદો ઘણોજ સારો લાગેછે, કેટલીક સ્ત્રીયો હોજલપડદાથી ગભરાય છે, પણુ હું તો પડદામાંજ સુખ માનું છું; માટે એક ઉપાય બતાવું તે પ્રમાણે જુક્તી કરો તો આ મેડી ઉપર બેઠે બેઠે મારા હાથેથીજ ઘડો નદીમાં મુકી શકાય, અને અંબામાતા પણુ મારા હાથેનો ઘડો મુકાયોછે એમ માની લેશે.

નવનીતનું પ્રેમાળ વચન તથા દીલાસાવાળું વિશ્વાસ ભરેલું વચન સાંભળીને પ્રમતસીંહને સંતોષ થયો પછી ઉલટથી બોલ્યો કે; અહીયાં રહે રહે જુગતી નીકળતી હોય તો એના જેવું બીજું ચીયું કહેવાય! ત્યારે એમ કરવું?

નવનીત--આ મેડીની પછીત પાછળ જે મોટું છજું છે તે છજાને મજબુત લોખંડ જડાવીને ગડગડી જડી દેવી અને મજબુત સુતરનું અંગુઠા જેવું જાડુ દોરડું નદીના પાણી સુધી પોચે તેટલું છજામાં રાખી મુકેવું. તે દોરડાને ઘડો બાંધીને હું નદીમાં મુકું એટલે તે ઘડાનો ગાળો આ જીવલી દાસી પાછળ જઇને સંકેલી લેશે એટલે બસ છે; માથુ હુલાવીને પ્રમત બોલ્યો;--એ તો ખરૂ, પણ પાછળ તો એટલું બધું ઉંડુ પાણી છે કે હોડી વીના જઈ શકાય એમ નથી.

નવનીત--એક હોડી ત્યાં બાંધી રાખવી જોઇએ,--જ્યારે ઘડો હું ફાંસું તે વખતે એક દાસી તે હોડીમાં બેશીને ઘડાનો ગાળો છુટો કરીને આવે અને તે દોરડું હું પાછું ખેંચી લઇશ આ પ્રમાણે કરવામાં આવે તો આ હોજલપડદામાંથી મારે બાહેર પગ મુકવાનો પ્રસંગ નહી આવે.

પ્રમતસીંહે નવનીતની યુક્તી પસંદ કરી; આમ કરવાથી બીજી કોઇ હરકત થશે એમ તેના મનમાં વીચાર આવ્યો નહી, તેમજ તેવો વિચાર આવવાનો સંભવ નહોતો, કેમકે રાજઘઢીની પાછળ નર્મદા નદીનું ઘણું ઉંડાણ હતું; ત્યાં કોઇનો પગરવટ નહોતો; તેમજ તે તરફની જગો ઘણી વિકટ અને હિંસક પ્રાણી અનાયાસ આવી શકે એવી ભયવાળી હતી તેમજ આ વણીકની પુત્રી નવનીત એવી જગોમાં દોરડી પકડીને ઉતરી શકે તથા તેમ કરીને પણ હોડીમાં બેશીને જઈ શકે તેવી હિમ્મતવાળી છે એવી ખાત્રી પ્રમતસીંહને થઇ નહોતી; કેમકે કોઇ વિચિત્ર તર્ક કે યુક્તિની યોજના ઘડીને નવનીત સટકવા પામે એવી તે જગો નહોતી એમ પ્રમતસીંહે માની લીધું હતું. તેમજ તે સાથે નવનીતે પોતાનું મન પ્રેમાળું અને દીલાસાવાળું પ્રમતને બતાવ્યું હતું, તેથી પ્રમતને વ્હેમ લાવવાનો વિશેષ માર્ગ રહ્યો નહોતો;-તેથી તે યુક્તી પસંદ કરીને પ્રમતસીંહે સઘળી યોજના નવનીતને કરી આપી, દરરોજ પુષ્પનો હાર ચાંપલી માલણ આપી જાય તેવી ગોઠવણ કરી આપી અને પાછળ-

ના મોહોટા છજામાંથી દોરીમાં ઘડો ભેરાવીને નવનીત તે નદી માં ઘડાને ફાંસતીહતી. અને તેની દાશી ઘડીની પાછળ પ્રગરસ્તે થઇને હોડીમાં બેશીને ઘડાનો ગાળો છુટો કરીને હોડીને હંકારી છેક પગદંડીયા તટ ઉપર લાવીને દોરડેથી બાંધીને પાછી આવતી રહેતી હતી. આ પ્રમાણે ઓગણપચાસ દિવસ પુરા કરવાને માટે મોટી આશાવાળી નવનીતે ત્રાપ શરૂ કર્યો.

પ્રકરણ ૮ મું.

પવિત્ર અંત:કરણનો એક મુસાફર.

અનાયાસ લાભ.

પુર્વ અને પાશ્ચિમ દીશાથી વેગ કરતી વાદળીયો, એક બીજાની સાથે સ્પર્શ કરતી આકાશમાં ગમન કરતી હતી; ભાનુદેવ તે વાદળીયોના જુથ્થમાં છુપાઇ ગએલોજ જણાતો હતો; કેટલીક વાદળીયો જળથી ભરેલી અરણ્યને બહુજ શોભા આપતી હતી; આસોપાલવના વૃક્ષ ઉપર બેઠેલાં મયુરવૃંદ ટુહુંકાર કરી રહેલાં હતા; પાશ્ચિમ અને પૂર્વ તરફના સુગંધી વનસ્પતિ સાથે સ્પર્ષ થએલા એક બીજાની સાથે અથડાતા અંગને સ્પર્શાઇને આનંદ પ્રાપ્ત કરતા હતા; વંટોળીયા વાયુથી ચારે બાજુની ધુળ ભમરડી ચકરડી કરતી છેક આકાશમાં ઉડીને રજનો થંભ થયો હોય તેવું દેખાતું હતું; જળથી ભરાયેલીવાદળીયોનાં પાશ્ચિમ દિશાએ મોટાં મોટાં શીખરો હિમાલય પર્વતના અત્યંત ઉંચા શૃંગ જેવાં જણાતાં હતાં. તે જળ પુરીત ઘનઘટામાં સર્પાકૃતી કરતી વીજળી વારંવાર ચમકારા મારતી હતી; આ વખતે મધ્યાન્હનો સમય થયો હતો; સૂર્ય મસ્તક ઉપર આવેલો છતાં જોસભેર ચાલતાં વાદળમાં ઢંકાયલો દૂધ જેવા વર્ણનો પ્રકાશ આપતો હતો; આવા પ્રકાશમાં દૂરથી દેખાવ આપતા સાતપુડા પર્વતના શીખરો અત્યંત શોભી રહ્યાં હતાં; પવનના યોગે ગંભીર જળ-

વાળી નર્મદામાં જ્યાં અત્યંત ઉંડાણ ઉપર જળ સમુદાયછે તેમાં પવન સ્પર્શના તરંગો નાના મોટા પસાર કરતા હતા; બગલા અને સારસ પક્ષીની પંક્તિ આકાશમાં ગમન કરી રહી હતી;એ પંક્તિ ખબુતરના પાંખ જેવા વાયુદળમાં સફેત પુષ્પના હાર જેવી દેખાતી હતી; આ કુદરતી દેખાવ કોને આનંદ ન આપે! જેઓ સૃષ્ટાની અતકર્ય રચનાને જોઇને આનંદ પામતા આશ્ચર્ય માંજ ગેબ થઈ જાયછે, તેઓ તો આવા રમણીય સ્થળમાંજ નિવાસ કરેછે; અગર તેઓ ઠામ ઠામ મનોહર રચના જોવાને યાત્રા કરેછે; એટલુંજ નહિ પણ પશુ પક્ષીવર્ગના પ્રાણી તે વખતે આનંદથી નાચેછે; એ વખતે મોર કળા કરીને નૃત્ય કરેછે; અને આકાશમાં ઘનઘટા જોઇને આનંદનો ટીહુકાર કરેછે; મૃગનાં ટોળાં છલંગ મારતાં મંદમંદ સુગંધી પદાર્થ સાથે સ્પર્શ વહન થતા પવનમાં આમતેમ દોડાદોડ કરેછે; આવા સમયમાં અને એવા રમણીય સ્થળમાં એક મુસાફર નર્મદા કીનારે સ્નાન કરતો હતો; એ મુસાફર તત્વચિંતક અને વેદધર્મના ખરા અર્થને માનનારો હતો, તે સ્વભાવે શાન્ત અને ગંભીર મુખમુદ્રાવાળો જણાતો હતો, તેનાં નેત્ર મ્હોટાં અને નિર્મળ હતાં; તેના શરીરનો બાંધો મજબુત અને માંસલ હતો; તેના શરીરનું ગૌરવર્ણ શોભા જણાવતું હતું. કસરત કરવાથી અંગની મજબુતી વિશેષ હતી; તે ચારે તરફ નજર કરીને આનંદ પામતો હતો; છતાં તે જાણે મોટી ચિંતામાં પડી ગએલો હોય તેવી તેની મુખમુદ્રા કહી આપતી હતી; તે જાણે ગામેગામ ફરતો હોવાથી શ્રમ પામેલા શરીરવાળો જણાતો હતો; તેનું હૃદય પ્રેમાળ હતું એમ તેનાં નેત્ર કહી આપતાં હતાં; મોઢેથી તો નર્મદાષ્ટક બોલતો હતો પણ અંતઃકરણના કેંદ્રમાં તો પ્રેમની પરીશીમા પ્રાપ્ત કરવાનું ઉદ્યોગરૂપ ચિત્ર તાદૃશ ચિતરાયલું માલુમ પડતું હતું; તે ઘણો ધીર હોવાથી તેના હૃદયના વિચાર કોઇ કળી શકતું નહોતું; એવો એક મુસાફર નર્મદા નદીના મુખપ્રદેશ તરફ ઘણા દૂર દેખાતા સાતપુડા પર્વતના દેખાવને જોઈ રહ્યો હતો, તેની સહજદૃષ્ટી નદીના જળની શોભા ઉપર ગઇ; એટલે દૂરથી એક ઘડો

તણાતો તણાતો આવતો નજરે પડયો, તે જોતાંજ તેના હૃદયમાં સ્વાભાવિક વિચાર ઉત્પન્ન થયા, આ ઘડો કયાંથી આવતો હુશે! તેમાં શું હશે! કોણે મુકયો હશે! એ ઘડો આપણે લઈને જોવો જોઈએ;--એ વિચાર કરીને જળમાંજ ઉભો રહ્યો; વળી સંકલ્પ વિકલ્પ કરવા લાગ્યો કે નદીમાતાનું પુજન કરીને કોઈએ ઘડો મૂકયો હશે; એમાં શું જોવાનું હતું! માટીના ઠાલી ઘડામાં શું હોય! આમ વિચારચક્રમાં ચઢેલો જળમાંથી બાહેર નીકળવાનો વિચાર કરેછે એટલામાં તે ઘડો વેહેતા જળ સાથે તે મુસાફરથી પંદર કદમ દૂર આવતો હતો; તે જોઈ હવે આટલા સારૂ શામાટે આળસ લાવવું જોઇયે! શંકાનું સમાધાન પણ થશે. પ્રત્યક્ષ પ્રમાણાનુભવ જેવો એકે અનુભવ નથી. એમ કહીને પાણીમાં તરતો જઈ પોહોચ્યો, તે ઘડાને ઝડપથી હાથમાં પકડી લીધો; પછી ત્યાંથી સપાટાબંધ તરતો નદીના તટ આગળ ખડો થઈ ગયો; જ્યારે ઘડા ઉપર નજર કરી ત્યારે તે ઘડાનું મુખ લાખથી બંધ કરેલું જણાયું, તે બંધ કરેલી લાખ ઉપર એક મુદ્રા હતી, તે મુદ્રા તેણે જોઇ ત્યારે તેના મનમાં આશ્ચર્ય થવા લાગ્યું; જેમ બને તેમ ઉતાવળથી સૂકવેલું ધોતીયું પેહેરી લીધું જે ધોતીયું સ્નાન કરતી વખતે પલળેલું હતું તે કછોટો વાળીને પથ્થર ઉપર સત્વરથી પટકીને સ્વચ્છ કર્યું; ઉપર્ણો જલદીથી ઓઢી લીધો, એમ કર્યા પછી ફરીથી તે ઘડો હાથમાં પકડીને જોયું, ઘડાના મુખ આગળ જે લાખથી બંધ કર્યો હતો તે લાખના બંધમાં ગોળ સીલ લગાવેલી હતી, તેમાં બાઈ નવનીતકળા, એટલો અક્ષરો સ્પષ્ટ જણાઇ આવ્યા; તે જોતાંજ તેનું હૃદય પ્રફુલ્લ થયું; હવે અંદર શું છે! શામાટે ઘડો જળમાં મૂકયો હશે! લાખની શીલ કરવા પુરતી તેને કયાંથી તક મળી હશે! આ ઉપરથી એમ જણાયછે કે નવનીત હયાત છે, પરંતુ પરાધીનમાં સપડાયલી હોવી જોઇએ, કદી એમ ન હોય તો તે મર્ણ પામતા પેહેલાં આટલું કામ કરી લેવાંને તક મેળવી શકી હશે?

ખેર એનું હવે સિદ્ધાંત થશે, એમ ધારીને તેણે તે ઘડાને

સારી પેઠે હલાવ્યો, ત્યારે અંદર કંઇ ન હોય એમ લાગ્યું, પણ કંઇ હલકો પદાર્થ અથડાય છે એટલા પુરતું સમજવામાં આવ્યું; તેણે તે ઘડાને ફોડી નાંખ્યો. તે વખતે એક ચીઠી જોવામાં આવી, ઘણીજ આતુરતાની સાથે તે ચીઠીને તેણે હાથમાં લઇને વાંચી; તેમાં એ લખ્યું હતું કે "ચંદનપુરના રાજપુત્ર પ્રમાદના મહેલમાં હું સપડાયલી નિરાશ્રીત બાળાને કોઇ દયા આણીને મુક્ત કરાવો. આ ઘડો બેતાલીસમો છે. હવે આ પ્રમાણે વેહેતા મુકવાના સાત છે, સાતમે દીવશે મારૂ મર્ણ છે; મારા મર્ણ દીવશ સુધી મારૂં બ્રહ્મચર્ય સચવાશે; તે શીયળવૃત સાચવવાને તે દીવશ નિર્ણય કર્યો છે, કેમકે તે દીવશે પ્રમતસીંહ મારી સાથે લગ્ન કર્યા વિના રહેવાનો નથી, મારા શુરવીર આર્યભૂમિરક્ષક બન્ધુઓ આ ચીઠી વાંચીને મારૂ રક્ષણ કરો" ચીઠી વાંચીને આ મુસાફરનું હૃદય ઉછળવા લાગ્યું, નેત્રમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં; ધારેલી હકીકત તો હું મેળવી ચુકયો પણ હવે તે કાર્ય સફળ કરવું એજ બાકી રહ્યું છે; ચીઠી વાંચીને હૃદય સાથે તેણે ઘણાજ પ્રેમથી જેમ બને તેમ તાકીદથી નર્મદા નદી ઉપર વશેલા એક નાહાના ગામમાં જ્યાં મકાન કર્યો હતો ત્યાં જઈ પોહોચ્યો.

તે મુસાફર આપ નૈવેદી હતો તેણે આજ અતિ ઉલટથી રશોઇ કરી લીધી; તેણે રાત્રીની વખતે એ ગામની સમગ્ર પ્રજાને નીતિધર્મનો બોધ આપ્યો હતો, તે ઉત્તમ બોધને વશ થએલા સુખી, મતાદાર, પટેલ લોકો આ મુસાફર પાસે આવીને બેઠેલા હતા, એ વખતે મુસાફરે પ્રશ્ન કર્યો કે, દયાળચંદ પટેલ! અહીંથી ચંદનપુર કેટલે દૂર થાયછે?

દયાળચંદ—હા, હા, પેલા પરમતશંગજીનું કે?

મુસફર—પ્રમતસીંહનું કેમ કહોછો! શું તે રાજગાદી ઉપર બેઠેલો છે! ઠાકોર એજછે કે?

દયાળચંદ—ના, ના, એનો બાપ તો જીવેછે પણ પરમતશંગ તલવારે બહાદર બહુસે, વળી ઇણે આશરે સો વાઘ માર્યા હશે; માટે એનું નામ આગળ પડતું થૈ જશ્યું સે.

મુસાફર—ઠીક ઠીક; તો પછી એજ પ્રમતસીંહનું ચંદનપુર અહીંથી કેટલે દૂર થાયછે?

દયાળચંદ—આશરે તરીહ ગાઉ ખરૂં.

મુસાફર—શીવ, શીવ, શીવ, શીવ, ત્યાં કયારે પોહોચાય.

દયાળચંદ—હેંડતા જાય તો બે દહાડાનો રસ્તો, પણ તમારા જેવા કદી હેંડે તો ત્રણ દીનો રસ્તો ખરો, હાંકે! પણ ભાઈ! એ ગામમાં કાંઇ કામ સેકે?

મુશાફર—ના, કામ તો કાંઈ નથી, પણ જેવી રીતે અહીંયા આવીને આનંદ કર્યો તેવો ત્યાં જઇને કરવો.

દયાળચંદ—હે માહારાજ! તમે તો મોટાં માંણુહ જણાઓછો, તમે આંઇ પંદરેક દહાડા રહો તો અમને એવો આનંદ થાય.

મુસાફર—મને ઘણી જરૂરનું કામ છે, માટે જવું પડશે, કદી તમારી મરજી હશે તો વળતી વખતે હું આ ગામે થઇને જઈશ.

દયાળચંદ—ત્યારે તો તમે એકલા જઇ શકો એવો પાંશરો રસ્તો નથી. ત્યાં જતાં તો ડુંગરા ડુંગરી અને જબરી ઝાડી આવેસે, રસ્તા પણ હજારો છે. તે કરતાં આ ગામનો એક ચોકીયાટ આપુ એટલે તેની સાથે તમે હેંડયા જાઓ.

મુસાફરને આંનંદ થયો; જોઇએ તેવું સાધન મુખીપટેલના પ્રેમ મળતા દ્વારે મળી આવ્યું; તેણે તો એજ દિવશે કમ્મર કસવા માંડી; હાથમાં હાથમાં લાકડી પકડીને તથા ચોકીયાટને લઇને પંથે પડયો; ચાર દિવશે સાયંકાળે ચંદનપુરમાં પ્રવેશ કર્યો; આ ગામમાં તેણે એક કુંભારને ત્યાં મુસાફર તરીકે ઉતારો કર્યો.

પૂર્વે સેંકડો વરસથી જુનો રીવાજ એ હતો કે કોઇપણ મુસાફર હોય તેને કુંભાર લોકો પોતાની છુટી જગોમાં ઉતારો આપતા હતા; કુંભાર લોકો ઘણાખરા માર્ગી સાધુને માનનારા હતા, તેથી તે ધર્મમાં પરોપકાર કરવાનું મુખ્ય રહસ્ય રહેલુંછે, તેવા ધર્મના અનુયાયી કુંભારલોકો મુસાફરની મરજી ઉત્તમ રીતે ઉઠાવતા હતા.

આજે આપણો નવીન મુસાફર કુંભારને ત્યાંજ ઉતર્યો હતો; રાત્રી વખતે જે કંઇ ખોરાક લેવાનો હતો તે તેણે લઈ લીધો; પછી નિવૃત થઈને તે કુંભારની ઓસરીમાં પથારી કરીને બેઠો; પછી તે કુંભાર પ્રત્યે મુસાફર બોલ્યો કે, હે ભાઇ જેઓ મુસાફર લોકોની પરોણાગત કરેછે તેઓને ધન્ય છે; તમ સ્વભાવ ઘણો ઉદાર અને માયાળુ જણાય છે; તમારી નમૃતા જોતાંજ ગમે તેવા વજ્ર હૃદયના માણુસને કૃપા ઉપજે એવી છે; વાહ, વાહ, આજે જાણે હું મારા પોતાના ઘરમાં હોઉં એવી રીતે અહીંયાં તમારા પ્રતાપે કરીને સુખ પામ્યો છું.

કુંભાર—હે ભાઇ ! તમે તો ભલા માણુસ દેખાઓ છે ચંદન તે ચંદનજ, અને બાવળ તે બાવળ, તે પ્રમાણે અમે તે ગરીબ માણુસ છીએ, જે જે સ્વભાવના માણુસો આવેછે, તેમની સરભરા બને તેવી કરીયે છીએ, તેમાં કોઇ ક્રોધી આવેછે, કોઈ સ્વારથી, કોઇ કપટી, કોઇ કેવી રીતે ફરનારા આવેછે. તેઓ પણ તેમના સ્વભાવથી જણાઇ આવેછે, પણ અમે તો પરમેશ્વરના નામ ઉપર પરોણાગત કરી હાથ જોડીને ઉભા રહીએ છીએ.

મુસાફર—વાહ, વાહ, તમારો સ્વભાવ સાધુપુરૂષ જેવો છે; સંસારનો બોજ ત્યાગ કરવાથી કાંઇ ત્યાગી કહેવાતું નથી, પણ પોતાના શરીરમાં અને હૃદયદ્વારામાં મનના વીકારે કરીને તથા વિષયના બળવડે કરીને જેકાંઇ કાર્ય થાયછે તે દુઃખદાયક, કાર્યના કરાવનારા વિષયને જેઓ વશ કરે છે, એજ ત્યાગી કહેવાયછે એજ ત્યાગી જગતને જીતે છે, જે જીતનો હેતુ ખડગથી કે બળથી કે લડાઇથી મેળવવામાં પ્રયત્ન રહ્યો છે છતાં યથાર્થ કહેવાતો નથી તે જીત ત્યાગી પુરૂષોનો યથાર્થ અને જગતજીત પુરૂષાર્થનો યોગ કહેવાય છે.

હે ભાઇ તમને ધન્ય છે; એમ કહીને તે મુસાફર પથારી ઉપર આડો થયો. મુસાફર તરફથી ધન્યવાદ તથા ઉપકારનાં વચન સાંભળીને કુંભાર અનહદ ખુશી થયો; કુંભાર જાતે ગરીબ હતો; તેતો માત્ર રસોઈ કરવાને માટે તથા પાણી ભરવાને

માટે માટીનાં વાસણ, બરતન તથા ઉતારો આપતો હતો, કદાપી બની શકે તો ગોદડી અને ખાટલો આપી શકતો હતો; તે શિવાય ખાવાંની વસ્તુ વિગરે ઉતરનાર મુસાફર મોદીખાનેથી ઉપાડ કરીને લાવે એમ હતું; આ પ્રકારની શરભરા કરનારો કુંભાર આ સાત્વીક વૃત્તિવાળા મુસાફરને જોઈને તથા તેના શબ્દો સાંભળીને ઘણો આનંદ પામ્યો હતો; તે કુંભારની જોડે એક ચાંપલી માલણનું ઘર હતું. તે માલણ એકાએક કુંભારને ઘેર સહેજ આવીને ઉભી રહી,–માલણને જોઇનેજ પેલો કુંભાર કહેવા લાગ્યો કે આજે તો અગીયારશ છે, માટે જે પ્રકારે પ્રભુનું નામ લેવાય તે પ્રકારે જાગ્રણ કરીને લેવું જોઇએ; આ અમારી ઓસરીમાં બેઠેલ મુસાફર બહુ જ્ઞાની અને લાયક છે, તમે પણ બેસો;–કુંભારનુ વચન સાંભળીને સાઠ વરસની ઉમ્મરવાળી વૃદ્ધ ચાંપલી ડોશી હાથમાં માળા લઇને ત્યાંજ બેશી ગઇ.

કુંભાર ગરીબ સ્થીતિનો હતો, તે સાથે માર્ગી સાધુના ઉપદેશથી તેનું હૃદય ભીન્નભાવ વિનાનું હતું; વળી સજ્જન અને સતસંગ મેળવવાની ઇચ્છાવાળો હતો; અનેક પ્રકારની વાતો સાંભળવાને રશીયો હતો; કોઇ ભાગ્યશાળી અને પ્રમાણીક મુસાફર જોવામાં આવે તો તેની પાસે બેશીને આનંદ મેળવતો હતો, એવા એ કુંભારે જ્યારે મુસાફર તરફથી પોતાના ગુણનાં વખાણ સાભળ્યાં ત્યારે તે ભોળા મનના કુંભારને એકાએક પ્રેમ ઉત્પન્ન થયો; પથારી ઉપર સૂઈ રહેલા મુસાફરના પગ આગળ જઈને પગચંપી કરવા લાગ્યો; મુસાફરે પોતાનો પગ સંકોચાવીને કહ્યું કે હે ભાઈ! તમે આમ કરતા નહીં, હું કદીપણ પગ ચંપાવતો નથી.

કુંભારે કહ્યું, કે હે ભાઈ! તમે દસ બાર ગાઉથી ચાલ્યા આવોછો, તેથી તમને થાક લાગ્યો હશે, તમારૂ શરીર જોતાં તમે કોઇ ભાગ્યશાળી જણાઓ છો, તમારૂં મોટું કપાળજ કહી આપે છે; તમારી કાન્તી કોઇ અમીર જેવી છે; છતાં તમે એકલા પગે ચાલીને મુસાફરી કરો છો; એ જોઇને મને આશ્ચર્ય લાગે છે, હું તો ગરીબ કુંભાર છું, આપ જેવા સજ્જન ગુણી માણ-

સોની સેવા કરતો આવ્યો છું, અને કરૂં છું; માટે તમે મનમાં કાંઇ શંકા લાવશો નહીં.

પવિત્ર મનના કુંભારનું વચન સાંભળીને મુસાફરને આનંદ થયો; પોતે ચાલવાના શ્રમથી થાકી ગયો હતો એ તો ખરૂં હતું. પગ દુખતા હતા, તેમાં આસ્તિક કુંભારનો નિર્મળ પ્રેમ મુસાફરે જોઇ લીધો; તે ઉપરથી મુસાફરે કહ્યું કે ભાઇ ! તમે આજ મારા પગ ચાંપશો, પણ કાલે કોણ ચાંપશે! માટે એ ટેવજ ખોટી; ઉષ્ણજળથી સ્નાન કર્યુંછે તેથી મારો તમામ થાક ઉતરી ગયો છે, તમે મને ઉતારો આપ્યો, તથા રસોઇ કરવાને માટે વાસણ અને લાકડાં આપ્યા, તેમજ શયન કરવાને માટે ગોદડાં અને આ મકાનં આપ્યો, એ કામ ઓછું કર્યું નથી, તમે ઉપકાર કરનારા છો, અને તે ઉત્તમ કામથીજ તમારૂં કલ્યાણ થશે.

મુસાફરની વાણી કુંભારે સાંભળી, એટલે તો તે ભોળો કુંભાર તુરતજ પગ ચાંપવા લાગ્યો; મુસાફરે ઘણીએ આનાકાની કરવા માંડી પણ તે ઉપર કુભારે લક્ષ આપ્યું નહીં.

એટલામાં ચાંપલી માલણ બોલી ઉઠી કે ભાઈ! તમે હવે અહીંથી આગળ કયાં જવા ધારો છો! આગળ રસ્તો છેજ નહીં; ગામ પણ નથી કેવળ ભયંકર ડુંગરાઓ છે. છેલ્લામાં છેલું આ ગામ છે. આ તો સાતપૂડો પર્વત છે. જેમાંથી નર્મદા નદી નીકળ્યાં છે; નદીનુ મુખ હજુ અહીંથી પાંચ ગાઉ દૂર છે, તે જોવા જવાની તમારી ઇચ્છા હોય તો ચાલતાં ઘણી મહેનત પડે તેમ છે; ત્યાં કોઇથી જઇ શકાતું નથી. હીમ્મતવાન અને બળકટ માણસ એટલામાંજ જઇને પાછા આવેછે, પછી ત્યાંથી આગળ કે મછે તે સમજાઇ આવતું નથી; નજર પોહોચે નહીં એવી ઉડી અને મોટી ખીણો છે તેમાં આ નર્મદા વહે છે, ઝાડી તો એટલી બધી છે કે તેમાં સૂર્યનો પ્રકાશ પણ પડી શકતો નથી, આ ગામ પણ તેવાજ ડુંગરોમાં છેલ્લામાં છેલ્લું છે; તો તમે નર્મદા નદીની પ્રદક્ષણા કરવા સારૂ આવ્યા હશો કેમ ખરૂકે ?

મુસાફરે—માજી ! તમે કહોછો એમજ છે, આ સઘળી શોભા જોઇનેજ હું આનંદ પામ્યો છું, પરમેશ્વરની રચના તો જોવીજ જોઇએ, એજ તેની કૃતિ આપણા હૃદયમાં જોવાથીજ વસે

છે, આપણા શરીરમાં ઇશ્વરનો વાસ છે તેવી રીતે તમામ બ્રહ્માંડમાં ઇશ્વર વસી રહેલો છે; પણ નેત્રદ્વારાએ કર્તાની કૃતિ જોઇએ તો ઇશ્વરની રચના માટે ઉત્તમ પ્રકારનો બોધ મળી શકેછે, કહ્યું છેકે કપાળે કપાળે જુદા જુદા મતછે, તેથીદેશાટણ કરવાથી સત્પુરૂષોના દર્શનનો પણ લાભ થાયછે; એમ કરવાથી અનેક માણુસોનો સહવાસ થાયછે: હે માજી! વિચાર કરો કે તમે કયાં અને હું કયાંનો છું. એમ મનમાં લાવીએ તો તે માત્ર કહેવા પુરતું છે; વસ્તુ તો એક છે; જીવ ન્યારા છે. પણ જુદા જુદા સ્થાનમાં પ્રગટ થએલા મનુષ્યો જુદા જુદા વ્યવહારમાં રહેલા જુદા જુદા ગુણે કરીને જોવામાં આવેછે; અનેક ચિત્રવીચિત્ર રંગબેરંગી આકૃતિવાળાં પ્રાણી નજરે પડેછે, અનેક પ્રકારની રચના જણાઇ આવેછે, હે માજી! તે તમામ નેત્રગુણનું સાધન છે; જો કે નેત્ર છે તો તેનો ઉપયોગ કરવોજ જોઇએ; નેત્રનો ઉપયોગ જ્ઞાની પુરૂષો વિવેકદ્વારાએ પ્રવાસ કરીને દેશના કલ્યાણ માટે સારો કરેછે; જેઓ જ્ઞાની પુરૂષછે તેઓ તો દેશાટણ કરીને સર્વ મનુષ્યોને મળીને તેમના હૃદયમાં નિવાસ કરેછે; હે માજી! હું તો માત્ર આ સઘળો દેખાવ જોવા સારૂ આવ્યો છું, અને એને યાત્રા માનું છું.

ચાંપલી માલણ—વાહ, વાહ, ધન્ય છે, ધન્ય છે, હે ભાઈ અમારા ગામના ઠાકોર પાસે તમારા જેવા જ્ઞાની પુરૂષ હોય તો બાકી શી રહે?

મુસાફર—તો શું અહીંનો ઠાકોર અભણ છે! કદી એમ હોય તો તેની પાસે કોઇ લાયક કારભારી નથી કે શું?

ચાંપલી માલણ—ભાઇ! આખી વસ્તી અભણ છે; પણ તે તમામ વસ્તી તલવા/ બહાદુર અને શુર છે, જેઓ મર્ણનો તો ભયજ રાખતા નથી; સહજ તકરારમાં વીજળીની માફક તલવાર મ્યાનમાંથી ખુલ્લી કરીને એક બીજાની ગર્દન ઉપર પ્રહારે છે; તેમાં તેઓ ક્ષણ માત્રમાં પ્રાણ ખુવેછે; તે તમામ અભણ પ્રજાના અંતઃકરણમાં ક્રોધરૂપી અગ્નીનુંજ ચીત્ર છે; તે ક્રોધરૂપી અગ્નીનાજ ચીત્રમાં સદ્‌બોધ અને સદવિદ્યાનો નિવાસ શી રીતે

થાય! તેમાં કાળા રંગની કામળની કાળાશ સેંકડો મણ સાબુથી જતી નથી; યુવાવસ્થાના સ્યામ વાળ જેવી રીતે વૃદ્ધાવસ્થામાં સફેદ થાયછે તે સફેદ થવાપણાની કૃતિ માત્ર કુદરતી છે તેજ પ્રમાણે તેઓની ઉત્પત્તી પણ ક્રોધ વીર્યનીજ છે; તેમાંથી સત્વગુણીની શી રીતે થાય! તથા તે સત્વગુણીની સોબત કયાંથી મળે! એવા અભણ અને સાહસ કૃત્ય કરનારાઓમાં સત્વગુણી પંડિત શી રીતે રહી શકે?

અત્યારે તો જયમલ નામનો ઠાકોર છે તે વૃદ્ધ છે; છતાં વૃદ્ધ થએલા ક્રૂરસિંહ જેવો દેખાય છે. તેનાં નેત્ર વૃદ્ધાવસ્થાને લીધે ઉંડાં ઉતરી ગયાં છે તોપણ તે નેત્રમાં લોહી જેવો રાતો વર્ણ સાહસ કૃત્ય કરતો હોય તેવો જણાવેછે; તેના બન્યો હાથ ઉપરની ચામડી લટકયાં કરેછે તોપણ તે હાથમાં ધનુષ પકડીને બાંણ મારવામાં સમર્થ છે, મોટા ડુંગરના શીખખર ઉપર તેની યુવાવસ્થામાં ચઢી જવાની દૃઢ કસોટીછે તેથી અત્યારે પણ તે ડુંગરમાં ફરવાને કંટાળતો નથી. એવો જયમલ્લ વૃદ્ધ સીંહ છે. તેનો પુત્ર પ્રમતસીંહ ખરેખરો સીંહરૂપ છે; તેના શરીરનો બાંધો ક્રૂર રાક્ષસ જેવો છે. તેના ભુજદંડ લોખંડના સ્થંભ જેવા મજબુત છે; તે ભુજદંડ ઉપર તલવારનો પ્રહાર પણ પ્રવેશ કરી શકે નહીં તેવા મજબુત માંસના લોચાનો ભાગ છે, તેણે અત્યારસુધીમાં એકસોનેદસ વાઘ મારેલા છે; સીંહની સામે જઈને ટક્કર લેછે; તે કદીપણ છુપી રીતે ઉભો રહીને શીકાર કરતો નથી; તે પોતાના શરીર ઉપર લોખંડી કવચ પેહેરે છે, મસ્તક ઉપર લોખંડનો ટોપ ઘાલી દે છે; કમરથી તે પગના ઢીંચણ સુધી લોખંડી રક્ષણ પેહેરે છે, છતાં મજબુત લોખંડની ઢાલ પીઠ સાથે લગાવેછે; તેના અંગ ઉપર ત્રણ મણ વજનનો લોખંડી પોશાક ચઢે છે, તે શિવાય તલવાર, બંધુક જમૈયો, કટાર, બરછી, ભાલો વિગેરે જે હોય તે જુદુ ગણવાનું છે; આવા પ્રકારનો જયમલ ઠાકોરનો કુમાર પ્રમતસીંહ છે, તેની ઉમર અત્યારે પાંત્રીસ વરસની છે; લડાઇ કરવામાં મહા શુર છે; ભયંકર પ્રદેશમાં રાત્ર દિવસ ફરનાર છે, સીંહ જેવી રીતે

નિર્ભય થઇને અરણ્યમાં ફરેછે તેવી રીતે આ પ્રમતસીંહ પણ અરણ્યમાં અને પ્રજાવર્ગમાં નિર્ભય ફરેછે; તે ઠાકોરની પ્રજા પણ તેવીજ છે; એક ઘર આ ટેકરા ઉપર તો બીજુ ઘર બીજા ટેકરા ઉપર એમ દરક ઝુંપડાં એક બીજાથી દૂર છે, અહીંયાં કાંઈ હાટ ચૌટાં કે મોટુ બજાર નથી: જ્યારે ગામની રૈયતનો એક ઠેકાણે જમાવ કરવો હોય ત્યારે ઢોલ વગાડવામાં આવેછે; તે વખતે હજાર કામ મુકીને શસ્ત્ર અસ્ત્ર સજીને સઘળા ઠાકરડાઓ થોડીકજ વારમાં દરબારઘઢ આગળ ભેગા થઇ જાયછે; તે વખતે દસ બાર હજાર માણસોનો કાફલો દેખાવમાં કાજળના ડુંગરા જેવો તથા દૂરથી દેખાતા શીવાલીક પહાડના રંગ જેવો ગણાય છે; આ તરફનો પ્રદેશ કેવળ ડુંગરા ડુંગરીનો છે તેમાં કંઇક કંઇક જગોએ બન્યો ડુંગરાઓની મધ્યનો પ્રદેશ સપાટ છે, તેમાં બાજરી, મકાઇ, જવાર, મઠ, મગ, બંટી, કોદરા, અને ઘહું પણ થાયછે; આ ઠાકોર નવલપુરના રાજાને ખંડણી ભરેછે; આ ગામનું નામ ચંદનપુર છે; આ ગામમાં તદન કોળી, અને ઠાકરડા લોકોજ રહેછે; અહીંયાં વિદ્વાન બ્રાહ્મણ કે ધનાઢય શાહુકાર વણિક રહી શકતા નથી.

મુશાફર—શીવ, શીવ, શીવ, શીવ, હે માજી! તમે આવા કુગ્રામમાં શી રીતે રહી શકો છો ! તમારી વાંણી ઉપરથી તમે લાયક અને બહુશ્રુત જણાઓ છો, તો શું તમારો જન્મ અહીંયાં થયો હતો કે આ ગામમાં તમે રહેવા અ છો ! આ કુંભાર પણ તમારી પેઠે નિર્મળવાણી બોલેછે; તમે આ નગરના ઠાકોર અને કુંભારની વાત કહી તે ઉપરથી તો આવા અભણ ગામમાં તમારો નિવાસ કેમ થયો ! અગર અહીંયાં રેહેવાનું તમારૂં મન કેમ માન્યું ! એજ મને શંકા થાયછે.

આંપલી માલણ—હે ભાઇ ! તમારી શંકા ખરી છે; મારો પિતા વિનોદ ગરમાં રહેતો હતો; તેમના ઉત્તમ શીક્ષણથી હું વાંચતાં વચતાં થોડુંક શીખી હતી. ત્યારપછી વિનોદાનંદ સાધુથી કેટલાંક પુરાણ ઇતિહાસ દશ વરસ સુધી સાંભળ્યાં હતાં; મારો વીવાહ પણ એજ ગામમાં મારાં પિતાએ યોગ્ય વર

જોઇને કર્યો હતો, કેટલાક વરસ સૂધી ગ્રહસ્થાશ્રમમાં હું રહી. પછી મારો સ્વામી મર્ણ પામ્યો; ત્યાર પછી મારાં માતુશ્રી અને મારા પિતા મર્ણ પામ્યા; મારા સ્વામીનો કેટલોક પૈસો તથા મારા માત પિતાનો કેટલોક દ્રવ્ય મારે કબજે થયો તેથી હું સ્વતંત્ર સ્થીતિમાં રહેલી હતી; એ દ્રવ્યથી કાશી, પ્રયાગ, ગોકુળ, મથુરાં ઇત્યાદિકની યાત્રા કરી, દક્ષિણ તરફ છેક શ્વેતબંધું રામેશ્વર સુધી જઈ આવી, નર્મદા નદીની પ્રદક્ષણા કરવી જોઇએ, એવો ચોકસ વિચાર થયો; તેથી એજ કાર્ય સારૂં સારો સંગાથ જોઇને હું નીકળી. ફરતાં ફરતાં આ નર્મદા નદીના મૂળ આગળ સાતપૂડા પર્વતની શાખા આગળ અહીંયાં આવી પોહોચી; એ વખતે જયમલ ઠાકોર યુવાવસ્થામાં હતો. હું પણ યુવાવસ્થામાં રંડાયલી હતી; આ ગામની હવા, પર્વત, વૃક્ષ, વાયુ, અને અરણ્યનો દેખાવ ઈત્યાદીક આનંદજનક લાગ્યું તે સાથે આ ગામમાં તમામ અભણ માણસોને જોયા; તે સાથે તે લોકો માત્ર સત્યવક્તા છે, તેઓને ઉંપકાર કર્યો હોય તો પોતાનો પ્રાણ આપી દે તેવા છે; તેઓ કેટલાક ભાગે કેવળ ભોળા છે; આ સઘળો દેખાવ જોઇને મારા મનમાં એમ નિશ્ચય થયો કે અહિંયાં ઉપાધીરહિત આનંદમાં રહી શકાશે; અહીંના ઠાકોરને મ્હેં પચાસ રૂપીયા નજરાણો કર્યો હતો તે ઉપરથી ઉદાર દીલના ઠાકોરે મને પોશાક આપવા માંડયો. તે વખતે ઠાકોર સાહેબને મ્હેં એમ કહ્યું હતું કે "માહારાજ મારી મરજી તમારા ગામમાં રહેવાની છે. હું જાતની માલણ છું, માટે મને કોઇ સારા ઘરનો આશ્રય આપો તેમાં હું રહું અને દેવીની ભક્તિ કરૂ"—ઠાકોરે ખુશીથી મને મજબુત ઘર રહેવા આપ્યું, તે સાથે પોતાનો મોટો બાગ સંભાળવાને મને આપ્યો છે, તે બાગમાં પ્રાતઃકાળમાં દરરોજ હું જાઉંછું, તેમાંથી સારાં પુષ્પ વીણી લઇને દરબારમાં દેવીની પુજા માટે આપવા જાઉંછું—હાલ એક નગરથી ચોરી કરીને અત્યંત રૂપાળી સ્રીને પ્રમતસીંહ લાવ્યો છે; તે બાઇ દરરોજ દેવીની પુજા કરેછે, તેથી તેમને માટે એક પુષ્પનો હાર અને ગોટો બનાવીને લઈ જવો પડેછે; એ બાઇ પાસે હું

દરરોજ જાઉછું; તેની કાન્તી કેવળ અપ્સરા જેવી છે, પણ તેનાં નેત્ર નિર્મળ અને ઉત્તમ વિચાર કરનારાં હોય તેવાં જણાય છે; એ બાઇ પલાંઠીવાળીને એકાગ્ર તિથી માળા ફેરવ્યાં કરેછે; —દીવશમાં એક વાર બપોરની વખતે પ્રમતસીંહ એ નવીન આવેલી બાઇ પાસે જાયછે; તે દૂરથી બેશીને વાતોના ગપાટા મારીને પાછો આવેછે; અમારા સાંભળવામાં તો એમ આવ્યું છે કે નદીના પુજન માટે જે ઘડા મુકવાના છે તે ઘડા પૂરા થાય એટલે બીજે દીવશે પ્રમતસીંહ તેની સાથે લગ્ન કરશે; ઘણું કરીને હવે ત્રણ ઘડા રહ્યા છે; હે ભાઇ! મ્હેં મારી હકીકત આપને સંક્ષેપથી કહી દીધી છે, અત્રે હું આ સ્થિતીમાં છું મને અહીંયાં કોઇ પ્રકારની ઉપાધી નથી, દરરોજ આનંદમાં જાયછે. તેમાં વળી આપ જેવાં જ્ઞાનીનાં દર્શન થયાં તો પછી આનંદમાં વધારો શામાટે ન થાય!

મુસાફર—માજી! તમારી હકીકત સાંભળી મને ઘણો આનંદ થાયછે; આ ભુમી કેવળ પવીત્ર છે, એકાન્ત છે; રમણીયછે; વળી નર્મદાનું સુખ છે; કુદરતિ દેખાવ મનને અલ્હાદ આપે તેવો છે; છએ રૂતુમાં સુખદાયક છે; માજી! તમે તો ઉત્તમ નિવાસ ખોળી કાઢયો છે; પૂર્વે એકાગ્ર વૃતિસાધનારા યોગી પુરૂષો એ આવોજ મકાન પસંદ કર્યો છે; ભલે ત્યાગી હો કે ભલે ગ્રહસ્થાશ્રમમાં રહેલો કોઇ હો. પણ ખરૂં તત્વ માનનારા પુરૂષો તો તે બન્ને સ્થીતિવાળા આવા સ્થાનનેજ પસંદ કરેછે; દૃધ પદાર્થ ત્યાગીને અને સર્વને એક રીતે પુષ્ટિ કરેછે, હે માજી તમારી વાણી આજે મારા શ્રમને પણ દૂર કરેછે; હવે હું એટલું કહુછું કે અહીંના ઠાકોરનો બાગ મને બતાવો તો આનંદ થાય.

માલણ—હે ભાઇ! કાલે પ્રાતઃકાળમાં હું વ્હેલી ઉઠીને બાગમાં જવાની છું તે વખતે હું તમને લઈને જઈશ, વળી અત્યારથી હું તમને આમંત્રણ દઉંછું કે આવતી કાલે મારે ત્યાં પધારો અને ત્યાંજ રસોઈ કરીને ભોજન કરો.

મુસાફરે તે માલણનું આમંત્રણ સ્વિકાર્યું, શ્રમને લીધે

મુસાફરની આંખ નિદ્રામાં ડોહેરાવા લાગી; એટલે. બુદ્ધિવના ચંચલી માલણે કુંભારને ઈસારો કર્યો કે હવે તું પગચંપી કરતો બંધ થઇ જા, હવે તું પણ નિદ્રા લઈ લે. કેમકે આ મુસાફર થાકને લીધે નિદ્રાવશ થશે હું પણ જાઉછું.—એમ કહીને માલણ પોતાના ઘરમાં ગઇ અને કુંભાર પણ નિદ્રાધીન થયો:

પ્રકરણ ૯ મું.

મુસાફરની યુક્તિ.

બીજે દીવશે પ્રાતઃકાળે ભગુવાં વસ્ત્ર ધારણ કરનારો મુસાફર પેલી માલણ જોડે દરબારીબાગમાં ગયો; બાગની શોભા જોઇને તેને ઘણોજ આનંદ થયો. આ બાગ એક કોસ સુધી પોહોળો અને લાંબો હતો, તેમાં વનસ્પતીયો હતી, અનેક પ્રકારના વૃક્ષની ઓળ બાગની ચારે બાજુની હદ ઉપર ઓળબંધ હતી; વચલા ભાગમાં ઠેર ઠેર બેઠકો હતી, અને ઠેર ઠેર નાના અવાસ બાંધેલા હતા, બાગના મધ્ય કેંદ્રમાં નાનું તળાવ હતું, જે જગોએ પુષ્પ હતાં તે જગો આ મુસાફર પેલી માલણ સાથે જોવા ગયો; દરેક રચના જોઈને પેલો મુસાફર માલણને પોતાનો આનંદ જણાવ્યા કરતો હતો.

એક પથ્થરની બેઠક ઉપર બેસવાને માલણે પેલા મુસાફરને ભલામણ કરી,—અને પોતે પુષ્પ વીણવા શારૂ પુષ્પ બાગમાં જઈ પોહોચી, થોડીવાર થઇ એટલે મોટી છાબમાં, ગુલાબ, ગુલદાઉદી, ચંપો, મોગરો ઈત્યાદિક પુષ્પ ભરીને પેલા પથ્થરની બેઠક આગળ આવી પહોચી; પછી સુતરની દડી મોં આગળ મુકીને હાર બનાવવા લાગી; આ વખતે માલણ તે બાગમાં એ સ્થળે એકલી હતી, બાગના રક્ષકો બાગમાં ઘણે દુર દુર પોતપોતાના કામમાંજ લાગુ રહેલા હતા; તેથી એકાંત-

નો તક જોઇને, મુસાફરે પેલી માલણ સાથે બોલવાની શરૂઆત કરી.

મુસાફર—હે માજી ! તમે જ્ઞાની છો, ન્યાય અને અન્યાયના રસ્તાને સારી પેઠે જાણી શકો તેવાં છો, આ અભણ કુગ્રામમાં તમે રત્નતુલ્ય છો, તમારા હ્રદયમાં દયાનો વિશેષ ભાગ છે; તેથી અત્યારે જે મારા મનમાં વિચાર આવ્યો છે તે વિચાર તમારા પેટમાં સ્થીર રહી શકે તો હું તમને કહેવાને ધારૂછું.

મુસાફરનું વચન સાંભળી માલણ મોટા વિચારમાં પડી, અને બોલી કે, ભાઇ ! તમે જે કંઇ કહેશો તે નીતિનુંજ વાકય કહી બતાવશો, તમારે કોઇ પ્રકારની ધાસ્તી રાખવી નહી; જે કંઈ કહેવું હોય તે પુરેપુરા ખુલાસાથી કહી દ્યો. હું એવી અધમ નથી કે મારા પેટમાંથી વાત બીજે કંઈ નીકળી શકે !

મુસાફર—માજી ! મનુષ્યનો દેહ દુર્લભ છે; શરીર તો અહીયાંજ પડયુ રહેવાનું છે, તે ખોળીયાનો ત્યાગ કરીને જીવ આ પોકળ આકાશમાંજ સમાસ કરનારો છે; એ બધુ સારી પેઠે જાણવામાંછે; છતાં જેઓ નીચ કર્મ કરેછે તેઓ નીચ કર્મનું ફળ ફરીથી જન્મ પામીને ભોગવે છે, જેઓ ઉંચ કર્મ કરેછે તેઓ સારાં ફળ પામેછે; હે માજી ! પરોપકાર એજ માણસનું ભુષણ છે; જ્યારે અંતઃકરણમાં દયા હોયછે ત્યારેજ પરોપકાર થઇ શકેછે; પણ નિર્દય પુરૂષોથી તો સ્વપ્નમાં પણ પરોપકાર કરવાને પગ મુકાતો નથી; માટે મારો આગ્રહ એજ છે કે અમૂલ્ય મનુષ્યદેહે કરીને પરોપકાર કરવો જોઇએ; તમે રાજધઢીમાં દરરોજ જાઓછો; જે સ્ત્રીને પ્રમતસીંહ બળાત્કારથી પકડી લાવ્યો છે તે સ્ત્રીને યુકિતથી છોડાવો તો એના જેવો પરોપકાર બીજો એકે નથી; જેવી રીતે નિરપરાધી બંધનમાં પડેલો દુઃખી થાયછે તેવી રીતે તે પવિત્ર સ્ત્રી રાત્ર દીવશ ઇશ્વરનું ધ્યાન ધરનારી કેટલી બધી પીડાતી હશે ! એ વિચાર તમારે કરવાનો છે.

માલણ—હા ભાઇ, એ વાત ખરી છે; તે બાઇના હ્રદયમાં આનંદનું ચિન્હ તો જણાતુજ નથી પણ જાણે ફાંશીને

લાકડે ચડનાર ખુની માણસ ચિંતામાં પડીને પોતાના મૃત્યુના દિવસ જેમ ગણુતો હોય તેવી રીતે એ બાઇ દીનપર દીન કૃશ ફરીથી થતી અને ભયથી પીડા પામતી જણાય છે; તે જાતે કોણ છે! એમ મારા મનમાં વારંવાર કલ્પના આવ્યાં કરેછે પણ હું તે બાઇને પુછી શકી નથી, પરંતુ ઘણુ ભાગે કોઇ દ્રવ્યવાન શેઠની પુત્રી હોય એમ જણાયછે, તેની પાસે એક બે પુસ્તકો છે તે રાત્ર દિવસ વાંચ્યા કરેછે; પણ તેનાં નેત્ર આંસુના પાણીથી ભીનાંને ભીનાંજ માલુમ પડે છે, પરંતુ તે ચતુર એવી છે કે પોતાની અફસોસી બીજા કોઇને જણાવતી નથી; પણ હે ભાઇ! એ બાઇ દુઃખી છે એમાં તો કાંઇજ શક નથી તેના દુઃખને બીજું કોણ કળી શકે તેવું છે! જો કે હું કળી શકુ તેમછું તો મારામાં તેનું દુઃખ ખંડન કરવાની શકિત નથી; કેમકે પ્રમતસીંહ જેવા રાક્ષસના કબજામાંથી બાહેર કાઢવી એ નાખીસુની વાત નથી.

મુસાફર—તમે ખરૂં કહોછો, પણ તમારી કાંઇક છુપી રીતે મદદ હોય તો જો કે હું તે બાઇને ઓળખતો નથી પણ મને દયા આવવાથી, તેને સંકટમાંથી મુક્ત કરીશ, હું તો મુસાફર છું, મારે કોઇ જંજાળ કામનીજ નથી; હું તો વિરક્ત સાધુ જેવોછું, મને દુનિયાના સુખનો મોહ મિથ્યાજ ભાસેછે. પણ અન્યાયદ્વારાએ પીડા પામનાર પ્રાણીને બંધનમાંથી મુકત કરવું એ સજ્જન પુરૂષનો પુરૂષાર્થ કહેવાયછે; હે માજી! દેશનું કલ્યાણ કરવામાં કે પરોપકાર કરવામાં કદી દેહનો નાશ થાય તો તે ઉપર દરકાર રાખવો નહીં; કેમકે કાળચક્રમાં જ્યારે ત્યારે પણ આ દેહ ખપવાનોછેજ.

માલણ—અહાહા, ભાઇ! તમારો વિચાર ઘણોજ શ્રેષ્ઠછે, અને એવા પરોપકારમાં મારાથી બને તેટલી મારા ઉપર કોઇ પ્રકારનો અપવાદ આવે નહીં તેવી રીતે હું દૂર રહીને મદદ આપીશ; માટે યુકિત શોધી વી એ તમારૂં કામછે; આ તરફની માહીતી મારા તરફથી મળી

મુસાફર—નર્મદામાં ઘડો મૂકવાને જાતે જાયછે કે દાશી?

માલણ--હાં, હાં, એ વાત તો કહેવી ભૂલી ગઇ,--રાજઘઢીની પછીતેજ નર્મદા વહેછે, પણ તે ઘણો કઠણ રસ્તો છે, છતાં તે રાજઘઢીની પછીતે મોટો ઝરૂખો છે, તે ઝરૂખાને લગતી બારીવાળા મેડાના ભાગમાં તે બાઇ રહેછે,--એ ઝરૂખાને દોરડું બાંધી મુકયું છે તે દોરડે ઘડો બાંધીને નદીમાં મુકેછે, પછી તે તરફ પાછળના ભાગમાં એક દાશી આવીને દોરડાનો બંધ ઘડાથી મુકત કરેછે, એટલે તે ઘડો વેહેતા પાણીમાં ચાલ્યો જાયછે; ઘડાથી દોરડાનો બંધ મુકત કરવાને એક દાશી નાના સરખા હોડકામાં બેશીને જાયછે, કેમકે ઝરૂખાના નીચે નમદાનું ઘણું ઉંડુ પાણી છે તે પાણીની સપાટીથી કોણજાણે પાંચસેં ગજ ઉંચાઇમાં રાજઘઢીનો ઝરૂખો છે, કારણ કે નર્મદાના વહેતા જળ સાથે કાળા પથ્થરનો અતિ ઉંચો એક મજબુત ટેકરો છે તે ઉપર રાજઘઢી બાંધેલી છે અને તે ઝરૂખો નર્મદાના અથાગ જળ ઉપર આવી જાયછે.

મુસાફર—હાં હાં હવે હું સમજ્યો; ત્યારે તો રાજઘઢીની પાછળનો ભાગ કેવળ ભયંકર અને એકાન્તનોજ હોવો જોઇએ; વળી તે ઝરોખાની નીચેના ભાગમાં તથા તે મોટા અવાસના પછીતના થડમાં ઉભા રહેવાનો માર્ગ નથી એ તો તમામ કહેવાથી હું સમજ્યો, જો કે પગ મુકવા જેવી સગવડ હોત તો ત્યાંથી બીજા આરા આગળ નાવડું રાખી મૂકવાની જરૂર પડત નહીં; પણ હજુ ત્યાં નાવડું રાખી મુકયું છે એટલે કાંઇક કાર્ય સફળ થવાની આશા બંધાયછે; એ નાવડા મારગેજ કામ થાય એમછે, કેમ માજી! તમારી સલાહ કેવી છે!

જો તે બાઇ હિમ્મતવાળી હોય તો ઘડો ફાંસવાના દોરડાના આધારે નર્મદા નદીમાં ઠરાવેલા ઝરૂખા નીચેના નાવડામાંજ ઉતરી પડે,—એ રચના ઘણીજ ઉત્તમ છે, આ પ્રમાણે ચાંપલી માલણ બોલી.

પણ આ યુકિત તેને કોણ બતાવે, કોણ કહે! એ પ્રમાણે મુસાફરે કહ્યું.

ડોશી—પુષ્પનો હાર અને ગુલાબછડીનો ગોટો દરરોજ

હું આપવા જાઉં છું તે વખતે કોઇપણ હોતું નથી, પણ વાત કરવામાં કોઇ જાણી જાય તો મને દેહાંત શિક્ષા કરવાને પણ તેઓ ચુકે તેમ નથી.

મુસાફર—ના ના, એમ કરશો નહિ; તમે એક શબ્દ પણ બોલશો નહી; એ બાબત એક યુકિત મ્હેં જુદી શોધી કાઢી છે.

માલણ—એવી કઈ યુકિત છે?

મુસાફર—તમે પુષ્પનો ગોટો બનાવો છો; તે ગોટાના મધ્ય ભાગમાં આ ચીઠી આપું છું તે અંદર ગોઠવી દયો; જ્યારે તમે તે સઘળુ આપો ત્યારે તેનાં કાનમાં એટલુંજ કહેવું કે આ ગોટાને ઉકેલીને અંદરથી ચીઠી વાંચજો.

માલણ—એટલું કહેવાને કાંઇજ વિલંબ નહી થાય.

માલણે એ કામ કરવાને નીખાલસ અંતઃકરણથી જીજ્ઞાસા બતાવી, એટલે નિશંક થઇને મુસાફરે એક ચીઠી લખીને માલણને આપી, માલણે તે ચીઠીને યુકિતથી વાળીને સુશોભીત ગોટો બનાવ્યો, પછી તે બાગમાંથી માલણ અને મુસાફર એ બન્નેયો ઘરભણી વળ્યા.

આજેતો ચાંપલી માલણે આ મુસાફરને આમંત્રણ કર્યું હતું–તેથી રસોઈ કરવાને માટે જોઇતાં સાધનો ભેગાં કરી આપ્યાં. મુસાફર રસોઇ કરવાના કામમાં ગુંથાયો, અને માલણ દરબારગઢમાં નિત્યનિયમ પ્રમાણે વખત સાધીને છાબમાં પુષ્પ હાર વીગેરે ગોઠવીને તે બાઈ તરફ રવાને થઇ.

દરબારઘઢમાં માલણ જઇ પોહોચી. છેક મેડી ઉપર જ્યાં પેલી નવનીત બેઠી છે ત્યાં આવીને ઉભી રહી, આ વખતે નવનીત એકલી હતી, હેઠળના ભાગમાં બે દાશીયો ઓશરીમાં બેઠી હતી કારણ કે જે વખતે નવનીત પૂજા કરવા સારૂ એકાગ્રવૃતિ કરીને બેસતી હતી તે વખતે દાશીયોને આજ્ઞા કરતી હતી કે તમારે મારી પાસે બેસવું નહી, તેથી તે પ્રસંગે દાશીયો નીચેજ બેશી રહેતી હતી, આ વખતે માંલણે નવનીતબાઇ આગળ છાબ મૂકી, અને ધીરે રહીને તે માલણ બોલી કે બાઇસાહેબ! આ પુષ્પના ગોટાને ઉકેલીને અંદરથી ચીઠી વાંચી જોજો.

માલણનું વચન સાંભળીને તુરતજ તે ગોટો તપાસ્યો; તેમાંથી નીકળેલી ચીઠી લઇ લીધી; તેના ત્રેવડા ચોવડા વળને પાંશરા કરીને વાંચવા લાગી–વાંચવાની શરૂવાતમાંજ આ કોહોના અક્ષર છે! તે તો તરતજ ઓળખી ગઈ; તેણીનો ઉમંગ અધીરતાવાળો થઇ ગયો, તેણીએ લક્ષ રાખીને પત્ર વાંચ્યો, પત્રમાં શું લખ્યું હતું! તે મ્હારા વાચક મિત્રોને જણાવુંછું.

પ્રીય નવનીત—લખીતંગ મદનચંદ્ર–તમારા ઉત્તમ ગુણનો ગ્રાહક, અને તમારા નિર્મળ પ્રેમને જાણનાર ચકોર મદનચંદ્ર આવી પોહોચ્યોછે; તમારી નર્મદા માતાએ મને મૃતિકાનો ઘડો બક્ષીસ કર્યોછે એજ ઘડાએ આ સ્થાન બતાવ્યું છે, હું તમારી શોધ માટેજ નીકળી પડયોછું, હું સાધુ વેશધારી એકલોજ છું, આ ગહન વન અને ડુંગરોમાં ચાલતો ચાલતો મુસાફરી કરતો આવ્યોછું. પુષ્પ લાવનાર માલણ બહુ ગુણી અને પરોપકારી તથા વિશ્વાસ રાખવા લાયકછે; તેણે ઘણીખરી માહીતી મને આપી છે તમે ગભરાશો નહી, તમારા મહેલની પાછળ ઝરોખાના રસ્તે તમારો છુટકો છે, રાત્રીએ નાવમાં બેસીને નીકળી જવું એજ નિશ્ચય છે સાહસ કરવાનું નથી, ઈશ્વર સાનુકુળ થશે. પણ તેમ કરવામાં માત્ર નદીમાં પ્રવાસ તરીકે હું અને તમે શિવાય બીજું કોઇ નથી એટલુંજ સમજવાનું છે.—

તમારૂં ભલું ઇચ્છનાર.

મદનચંદ્ર.

નવનીતે આ પ્રમાણે ચીઠી વાંચી તુરતજ છાતીસરસી ચાંપી, એજ વખતે તેના નેત્રમાંથી પ્રેમનાં આંસુ નીકળી પડયાં, તેજ વખત ચાલાકીથી માલણ સામે જોઇને કહ્યું કે—માજી! તુમે વદ્ધ છો; તમારો મોટો ઉપકાર માનુંછું, હું તમને વધારે શું કહું! પણ જ્યારે મારો સમય આવશે ત્યારે આ હું ઉપકાર કદી પણ ભૂલી જવાની નથી; હમણાં જરાક સ્થંભો હું એક કાગળ લખું તે તમે લ્યો, અને જે મુસાફર સાધુ છે તેને આપજો —એમ કહીને પત્ર લખ્યો અને માલણને આપ્યો.

માલણ—બાઈ સાહેબ! આ દુર્લભ મનુષ્યજન્મમાં બને

તેટલું સુકૃત કરવુંજ જોઇએ; હું મારૂં યોગ્ય કાર્ય કરૂં છું; હવે હું જાઉછું અને પુષ્પ ગુચ્છમાર્ગે ખબર પત્ર લેતી આવીશ, કાળજી રાખશો નહિ; એમ કહીને માલણ પોતાને ઘેર આવી પોહોચી.

માલણના આવતા પહેલાં મુસાફર (મદનચંદ્ર) દાળ અને બાટી બનાવી ભોજન કરી બેઠો હતો; પોતાની પાસે જે ચોકીયાત પાછલા ગામેથી આવ્યો હતો તેને ભોજન કરાવા રવાને કર્યો હતો. માલણ જેવી આવી તેવીજ પેલા મુસાફરને મળી અને કાગળ હાથમાં આપ્યો કાગળ લેતાંજ અને વાંચતાંજ પહેલાં મુસાફર બોલ્યો કે અરેરે ! એ દુઃખી અબળાના અંતઃકરણમાં આ પત્રમાં કોણ જાણે કેવાએ ઉદગાર હશે; બને તેમ ઝડપથી પત્રના અક્ષર સામે જાવા લાગ્યો; ત્યારે તો એક ઠુમરી લખેલી શરૂવાતમાંજ જણાઇ.

ઠુમરી.

મોહન રસિયા આ બાગયામેં,
ખીલ રહી સબ કલી કલીરે—મોહન.

—રાગ—

મુજ હૃદયે વસનાર મદન પ્રિય,
કોણ ખબર લે તમ વિણ પ્યારા. ॥ મુજ ॥
કારાગ્રહમાં પડી છું પિડિત છું,
શિરપર વિપત્તિ તણા છે ભારા. ॥ મુજ ॥
જો નહિ આવ્યા હોત તમે અહિં,
પ્રાણ તજત નિશ્ચય કહું મ્હારા. ॥ મુજ ॥
ધન ધન શાબાશ છે તમને,
આ તનથી નથિ ક્ષણભર નારા ॥ મુજ ॥
નીર્મળ પ્રેમ વીવશ નીત્ત આ છે,
આ ચીત્તમાં પ્રીય છો રસનારા. ॥ મુજ ॥

પ્રિય મીત્ર ! તમે અત્યંત સંકટ વેઠયું છે; તમે પોતાના માત પિતાનો દરકાર રાખ્યા વિના હું અબળાને માટે ગહન ડુંગરોમાં પરિશ્રમ કરતા, ભૂખ અને પ્યાસ સહન કરતાં

વ તાપનો પરિતાંપ ખમતા અહીં સુધી આવ્યા એ વિશે હું વિશેષ શું વીવેચન કરૂં પણ મારા હૃદયમાં જે ઉત્તમ ગુણનું ચીત્ર ચીતરાઇ ગયું છે, મારી સાથે માત્ર બે માસ સુધીનો વિદ્યાવાણી વિલાસનો પરિચય આપે કર્યો છે; મારા પીતાની મમતા આપના ઉત્તમ ગુણ સાથે સ્નીગ્ધ થઇ હતી; અને તે લીધે આપનો નિર્મળ પ્રેમ મેં જાણી લીધો હતો, તેની સાબિતી લખવાથી થતી નથી પણ અંતઃકરણમાં લાગણીથીજ થઈ શકે-છે, તે લાગણીની પરીશીમા આપ અહીંયાં કષ્ટ સહન કરતા પધાર્યા એજ જણાઇ આવેછે.

પ્રીય મદન ! આ હૃદયમદનમાં આપ તદનજ છો. આ તન મન આપના મમતીલા અને ખંતીલા પ્રેમશૌર્યનેજ અર્પણ છે, શરીર છે તોજ મન છે; એજ આપનામાં રાત્ર દિવશજ લીન થઈ રહ્યું હતું; હવે માત્ર ત્રણ દીવશ રહ્યા છે, આપના પત્રમાં જે સંકેત જણાવ્યો છે, તે મ્હેં ટુંકામાં જાણી લીધો છે, એજ રસ્તો છુટકારાનો છે; ઘણુ ઘણા વિસ્તાર પટવાળી નર્મદામાં રાત્રી વખતે નાવમાં બેશી કયાં ઉતરી પડીશું! એ કેવળ ઈશ્વર આધીન છે, ભલે ગમે તેમ હોય, પણ મને આપનું દર્શન થશે. અને તે સાથે એક જગોએ બેશીને જળમાર્ગે ગમે ત્યાં જવાશે, તથા ગમે તેમ થશે તો તેનો ભય નથી, ભય માત્ર આ સ્થાનમાં છે, ઘણું શું લખું.

નિરંતર યાદ કરનાર.

નવનીત.

મદનચંદ્રે પત્ર વાંચ્યો; તરતજ તેણે પોતાના હૃદય સાથે ચાંપ્યો; બીજે દીવશે માલણ પુષ્પછાબ લઇને જવા નીકળી તે વખતે તમામ ખુલાસાનો પત્ર લખીને મુસાફરે માલણને આપ્યો; પરોપકારી માલણ નિયમ પ્રમાણે યોગ્ય વખતે જઇ પોહોંચી, અને પત્ર આપ્યો, તે પત્રનો પ્રત્યુત્તર તુરતજ લઇને આવી,--આવેલો પત્તર વાંચ્યો, આ વખતે મધ્યાન્હકાળ હતો; સાધુ વેશવાળો મુસાફર રાજધઢીની પાછળનો ભાગ જોવાને માટે તથા પેલું નાવ કયાં ગોઠવ્યું છે તે નકી કરવાને માટે નીકળી

પડયો;—કોઈ સાધુ મુસાફર છે તથા યાત્રાળુ છે એમ સમજીને તે માણુસને કોઈ રોકી શકયું નહી; તેમજ નદી ' કીનારા ઉપર ફરવાની કોઇ તરફથી મનાઇ નહોતી; વળી સાધુ મુસાફરભણી વ્હેમ જવાનું કારણુ ઉત્પન્ન થાય તેવું પણુ નહોતું. સાધુ મુસાફર રાજઘઢીની પાછળના ભાગ તરફ જઇ પોહોચ્યો. માલણે જે જે નીશાન બતાવ્યાં હતા તે નીશાન તમામ મળતાં આવ્યાં;જ્યાં નાવ હતુ એજ જગોએ સાધુમુસાફર મહારાજ વસ્ત્ર ઉતારીને એક ટુંકું ધોતીયું પેહેરીને સ્નાન કરવા લાગ્યા, સ્નાન કરતી વખતે મોટા સાદથી નર્મદાષ્ટક બોલવા લાગ્યો; નર્મદાષ્ટકનો,અવાજ રાજઘઢીના ઝરોખાની ખુલ્લી બારી સુધી જઇ પોહોચ્યો, નવનીતે જાણ્યું કે પત્રમાં બતાવેલા સંકેત પ્રમાણે પ્રીય મદન સ્નાન કરવા સારૂ નાવડા તરફ આવ્યા છે, એમ જાણી ઘણા હર્ષથી ઘેલી થઇ ગએલી નવનીતે ઝરોખામાં ઉભા રહી મદનચંદ્રના નિર્મળ દીદારનું દર્શન કરી લીધું, જેવી રીતે સૂર્યમુખી પુષ્પનું મુખ સૂર્યભણીજ રહેછે; તેવી રીતે સ્નાન કરનારો મદન ઝરોખા તરફજ જાઈ રહેલો હતો તે સાધુ મહારાજની યાત્રા તે તરફજ હતી;યાત્રાનો અંત આ નાવડાવાળીજ જગો હતી; આ ત્યારે તો સૃષ્ટિસૌંદર્યનું ચીત્ર ચીતરનાર ચીત્રકાર મદન છજામાં ઉભેલી નવનીતનુંજ ચીત્ર ચીતરતો હતોઃ પણુ માહરા પ્રિય વાંચક મિત્રોતો તે દુઃખમાં ફસાયલી નવનીતના હૃદયને જોઇ લેશેજ, 'અબળાનો નિર્મળ પ્રેમ અનહદ હતો, જેણે પોતાના જીવનના બચાવને માટે મોટો મનોર્થ મદન ઉપર રાખ્યો છે; જેણે મદનના પરોપકાર કૃત્યનો ચીતાર પોતાના નિર્મળ અંતઃકરણુમાં ચીતાર્યો છે; તેજ અત્યારે નવનીત હર્ષઘેલી થઇ ગઇ છે, અત્યારે તે તમામ દુઃખને વીસરી ગઈ છે; જો કે ભંવીબળની કોઈને ખબર નથી; પણુ પ્રેમ તેતો પ્રેમ છે; તે પ્રેમ નવનીતમાં અનહદ હતો, મદનચંદ્રે વિચાર કર્યો કે જેટલી વાર હું વિશેષ અહિયાં ટકીશ તેટલી વાર સુધી નવનીત ઝરોખામાંથી બિવકુલ ખસવાનીજ નથી; કદાપી વિઘ્ન આવી પડશે માટે મદને આજની રાત્રીને માટે જે સંકેત પત્રથી જણાવ્યો

હતો તે સંકેત નેત્ર પલ્લવીથી બતાવીને નદીમાંથી નીકળીને વસ્ત્ર પેહેરીને પોતાના મુકામ તરફ ચાલ્યો ગયો.

પ્રકરણ ૧૦ મું.

આશામાં નિરાશા
અને
ભયંકર આફત.

નિત્યનિયમ પ્રમાણે પ્રમતસીંહ પ્રાતઃકાળમાં નવનીતના આવાસમાં જેમ આવતો હતો તેમ આજે પણ આવ્યો હતો; હવે નવનીતની સાથે લગ્ન કરવાને માટે ફક્ત વચમાં ત્રણ દીવસજ રહ્યા છે. એમ સારી પેઠે સમજતો હતો; દરરોજ હાથમાં ખડીનું ઢેપુ પકડીને ભીંત ઉપર લીટા કર્યા કરતો હતો તેથી તેને ખાત્રી થઇ હતી; આજે પ્રમતસિંહ બહુજ આનંદમાં હતો, તેણે લગ્નને માટે પાંચ રોજથી સામગ્રી કરી મૂકી હતી; રાજધઢીના મોટા ચોગાનમાં સુશોભીત મંડપ રચાવ્યો હતો; પર ગામથી ભણેલા બ્રાહ્મણોને બોલવ્યા હતા; જેજે પ્રકારનો લગ્ન કાર્યમાં સામાન જોઈએ તે તમામ આણી મૂકયો હતો; નવનીતને માટે સૂવર્ણના દાગીના સોની પાસે ઘડાવી મૂકયા હતાં; તે તમામ દાગીના નવનીતને બતાવવાને માટે આજે પ્રમતસિંહ આવ્યો હતો.

પ્રમતસિંહના હાથમા પોટલું જોઇને નવનીત બોલી-કેમ મેહેરબાન સાહેબ ! આજે શું લાવ્યા છો?

પ્રમતસિંહ—તમારી સાથે લગન કરવાનું ઘરેણુજ તો.

નવનીત—એમ કે ! ઘરેણું પણ ઘડાવી તઈયાર કરાવ્યું કે શું ?

પ્રમતસિંહ—ઘરાણા વનાતે ચાલે કે તમે મારી ઠકરાણી બની જસો તો પછે જુવો ચેવો બનાવ થહે; રાજા એંદરની એંદ રાણી પણ ઝાંખી પડીજહે (એમ કહી મુછ ઉપર હાથ ફેરવે છે પછી ઘરેણાનું પોટલું છોડવા માંડે છે)

નવનીત—(દ્રષ્ટિ કરી) અહાહા ! ઘરેણું તો ઘણુંજ ઉમદુ છે બનાવરાવ્યું છે.

પ્રમતસિંહ—જુવો સંદનહાર જાયો કે ! ચેવો ચળકારા મારી રહયો છે

નવનીત—આતો જાણે વીજળી ઝબુકા મારી રહી હોય એવુંજ દેખાય છે.

પ્રમત—આપણા ગામમાં પેલો જગલો સોની ઘણો હુંશિયારસે, અને આ બધું કામ એનાજ હાથનુંસે.

નવનીત—આ મોટી બેડીયો જેવું શું છે ?

પ્રમત—ના, હુમજ્યાં કે આ તો કડલાં કડલાં,—અને આ કાંબી છે એ બધુ સોનાનું સે, આ કડલાં નઠકુરસ—વળી જોયાં કે ચેવાં ભારેસે ! એ તો બૈરાંજ પગમાં રાખે નહિ તો અમારા જેવાના પગમાં હોય તો હેંડાયજ નહી.

નવનીત—પાંચસેરી, કે દશશેરીનું કાટલું ના હોય તો એને બદલે આ કલ્લાં એને કાંબી મુકે તો દાણા જોખાય; કેમ ખરૂ કે ?

પ્રમત—હા, પણ અઇ એવો રીવાજ પડી જ્યોસે;—હવે આપણે પૈણવાના બે દી રહ્યાસે; હું તો તમારા ઘડા નીત વ્હાણુ વ્હાયસે, એટલે ગણવા હારૂ આવુંસુ—હવે તો બેજ ઘડા રહ્યાસે; હેડો પાર આવ્યો; તમારી બાધા પણ પુરી શઇ જઇ, અને વહેમ પણ રહ્યો નહીં.

નવનીત—હું પણ એજ આશા રાખુંછું, કે કયારે ઘડા ખુટે! અને લગન થઈ જાય !

પ્રમત—અરે લગન થશે તે વખતે તો કડિંગાધિંગ ડંકા વાગશે, વળી પુલેકુ ચઢશે એ વખતે બંધુકોની તાશીર થઇ રહેશે; અને આપણે બે જણુ તો વ્હેલમાં બેશીને ગામમાં ફરવા નેકળીશું; અમારા ગામના બધા લોકો આપની જોડ રાધા કરશણ જેવી જોઇને વાયણાં લેશે; વળી એ વખતે તમે તમારૂ ધન ભાયગ માનશો.

નવનીત—હું તો જયારથી તમારી સાથે આવીછું ત્યાર-

થીજ મારા ભાગ્યને ધન્યવાદ આપુંછું;વળી તમને રૂપાળાને જોઇનેજ હું મોહ એવી પામી ગઇછું કે આંખો ઉઘાડવાનું મનજ થતું નથી; પણ નેત્ર ઉઘાડવા પડેછે કેમકે તમને માઠુ લાગે.

અમત—એમ ચ્યમ આંખ્યો ઉઘાડ્યા વના પછે દેખાય શું! અને વળી મને જોઇને આંચ્છો ના ઉઘાડો તો કને જોઇને ઉઘાડશો ?

નવનીત—શીવ શીવ શીવ શીવ, તમે સમજ્યા નહી,-જે વખતથી તમારૂં કામદેવ જેવું મુખ મ્હેં જોયુંછે તે વખતથી એજ મુખ મારા નજરમાંજ ઠરી ગયું છે;-સાટે નજરમાંથી નહિ જવાને સાટે આંખ્યો મીચવી પડેછે.

અમત—હા, હા, વાતતો ખરી, સતી બાયડીનાં લખ્યણ એવાંજ હોયછે; હું તમારી બોલીમાં હમજ્યો નહોતો, હાંકે! પણ હવે આપણને ગમ્મત લાગશે; અમે તો ગાંમડીયા કહેવાઇએ, તેથી તમારી ચતુરાઈની વાણીમાં બરાબર હમજીયે નહી. પણ હવે તમે અમારાં ઠકરાંણી થશો, એટલે તમારી ચતુરાઈ શીખી જઈશું, કેમ ખરૂં કે નહી ?

નવનીત—મેહેરબાન! તમે તો જન્મ્યા ત્યારથીજ ચતુર છો, મોરનાં ઈંડાં કાંઈ ચિતરવાં પડતાં નથી; તમે રાજ્યસત્તાવાળા રાજકુમાર છો અને હું તો એક શાહુકાર વાણીયાની પુત્રી છું, કયાં ભોજ અને કયાં ગાંગો તેલી! તમારી ચતુરાઇ આખા હિંદુસ્થાનમાં વખણાય છે.

અમત—(નવનીતનું વચન સાંભળી ખુશી થતો) તમારૂં બોલવું ખરૂસે. હું મારૂં વખાણ મારા મોઢે કરૂ એ ઠીક નહી. પણ તમે ઝડપ દૈને કહી દીધું એટલે મને આનંદ થયો; એ તો ચતુર માણહ ચતુરનેજ ઓળખે, જુઓ આપણે ઘણા દી ઉપર ભજન કેહેવરાવું હતું તેમાંજ મારી ચતુરાઇ તમે પારખી કાઢી હશે; વળી મારા ગામમાં ઉકોજી કવી છે એણે આપણાં લગન થવાનું પરભાતીયું બનાવ્યુંસે તે તમે સાંભળ્યુંસે કે ?

નવનીત—આવા સારા નગરમાં ઉકોજી કવી વિદ્વાન હશે

એમાં કંઇજ શક નથી, કેમકે "યથા રાજા યથા પ્રજા" એ કહેવત પ્રમાણે જ્યારે તમે ચતુરછો તો પછી તમારા કવીની કવિતામાં તો કહેવાનુંજ શું રહ્યું!

પ્રમત—સાબાશ સાબાશ ધન્ય છે તમારી વાંણીને; તમે પરીખ્યા કરનારાં દેખાઓછો; એટલાજ હારૂ એ ઉકાજી કવીને મ્હેં હેડળ બેહાર્યો છે; કારણ કે કદાચને તમારી મરજી પેલુ પરભાતીયું સાંભળવાની થાય તો એ આવેલો ઉકોજી સંભળાવે પણ ખરો.

નવનીત—વાહ, વાહ, પોતે સાક્ષાત પધાર્યા છે કે?

પ્રમત—હા હા, હેડળ ઓસરીમાંજ બેઠો છે.

નવનીત—ત્યારે તેને ચોકમાં ઉભો કરીને ગવરાવો, તેને ઉપર બોલાવવાનું કામ નથી, કેમકે હું હોજલ પડદાવાળી એને મોઢું શા માટે બતાવું!

પ્રમત—રંગ છે. રંગ છે; એ વાત ડહાપણ ભરેલીલાગેસે.

પ્રમતે આનંદ આવેશથી પેલા ઉકાજીને ચોકના મેદાનમાં ઉભો રાખ્યો અને પોતાના લગ્ન થવાનું પરભાતીયું બોલવાને આજ્ઞા કરી.

માથા ઉપર ઢાંકણા જેવું ફાળીયું બાંધેલું હતું--ઘણા દીવશથી અફીણનું સેવન કરવાથી જેનું શરીર શુસ્ક થઇ ગયું હતું, બાવળના થડ જેવો જેના શરીરનો રંગ હતો, ઘણા વરસથી દાટેલા મરદાનું જેવી રીતે હાડપિંજર હોયછે તેવા શરીરવાળો ઉકોજી ઊભો થયો. તેણે જમીન ઉપર પોતાનું મસ્તક નમાવીને પ્રમતસીંહને સલામ કરી, ત્યારપછી પ્રભાતીયું બોલવાની શરૂઆત કરી.

પ્રભાતીયું.

(જાગોને જાગો મારા અંતરયામી, બોલોને અમ્રત વાણીરે)

એ રાગ.

ધનભાએગ રૂડાં નવનીત બાઈનાં
પરમતસંગ સાથે વરહેરે--
દારૂના સીહાને એકુણ અલાવહે.
ચણાના બાકળા કરહેરે; ધન ભાએગ.

ઢોલ નગારાંને શેંણાઇયો વાગહે;
ગામમાં ફુલેકુ ફરહેરે; ધન ભાએગ.
ભાંડ ભવૈઆઓ ગાણાં બહુ ગાહે,
નવાં નવાં રેંખળ કરહેરે; ધન ભાએગ.
ઉંહાજી મુહાજી મળી પખાજ વગહહેં,
ભારે ભજન ત્યાં ઠરહેંરે; ધન ભાએગ.
ખારક ખજુરના ખોબલે ખોબલા,
જાનૈયાના હાથમાં ભરહેરે; ધન ભાએગ.
ચેટલાક તો ના દીઠાનું દીઠું કરીને,
દારૂ પીઇને પછે પડહેરે; ધન ભાએગ.
પરમતસંગ જાણે રાજા એંદર જેવા,
એંદરાણી સાથે ફરહેરે; ધન ભાએગ.
એવો દહાડો ભાઈ પરમદીને આવહેં,
ઉકોજી પરભાતીયું ઉચરહેરે; ધન ભાએગ.

ઉપર પ્રમાણે ઉકાજી કવીએ પ્રભાતીયું કહ્યું--ત્યારપછી પ્રમતસીંહને સલામ કરીને જ્યાં બેઠો હતો ત્યાંજ જઇને બેઠો.

નવનીત--(પ્રમતસીંહ પ્રત્યે) વાહ, વાહ, પ્રભાતીયું તો ઘણુંજ વખાણવા લાયક બનાવ્યું છે; જેવા તમે મહાજ્ઞાની અને મોશાગ્ર બુદ્ધિના સંલક્ષણ છો તેવોજ આપની પાસે ઉકોજી કવી છે; વળી આ કવી તો જે વખતે જન્મ્યો તેજ વખતે તમારા ગામને શોભા આપવાને વિધાતાએ જન્મથીજ કવીતાની શકિત બક્ષેલી છે; વળી તેના શરીરનો રંગ પણ આપને મળતો આવેછે; વળી તે કાલીદેવીની સાથે પરણેલો હોય એમ લાગે છે.

પ્રમત--હેં હેં કાળી દેવી ચેઇ હશે ?

નવનીત--અરીણુ ચુરીણુ, અમારા દેશમાં તેને કાળીદેવી કહેછે, એ દેવીને જે દરરોજ શેવેછે તેના શરીરનું લોહી એ દેવી થોડ થોડે પી જાય છે; ફકત હાડકાનું પીંજર રાખે

છે, પણ કવીતા બનાવવાની શકિત એ કાળીદેવીથી લઇ લેવાતી નથી.

પ્રમત--હાં, વાત તો ખરી સે;-મારૂબેટુ એ ઉકાજી કવીનું શરીર સુકાઇ ગયું છે;-પણ મારી પાહે રહેનારા જેટલા સે, એ બધાના શરીરનો રંગ મારા જેવો જાણી લેવો; જો કે રંગમાં ફેરફાર થયો હોય ત્યારે તો બંદા પોતાની પાહે બેહવા દેજ નહી.

નવનીત--ત્યારે મારો રંગ તમારી સાથે કયાં મળે છે! હું તો સુકાઇ ગયેલા સફેત કપડા જેવી ખરાબ દેખાઉં છું.

પ્રમત--બાયડી તો ગોરીજ જોઇએ; અને મરદ કાળા રંગનો હોય એજ મજબુત હમજવો.

નવનીત--એટલાજ માટે હું આપના રંગનેજ બલિહારી જાઉછું! જુવોને પુરવ દેશમાં આખો વૃજ દેશ છે તેમાંની તમામ સ્ત્રીયો કાળા રંગના કૃષ્ણને જોઇનેજ મોહના પામી હતી એ વાત આપના જાણુવામાં કયાં નથી.

પ્રમત--સાબાશ, સાબાશ, એ તો હું કયારનોયે જાણુંસું, -હવે હું જાઉસું, આ ઘરાણું તમે જોયું એટલે નીરાંત થઈ અને હું પણ હવે લગનના ઠાઠમાઠમાંજ રોકાવાનોસું કેટલાક તો પરગામથી ઠાકરડા ઠાકોર આવવાનાસે. એટલે એમના ઉતારાની સોઈ પણ મારેજ કરવાનીસે.

નવનીત--ભલે પધારો.

નવનીતની પાસે આ પ્રમાણે વાતોના ગપાટા સપાટા ચલાવીને મોટી આશાવાળો પ્રમતસીંહ ત્યાંથી ચાલ્યો ગયો.

નવનીતને હવે નીરાંત થઇ, પ્રમતસીંહ દીવસમાં માત્ર એકજ વખત આવતો હતો, સંકેત પ્રમાણે કાર્ય યોજવા સારૂ હવે રાત્રી કયારે પડે! એમ આશા કરતી નવનીત પોતાની મેડી ઉપર આમતેમ પગલાં ભરવા લાગી, વારંવાર આકાશભણી નજર કરવા લાગી, આજે દરરોજ કરતાં વાદળનું વિશેષ જોર જોવામાં આવ્યું હતું, તેમજ આકાશમાં જળથી ભરેલી વાદળીયોનો વેગ

જોસભેર જણાતો હતો, નર્મદાનું ગંભીર જળ પ્રથમ કરતાં કાંઈ વિશેષ જોવામાં આવ્યું આ વખતે સાયંકાળનો સમય થતો હતો, તેથી સેજસાજ દૂર પ્રદેશ તરફ વરસાદ પડયો હશે, માટે તેમ થયું હશે એવી કલ્પના નવનીતે કરી, રાત્રીનો સમય થયો એટલે દાશીયો નીત્યનિયમ પ્રમાણે દીવાબત્તી વીગરે કામ કરવાને લાગુ થઇ ગઇ; બ્રાહ્મણે ભોજન તૈયાર કર્યું હતું તેથી નવનીત પણ ભોજન કરીને મેડી ઉપર નિવૃતથી બેડી, સરાસરી દશ ઘટિકા રાત્ર વીતી હશે તે વખતે નવનીતે બે દાશીયોને છેક નીચે સુઇ રહેવાને આજ્ઞા કરી. દાશીયો સાથે નવનીતે રાત્રીને માટે નિકટ પરિચય રાખ્યો નહોતો, જ્યારથી પોતે એ મેડી ઉપર હતી ત્યારથી શરૂવાતથીજ એકાન્ત રહેવાનોજ રીવાજ રાખ્યો હતો તેથી તે દાશીયોને કોઇ રીતની શંકા આવવા જેવું કાંઇપણ કારણ નહોતું, દીનમરદીન પ્રમતસીંહ સાથે પ્રેમભાવના નવનીતે બતાવી હતી, તેમજ બને તેમ ઉતાવળથી લગ્ન થઇ જાય તો સારૂ એવી વાતોથી પ્રમતને પ્રેમનો સંપૂર્ણ દીલાસો આપ્યો હતો તેથી કોઇને પણ નવનીતને માટે ઉલટો અભીપ્રાય પ્રવેશ થઇ શકયો નહોતો, બરાબરારાત્રીના બાર વાગ્યા–ચોઘડીવાળાએ ચોઘડીયાં વગાડવાની શરૂવાત કરી એ વખતે શરણાઇનો પણ તીવ્ર સોર થઇ રહ્યો હતો, રાજઘઢીમાં સઘળા માણુસો નિદ્રા દેવીને વશ થયા હતાં, આકાશમાંથી ઝીણાં ઝીણાં ફોરાં વરસાદનાં પડતાં હતાં, દીવશે ગમન કરનારાં પક્ષીયો માળામાં લપાઇને બોલાચાલ્યા વિના બેશી રહ્યાં હતાં, ચારેતરફ તમરાં અને દેડકાઓનો સોરબકોર થઈ રહ્યો હતો, વખતે વખતે સારસપક્ષીનો ધ્વની સંભળાતો હતો, આ વખતે માત્ર નવનીતજ પાછલા ઝરોખામાં ઉભી રહેલી હતી, આજ તેને ઉલટથીજ જાગ્રણ કર્યું હતું. જો કે તેણે અત્યારસુધી તે સ્થળમાં ભયથી જાગ્રણ કર્યું હતું, પણ આજનું જાગ્રણ તેનું મનોર્થ ફળિભુત થવાનું હતું; સંકેતનો સમય થવા આવ્યો જાણીને નવનીતે મજબુત કછોટો મારી લીધો, અને સુતરની મજબુત દોરીને એકેક હાથ છેટે એકેક ગાંઠ વાળવા માંડી. કારણ કે હાથમાંથી દોરી સરકી

જાય નહી તેમજ અંગુઠામાં ગાંઠ પકડવામાં આવી શકે; તેથી તેવીં યોગવાઈ તેણે રચી, તે કામ તેણે થોડી વારમાં કરી લીધું. પછી તે દોરીને છેડે વજનદાર પથ્થર બાંધીને ઝરોખેથી નદીમાં ફાંસ્યો, તે મજબુત દોરી છજાના મજબુત સ્થંભ સાથે બાંધી દીધી હતી; આટલું કરવામાં અર્ધ રાત્ર વીતી, છજા નીચે નાવડામાં બેઠેલો મુ ાફર આવી પોહોચ્યો, તેણે દોરડુ પકડીને હલાવ્યું-વારંવાર બે ત્રણ વખત હલાવવા માંડયું એટલે નવનીત જય જગદીશ્વર એમ ઉચ્ચાર કરતી દોરીમાર્ગે હીમ્મત ધરીને ઉતરવા લાગી; ઘણી ઝડપથી તે ઉતરી છેવટે નાવડામાં જઈ પોહોચી, અને ત્યાંથી વેહેતા જળભણી નાવડું હંકાર્યું-આ વખતે અંધારી રાત્ર હતી, તેમાં વરસાદના છાંટા પડતા હતા; એટલે કયાં જવું! તેની સુજ પડે તેમ નહોતું, મદનચંદ્રે કોઇ દીવસ નાવડાને હંકારેલું નહોતું, તોપણ જયારે જરૂર પડે છે ત્યારે યુક્તિથી કાર્ય બુદ્ધિવાન માણસ સાધી લે છે, ધીરે ધીરે એમ કોસ સુધી દૂર ગયા, એટલામાં પાણીનો ધક્કો વધારે જણાવા લાગ્યો, મદનચંદ્રે જળના આવણ તરફ નજર કરી ત્યારે જળનો વેગ જોસભેર હોય એમ જણાયુ—નવનીત અને મદનચંદ્ર એ બન્યોનો વિચાર એમ થયો કે અત્યારે રાત્રી છે તોપણ બને તેમ પ્રયત્ન કરીને કીનારા તરફ આ નાવ હંકારીયે તો ઠીક,-એમ વિચાર કરીને કીનારાની દિશા પાણીના વેગથી સાધીને નાવ ફેરવવા માંડયું પણ તે મેહેનત વૃથા ગઇ, કેમકે જળના વેગથી નાવને ધક્કો નશેશ લાગતો હતો તેમાં વળી એ પ્રયત્ન કરતા કરતામાં તો કડકડાવીને વરસાદ પડયો, ચારે બાજુ મુશળધાર થવા લાગી. પશ્ચિમ દીશાએ જોરથા વિજળી ચમકવા લાગી, વારંવાર મેઘની ગર્જના થવા લાગી, અને તેમાં વળી જોતજોતામાં નર્મદામાં પૂર આવવા લાગ્યું, નાવડુતો ચકરડી ભમરડીએ ચઢયું.

મદનચંદ્ર--નવનીત, નવનીત! આજે આપણે મોહોતના સપાટામાં છીએ, પવનનું તોફાન ઘણું છે, નદી પણ ચારે કાંઠે થઈ રહી છે; છતાં તરવાનું પણ ફાવે તેમ નથી; હવે શું

કરવું ! નવનીત તો સ્તબ્ધ થઇ ગઇ; ટુટક ટુટક શબ્દથી બોલી કે, પ્રિય મદનચંદ્ર ! આ દુર્ભાગણીને માટે આપનો પ્રાણ શું આ નદીમાંજ હોમાશે ! હું તો મરવાની હતીજ. પણ શું મદન આ આફતમાં આવી પડયો; હાય હાય હવે શું થશે ! એટલામાં તો એક બે હલકા લાકડાના પોહોળા અને લાંબા ખજુરીનાં થડ તણાતાં તણાતાં આવતાં હતાં તે મજબુત થડનો ધકકો નાવડાને લાગવાથી પાણીમાં ડુબ્યું. અત્યંત અંધારામાં કોનું કોણ રક્ષણ કરે ! ડુબતી વખતે ઓ મદન ! નાવ ડુબ્યું ! હવે તો હું ચાલી; એજ વખતે ઓ નવનીત ! હું પણ ચાલ્યો એમ ગોથાં ખાતાં ખાતાં અગાધ જળમાં એક બીજાની સાથે સંબંધ વિના બન્યો ગેબ થયાં.

પ્રકરણ ૧૧ મું.

પરોપકારી યોગિણી માતા.

સાતપુડા પર્વતથી તે જ્યાં સુધી નર્મદા સમુદ્રને જઇને મળે છે. ત્યાં સુધીમાં તે નદીના બન્યો તટ જે જે ગામો વસ્યાં છે તથા તીર્થસ્થાન છે તે ગામના લોકો જ્યારે તે નદીમાં વિશેષ પૂર આવે ત્યારે તેમાં અનેક પ્રકારનાં તણાતાં સાગ વિગેરેનાં લાકડાં હસ્તગત કરવાને માટે તે તે ગામના લોકો તે વખતે તૈયારજ ઉભા રહેલા હોય છે; ગઇ રાત્રિયે વિશેષ પુર આવ્યુ છે એમ સઘળા લોકો જાણતા હતા, પણ એવી કાળી અંધારી રાત્રમાં કોણ હિંમતવાન હોય કે તે સઘળું જોવાને પણ તે વખતે ઉભો રહે !

ભદ્રકર્ણતીર્થની એક યોગીણી જુદાજ ઘાટે પોતાની ઝુંપડીમાંથી પ્રાતઃકાળમાં સૂર્યોદયની શરૂઆતમાં નર્મદામાં સ્નાન કરવા સારૂ આવી હતી, તે યોગીણીની જોડે તેના બે અનુચરો સાધુવેશવાળા હતા, તેઓ એ યોગીણીમાતાનાં ધોયેલાં વસ્ત્ર હાથમાં લઇ લીધાં હતાં; તે યોગિણીની ઉમ્મર લગભગ પચાસ વરસની હતી પણ તેના શરીરનો બાંધો એવો મજબુત હતો કે તેને જોતાંજ

તે યોગિણીમાતા પાંત્રીસ વરસની ઉમરવાળી હોવી જોઇએ એ-વો અનુમાન કર્યા શિવાય રહેજ નહિ. તે યોગિણી શરીરે ગૌર અને દેખાવમાં મોહક હતી, તેનાં નેત્ર વીશાળ અને ચમત્કારી ચળકતા હતાં, તેની વાણી એવી મધુર હતી કે તેના સહવા-સથી સેંકડો અમીર ઉમરાવ અને બીજી હરકોઇ સ્થિતીવાળા માણુસો વશ થઇ ગયા હતા, તે યોગિણી શું કરતી હતી ! કોણ હતી ! એ સઘળું આગળ જણાઇ આવશે, પણ હાલ તો તે યોગિણી નર્મદા નદી ઉપર [illegible] નિયમ પ્રમાણે સ્નાન કરવા આવી પોહોચી છે.

યોગિણી તે તો યોગિ[illegible] તે સેંકડો મર્દ માણુસોને પોતાનું પરાક્રમ બતા[illegible] હતી, પાણીમાં તરવાની તેનામાં વખાણુવા લાય[illegible] હતો, જે વખતે તે સ્નાન ક-રવા સારૂ આવી તે વખતે નર્મદામાં પુરતો ઉતાર થવા આવ્યો હતો તોપણુ નર્મદાના મધ્ય ગર્ભમાં પાણીની તાણુ વિશેષ હ-તી અને તે મધ્ય ગર્ભમાં સેંકડો લાકડાં તણાતાં આવતાં હતાં. આ વખતે તે ચાલાક પરોપકારી યોગિણી પોતાના પરાક્રમનો ગુમાન દર્શાવનારી એટલા બધા પૂરપાટ પૂરમાં તરવાને સારૂ નર્મદામાં પડી, અને સ્નાન કરવા લાગી, એટલામાં એક ખજુ રીનું થડ તણાતું આવતું તેની નજરે પડયું, પણ તે થડને કોઈ પદાર્થ બાઝેલો છે એમ દૂરથી જણાયું, જેમ જેમ નજીક આવતું ગયું તેમ તેમ વધા[illegible] સમજાતાં એજ નિર્ણય થયું કે કોઇ સ્ત્રી તે લાકડાની સાથે મ[illegible] ગાંઠ તરીકે વળગી પડી છે, અરેરે તે જીવતી છે કે મરી ગયેલી ! એમ વિચાર કરતી બો-લતી તે યોગિણી માતા સત્વર તરતી તર[illegible]ી વેગ સાથે આવતા લાકડાને પકડી લીધું, તેણીએ જ્યારે જોયું [illegible] યારે સ્પષ્ટ જણા-ઇ આવ્યું કે કોઇ સ્ત્રી આ લાકડાને વળગી પડી [illegible] છે, જેમ બને તેમ તે લાકડાને ખેંચીને કિનારા ઉપર લાવી, પછી [illegible] ળાત્કારે તે લાકડા સાથે વળગેલી સ્ત્રીને છુટી કરી, આ વખતે યોગ[illegible] માતાએ પોતાના પવિત્ર મઠમાંથી પાંચ પચીસ ઘાસના પુળા

મંઆવીને દેવતાથી સળગાવીને તાપણી કરી. પોતાની પાસે જે બે અનુચરો હતા, તેઓ ડુબી ગએલાં માણસોના પેટમાં પાણી પેશી ગયું હોય તો તેવાને શુદ્ધિમાં લાવી શકે તેવા હતા. યોગણી માતાની આજ્ઞાથી તેઓએ તે બાઇના પેટમાંથી પાણીનીકાર કાઢી નાંખવાનો પ્રયોગ કર્યો, ચારે બાજુ ઘાસના પૂળા સળગાવીને તેણીના શરીરમાં ગરમીનો પ્રવેશ કર્યો, તેણીની નાશીકા ઉપર રૂનું પૂમડું મુકયું હતું, તે પૂમડુ નાશીકાના શ્વાસયોગે હાલવા માંડયું, તે ઉપરથી નિશ્ચય કર્યો કે હજુ આ કોઈ બાઇ છે તેના શરીરમાં પ્રાણ છે, યોગીણી એક નજરથી તણાઇ આવેલી બાઇના શરીર તરફ જોઈ રહી હતી, પછી એકાએક તે યોગીણી માતા બોલી ઉઠી કે ભાઇયો ! આપણો પરિશ્રમ ફળીભુત થશેજ, હજુ આ બાઇને શુદ્ધિ આવી નથી, હજુ તેના શરીરમાં ગરમીનો પ્રવેશ કરવાની જરૂર છે, એમ કહીને તે બાઇને ડોળીમાં ઘાલીને યોગિણી માતા પોતાના મઠમાં લઇ ગઈ, ત્યાં કામળાના મોટા મોટા ધાબળા પાથરીને તેને સુવારી, પછી તેના ઉપર બીજા કામળાના ધાબળા યુકિતથી લપેટીને ઓઢાડયા, પછી આજુબાજુ અડાયા છાણાં સળગાવીને શઘડીઓ મૂકી દીધી, યોગીણીમાતા એ વખતે પોતાની ગુપ્ત ઓરડીમાં જઇને પેટીમાંથી કસ્તુરીની શીશી લઈ આવી, તેમાં સુંઠનું ચુર્ણ મેળવીને તે અચેત થએલી બાઈના શરીર ઉપર માલેસ કરવા માંડયું, તેના કાનમાં સુંઠનું ચુર્ણ ભુંગળીદ્વારાએ પુકીને ઉતારવા માંડયું, તેણીના માથા ઉપર વારંવાર ઘીની સાથે યથાયોગ્ય કસ્તુરી મેળવીને ઘસવા માંડયું. આ પ્રમાણે પ્રાતઃકાળથી તે દીવશના ત્રણ વાગ્યા સુધી ઉપચાર કર્યો; એટલે તે સ્ત્રી ચેતન થઇ. તેણીમાં હાલવા ચાલવાની શકતી ઉત્પન્ન થઇ, તેણીના નેત્ર ખુલ્લાં થયાં, સાધારણ પ્રજ્ઞા (ભાન) પ્રગટ થવા લાગી, તુરતજ બોલી ઉઠી કે પ્રીય મદન ! પ્રીય મદન ! તમે કયાં છો ? હે મદન ! આટલું બોલીને નેત્ર મીચી દીધાં; અને પાસુવાળીને બેભાન સ્થિતિએ પડી રહી, આટલું જોઇને યોગિણી માતા બોલી કે અહાહા !

આ બાઇ કોઈ મદન નામના માણસને ચ્હાય છે. તેઓ બન્ચો જણ આ નર્મદામાં ડુબી ગયાં હોય એમ જણાયછે, હજુ આ બાઈ સ્વપ્નાવસ્થા ભોગવે છે, હજુ તેણીને જાગૃતનું ભાન આ અસાધ્ય વ્યથામાં રહેલું છે. ધન્ય છે તેણીના પ્રેમને, જરાક ભાન આવ્યુ કે પોતાના અંતઃકરણમાં જેની આકૃતિ ચીતરાઈ ગઈ છે તેનેજ યાદ કર્યો છે, હજુ તે એમ જાણુતી નથી કે હું કયાંછું ! મને અત્યાર સૂધી કોણે સારવાર કરી ! એટલું સમજવાને હજુ તેને પોતાના દેહનું પણ બરાબર ભાન નથી, અરેરે તે કોઇ મદનના વિયોગથી ઘાયલ થએલી છે, જો કે તે મૃત્યુના પાશમાં સપડાઇ છે, તેને અસાધ્ય વ્યથા થઇ હતી છતાં આપણા પ્રયોગથી સાધ્ય વ્યથામાં આવી ગઈ છે, શરીરમાંથી દુઃખદાયક વ્યથાયોગે પ્રાણ જવાને કંઈજ વાર નહોતી પણ પ્રાણ જતા સાથે તેના હૃદયમાં ચીતરાયેલો મદન કાયમજ રહેલો છે, વારૂ ઠીક છે એ તો જ્યારે તે બાઇ હુશિયાર થશે ત્યારે જણાઇ આવશે. આ પ્રમાણે બોલતી યોગણી માતા તે બાઇને શુદ્ધિમાં લાવવાને પ્રયત્ન કરવા લાગી.

બીજા દિવસની રાત્રીના બાર વાગ્યાના શુમારે તે યોગણીના મઠમાં કામ કરનાર નોકરવર્ગ તમામ નિદ્રામાં લીન થયા હતા; એક સુશોભિત પરસાળમાં ઝાંખો દીવો બળતો હતો; સઘળી જગોએ શાન્તતા પથરાઈ ગઈ હતી, ચોમાસાની રૂતુ હોવાથી તમરાંનો અને દેડકાંનો વારંવાર નાદ થઇ રહ્યો હતો; આ વખતે બેશુદ્ધ થએલી બાઇ ચમત્કારક ઉપચારને લીધે પ્રીય મદન ! હે મદન ! તમે ક્યાં છો ! અરે હું આ ઓરડામાં કયાંથી ! એમ કહીને નેત્રની દ્રષ્ટી પોતાના ઉશીકાની જમણી બાજુએ ફેરવી; તે વખતે એક વૃદ્ધ બાઇ જે કે યોગીણીમાતા હતી તેને બેઠેલી દીઠી; ઘણાજ ધીરા સ્વરથી તે બાઈ બોલી, અરે વળી હું અહીં ક્યાંથી આવી ! હે માજી ! તમે કોણછો ! હું અભાગિણીનો શું આપેજ બચાવ કર્યો છે કે ! શીવ શીવ, અરે હાય ! મારી જોડે મારૂં રક્ષણ કરનાર, તથા મને પ્રાણથી પણ વિશેષ ચાહનાર, જોખમમાં ઉતરનાર, શરીરનો પણ દરકાર નહીં રાખનાર મદન

ક્યાં હશે ! હે. માજી ! હું અભાગ્યણી એકલીજ આપને ,તસ્દી આપનારી થઇ પડી કે ! શું મદનનું શરીર આપને હાથ નથી આવ્યું ! હાય હાય, એમનું શું થયું હશે ! તે નર્મદાના મધ્ય ગર્ભમાં અને જળના તોફાનમાંજ રહ્યા હશે કે શું ! હે માતા! આ જોતા તો આપેજ મને જીવતદાન આપ્યું છે; આપના પ્રતાપથીજ હું બચવા પામી છું; યદ્યપિ પ્રીય મદન ક્યાં ગયા હશે ! જેવી રીતે હું તણાતી આવી હઇશ, તેવી રીતે તે પણ તણાતા આવવા જોઇયે. પણ શી આશા ! માજી ! હું બહુજ દુખી છું, તેમ બોલતી બોલતી નેત્રમાંથી આંસુ કાઢવા લાગી.

યોગણીમાતાએ ઘણીવાર સુધી આ દીન વચન બોલનારી તરૂણ બાઇના સામે દ્રષ્ટી કરી પછી બોલી કે બેટા ! તું ગભરાતી માં, અહીંયાં તને કોઇ પ્રકારનો ભય નથી, જો કે હું નર્મદા નદીના ઓવારા (તટ) ઉપર આવી નહોત તો જરૂર તારા પ્રાણનો નાશજ થાત, તારા બચાવનું કારણરૂપ હું પોતેજ છું, મને પ્રાતઃકાળમાં દરરોજ નર્મદામાં સ્નાન કરવાની ટેવ છે, નીત્યનિયમ પ્રમાણે હું નર્મદાતટ ઉપર મારા બે માણસોને સાથે લઇને ગઈ હતી, પરમ દિવસે નદીમાં પુરનો કાંઈક ઉતાર હતો પણ મધ્ય ગર્ભમાં વિશેષ પાણીનું આવણ હતું, મોટાં મોટાં લાકડાં જંગલમાંથી તણાતાં આવતાં હતાં, મને જળમાં તરવાનો શોખ છે, તેથી તેવા પ્રબળ જળમાં હું તરવા સારૂ અને જે કંઇ લાકડું હાથમાં આવે તો તે પકડીને કીનારા ઉપર ઘસડી લાવવા સારૂ પડી હતી. કર્મસંયોગે ખજુરીનું થડ તણાતું આવતું મ્હેં નજરે જોયું, નજરે જોયું તો ખરૂં પણ તે ઉપર વળગી રહેલી વસ્તુ મારા જોવામાં આવી, તેથી તેનું નિશ્ચય કરવા ઉપર મારૂં લક્ષ ગયું, તે તરતુ આવતા લાકડાની સામે હું પણ તરતી તરતી ત્યાંજ સ્થંભી હતી, અને તે લાકડાને મ્હે પકડયું ત્યારે તો તું પોતે મડાગાંઠની પેઠે બેશુદ્ધ થએલી તે લાકડા સાથે વળગી રહેલી મને જણાઇ આવી, તે જોતાંજ મને દયા આવી, ઘણી ઝડપથી તે લાકડા સુધાં તને મ્હે ખેંચી લીધી અને કીનારે આણી, મારાથી બનતો પ્રયાસ તારા બચાવ માટે જેટ-

લે બની શકે તેટલો કર્યો, તેમાં દેવી પ્રતાપથી તારો બચાવ થયો છે જેમાં મને અત્યારે અનહદ આનંદ પ્રાપ્ત થયો છે, બેટા! તું મરણના ફંદમાંથી બચી ગઇ છે અત્યારે તો તારે શ્રી બાળાત્રિપુરાદેવીનો ઉપકાર માનવો જોઈએ, દીકરી ! તું આટલી બધી શા માટે ગભરાઈ ગઈછું! તારી સાથે મદન નામનો કોઈ માણસ હતો કે શું! કેમકે તું વારંવાર તેનેજ યાદ કર્યા કરેછે, તેમજ હું પુછું છું કે આ નર્મદા નદીમાં કેવી રીતે તમે તણાયાં છો ! તમે કયા નગરનાં રહેનાર છો! તમારા માતપીતા કોણ છે! મદન નામનો માણુસ શું તમારો સ્વામી હતો ! હે દીકરી ! જો કે કહેવા જેવી વાત હોય તો બેલાશક નિર્ભય થઇને મને કહો કે મારાથી બને તેટલો તમારા સુખને માટે પ્રયત્ન થાય તો હું કરી શકું.

નવનીતે અથથી તે ઇતિ સુધીનું વર્તમાન યોગીની માતાને કહ્યું–નવલપુરમાં છાકટા ઉન્મતનું કપટ, તથા ગાડીવાનની બદદાનત તથા ત્યાંથી પોલીસ અમલદારની કુદ્રષ્ટી તથા ત્યાંથી ચંદનપુરના પ્રમત્તસીંહે તે અમલદારનું ખુન કરીને નવનીતને ફરેબ દીધો અને હરી ગયો, અને ચંદનપુરમાં મદનચંદ્રનું આવવું તથા ત્યાંથી નાવડામાં બેશીને રાત્રીએ સટકી જવું અને અંધારી રાત્રીએ નર્મદામાં એકાએક રેલ આવવી જેથી તેમાં થતું તોફાન અને નાવડાનું ડુબવું–એ તમામ વૃત્તાંત નવનીતે યોગીણી માતાને કહી દીધું.

યોગિની—બેટા નવનીત ! તમને પણ દુઃખ પડવામાં કાંઈ ખામી રહી નથી, નવલપુર અહીંથી કોણ જાણે સો ગાઉ દૂર હશે કે કેમ તેની મને બરાબર ખબર નથી, કેમકે ચંદનપુર અહીંથી ચાળીસ કોસ કોસ થાયછે. આ તરફના પ્રદેશનો રાજા જુદો છે, તેનું રાજ્ય અહીંથી વીસ ગાઉને છેટે છે. આ અમારો યોગીરાજનો મઠ કહેવાયછે, તેમાં મુખ્ય હું યોગીણી છું; આ પવિત્ર તીર્થ અવાસમાં મહા માયાદેવીનો ધર્મ સનાતનથી ચાલે છે, તે સાધુ પણ દેવીઉપાસક હોય એજ અહીં માન પામેછે. આ પરમ પવિત્ર અને નિર્ભયસ્થાન છે તને જે ભય ચંદનપુરમાં પ્ર

મતસીહનો હતો તેવો ભય આ સ્થળમાં નથી. અહીંયાં તો ક્રૂર વાઘની સાથે હરણનાં ટોળાં ફરેછે, આ રમ્યભુમિ કેવળ તપસ્વી પુરૂષોનીજ છે, અહીંયાં રહેવાથી મનના અનેક પરિતાપ નાશ પામેછે, ત્રીવિધી તાપનો પ્રકાશ સ્વપ્નમાં પણ થતો નથી, આ તરફની હવા અને પાણી શરીરને દ્રઢ કરેછે, કાન્તી વધારેછે, હૃદયમાં શાન્તીની ચાદર પથરાય છે, અનેક પ્રકારનાં પડેલાં દુઃખ ભૂલી જવાયછે. આ મઠમાં ત્રિપુરેશ્વરીનુંજ પુજન કરવાનું મન થાયછે, હે દીકરી ! હવે તને કોઇ પ્રકારની અહીંયાં ફીકર નથી; હજુ તું અશક્ત છે, તારામાં શક્તી આવવાને હજુ પંદર દીવસની વારછે, ત્યાં સુધી તારી સારવાર હું જાતે કરવાની છું. આ મઠમાં મારા પરમ પુજ્ય યોગેન્દ્રનાથ જે કે સમાધિસ્થ (મર્ણ પામ્યા છે) થયા છે, તેમણે દેવીમાર્ગનાં અનેક પુસ્તકોનો ભંડાર ભર્યો છે તે આ ત્રીજા ઓરડામાં છે, તે જો કે તું સંસ્કૃત ભણેલી છે તેથી તને વાંચવાને ગમ્મત પડશે, તેમાં શાક્તમાર્ગનાં તથા વામ માર્ગનાં અનેક પુસ્તકો છે તે શિવાય બીજાં પણ પુસ્તકો જેમકે શંકરદિગ્વિજય, તથા દેવીભાગવત, શુક્નીતિ, વૃદ્ધ ચાણાક્ય, વિવેકચુડામણિ, પંચદશિ તત્વવિચાર, આત્મબોધ, આત્મપુરાણ વીગેરે ઘણાં છે, તારો સઘળો વખત વાંચવામાંજ જશે, તને અહિયાં કોઇ પ્રકારનું કામ કરવું પડે તેમ નથી. રસોઈનું કામ આપણો રકતનેત્રાનંદ કરીને છે તે કરેછે, માટે વખતે વખતે તને જે જે પદાર્થ ઉપર રૂચી ઉત્પન્ન થાય તે પ્રમાણે ભોજન પણ તૈયાર થશે !

આ પ્રમાણે પ્રેમ બતાવનારી અને અત્યંત મમતા જણાવનારી યોગિનીનાં વચન સાંભળીને નવનીતને ઘણોજ આનંદ થયો, યોગિનીનું આટલું વચન સાંભળતાંજ અરધુ દર્દ તો નવનીતના શરીરમાંથી દૂર થઈ ગયું, ભય અને ચિંતારૂપી અસાધ્ય વ્યાધી જેમ વાદળાં આકાશમાંથી ખશી જાયછે તે પ્રમાણે નવનિતના અંતઃકરણ પ્રદેશમાંથી ખશી ગઇ, અને સાનંદ ચેહેરેથી નમ્રતાપુર્વક યોગિનીમાતા પ્રત્યે નવનીત બોલી—હે મા-

જી ! આપનો ઉપકાર જેટલો માનું તેટલો થોડો છે, આપનાં અભય વચન મને આનંદ વધારનાર છે, જેટલી મમતા મને જન્મ આપનારી મારી માતુશ્રીની મારા પ્રત્યે છે તેટલી મમતા આપની મારા પ્રત્યે જોઇને મને ઘણોજ સંતોષ થયોછે પણ માજી આ નિરાશ્રીત બાલાનું રક્ષણ રૂપ આપ થયાં એ ઉપકાર કાંઇ ઓછો નથી, એ ઉપકાર આ જન્મમાં તો શું પણ સંસ્કાર યોગે જો કે સ્મર્ણશકિત કાયમ રહેતી હોય તો પુનર્જન્મમાં પણ યાદ લાવીને આપના ચરણની રજ મસ્તક ઉપર જન્મભર ધર્યા કરીશ. માજી ! જેણે મને ઉપકાર કર્યો છે જે માહાજ્ઞાની છે. જે કેવળ તત્વચિંતક અને સત્યવકતા છે; જેના હ્રદયમાં પરોપકાર કાર્ય કરવાનો અભંગ ઉદેશ છે; જેને નિર્મળ પ્રેમને માટે પોતાનો પ્રાણ અર્પ્યોછે તે એક મદનચંદ્ર મારા હ્રદયમાંથી કદી પણ ખસવાનો નથી; માજી ! મને જન્મ આપનાર મા તા પિતા કેમ યાદ ન આવવાં જોઇએ. શું તેમનો ઉપકાર ઓછો છે ! અત્યારસુધી મારા માટે તે કેવી સ્થિતિમાં રહ્યા હશે ! તેમના હ્રદયમાં તીક્ષણ વજ્ર પ્રહાર કેવો વાગ્યો હશે; તેમનું મન કેવી રીતે ભ્રમિત થઇ ગયું હશે ! એ વિશે સઘળો વિચાર જ્યારે હું મારા અનુભવ કલ્પનાદ્વારાએ ચિતરૂછું ત્યારે તે ચિત્રના કેંદ્રમાં મદનચંદ્રનુંજ ચિત્ર ચિત્રાઇ જાયછે; અરેરે તે શું પુર્વનો સંસ્કાર હશે ! ના, ના, સંસ્કાર કહો કે સંચિત કહો. કે ક્રિયમાણ કહો. પણ મને તો તેના પ્રેમનું પ્રત્યક્ષ પ્રમાણ તેના સાહસ કૃત્યથી નર્મદા નદીના મહા તોફાનમાંજ યાહોમ પ્રાણ સ્થીતિથીજ જણાઇ આવ્યું છે; શીવ, શીવ, શીવ, શીવ, મદનચંદ્રનું શું થયું હશે ! તે મહા અગાધ પુરપાટ જળમાં મોટાં મોટાં સેંકડોમણનાં વૃક્ષ તણાતાં આવતાં હતાં તો પછી મારી અને મદનચંદ્રની શી ગુંજાસ ! હે માજી હું તો આપની કૃપાથી બચી ગઇ. પણ મદનચંદ્રને બચાવનાર કોણ મળ્યું હશે; અરેરે પ્રાણ નીકળતી વખતે મદનચંદ્રના હ્રદયકેંદ્રમાં મારી સ્થિતીનું ચિત્ર ચિતરાઇ ગયુંજ હશે; તેના હ્રદયમાં મારા માટે મોટી ચિંતારૂપી જ્વા-

ળાનું આચ્છાદન થયુંજ હશે; જેણે ટાઢ, તડકો, તરશ, ભુખ વેઠીને ચંદનપુર સુધી આવવાને સાધુવેશથી પ્રયત્ન કર્યો. જેણે પોતાના માત પિતાની પણ પરવા રાખી નહી; જેણે પોતાના પેટને પણ પૂરેપૂરૂં સુખ આપ્યું નહી. અને ચંદનપુરમાં મારા માટે આવ્યો,—અરેરે એમ થતાં પણું છેવટે જળમાંજ ગેબ! હાય હાય, આ દેખાવ શી રીતે વીસર્યો જાય, એમ કહીને ફરીથી નવનીત નેત્રમાંથી છાતીફાટ આંસુ કાઢેછે.

ધૈર્ય આપતી યોગણીમાતાએ નવનીતનાં ટપકતાં આંસુ કપડાથી લુંછી નાંખ્યા, તેને છાતી સરસી ચાંપીને કહેવા લાગી કે, બેટા! તું આટલી બધી શાણી અને ડાહી છતાં ફરીફરીને શા માટે દુઃખી થાયછે? તને ખબર નથી કે " **ક્યાં ચંદન ક્યાં મલિયાગીરી, ક્યાં સાહેર ક્યાં નીર; જ્યમ જ્યમ પડે વીપતડી, ત્યમ ત્યમ સહેશરીર.** હે નવનીત! દેહને તો સુખ અને દુઃખ એ બે છેજ, તું આમ વજ્રાપાત કરીને તારા શરીરને ક્ષીણ કરતીમાં, મદનચંદ્રનું આયુબળ તારી પેઠે હશે તો તેની પણ કોઇ રીતે કોઇપણ જગોએ સારવાર થઇજ હશે, તે પણ જીવતો હશે, જ્યારે મૃત્યુનું નિર્માણ હશે તો તે કાળ કોઇ ફેરવી શકનાર નથી, માટે તું ધીરજ રાખ્ય, સબુરીનાં સારાંજ ફળ છે.

યોગીનીએ એ પ્રકારે ઘણો દીલાસો આપ્યો, નવનીત શાન્ત થઇ ગઇ; હજું નવનીત ઉભી થઇને ફરવા નીકળે કે મઠમાં આમ તેમ ફરી શકે તેટલી શક્તી મેળવી શકી નહોતી; તેથી તેણીમાં શક્તી આવવાને કસ્તુરી મિશ્રીત અનેક પ્રકારની વસ્તુવાળી ગુટિકા યોગિની માતા તે નવનીતને આપતી હતી, અને તેઉપર પૌષ્ટિક પદાર્થ દૂધ,ઘી,શર્કરા વિગેરે ખોરાકઆપવાલાગી.

મનના કોઇ વિચીત્ર ધર્મ છે; જેવી રીતે વીજળી એક સેકંડમાં એક લાખ માઇલ જતી રહેછે તેવી રીતે તે વીજળીના વેગ કરતાં પણ કરોડ ઘણી અસંખ્ય અમર્યાદ અનંત વેગશક્તિ મનની રહેલી છે; ઘડીકમાં નેત્રની દ્રષ્ટીદ્વારાએ અનેક વસ્તુની કલના ઉપર મનોવેગ જઇ પહોંચે છે, ઘડીકમાં કાનથી સાં-

મળેલી હકીકત માટે ભિન્ન ભિન્ન ભાવાર્થના ચક્ર ઉપર મન પ્રબળતાને પામે છે. પાંચ જ્ઞાનેંદ્રિય અને કર્મેન્દ્રીયરૂપી એક મોટા રથને હાંકનાર મન છે. એ વિચીત્ર મનને કોણ ઓળખે છે? પ્રેમમાં પણ એજ જોડાયછે. અદ્વૈતમાર્ગમાં જોડાવાને માટે પણ એજ મનદ્વારાએ મુમુક્ષુ થવાય છે; ચોરીને રસ્તે ચઢાવનાર પણ એજ મન છે, વ્યભિચાર કૃત્ય કરવામાં આગેવાન પણ એજ મન થાયછે; મોહપાસમાં ફસાવનાર. તથા નિર્દયતામાં કસાવનાર એજ છે. હસાવનાર, રડાવનાર, આશ્ચર્યતામાંગરક કરનાર, યુદ્ધ કરનાર, ઉત્સાહ વિગેરેમાં હસાવનાર એજ મન છે;—ઘડી ઘડીમાં તે પલટાય છે. સંકલ્પ વિકલ્પનું ચક્ર પણ તેની સત્તા નીચેજ ફર્યા કરેછે; એ પ્રકારનું મન અત્યારે નવનીતના મનને યોગિણી માતાએ આશ્વાસન આપીને શાન્તરસનું દર્શન કરાવ્યું.

અત્યારે તો એ યોગીણી માતા નવનીતને ટટાર કરવાના પરિશ્રમમાં મચી રહી છે, જેમ બને તેમ આ નવનીત ક્યારે હરતી ફરતી અને નિરોગી થાય, એવા ઉલટમાં અને મોટી આશામાં યોગીણી માતા દીન પ્રતિદીન આનંદમાં દિવસ વ્યતીત કરવા લાગી. તેમજ નવનીન જેવી મહા સ્વરૂપવાન સુકુમાર મારે ત્યાં અનાયાસ આવી પોહોચી છે તેને માટે હવે મારે શું કરવું. અને જે કંઈ કરીશ તેમાં હું મોટું નામ મેળવીશ તથા આ સ્થાન પ્રબળતાને પામશે તથા એને લીધે મને મંત્રશાસ્ત્રી તથા ધનાઢ્ય વિદ્વાન પુરૂષો મારા તાબામાંજ રહેશે એવા કંઇ મોટા ઉમંગવાળી યોગીની માતા જેવીરીતેમાળી પુષ્પને સાચવે તેમ નવનીતને સાચવવા લાગી અને તેનીસારવાર કરવા લાગી.

પ્રકરણ ૧૨ મું.

સાયંકાળ

અરણ્યમાં બે મુસાફરનો એકાંન્ત, અને તેનું લશ્કર.

ચંદનપુર ઉપર ચઢાઈ.

આ વખતે સૂર્ય આથમ્યો હતો, વાદળના મોટાં મોટાં દળ પશ્ચિમ અને પૂર્વ દીશાએ જાણે મેરૂ પર્વતના શીખરો હોય તેવા ભાસતાં હતાં, આકાશમાં વાદળના જમાવથી અંધકારનું નિશાન જણાતું હતું. હજુ સૂર્ય પશ્ચિમ દિશાની કક્ષામાં અર્ધો ઉતર્યો હતો, હજુ તેનાં કીરણો પ્રથ્વીની સપાટીથી પચાસ માઈલ ઉચાણમાં આકાશમાં તેજ આપી રહ્યાં હતાં તોપણ તે કીરણોનો પ્રકાશ જળ પુરિત વાદળોથી ઢંકાઉ ગયો હતો; સઘળા પક્ષી વર્શારૂતુના ઠંડા પવનવેગને લીધે પોતપોતાના માળામાં ચુપચાપ થઈને લપાઈ ગયાં હતાં, સારસ અને બગલાની પંક્તિ આમ તેમ ઉડી રહી હતી; વગડામાં સેંકડો ખાબોચિયામાં વરસાદનું પાણી ભરાઈ ગયું હતું, તેમજ કેટલાંક મોટાં તળાવ પણ કીનારા સુધી ભરાયલાં રમણિય દેખાતાં હતાં. થોડીકવારમાં તો સુર્ય આથમી જ ગયો; કેવળ અંધારાએ પોતાનો અમલ ચારે બાજુ જમાવી દીધો હતો; સર્વ જગોએ કાળાશની ચાદર પથરાઈ ગઈ હતી; આ વખતે માત્ર દેડકાં અને તમરાનોજ સોર બકોર થઈ રહેલો હતો: તે સોરબકોર અરણ્યમાં ભય પ્રાપ્ત કરે તેવો હતો; તે વખતે એક મોટા વડના વૃક્ષ નીચે બે જુવાન સ્વાર પરસ્પર વિચાર કરી રહ્યા હતા; તે બેમાંથી એક સ્વાર ગંભીર ચ્હેરાવાળો તરૂણ યોદ્ધા હતો, તેનો ભાલપ્રદેશ દીર્ઘ અને ત્રિવલ્લીવાળો હતો. તે શરીરે દ્રઢ, મજબુત, અને કદાવર હતો તેણે મસ્તક ઉપર બત્તી બાંધી હતી, તેની બાંધણી મેવાડી રજપુ-

તના જેવી ટેઢી અને વાંકી હતી, તે પાઘ ઉપર શીરચેપ હીરા અને માણેકથી જડેલા બાંધ્યો હતો. તે શિરપેચના મધ્ય ભાગમાં મોટો હીરો દીપકતુલ્ય પ્રકાશ આપતો હતો; તેની ગીરદ્દ દાઢી છાતીના ભાગ સુધી આવી રહેલી હતી, તેનાં બન્યો નેત્ર મોટા તથા રક્તવર્ણનાં હતાં. તેનું ગોરવર્ણ એટલા બધા અંધારામાં પણ સ્પષ્ટ જણાતું હતું, તેણે અંગ ઉપર કમરસુધી લોખંડી કવચ પેહેર્યું હતું; કમરમાં પોહોળા પટાવાળી લાંબી તલવાર લટકતી હતી, હાથમાં મોટો ભાલો પેંગડાની કડીમાં ભરાવેલો ખભાના અગ્ર ભાગને અડકાવેલો ચળકી રહેલો હતો, તેના જમણી બાજુના ખભા ઉપર બાણના શરીયા ભરવાનો મૃગચર્મથી બનાવેલો ભાથો બાંધેલો હતો. તે સાથે લોહ મીશ્રીત મજબુત કમાન હતી; બન્યો મોટા ધુંજામાં ઘણે દૂર માર પોહોચે તેવી રાયફલો ભરાવી મુકેલી હતી; તેવો બહાદુર આગેવાન સ્વાર પોતાની જોડે જે વિશ્વાસુ સ્વાર છે તે પ્રત્યે કહેવા લાગ્યો.

પ્રીય ગંભીર ! આપણે ધારેલી જગોએ જવાને હજુ ત્રીસ કોસ દુર છે; રાત્રીએ મુસાફરી કરવી ફાવે તેમ નથી. કેમકે ઠેર ઠેર પાણી ભરાઈ ગયું છે;

ગંભીરસીંહ—મેહેરબાન ! આપનું બોલવું સત્ય છે; એટલા માટેજ સાંજ પડે એટલે છાવણી નાંખવાની જરૂર પડી છે.

પેહેલો તરૂણ જુવાન—આહાહા ! ઉંદરડા વકરીને કોળ થઇ ગયો કેમ ખરૂકે ? તે કમજાત શું સમઝતો હશે ! શું તે શુર રજપુતોના ખડગ પ્રહારને પાછો ભૂલી ગયો કે શું !

બીજો સ્વાર ગંભીરસીંહ—સાહેબ ! એ જાત અને ઉંદરની જાત સરખાવવા જેવી છે, જ્યારે ઉંદર દારૂ પીયે છે ત્યારે મસ્ત થઇને ડોલે છે; તેઓમાં બુદ્ધિ કેટલી ! તેઓની ગુંજાસ શી છે ? તેઓ જ્યારે હારેછે ત્યારે તેમને પીઠ બતાવતાં કે નાસતાં પણ લાજ હોતી નથી; નિર્લજને શું કહેવાનું રહ્યું ! જેઓ પોતાની ખરી જાતને માટે માથુ બક્ષે છે; જેઓ પોતાના

બાપ દાદાનું પણ રાખવાને ટેકીલા થઇને રણયુદ્ધમાં પાછા નહિં ફરતાં અડગ થઇને શત્રુની સાંમેજ ધસે છે તેઓજ શુર ક્ષત્રી છે; હે અંન્નદ.તા સાહેબ ! આપ ક્યાં. અને એ કાંગલા ક્યાં ! ક્યાં સુર્ય અને ક્યાં દીપક; આપનું પ્રબળ પરાક્રમ કોઇનું પણ અજાણ્યું નથી; જો કે તેઓમાં વિવેક હોત તો આવો પરિણામ આણે પણ ખરો કે ?

તરૂણ સ્વાર—બહુજ સારૂ થયું કે બંભપુરની પાસે આપણે જઇ પોહોચ્યા, ઘણોજ શ્રેષ્ટ વિચાર મને સૂઝયો કે સમુદ્ર સાથે નર્મદા સંગમસ્થાન આગળ હું જઇ પોહોચ્યો. નહિં તો સીલબંધ ઘડો આપણને ક્યાંથી મળત !

ગંભીરસીંહ—ગરીબપરવર ! હવે શું તે બીચારી જીવતી હશે ! તે શીયળવ્રત પાળનારી પવિત્ર સાધવી પોતાનું શીયળ સાચવવાના ટેકને લીધે જરૂર મર્ણ પામીજ હશે ! કાંતો આત્મ હત્યા કરી હશે, કેમકે ચીઠીમાં લખેલી મુદત તો વીતી ગઇ, આજે મુદત ઉપરાંત બે દિવસ જાસ્તી થયા છે.

તરૂણ જુવાન—ભલે કદી વધારે થયા તો તેનો ઇલાજ નથી, મરવાનું તો છેજ, એમાં આશ્ચર્ય શું ! પણ જે ધર્મને માટે મરેછે તેને ધન્યવાદ આપવામાં આવેછે, તે બાઈ પોતાનું શીયળ સાચવવાને મર્ણ પામી હશે તો તે બાબત મને ખેદ થતો નથી પણ ઉલટમાં હું તેના ટેકને માટે ઘણા વખાણ કરીશ, જો કે તે મર્ણ પામી હશે, અથવા તેના મર્ણનું કારણ પેલો કૌળ ઉંદરડો થઇ પડયો હશે તો જરૂર હું પુરેપુરૂં સાશન કર્યા વિના રહેવાનો નથી.

ગંભીરસીંહ—ગરીબ પરવર ! આપ તો ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ છો, આપ જેવા પ્રતાપવાન રાજકુમાર ધર્મરક્ષક ન હોત તો વેદધર્મને કોણ માનત ! બ્રાહ્મણો બ્રહ્મત્વને શી રીતે જાણી શકત ! વિકટ અરણ્યમાં મૃગ ઇત્યાદિક યુથ્ય શી રીતે નિર્ભય રહત ! તપસ્વીયો નિશ્ચંત રહીને તપ શી રીતે કરત ! મહાબાહુ ! આપનું નામ સાંભળીને ચોર, દુર્જન, ખળ, કપટી, કુટીલ, વ્યભિચારી, કુલટા ઇત્યાદિક ત્રાસ પામીને નાસે છે, આ-

પની તલવારના મારના ત્રાસથી વ્યાઘ્ર પણ વનનો ત્યાગ કરી મોટા કંદરોમાં પેશી રહેછે, તો પછી તે માઇકાંગલાં શુ કરવાનાં હતાં ? હે કૃપાળુ ! અત્યારે રાત્ર પડી છે આપણી છાવણીથી આપણુ સરાસરી એક કોસ દૂર આ તરફ આવી પોહોચ્યા છીએ, છેક અંધારૂ થઇ ગયું છે, રસ્તો ભુલાવો ખવરાવે તેવો છે, એટલું ઘણું સારૂ છે કે આપણી છાવણીના તંબુની આજુબાજુના દીપક સ્થંભનો પ્રકાશ અહીં રહે દેખાય છે, તેથી કદી આપણે અહીંથી જઇશું તો દીશાશુન્ય નહી થઈએ માટે આપની આજ્ઞા હોય તો આપણે અહીંયાંથી છાવણી ભણી ચાલ્યા જઇયે.

આગેવાન તરૂણ યોદ્ધાએ ગંભીરસિંહનું યોગ્ય બોલવું કબુલ કરીને ઘોડો આગળ કર્યો, તે બન્યો જણા થોડીવાર પછી છાવણીમાં પોહોચ્યા, શુરા રજપુત સીપાઇઓ તંબુમાં નિદ્રા લેતા હતા ને લશ્કરની ચારે બાજુ ખુલ્લા ખડગથી ધીર પુરૂષો પેરા ભરતા હતા. પ્રાતઃકાળ થયો એટલે ત્યાંથી છાવણી ઉપડ પાયદલ સીપાઈયો ચાળીસહજાર હતા, અને પાંચસો સ્વાર યુદ્ધને માટે ઉમંગવાળા અશ્વને ખેલાવતા ચાલતા હતા, સર્વેની આગળ તરૂણ રાજકુમાર યુદ્ધકુશળ યોદ્ધો ગંભીરસીંહની સાથે વાત કરતો અશ્વને ગતી આપતો હતો, અતી સત્વરથી જતાં છેક રાત્રીના આઠ વાગ્યાના સુમારે ચંદનપુરની ભાગોળમાં લશ્કર આવી પોહોચ્યું, રાત્ર અંધારી હતી તેમજ તે ગામમાં એક બીજાનાં ઘર દૂર દૂર ટેકરી ઉપર હતાં તેથી તે ગામના દરેક માણુસો પોતપોતાના ઘરમાં નીશ્ચંતથી તાપણી સળગાવીને તાપવા સારૂ બેશી ગયા હતા, કેટલાક ખેતરમાંથી આવીને શ્રમ પામેલા દારૂના નિશાથી મસ્ત થએલા બાજરાનો રોટલો અને ડુંગળીનું શાક ખાતા હતા, કેટલાક પોતાની ઝુંપડીમાં, મિત્રવર્ગ સાથે વગડામાં ભટકીને ફરેલા હોસ તે વિશેની વાર્તા કરતા હતા, કેટલાક હરણુ અને મૃગના ટોળાં પાછળ શીકાર માટે આથડેલા છતાં શીકાર પ્રાપ્ત કરેલા ઉપર હર્ષ પામતા પોતપોતાના પરિશ્રમની બહાદુરીનાં વખાણુ કરી રહેલા હતા, કેટલાક

પોતાની મર્યાદાવાળી ટેકરીના રમણીય અવાસમાં સરખે સરખા મળીને જાફત ઠરાવેલી હતી. જેમાં અભક્ષ્યાભક્ષ્યનું સેવન કરીને દારૂના નિશામાં મદોન્મત્તથએલા વીચિત્ર અર્થવાળાં ગાયનકરી રહ્યા હતા.

આ વખતે જેમ વર્ષાઋતુનું જળ રેલ આવવાથી ધમકારાબંધ પેસે છે તેવી રીતે શુરવીર તરૂણ રાજકુમાર યોદ્ધાનું સૈન્ય ચુપકીથી પ્રવેશ કરવા માંડયું.

ગંભીરસીંહ લડાયક અને ઘણોચતુર હતો; અત્યારે તેણે ચાલાકીથી પ્રમત્તસીંહની રાજધઢીની પાછળ ચારે તરફ પોતાનું લશ્કર ઠરાવીને ઘેરો ઘાલ્યો; આટલી ગોઠવણ કરવામાં રાત્રીના દસ વાગ્યાનો સુમાર થયો હતો; બંધ કરેલા રાજધઢીના દરવાજા આગળ શુર રાજકુમાર પોતાના બહાદૂર લડાયક યોદ્ધાઓના સાંભળતાં પોતાના સેનાપતિ ગંભીરસીંહને કહેછે કે, ગુફાની અંદર સુતેલા સિંહને છંછેડીને બાહેર કાઢીને તેની સાથે મલ્લયુદ્ધ હું કરનારો છું, છતાં દરમાં પેસી ગયેલા કોળને પકડવાને માટે આપણને કંઇજ મુશીબત નથી, તેમજ તેને ચેતાવીને તથા જાગ્રત કરીને આપણે આપણું કાર્ય કરવું એજ શ્રેષ્ટ કહેવાશે.

તરૂણરાજ કુમારનું વચંન સાંભળીને ગંભીરસીંહે તે વાત સીરસાવંધથી માન્ય કરી,—એજ વખતે બંધુકના દસ પંદર અવાજ કરવામાં આવ્યા,—સઘળી ટેકરીયો કરતાં રાજધઢીની ટેકરી ઘણી ઉંચી હતી તેથી ગામના ભીલક ઠાકરડા લોકોની સામે થવાને એજ ટેકરીનો મોરચો ઉત્તમ ગણવામાં આવ્યો હતો,—જે વખતે બંધુકોના અવાજ થયા તે વખતે રાજધઢીમાં ખળભળાટ થવા લાગ્યો, તેમજ ગામના સઘળા ભીલાકમંડળને એકાએક ભય ઉત્પન્ન થયો. તેઓ પોતપોતાનું કામ બાજુએ મુકીને ઢાલ, તલવાર, તીર, કામઠાં હાથમાં પકડીને ક્ષણવારમાં સજ્જ થયા, તે સાથે પ્રમત્તસીંહના પેરેગીરોએ રાજધઢીના કોટની મર્યાદાની અંદર રહેલા હુશીયાર થઇ ગયા, પેરેગીર પાસે જાગ્રત થતો કદાવર યોદ્ધો પ્રમત્તસીંહ રાજધઢીના

મોટા ચોગાનમાં આવી પોહોચ્યો, અને તપાસ કરાવ્યો કે કોઇ આ ગાંમ ઉપર ચઢી આવ્યું છે. તથા જે આવેલ છે તેણે અનાચાસ ઘેરો ઘાલ્યો છે, આ વખતે રાજઘઢીમા દરબારી સીપાઇ વર્ગના હાકરડાઓ બસેં હતાં. તેઓ હથીયારથી સજ્જ થયા, તે સાથે પ્રમત્તસીંહ પણ લોહનો ટોપ માથે ઘાલીને તથા અંગ ઉપર કવચ ધારણ કરીને હથીયારથી સજ્જ થઇ ગયો; તુરતજ તેણે ઢોલ વગાડવાની શરૂવાત કરી; તેથી તે ઢોલના નાદથી તેના લડાયક માણુસો સરાસરી પંદરસેં ભીલાક લોકો તૈયાર થઇ ગયા;—આ વખતે શું કરવું! તેનો કંઇ ઇલાજ સૂઝયો નહીં; કેમકે પોતાની રાજઘઢી પાછળજ શત્રુ તરફનો ઘેરો વળી રહેલો છે; જો કે પોતાના ગામના અને અંગના મરણીયા માણુસો સાહાભુત છે પણ તેઓ તો નીચાણુની ટેકરીયો ઉપર ટોળે વળેલાં છે; તેઓ સહુથી ઉંચાણુ રાજઘઢી ઉપર'શી રીતે ચઢવા પામશે! રાજઘઢીના રક્ષણુ માટે માણુસોનો જમાવ પોતાના તરફનોજ નીકળ્યો છતાં આગમચથીજ શત્રુની સૈન્યનો જમાવ થઇ ચુકયો છે તો હવે શો ઇલાજ કરવો! શત્રુનું સૈન્ય કયા પ્રકારથી હઠે! એ સઘળો વિચાર સાહસ કામ કરનાર પ્રમત્તસીંહના મનમાં આવ્યો નહિ; પણ તેનો વૃદ્ધ પીતા જયમલ હતો તેણે વિચાર કર્યો; તેણે પ્રમત્તસીંહને બોલાવીને કહ્યું કે, હે ભાઇ! કાંઇ ખબર તો કાઢો! કે કોણુ આવ્યો સે! આપણા ભણીથી એક ઘરડા માણુહને મોકલો અને તેની સંગાથે સંદેહો કહાવો કે શાણે માટે ચઢાઈ કરી સેં! પછે જે હશે તે બધુએ જણાશે; જાણ્યા વગર માણુહનો મરો શીદ કરીયે! ઘેરો ઘાલનાર માણુહને રૂપીયા જોઇયે સીયે કે રાજ ખુચાવી લેવું સે કે અમશે! એ બધુંએ જણાશે; એમનામાંયે કોઇ ડાહ્યું, માણુહ હશે કે નહી! હમણાં સબુર રાખો, પછે જારે નહી માને તાણે લડાઇતો છેજને!

પીતાનું વચન સાંભળીને પ્રમત્તસીંહ તુરત શાન્ત થયો. જયમલે પોતાના ભાઇને પાછલની બારીબા રસ્તેથી નર્મદાના

જળમાં થઈને ખીણુને રસ્તે બાહેર મોકલ્યો, એ રસ્તો કોઈના જાણુવામાં નહોતો ત્યાંથી તે નીકળ્યો. માણુસ એકાએક શત્રુના લશ્કરમાં જઈ પોહોચ્યો; આ માણુસ ધોળી મુછયોવાળો હાથમાં લાકડી પકડીને લથડીયાં ખાતો ખાતો આવી પોહોચ્યો. આ વખતે શત્રુની સેના ચારે તરફ ફરી વળી હતી, એક રજપુત પાયદલ સીપાઇયે અંધારામાં લથડીયાં ખાતા વૃદ્ધ માણુસને દીઠો. તેથી તેણે તુરતજ તેનું કાંડુ પકડીને ટોકયો. તે વૃદ્ધ માણુસે લશ્કરના મુખ્ય અમલદારને મળવું છે એમ સુચવ્યું; તેથી તે પાયદલ રજપુત સીપાઈ પેલા વૃદ્ધ માણુસને લઇને જ્યાં તરૂણુ રાજકુમાર ગંભીરસીંહની સાથે બેઠાં છે ત્યાં આગળ ઊભો કર્યો; તે વૃદ્ધ માણુસે રામ, રામ, રામ રામ ઉચ્ચાર કર્યો; તે સાંભળીને તથા તેને જોઇને તરૂણુ રાજકુમારે કહ્યું કે, કેમ ડોસા ! તમે કયાંથી આવ્યા છો ! અને શું કહેવા માગો છો ?

વૃદ્ધ બોલ્યો કે આટલી અંધારી રાત્રે તમે શા માટે ઘેરો ઘાલ્યો છે ! જો કે લડાઈ કરવાનો આપનો વિચાર હતો તો અમને પેહેલેથી ખબર ચ્યમ ના આલી, અને આમ કરવાનું કારણુ શું છે? એટલું પુછવા સારૂ આવ્યો છું. હું આ ગામના ઠાકોર જયમલનો ભાઇ છું, મને જયમલ ઠાકોરે આપના ભણી મોકલ્યો છે; અને કહું છે કે આપ ચીયા ગામના રાજાસો! અને એકાએક આમ કરવાનું શું કારણુસે ?

ક્રોધથી રક્ત થએલા નેત્રવાળા તરૂણુ રાજકુમારે કહ્યું કે;-તમારા ઠાકોર જયમલને જઇને કહો કે, નવલપુર નગરના રાજા આનંદપ્રભ રાજાનો પુત્ર વિનોદચંદ્ર આવ્યો છે;—વળી એટલું કહો કે તમારો કુંવર પ્રમત્તસીંહ અમારા ગામના લાયક અને શાહુકાર રત્નચંદ્રની દીકરી નવનીતબાઈનું અમારી હદમાંથી તેને ફરેબ દઈને હરણુ કરી ગયો છે; તથા અમારા પ્રજા રક્ષણુના એક અમલદારને જમૈયો મારીને ખુન કર્યું છે; કદાપી તે અમલદારનું ખુન વ્યાજબી કર્યું છે કે કેમ તેનો તપાસ મ્હે બારીક રીતે કર્યો છે તેમાં એમ ઠર્યું છે કે તેને પ્રમત્તસીંહે માર્યો છે તે બાબત અમને ખોટું લાગતું નથી. કેમકે

કામ યોગ્ય થયું છે પણ ત્યાંથી એ બાઇને નવલપુરમાં પો-હોચાડી હોત તો તે પ્રમત્તસીંહ ઉપર ઘણોજ ખુશી થાત અને તેને કાંઇ ઇનામ આપત, પણ તેની સાથે દુષ્ટાચારથી વર્તવા-ને—કપટ કરીને પોતાને દેર લાવ્યો છે એ બાબતની મને ખ-રેખરી ખબર મળી છે; એટલા માટે શીક્ષા કરવા સારૂ અને એ બાઇને છોડવવા સારૂ હું અત્રે આવ્યો છું.

માથા ઉપર ધોળા ફાળીયાવાળો વૃદ્ધ કપાળ ઉપર હાથ મુ-કીને કહેવા લાગ્યો કે, ગરીબ પરવર ! કાગડાની ચાંચમાં દહી-થરૂ ક્યાંથી રહે ! વળી હાથીના માથામાં જે મોતી થાયસે તે શીયાળવાના હાથમાં ક્યાંથી આવે ! એ ગજ મોતી તો કેહરી (સિંહ) નાજ હાથમાં આવે, ગરીબ પરવર! એ પરમતસિં-હુજી જુવાનસે એણે કદી દારૂની નીશામાં બુદ્ધિ ફેરવીને એ બા-ઇને આંઇ આંણીતી ખરી પણ એ બાઇ ઓગણપચા દી લગી નદીમાં ઘડા વેહેતા મુકવાનું વરત બતાવીને ડાભની સાદડી ઉ-પર બરમચારીની પેઠે એક મેડી ઉપરીયાં પડી રહેતી હતી અને પચાહમે દીને લગન કરવું એમ બોલી હતી, પણ એ બાઇની ચતુરાઇ એવી હતી કે આ રાજઘઢીને પાછલે ઝરોખેથી દોરડાં-ના આધારે નરમદામાં નાવડાંના આધારે સટકી જઇસે, પણ-વાનું કામ તો ક્યાંએ રહ્યું કંકોતરીયો લખી હતી તેથી એ આ-ધારથી જાનીવાસામાં આવેલા લોટ ફાકીને પોતપોતાને ઘેર હેડ્યા ગયા, આતો ઉલટુ અમારૂ હશીકું થઇ જયુંસે, હવે ના-હક આપ અમારી સાથે લઢીને અમને હેરાન કરશો ઇમાં શું હાથ આવવાનું સે, જો એ બાઇ આંઇ હોત તો એક અડધી ઘઢી પણ વાર નહી કરતાં આપ સરકારને સોંપી દઇએ અમને શી ખબર કે આપના નગરના શેઠજીની એ દીકરી હશે.

અમે તો આપનાં છીએ, આ માથુ આપ સરકારનું છે, વ-ળી જયારે આપના રાજ ઉપર આફત આવી પડે અને કોઇ ચઢાઇ કરે તારે અમો તો આપને અમારૂં માથુ આલવાને ઘણી વખત તયાર થઆં છીએ અને વળી તયારજ છીએ, તો પછે પોતાના માણુહ જાણીને તમે ધમચકડ કરશો તો પછે આપને

પસતાવું પડશે, અમે તો આપના રાજમાં ખંડણી ભરીએ છી-એ માટે અમનેતો પોતાના માંણુહ ગણુવા જોઈએ.

તમે બધુ સુચી દઇને અતારે અમારી રાજધઢીમાં પધારો તમે અમારા મજણાંન છો આપથી અમારે વધારે શું છે, હવે હું અંદર જઈને રાજધઢીનું મોટું આ બારણું વાશેલું છે તે ઉઘડાવું છું, અને જેમલ ઠાકોરને બધી હકીકત કહી દઉછું.

આવેલા વૃદ્ધ માણસનું વચન સાંભળી દીર્ઘદ્રષ્ટીવાળો તરૂણુ રાજકુમાર સંતોશ પામ્યો, લડાઇ કરવા કરતાં ખરો સાર પ્ર-થમથીજ જાણુવામાં આવી ગયો છે એટલે હવે કંઇ કરવા જેવું નથી પણુ આપણે પ્રથમ અંદર પ્રવેશ કરવો એજ ઉત્તમ છે અને બાહેર લશ્કરને આ રાજધઢીની આજુબાજુ પડાવ કરવાને હુકમ આપવો એવો વિચાર કરીને તે વૃદ્ધ માણસને ઉત્તર આ-પ્યો કે, ઠીક છે. એ બાબત વિચાર કરીશું તમે તમારા ભાઈ જયમલને ખબર આપો અને રાજધઢીનું દ્વાર અત્યારે ખુલ્લું કરો.

પોતાની ઠકરાતનું હવે રક્ષણુ થશે એવી આશા રાખનારો પેલો વૃદ્ધ ડોશો પાછળની જગોએથી છુપી રીતે રાજધઢીમાં દાખલ થઇ ગયો પછી થોડીક વાર સુધીમાં તમામ હકીકત જ-યમલ ઠાકોરને પેલા વૃદ્ધ ડોસાએ વીદીત કરી, તેથી ધૈર્યતાનો ત્યાગ કરીને રાજધઢીનો મોટો દરવાજો ખુલ્લો કરાવ્યો, એટલે વીનોદચંદ્ર રાજપુત્રે પોતાના ખરા શુર ક્ષત્રી વીર પુરૂષોને લ-ઇને અંદર પ્રવેશ કર્યો, તેનો પ્રવેશ થતાંજ જયમલ ઠાકોરે ન-મૃતાપૂર્વક મોટું માન આપ્યું તેમને બેસવાને માટે ઉત્તમ રાજ બેઠેકના સંગારેલા મકાનમાં સવડ કરી તે સઘળા ત્યાંજ બેઠા. આ વખતે પાછલી રાત્રી જતી હતી, તેમજ જયમલે દરબારધ-ઢમાં આનંદદર્શક ચિન્હનું ઢોલ વગડાવ્યું, જેથી તેમના ગામ-ના ભીલાક લોકોનો જમાવ થયો હતો તે લોકો તુરતાતુરત વે-રાઇ જવા લાગ્યા, થોડી વાર ગઈ એટલે વીનોદચંદ્રનું લશ્કર શાન્ત થયું, અને તુરતજ ભાનુદેવે પૂર્વદીશાના આકાશનો રંગ ધોળો કર્યો.

બીજે દીવશે પ્રાતઃકાળમાં વીનોદચંદ્ર રાજકુમારે તે રાજધદીમાં દરબાર રચ્યો, જેમાં જયમલ ઠાકોર તથા તેમના ભાઇયાત વર્ગને અને પ્રમતસીંહ કુમારને બોલાવ્યા હતા, જયમલ ઠાકોર પ્રત્યે વીનોદચંદ્ર રાજકુમારે કહ્યું કે ! હે વૃદ્ધ ઠાકોર ! તમે તો ઘરડા થયા છો એટલે હવે આ ગામની ઠકરાતનો અમલ ચલાવવાને પાછલી રાત્ર ચાલી જાયછે, આ પ્રમત્તસીંહ રાજ્યની લગામ પોતાના હાથમાં લેશે તે વખતે કેવો પરિણામ થશે ! તે વિચાર કરો,–પ્રમત્તસીંહના અવિચારપણા ઉપર બહુજ ધ્યાન આપવાનું છે, પ્રમતસીંહે નીતિવિરૂદ્ધ કામ કરવામાં કંઈજ આંચકો ખાધો નથી, તે પોતાની પ્રજાને શી રીતે સાચવી શકશે ! એ તમારે વિચાર કરવાનો છે, તમે પોતે અભણ છો છતાં તમે પોતાની કારકીર્દીમાં કદી પણ આ પ્રમાણે કામ કર્યું નથી; એટલા માટે હું તમારાં વખાણ કરૂંછું તે ગરીબ સ્વભાવની નવનીત, પવિત્ર આચરણવાળી છતાં તેને ભ્રષ્ટ કરવાને માટે પ્રમત્તે ઉદ્યોગમાં તે નવનીત પોતાનો ટેક સાચવવાને માટે પોતાનો પ્રાણ જોખમમાં આણવાને પણ ભય પામી નથી, છેવટે તે દીલાસો આપીને નદીના જળમાં ચાલી ગઈ છે, જે રાત્રીયે તે ગઇ તે રાત્રીએ તમારા કહેવાથીજ જણાઇ આવ્યું છે કે રેલનું ભયંકર તોફાન હતું, તેથી તે નાવ ક્યાં ઉતરી પડ્યું હશે ! શું થયું હશે ! તે ડુબીમુઇ હશે કે કેમ ! એ સઘળું નિશ્ચય કરવાને શો આધાર રહ્યો ! તેથી ન્યાયમાર્ગે હું એજ ઠરાવ કરૂંછું કે તે નિરપરાધી સુશીલ નવનીતને ભયંકર તોફાનવાળી નદીમાં ઉતરીને સટકી જવાનું કારણ રૂપ આ પ્રમત્તસીંહજ છે; તે બિચારીને ભયના આવેશમાં નાંખવાનું કારણ એજ પ્રમત્ત છે, તે મર્ણ પામી હશે તો મર્ણનું કારણ પણ આ પ્રમત્તસીંહ છે.

જે નીતિને જાણનાર છે તથા જે વિદ્વાન સજ્જન પુરૂષ શુદ્ધ અંતઃકરણવાળો છે તેવો રાજા તો પોતાની પ્રજાને પોતાના પુત્ર પુત્રી તુલ્ય સમજે છે, પોતાની પ્રજા ન હોય તોપણ પરસ્ત્રીને અભય વચન આપનારા પરોપકારી હોયછે, તેવા

રાજાઓ તો સર્વેની સાથે સમાન દ્રષ્ટી રાખનારા હોયછે. તેવા ભૂમીપતિ કેવળ જાત્યાભિમાની તો શું પણ સ્વદેશાભિમાની થઇને દેશનું કલ્યાણજ ઇચ્છે છે તેઓને બીલકુલ રાગ દ્રેષ હોતોજ નથી; ચાહે હિંદુ હો કે મુસલમીન હો, પણ તે બન્નેની સાથે તેઓ સરખોજ પ્રેમભાવ રાખે છે. સર્વેના સ્થુળ શરીરમાં એક અંતરાત્મા સમજીને તેઓને કલેશ ઉત્પન્ન થાય તેવું કદી પણ કાર્ય કરતાજ નથી; લોકહિતને માટે જળાશયો બંધાવે છે, તપસ્વીયોને માટે વગડામાં પર્ણકુટી તયાર કરાવે છે, તત્વવેત્તા બ્રહ્મવિદ્યા જાણનારા નિર્મળ સાધુઓના ચરણાર્વીંદમાં મસ્તક નમાવે છે, સારી નીતિએ ચાલવાના રસ્તા ઉપર પોતાની પ્રજાને દોરાવે છે, તેઓ રાજભક્ત થાય માટે ઉત્તમ શિક્ષણ આપેછે; જેમ પિતા પોતાના બાળક પુત્રને ઉછેરવામાં જેટલો ઉમંગ રાખેછે તથા તે સાથે પોતના જીવનને મદદ કરશે એવી મોટી આશા રાખેછે, તેવી રીતે નીતીજ્ઞ રાજા પોતાની પ્રજાને સંભાળે છે અને યોગ્ય કર લેછે.

પોતાના પીતા તરફથી સુખ પામેલો પુત્ર તથા પીતા તરફથી અગાધ લાડ પામેલો છોકરો પીતાના મર્ણ પછી વિયોગે કરીને જેવી રીતે ઘણોજ અફસોસ પામે છે તેવી રીતે પ્રજા પણ રાજા તરફથી જ્યારે સર્વ પ્રકારે સારૂં સુખ પામેછે ત્યારે તે પ્રજા પોતાનું તન મન અને ધન અર્પણ કરેછે. રામચંદ્રજીએ પ્રજાને બહુજ સુખં આપ્યું હતું; જ્યારે રામચંદ્રજી વનવાસ સીધાવ્યા તે વખતે પ્રજા સમગ્ર અયોધ્યા નગરથી બાહેર નીકળી હતી; ત્યારપછી કાળે કરીને તે રામચંદ્રજીની સાથે સઘળી પ્રજા વીમાનમાં બેશીને સ્વર્ગ ગઇ હતી; એવા ધર્મીષ્ટ રામ ચંદ્રજીના ગુણ કથન પ્રથ્વી પ્રલય થતા સુધી પણ ચાલ્યાં કરશે; તેવા પવિત્ર માહાત્માના ઉપકારે કરીને વશ થએલું જગત મર્ણ પામતી વખતે પવિત્રતા પ્રાપ્ત થવાને યાદ કરાવે છે.

જ્યારે રાજા ધર્મીષ્ટ હોય ત્યારેજ પ્રજા ધર્મીષ્ટ રહેછે; જ્યારે રાજા અભણ, દુરાચારી, ચોર, લંપટ, ખલ, ધુર્ત, પરાયુ દ્રવ્ય હરણ કરવાની વૃતિવાળો, હરામનું છીનાવી લેનારો, પ-

રાયા હક નાશ કરનારો, અન્યાયી, ઈર્ષાખોર; અને દગલબાજ હોયછે ત્યારે તેની પ્રજા પણ તેવાજ ગુણવાળી નીવડે છે. કહ્યું છે કે ' યથારાજા . યથા પ્રજા ' તેજ પ્રમાણે અત્યારે તમે પણ અભણ અને તમારી પ્રજા પણ અભણ છે; તેથી કેટલાં ઘોર કૃત્ય થતાં હશે ! માટે કહુછું કે અત્યારે વિદ્યા નીપુણ વિદ્વાન સુશિલ નવનીતનું ગુમ થઇ જવું જે થયું તેજ મુખ્ય કારણ પ્રમતસીંહ છે.

અને એજ કારણને લીધે નવલપુર નગરથી મારા રાજ્યના ખર્ચથી સેના લઇને અહીયાં સુધી મારે આવવાની જરૂર પડી છે. જેમાં મને અહીં સુધી આવતાં પચીસ હજાર રૂપીયા ખર્ચ થયા છે. અને નવનીતને અન્યાયથી ત્રાસ આપ્યો અને તેને મોટા જોખમમાં નાંખી છે તેટલા માટે પુણો લાખ રૂપીયા તમારો દંડ કરૂં છું.—તે મળીને એક લાખ રૂપીયા અત્યારે આપવા જોઇએ.

પ્રમતસીંહ બાર માસ સુધી અમારા રાજ્યમાં અમારી પાસે રહીને રાજનીતિ અને સદવિચાર વર્તણુકનો અભ્યાસ કરે. અને તેમ થયા પછી તે અમારો સારો અભિપ્રાય મેળવી શકે નહિ તો તેને રાજગાદીનો અધિકાર નથી; માટે તેને અમારી સાથે મોકલવો જોઇએ.

આ પ્રમાણે વિનોદચંદ્રે તે રાજઘડીની અંદર સભા ભરીને ઠરાવ વાંચી સંભળાવ્યો !

તે સાંભળીને ચંદનપુરના ઠાકોરે તે વાત કબુલ કરી, એજ વખતે એક લાખ રૂપીયાના તોડા દંડના રજુ કરી દીધા, અને પ્રમતસીંહને સારૂ શીક્ષણ મેળવવાને માટે વીનોદચંદ સાથે મોકલવાનો નિશ્ચય થયો, તેમજ વીનોદચંદ્ર સાથે રહેવાની ઇચ્છા પ્રમતસીંહની પણ સંપુર્ણ રીતે થઇ હતી.

ચંદનપુરમાં વીનોદચંદ્ર બે દીવસ રહ્યો, ત્યાર પછી ત્રીજે દીવશે પોતાના લશ્કર સાથે-પ્રમતસીંહને લઇને તથા લાખ રૂપીયાની ત્રીજોરીને લઇને નવલપુર નગર ભણી ચાલ્યો ગયો.

પ્રકરણ ૧૩ મું.

ભગવાં વસ્ત્રવાળી નવનીત.

ભદ્રશીલા તીર્થનો મઠ.

ભદ્રશીલા તીર્થના મઠમાં યોગિણી માતાના ઉપકારથી કેટલેક દીવશે નવનીત તંદુરસ્તી ઉપર આવી ગઈ, જો કે પોતાનું હિત ઇચ્છનાર મિત્ર મદનચંદ્રના વિયોગરૂપી કાંડો તેના હ્રદયને રાત્ર દીવસ કોતર્યા કરતો હતો તોપણ સ્વભાવિક યોગિણી માતાની સઘળી પ્રકારની સંભાળને લીધે તે નવનીત કેવળ શશક્ત થઈ; તેના શરીરની કાન્તી પ્રથમ કરતાં વિશેષ વખાણવા જેવી થઇ, તે નવનીત મદનચંદ્રના વિયોગથી ભગવા વસ્ત્ર પેહેરતી હતી, પણ તે ભગવા વસ્ત્ર તેણીની મોહક કાન્તીને વધારે શોભા આપતા હતા, તેના બન્ને હાથ મૃણાલદંડ જેવા શોભા આપતા હતા, તે સંપૂર્ણ યુવાવસ્થાને પોહોચી હતી, તેથી, તેથી તેના સ્તન ભારને લીધે નમી જતા હતા; તેના કંઠમાં પુષ્પનો હાર જાણે તેના સ્તન બિંબુકને સ્પર્શ કરતો હોય તેવું દેખાતું હતુ, તેના સુંદર ઓષ્ટ રાતા સમુદ્રમાંથી નીકળતા તરંગ જેવા, કિંવા પ્રવાલના છોડ જેવા રક્ત હતા, તેનો ગાલ (કપોલ પ્રદેશ) તુંગ અને શ્વેત હતો; તે જાણે મદિરારસ ભરેલી માણીક્યસુક્તિના સંપુટ જેવા દેખાતા હતા, એટલુંજ નહિ પણ સૂવર્ણના સંપુટને અગ્નીમાં તપાવેલા જેવા ચંપક વર્ણના જણાતા હતા, તેની નાશિકા દીપકજ્યોતી સમાન અસ્ખલ સુશોભિત હતી, તથા સરસ્વતીની વીણા વગાડવાના રત્નમય ગજ જેવી હતી, તેના બન્ને ચક્ષુ વીકસીત કમળ જેવાં તથા લક્ષ્મીના નિવાસ રૂપ ક્ષીરસાગર તુલ્ય હતું, તે વિશાળ ચક્ષુ કર્ણ પ્રદેશ સુધી ક્રોધથી ધસતાં હોય તેવાં રક્ત રંગનાં ચળકતાં હતાં તેની બન્ને ભમરો બાણાવળી સૂર પુરૂષોના હાથથી જાણે ખેંચાયલા ધનુશ હોય તેવાં વક્ર હતાં, એટલુંજ નહિ પણ જાણે મદમત્ત હાથીયુની જાણે મદ-

લેખા જેવી તેની ભમરો શોભતી હતી, તેણીના લલાટમાં જે તીલકબિંદુ હતું તે જાણે કામદેવનો મોહ તેના વદન ઉપર પ્રાપ્ત થયો હોય તેવો ભાસ દેખાતો હતો; તેણે બન્યો કર્ણમાં મોગરાના પુષ્પની કળિયો ઘાલી હતી, પણ તે જાણે તેણીના ગાલ પ્રદેશ સાથે સંબંધ રાખીને વારંવાર ચંચળ ચિતવાળા આલિંગન કરતાં હોય તેમ જણાતું હતું; તેના દીર્ઘ કેશ કટી પ્રદેશ સુધી પોહોચેલા જાણે વાસુકિ નાગ રત્નશિલા ઉપરથી પ્રવેશ કરતો તથા કટિતટરૂપી અમૃતનું પ્રાશન કરવાને માટે ફાંફાં મારતો પડી રહેલો હોય તેવા શ્યામ રંગના દેખાતા હતા; તેણીના ભાલ પ્રદેશમાં ભસ્મની ત્રિવલિ ત્રિવેણી જેવી દેખાતી હતી, તેણીયે મસ્તક ઉપર ભગવું વસ્ત્ર આચ્છાદન કરેલું ઉદય સૂર્યથી થતા આકાશના રંગમાં ઉદય થતા રક્તવર્ણના સૂર્ય જેવું મુખ દેખાતું હતું; તેના મસ્તક ઉપર કુદરતિ લાલાશ એવી હતી કે જાણે સેંથો પુર્યો હોય તેથી કરીને તેણીના લાંબા કેશ જાણે રક્ત રંગના મદિરારસમાં ધોવાતા હોય તેવા દેખાતા હતા; તેનું સ્મિત હાસ સેંકડો ચંદ્રનું માન મુકાવે તેવું હતું સેંકડો ધીર પુરૂષોના વજ્ર હૃદયને પીગળાવી નાંખે તેવું હતું સેંકડો મહારથિયોના હાથમાં પકડેલા ધનુષ ઉપરની નજરને ચુકાવનારૂં હતું; સેંકડો સાધુ યતિની વૃતીને આશાનુ વૃતિ રૂપી દોર ઉપર નચાવનારૂ હતું; જો કે તેણીનાં નિર્મળ નેત્ર વિકાર વિનાનાં હતાં તોપણ તે નિર્મળ નેત્ર વિકારી પુરૂષોના હૃદયને તિક્ષણ બાંણ રૂપે છેદન કરનારાં હતાં; મૃગ સમુદાયના નેત્ર ઉપમાને હસાવનારાં હતાં, ખંચન પક્ષિયોની ચપળતાને ટક્કર મારે તેવાં હતાં, જળમાં નિવાસ કરનાર મીનની ગતી જેવાં હતાં; તેણીનું સઘળું અંગ સુરંગ હતુ; આ સઘળી દેખરેખ યોગિણી દેવીની હતી;—યોગણી માતાએ તેણી ઉપર ઘણીજ દેખરેખ રાખી હતી; આખો દિવસ અને રાત્ર તે નવનીતની પાસે રહીનેજ ગાળતી હતી; જે પ્રકારે નવનીત વિશેષ રુટડી અને રૂપાળી દેખાય તેવો પ્રયોગ કરવામાંજ ગુંથાતી હતી; નવનીત સંપૂર્ણ રીતે સશકત અને સબળ થઇ એ-

ટલે યોગિણી માતાએ પોતાના મઠમાં જેટલા વિભાગ ઓરડા, ઓરડીયો, બેઠક, વીગરે, જે જે પદાર્થ હતા તે બતાવી દીધા હતા; એ મઠમાં દુર્ગાપ્રસાદ નામનો આચાર્ય હતો તે આચાર્ય નું પુસ્તકાલય નવનીતને તે યોગુણીમાતાએ બતાવ્યું હતું. તેથી તે પુસ્તકાલયમાં ઘણો ખરો વખત પુસ્તકો વાંચવામાં નવનીત ગાળતી હતી, પણ તે પુસ્તકો વાંચીને નવનીતને કંટાળો આવતો હતો. તેથી તેમાં જવાનું તેણે બે ત્રણ દિવસથી બંધ રાખ્યું હતું;

હવે તે પુસ્તકાલયમાં નવનીત શા સારૂ જતી નથી ! એવી શંકા આવવાથી યોગિણીમાતાએ નવનીતને પ્રશ્ન કર્યો કે, બેટા ! તું હવે પ્રથમની માફક પુસ્તકો કેમ વાંચતી નથી! વળી તને પાછું કાંઇ યાદ આવ્યું કે શું ! હવે તું કંઇપણ યાદ લાવતીજ નહી ! મદન નામનો તારો મિત્ર કાંઇ અત્યાર સુધી હયાત હોયજ નહી; માટે તે તરફનો લક્ષ છોડી દે; તું સા માટે એકલું દુધ અને રોટલો ખાય છે ! અહીયાં શી ખોટ છે ! હજુ તો તને આ પવિત્ર ભદ્રશિલા મઠનો ખરેખરો ભેદ તો હવેજ માલુમ પડવાનો છે; જ્યારે તું છુપા ભેદને જાણીશ ત્યારે તુ એમ સમજીશ કે સ્વર્ગ સુખ પણ તણમાત્ર છે; જે સુખ આ મઠમાં સનાતનથી ચાલતા ધર્મની પરનાળીકામાં રહેલું છે તે સુખ મોટા મોટા પૃથ્વિપતીને ત્યાં પણ નથી; સ્વર્ગમાં ઇંદ્રને ત્યાં પણ તેવું સુખ નથી; માટે બેટા ! તું આ સ્થળમાં તો કેવળ મસ્ત અને આનંદજ ભોગવ્ય; અને તું તે પુસ્તકાલયમાં તમામ પુસ્તકો વાંચીને માહિત થા. તને કદી શંકા આવતી હોય તો જ્યારે દુર્ગાપ્રસાદ આચાર્ય આવે ત્યારે તેમની પાસે જઇને ખુલાસો લેઇ લેવો; કે તારા મનનું સમાધાન તુરતજ કરી દેશે; એટલા માટે બેટા ! તું કોઇ રીતે ગભરાતી નહી.

નવનીત—માજી ! આ મઠમાં બીજો છુપો ભેદ કયો છે ! એ હું જાણવા માગુ છું; વળી તમે જે પુસ્તકાલય બતાવ્યું તેમાં તો વામમાર્ગનાં અસંખ્ય પુસ્તકો છે; તેમાંથી અત્યાર

સુધીમાં દસ બાર ગ્રંથ મ્હેં જોઇ લીધા છે. તે જોતાં મને તો વિચીત્ર ધર્મની પરનાળિકા માલુમ પડે છે; સનાતન વેદશાસ્ત્રથી કેવળ વિરૂધ દરસાય છે. જેમકે વેત રંગના વિરૂદ્ધ કાળો રંગ છે: સત્ય વિરૂદ્ધ જેમ અસત્ય છે. સુખ વિરૂદ્ધ જેમ દુઃખ છે; સુર્યના પ્રખર તેજ વિરૂદ્ધ જેમ અંધારૂ છે, મિષ્ટ પદાર્થ વિરૂદ્ધ જેમ કડુતા છે; તેમ સત્ય વેદશાસ્ત્ર વિરૂદ્ધ વામમાર્ગીય શાક્તમાર્ગ જણાય છે.

આટલી વાત કરેછે એટલામાં રૂષ્ટપુષ્ટ મુસ્તંડા જેવો શરીરે મજબુત, દીર્ધ છાતીવાળો અને મોટા પેટવાળો મલમલનો ઉપરણો ઓઢીને જરાક દૂરથી એક માણુસને આવતો દીઠો, તેણે મસ્તક ઉપર ચકરી પાઘડી પુનાશાઈ પેહેરેલી હતી; તેના મસ્તકથી તે હડપચી સુધી સઘળી ગોળ આકૃતી હતી; તેની ગર્દન પાડાના કાંધ જેવી મજબુત હતી; નેત્ર લંબગોળ અને રકત હતાં. તે ઉપરથી જણાતું હતું કે આ માણુસ કેવળ વિષયાશકત હોવો જોઇએ; તેનો કપોળભાગ માંસલ હતો, તેથી કાચબાના પીઠની માફક તુંગ દેખાતો હતો; તેણે બન્યો કાનમાં રૂદ્રાક્ષના ત્રણ ત્રણ મણુકાની લોલક સુવર્ણના વાળાથી જડીત કરીને પેહેરી હતી, તેના કંઠમાં મોટા મણુકાના રૂદ્રાક્ષની માળા હતી; તેના દીર્ઘ ભાલમાં ભસ્મનું ત્રિપુંડ ખેચેલું હતું તે ત્રિપુંડના મધ્ય ભાગમાં અર્ધચંદ્રાકાર ત્રિકોણ ચિતર્યું હતું તેણે વિશાળ છાતી ઉપર બે તરફ માયાબીજ મંત્રના અક્ષરો ચંદનથી ઉઠાવ્યાં હતાં; તેનું મસ્તક મોટું હતું; મસ્તકના ડાબા અને જમણી બાજુના ઉપસેલા માંસથી તથા તેના ભરપુર તર મગજથી એમ જણાઈ આવતું હતું કે તે સંપુર્ણ ખટપટિ અને બીજાના પેટમાં પોતાનો સિદ્ધાંત ઠસાવી દેવાની શકિતવાળો દુરાગહી અને પ્રપંચી હોવો જોઇએ; તેનાં બન્યો ભુજદંડ ઘણા મજબુત અને માસલ હતા, તેની વિશાળ છાતી અને તે નીચેના પેટનો ભાગ મજબુત હતો તેથી જણાતું હતું કે તેના પેટમાં જઠરાગ્નીનું બળ વિશેષ હોવું જોઇએ; તેના પગની પીંડીયો મજબુત અને જાડી હતી, તેથી પ્રવાસ કરવામાં થાકે નહી તેવો જણાતો હતો; એવો એક તરૂણ જુવાન અનાયાસ

જ્યાં યોગિણીમાત્તા અને નવનીત વાતો કંરેછે તે વખતે આવી પોહોચ્યો, તે માણુસને જોતાંજ યોગિણી માત્તા એકદમ ઉભી થઇ અને નમ્રતા પુર્વક બોલવા લાગી, કે આવો આવો મહારાજ, હે આચાર્ય માહારાજ ! આપ ભલે પધાર્યા; હમણાંજ આપની વાત ચાલી રહી હતી.

હે મહારાજ હું એમ ધારતિ હતી કે તમે પંદર દિવસમાંજ આ તરફ આવી પોહોચશો. પણ તેમ ન થતાં સરાસારી એક મહીના ઉપરાંત દિવસ થવા આવ્યા; શું કાંઇ આપણા શાકતમદની શાખાઓમાં વધારે ટકવાની જરૂર પડી હતી હે શું ! ચાલો કદિ તેમ થયુંજ હશે, હવે તો અહિયાંજ ટકવાનું થશે; કેમ કે તે તરફનું કામ તમે કરી આવ્યા છો, એટલેજ એ ત્રણ માસ સુધી કાળજી રાખવી પડે તેમ નથી.

દુર્ગાપ્રસાદ આચાર્ય—કાળીકાના પ્રતાપથી ફતેહ કરીનેજ આવ્યોછું ધારેલી વસ્તુ ફળિભુત થઇ છે, જ્યાં દુર્ગાપ્રસાદ જાય ત્યાં કદી પણ કાર્યમાં હાની થાયજ નહિ.

યોગિણીમાતા—જય અંબે, જય અંબે, જય ભગવતિ, તથાસ્તુ;તમારા હાથમાં યશનું ત્રિશુળછેતેથી સર્વદા વિજયજ છે.

એ વાત થઇ રહી, એટલે દુર્ગાપ્રસાદ આચાર્યજીની દ્રષ્ટી નવનીત તરફ ગઇ; તેણે પોતાના અંતઃકરણનાં આકર્ષણ સ્થિર દ્રષ્ટીવડે કરીને તે નવનીતના સર્વાંગ તરફ નિહાળ્યાં કરતો હતો—પછી થોડીકજ વાર થઇએટલે આચાર્યયોગીણીમાતા પ્રત્યેબોલ્યો કે, દેવી ! આ તરૂણ લલનાં કોણ છે પોતે કયાંથી આવ્યાં છે ?

યોગીનીમાતાએ આચાર્યને માન આપીને નવનીતનો ઇતિહાસ આરંભથી તે અંત સુધીનો કહી દીધો; તે સાંભળીને આચાર્ય માહારાજ પ્રપુલ્લ વદનથી બોલવા લાગ્યા કે—વાહ વાહ,ધન્યં ભાગ્ય કે આવાં ગુણી અને વિદ્વાનનું પધારવું કયાંથી ! વળી સંસ્કૃતનો પણ સસ્કાર સારો છે; એવો સંસ્કાર સેંકડો સ્ત્રિયોમાં કોઇકનેજ હોયછે એ જોઈને મને તો ઘણોજ આનંદ થાયછે.

યોગાણી—એ તો શું પણ પાશ્ચાત્ય દેશની પણ ઉત્તમ ભાષા જાણે છે વળી યાવનિ ભાષામાં પોતે નીપુણતા ધરાવેછે,

જેમ કંજુસ માણસ ધનનું રક્ષણ કરેછે તેમ મ્હે આ નવનીતનું રક્ષણ કર્યું છે; શરીરમાંથી પ્રાણ જાય તો તે પ્રાણ જવા દેવાને જેમ કૃપણ માણસ તયાર થાયછે પણ ધનનું રક્ષણ કરવાને ચુક્તો નથી તેમ આ પ્રીય નવનીતનું રક્ષણ કરવામાં મારો દેહમાંથી પ્રાણ જાય તોપણ હું પરવા રાખતી નથી કેમકે આ સુશીલ નવનીતમાં ઘણાજ વખાણવા લાયક ગુણ છે; અરે ગુણતો છેજ પણ ઈશ્વરે તેના શરીરમાં વિલોકને મોહ પમાડે તેવું સ્વરૂપ મુકી દીધું છે; તેની કોકિલા જેવી વાણી મને બહુજ પ્રિય લાગેછે; એમ કહીને પેલા આચાર્ય દેખતાં નવનીતને પેલી યોગીણી પોતાના હૃદય સરશી ચાંપે છે; અને પછી કહેછે કે બેટા, નવનીત! આ ધર્મગુરૂ આચાર્યથી બીલકુલ શરમાવું નહી.

નવનીત--માજી! શામાટે શરમાવું જોઈએ! ધર્મગુરૂ એ પીતા સમાન છે; અને તમે તો મારી માતા સમાન છો; પછી શરમ શાની રહી!!

આચાર્ય તરફ દષ્ટી કરીને યોગીણી--હે આચાર્યજી! હજુ આ નવનીત આપણા મઠના સનાતન ધર્મને જાણતી નથી, તે કેવળ અજાણી છે; જ્યારે ધીરે ધીરે તેના ભેદને જાણશે ત્યારે તે ચપળ નેત્રા કહેવાશે; વળી આ મઠમાં મારૂ નામ દીપાવશે; મોટા મોટા વિદ્વાન પુરૂષો તેના મોહક ગુણને ચ્હાશે; તેઓ પોતાનું તન અને મન અર્પણ કરશે. (એટલું બોલીને શાંત થઇ)

નવનીતનું મુખકમળ જોતાંજ મોહ પામેલો દુર્ગાપ્રસાદ ચિત્રવત બની ગયો; તેનામાં ધીરજ રહી નહી; તોપણ તે ઘણો વક્તા અને પ્રપંચી હતો તેથી મઠના સનાતન ધર્મ પ્રમાણે આ નવલ વધુથીજ કાર્ય થશે એવી મોટી આશાવાળો દુર્ગાપ્રસાદ બની ગયો હતો તેમજ તે બોલવામાં કેવી ચપળ અને વિદ્વાન છે તે જોઈ લેવાને માટે દુર્ગાપ્રસાદ આડીદોડી વાતો કહાડવા લાગ્યો.

આ રક્ત નેત્રથી આરતવાન થએલો નવનીત તરફ દ્રષ્ટિ કરતો દુર્ગાપ્રસાદ બોલ્યો; વાહ, વાહ, નવનીત તે નવનીતજ "યથા નામા તથા ગુણાઃ" અર્થાત જેવું નામ છે તેવાજ ઉત્તમ ગુણ હોયજ. કહ્યું છે કે—

॥ श्लोक ॥

मृक्षणं सरजं हैयं गवीनं नवनीतकं,.

ધન્વંતરી નિઘંટમાં, मृक्षणं, हमगवानी અને नवनीत એ નામ માંખણનાં ઠરાવ્યાં છે.—અને

श्लोक.

शीतं वर्ण वल प्रदं समधुरं वृष्यंच्च संग्राहकं
वातघ्नं कफ कारकं रुचिकरं हृद्यं त्रिदोषापहं
कार्श्य श्रम शांतिदं रतिकरं कान्ति प्रदं पुष्टिदं
सद्यस्कं नवनीत माहिष मिदं स्यात्सर्व रोगापहं

અહાહા, નવનીત વસ્તુ શું કરે છે અને તેનામાં કેટલા ગુણ છે તે સાંભળો. તાજુ એટલે નવીન નવનીત ઘણુંજ ગુણકારી છે; સ્વાદમાં મધુર છે; કિંચીત ખટાશવાળુ છે; તે ટાઢુ અર્થાત શરીરના દાહને શાન્ત કરનારૂં અને પુષ્ટિ કરનાર છે; વાયુને દુર કરનાર રૂચિકર છે. વળિ તે ત્રિદોશ જેવી અસાધ્ય વ્યાધીને દુર કરનાર છે, (અર્થાત સન્નેપાત રોગે તત્પર થએલા શરીરને મર્દન કરવાથી શાન્ત કરનાર છે) અર્થાત વાત પિત કફ એમ ત્રણેના દોષને દુર કરનાર છે; શ્રમિત થએલાનો શ્રમ ઉતારનાર છે, તેના સેવન કરનારને કાન્તી વધારે છે; વળી ક્ષય રોગથી જેનું શરીર નિર્બળ અને દુર્બળ થએલું હોય તેને પુષ્ટ કરનાર છે, એ નવનીત બાળકને અને વૃદ્ધને તથા જુવાનને ગુણકારી છે.

હે નવનીત! તમારા નામવાળાં પદાર્થમાં તો અત્યંત ગુણ રહેલા છે તો તમે સાક્ષાત નવનીતમાં હોય તેમાં શું આશ્ચર્ય, એ બોલીને પેલો દુર્ગાપ્રસાદ આચાર્ય ખડખડ હસવા લાગ્યો.

નવનીત—હે માહારાજ! તમે તો પંડીત અને ધર્માચાર્ય છો;–ધર્મમાં સુનીતિનું રહસ્ય રહેલું છે; તેવા ઉત્તમ રહસ્યને જાણનારા અને નીતિને રસ્તે ચાલીને ઈતરજનોને ઉત્તમ નીતિને રસ્તે દોરવનારા ધર્માધ્યક્ષ તમે છો, તો તમે નવનીત એટલે સારનું ગ્રહણ કરો એમાં આશ્ચર્ય નથી; તમે તો નવનીતનો અર્થ માંખણ કર્યો છે. અને માંખણમાં જે ગુણ રહ્યા છે એજ ગુણ

ઉત્તમ સારનો સાર રૂપ નવનીતમાંજ છે;—એ નવનીત આપના સ્વચ્છ હૃદયમાં હોય એમાં કંઇજ આશ્ચર્ય નથી.

નવનીત (માંખણુ) તો તમામ દુધ દેનારાં પ્રાણીયોના દુધમાંથી નીકળે છે; પણ પુષ્ટિપ્રદ દુધમાંથી નીકળેલુ નીરોગી નવનીત તે (માંખણુ) એજ કે સત્યશાસ્ત્રનું અધ્યયન કરવાવાળા પુરૂષોના અંતઃકરણમાં સ્થિર રહેલીજ નીતિ છે એનેજ નવનીત કહેવામાં આવે છે;—દુધતો જડ છે, અને જડ પદાર્થને મથન કરીને પ્રગટ કરેલું નવનીત પણ જડ છે; તોપણ તે જડ પદાર્થમાં જે અણુ રહેલા છે તે અણુ આ સ્થુળ દેહને કોઇ જુદીજ રીતે જડ પદાર્થના પ્રમાણમાં ગુણ યુક્ત સંયોગે તેટલાજ પુરતો ગુણ કરે છે. પણ જે પ્રજ્ઞારૂપી અખંડ અને અભંગ નવનીત છે; તે જ્ઞાની પુરૂષોનો સ્વચ્છ અંતઃકરણમાંજ નિવાસ કરેછે; એજ જ્ઞાનરૂપી નવનીત જ્ઞાનિયોનેજ પ્રિય છે, પણ ભેંશ અને પાડા જેવા સ્થુળ શરીરવાળાને અને સ્થુળ બુદ્ધિવાળાને એ પ્રજ્ઞારૂપી નવનીત સ્વપ્નમાં પણ મળી શકતી નથી.

અત્યંત ગૂઢ અર્થવાળી વાણી--અને તે વાણીમાં માર્મીક મોતીના અલંકારરૂપ શબ્દ નવનીત વદતીના સાંભળીને દુર્ગાપ્રસાદ સ્થિર થઇ ગયો; એટલુંજ નહિ પણ આ નવનીત સ્ત્રી ઘણીજ ચતુર અને વિદ્વાન છે એ વિષે તેને ખાત્રી થઇ. તે સાથે પોતે નવનીતનું વિવેચન કરીને પંડીતાઇ કરી હતી, તે પંડીતાઇ ઉપર તેણીનો સમયસુચકતાનો કેવો જવાબ મળ્યોછે! તથા તેમાં ગર્ભિત કેવાં ખાસડાં માર્યાં છે! તે સાંભળીને ટાઢો હીમ જેવો બની ગયો; તે સાથે તેણી ઉપર મોહ વધતો ગયો; આવી ચતુર અને વિદ્વાન પ્રમદા અહિયાં ક્યાંથી! હજુ તે કેટલું જાણે છે! તે બાબત વાગ્વીલાસથી જાણી લેવાને તેનામાં વિશેષ આકાંક્ષા રહી; કેટલીકવાર તે સ્તબ્ધ થયો, ત્યારપછી દુર્ગાપ્રસાદ બોલ્યો કે ધન્ય છે, ધન્ય છે; તમારી વાંણીવિલાસ તે તો કેવળ જ્ઞાનનો પ્રકાશ બતાવનાર છે, મને તમારા સહવાસથી ઘણોજ આનંદ થશે; હું હવે અહિયાંજ ઘણી મુદત રહેવાનો છું; અને આશા રાખું છું કે જે ધર્મ કાર્ય અમે કરીયે છીયે. તથા જે ધર્મને

અમે માનીયે છીયે તે ધર્મમાં તમે પગ મુકશો તો કેટલીક મોટા કુળની યોગીનીવર્ગને સદબોધ મળશે, અને તમારી પવિત્ર શેવામાં હાજર રહેશે: હવે નવરાત્રી પરમરોજથી શરૂ થવાની છે; તેમાં માહાદેવીની પુજામાં સામેલ થવાને વિદ્વાન, ગુણી પુરૂષો અને મોટા ધનાઢય પુરૂષો પોતાની તરૂણ સ્ત્રીયોને લઇને અહીયાં આવશે તે વખતે તમને તે વિષેનો ભેદ બધો જણાઇ આવશે. એમ કહીને તે દુર્ગાપ્રસાદ ઉભો થયો—અને તે વિસ્તારવાળા મઠમાં છુપા અવાસ તરફ ચાલ્યો ગયો તેની ખબર નવનીતને પડી નહી.

દુર્ગાપ્રસાદ આચાર્યના ગયા પછી યોગિણીમાતાએ નવનીત પ્રત્યે તે આચાર્યનાં ઘણાં વખાણ સંભળાવ્યાં; તથા તેની અનેક ગ્રંથો વિષેમાં માહીતિ, તથા બહુ અશ્રુપણું અને માર્ગમાં પૂર્ણ નિપૂણતાવાળો છતાં સાક્ષાત મહાકાળીના ઉપાશક અને ચમત્કારિક પુરૂષ છે એ વીગેરે ઘણી લંબાણમાં વાતો કહી સંભળાવી.

સઘળી વાતો ઉપર ઉપરથી થઇ હતી; પણ મુળભેદ નવનીત જાણી શકી નહી તેમ નવનીત મોટાં વિચારમાં પડી ગઇ આ યોગિણી માતા કોણ છે ! તેમજ આ દુર્ગાપ્રસાદ મુસ્તંડા જેવો કોણ છે ! વામ માર્ગમાં કેવો રહસ્ય રહેલો છે ! નવરાત્રીમાં ધનાઢય પુરૂષો પોતાની સ્રિયોને લઇને અહિયાં આવીને શું કરવાના છે ! અને એમ કરવાનો હેતુ શો હશે ! આ ભદ્રશીળામઠમાં તેમની ઉપજીવીકા કેવા આધારથી ચાલે છે ! આ આચાર્ય શું કાંઇ તે વખતે ઉપદેશ કરતો હશે કે કેમ ! આ પ્રમાણે અનેક વીચારની સંકલનામાં નવનીત ગુચાઇ ગઇ—યોગિણીમાતાનું વચન સાંભળીને થોડીવાર સ્થિર રહી પછી મંદહાસથી બોલી કે, માતાજી ! તમે તો પવિત્ર છો, માટે હું તમારી સાથેજ રહીને નવરાત્રીની રચના તથા દુર્ગાપ્રસાદ ધર્માચારજનો બોધ વીગેરે સાંભળીશ અને જોઇશ; નવનીતનું વચન સાંભળીને યોગિણીમાતા પ્રસન્ન થઇ અને હર્ષયુકત બોલી કે—બેટા ! આ સ્થાનનો ભેદ ઘણોજ અટપટો

અને ન્યારો છે, માટે જે કંઈ તારા જોવામાં આવે તે ભેદ કોઇને કહેવોજ નહિ; એટલુંજ નહી પણ જ્યારે તું તે ભેદ અને છુપુ સ્થાન જોઇશ, તે વખતે તારે પણ તે ધર્મના બોધને ગ્રાહ્ય કરવો પડશે, હવે તારૂ જીવન અહિયાંજ છે; હવે તું સાક્ષાત યોગેશ્વરી બનિ જવાની છું હવે તું તે માર્ગની અધીકારી થઇશ; જયારે તું તે માર્ગમાં રહીને તેની પરનાળીકા પ્રમાણે ચાલીશ ત્યારે અહાહાહા ! સ્વર્ગનુ સુખ તે તું પોતેજ ભોગવીશ; એમાં કાંઈજ શક નથી.

યોગણી માતાના ભેદભરેલા શબ્દો સાંભળીને નવનીતને જુદા જુદા તુરંગ ઉત્પન્ન થવા લાગ્યાં, અને તે બાબતમાં છુપો ભેદ કેવા પ્રકારનો હશે! તે જોવાની તેની ઇચ્છા થઇ, જેમાં તેણીને અનેક પ્રકારના વિચારમાં પોતાને વ્હેમ ઉત્પન્ન થાય તેણ નિર્ણય કરી શકી નોહોતી, કેમકે પોતાના જીવનને સુધારનાર અને સંરક્ષણ કરનાર તથા મૃત્યુપાશમાંથી બચાવનાર યોગણીમાતા હતી, તેથી તે યોગણીમાતાના દલાસા ઉપર તેણીએ વિશેષ વિશ્વાસ રાખ્યો હતો, યોગીણીમાતાની હિલચાલ અત્યારસુધીમાં નીતિયુક્ત લાગી હતી, તેથી બીજી કોઇ શંકા લાવવાને તેના મનમાં કોઇ રીતનો ફાંકો ઉત્પન્ન થઇ શકયો નહી; પણ સ્વર્ગનું સુખ, અને વિભવ તથા એશ્વર્યતા એ સઘળુ આ મઠના છુપા ભેદમાં અને તે ધર્મ જાણવામાં કેવી રીતે પ્રાપ્ત થાયછે, એ વીગરે નીહાળવાને નવનીત ઉમેદવાર થઈ, પછી યોગીણીમાતા પ્રત્યે બોલી કે, માજી ! હું કંઇ એવી અજ્ઞાન નથી કે જેમાં હીત સમાયુ હોય તેવું કામ કોઇને કહેવા જેવું ન હોય તો તે કોઇને પણ કહી સકું; એટલા માટે તમો મારા તરફથી ખાત્રી રાખજો એટલું બોલીને બંધ થઈ ગઈ.

યોગીણીમાતા ત્યાંથી ઉઠી અને બીજા કામે વળગી પડી અને નવનીત પોતાની પાસેનું પુસ્તક વાંચવા સારૂ પોતાને સોંપેલા સુંગારેલા ઓરડામાં એકાન્તે જઈને બેઠી.

યોગીણી તુરતજ જ્યાં દુર્ગાપ્રસાદ હતો ત્યાં જઈ પોહોચી, તેને જોતાંજ દુર્ગાપ્રસાદે પ્રશ્ન કર્યો કે કેમ દેવી ! પેલી નવલ લાડલીને સારી પેઠે બોધ આપ્યો કે નહી !

યોગીણી—હાજી, બોધ આપ્યો છે. તે ઘણી ચાલાક અને વિદ્વાન છે; વળી આપણા માર્ગની અજાણી છે તેથી એકદમ તેમાંજ ઝુકાવી પાડવામાં માલ નથી પણ પેરે પેરે સઘળી બાજી સુધરશે;—જ્યારે તે એક બે વખત નજરે જોશે, ત્યારે બીજી આર્યોની હીલચાલ જોઈને તે હીલચાલ પ્રમાણે મારે પણ વર્તવાને હવે શી હરકત છે! એમ પોતેજ પોતાના મનમાં સમજી જશે, હજુ તે પંચ મકારનો ભેદજ જાણુતી નથી, એકાએક તેણીને અનુભવ મળ્યા વિના તથા નજરે બતાવ્યા વિના ફકત મોઢેથી વાત કહી સંભળાવીને તેના મનમાં વાત ઉતારવી તેના કરતાં રૂબરૂમાં એક બે વાર બતાવવું એજ ઘણું ઉત્તમ છે, હજુ નવેનવી તાજી છે; તેણે હજુ દુનિયાંનો રંગ બહાર દીઠો નથી, તેનું હજુ લગ્ન પણ થયું નથી, અને તેના બોલવા ઉપરથી તો એમ જણાય છે કે ચતુર અને વિદ્વાનને પસંદ કરીનેજ તે લગ્ન કરવાની છે; હવે તે વાત તો કયાંયે રહી ગઈ છે, પણ હવે તે આપણા પંઝામાં સપડાઇ છે તો પછી અહીંથી કયાં ખસવા પામે તેવી છે!

દુર્ગાપ્રસાદ આચાર્ય—ગમે તેવી ડાહી સ્ત્રી હોય પણ વિકારને વશ જ્યારે થાયછે ત્યારે તેનું ડાહપણ તેનો પ્રેમ જેની સાથે જોડાયલો હોયછે ત્યાં બિલકુલ ટકી શકતું નથી; તેની ઉમર અત્યારે લગભગ વીસ વરસની છે; તો પછી બાકી શી રહી! મને સ્ત્રીયોના હૃદયની તમામ વાત યાદ છે; એકાન્ત મહાવીચીત્ર છે. આપણું કામ વામ માર્ગનું ભેદાભેદ રહિત છે જેમાં બિલકુમ મર્યાદા છેજ નહી, જ્યારે આ સઘળો દેખાવ જોશે ત્યારે તેના મનમાં જરૂર વિકાર સ્વરૂપની અસર થયા વિના નહીજ રહે; જ્યારે મદન વિકારની અસર થઇ ત્યારે સ્ત્રી જાત નથી જોતી રૂપ કે નથી જોતી જાત, કે નથી જોતી ભાત; તે વિકાર ઘણોજ દુર્ઘટ છે; છતાં હું દેખાવમાં મજબુત, અને રૂપાળો છું સઘળા શેવકો અને સેવકિયોનો હું, ધર્મ ગુરૂ છું; અને પંચમકારમાં ગમે તેની સાથે હું આનંદ કરૂં છું તો પછી આ ખુબી જ્યારે એ નવલચંદ્રમુખી મદમત્ત યુ-

વાવસ્થાને પોહોચેલી છતાં મને પોતાને જોશે ત્યારે તે મારા વિના કોને પસંદ કરવાની છે !

સત્ય છે, સત્ય છે, હે આચાર્ય, એમાં કંઈ જ શંકા નથી, હું આણું તો તેને સઘળો ભેદ બતાવવો અને માહિત કરવી એવુ જ મારી ધ્યાનમાં આવે છે.

આ પ્રમાણે વાત કરીને તે યોગિણી માતા ત્યાંથી ઉઠીને એજ મઠમાં બીજા કામમાં ગુંથાઇ.

પ્રકરણ ૧૪ મું.

નવરાત્રીમાં મહાપુજા.

કાળીની મૂર્તી.

રાત્રીના નવ વાગવાનો સુમાર થયો હતો: આકાશમાં ચંદ્રમા અસ્ત પામવાની સંધીમાં હતો; તારાગણે પોતાના મુખ બતાવ્યાં હતાં તોપણ કેટલાંક વાદળ જળ વીનાનાં લુખાં મંદ મંદ ગતીવાળાં પશ્ચિમ દિશાએ ચાલતાં હતાં; એ વખતે નવનીતાની ઓરડીમાં એકાએક યોગિણી માતા આવી પોહોચી, આ વખતે જોગીણીનો ઠાઠ જુદો હતો તેણીયે સ્વચ્છ ધવલ વસ્ત્ર પેહેર્યું હતું, કપાળમાં કાશિમર (કેશર) મિશ્રિત ચંદન ચર્ચીત કરેલું હતું; ગળામાં મોતીનો હાર ધારણ કરી લીધો હતો; કાનમાં સુવર્ણનાં કર્ણાકુલ મોતીની સાથે શોભતાં રાખી દિધાં હતાં. પગમાં સુવર્ણનાં પાતળાં કડાં ધુઘરીવાળાં પેહેર્યાં હતાં, હાથમાં મણી અને માણિકય જડીત ખીલી પશિયારા વાળી ચુસ્ત બંગડીયો ઘણી કીમતી અને તેજસ્વી પેહેરેલી હતી, ભાલપ્રદેશપર ભસ્મની રેખા ત્રણ આંકાવાળી ખેંચી હતી તેની મધ્ય ભાગમાં અર્ધચંદ્રાકાર કાશિમર મિશ્રીત ચંદનનું તિલક કરેલું હતું જેની મધ્ય ભાગમાં ત્રિકોણ ષટકોણનું ચીત્ર કાઢીને તેની મધ્યમાં મૃગમદનો શ્યામ બિંદુ કર્યો હતો, નાશીકાની અણી ઉપર એક રક્ત બીંદુ કર્યો હતો, ચિબુક

ઉપર ચળકીત ટંપકી ચોઢી દીધી હતી; મસ્તક ઉપરના અંબોડા ઉપર મોગરાના પુષ્પનો ગુથેલો ગજરો તાણી બાંધ્યો હતો, બન્યો ઉરોજને પાણીના ભરેલા મસકની માફક શોભા આપવાને માટે સટીનની કંચુકી પેહેરી દીધિ હતી, તમામ અંગ ઉપર ચંપાવર્ણ રંગદાર હલદ મીશ્રિત તૈલ્યનો તલાભ્યંગ કર્યો હતો, આખુ શરીર સુગંધી દ્રવથી મહામહ થઇ રહ્યું હતુ, શરદઋતુના નિર્મળ આકાશમાં જેમ પુર્ણમાનો ચંદ્ર નીષ્કલંક શોભે છે તેમ ધવલ વસ્ત્રમાં યોગીણી માતાનું અંગ તેજસ્વી જણાતું હતુ તેવી યોગીણી માતા અનાયાસ નવનીતની સુંગારેલી ઓરડીમાં આવી પોહોચી. નવનીત આ વખતે સુભાષિત રત્નભાંડાગાર વાંચતી હતી, તેણીએ પગનો ખડ્ચો સાંભળીને પાછળ દ્રષ્ટિ કરતાંજ એકદમ ચમકી ઉઠી, સંભ્રમમાં પડી ગઈ, કોણ અચાનક આવ્યું! આતે રંભા, કે ઉર્વશી કે મૈનકા! કોણ છે! જ્યારે ભ્રમીતપણું ગયુ ત્યારે નવનીત બોલી ઉઠી કે અહાહા! માતાજી કે! હુ તો એકદમ ચમકી ઉઠી, તમને જોતાંજ ભુલી ગઈ, આજે તો તમારા અંગનો ઘણોક જુદોજ દેખાવ છે.

યોગીણી—(મંદહાસ્યથી) બેટા! તું નથી જાણતી કે, આ દિવસો નવરાત્રીના છેલ્લો છે આજનો મહોત્સવ જુદો છે આજે તને કાળીનાં દર્શન કરાવવાં અને સઘળો ઉત્સવ જોવાને લઇ જવા ધારૂ છું—એટલાજ માટે અત્યારે તારી પાસે આવી છું અને તને અનેક ઉમદા અલંકારથી સુશોભિત કરવાને દાગીના લેતી આવી છું; એમ કહીને નવનીતની આગળ વસ્ત્રનું અને કિમતી દાગીનાનું પોટકુ મુકી દીધુ; તે જોઇને નવનીતે કહ્યુ કે માજી! મારા અંગ ઉપર જે વસ્ત્ર (ભગુવાં) છે એનેજ હું ઉમદા ગણું છું:—મને અલંકાર ઉપર બીલકુલ ઇચ્છા નથી; હું એમને એમજ આપની સાથે ચાલી આવું છું.

બેટા! એમતે બનેકે! તારામાં જે લાવણ્યતા જણાય છે તેના પ્રમાણમાં જ્યારે અલંકાર ન હોય ત્યારે કેવું ખરાબ લાગે! બીજી સ્રીયો તને જોઇને હાસ્ય કરશે; અહીંયાં કોઈ પ્રકારની ન્યુનતા નથી. માહાકાળી દેવીનો પુર્ણ પ્રતાપ છે; શા

માટે વિરાગ વૃત્તિ તું રાખે છે ! એથી શો ફાયદો છે ! આ ભૂમી તો આનંદ પ્રાપ્ત કરવાનીજ છે; અને આનંદનું રહસ્ય જોવાનો લાભ તો તને આજેજ મળવાનો છે; માટે અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પનો ત્યાગ કરીને ઉમંગથી આ દાગીના તારા અંગ ઉપર ધારણ કર; એ પ્રમાણે નવનીતને યોગિણીયે કહ્યું:—

નવનીત—માજી ! આપના સહુવાસથી મને આનંદજ છે; તે આનંદ મને દાગીનાથી કદી પણ પ્રાપ્ત થવાનો નથી, અને વિયોગમાં આપની સાથે હું આનંદભુમી જોવાને માટે આવુંજ છું—નવનીતે એમ કહીને દાગીના કે બીજાં વસ્ત્ર પેર્યાં નહિ, એટલે એજ ઓરડામાં એક પેટી હતી તેમાં યોગિણી માતાએ વસ્ત્ર અને દાગીના મુકી દીધા, પછી યોગિણી નવનીતને સાથે રાખીને ગુપ્ત સ્થળ ભણી પ્રવેશ કરવા લાગી, યોગિણી આગળ ચાલતી હતી અને પાછળ નવનીત જતી હતી, આ વખતે નવનીતને અનેક પ્રકારના વિચાર ઉત્પન્ન થવા લાગ્યા, અરે ! આ યોગિણી માતા પ્રથમ પ્રૌઢા અવસ્થાવાળાં જણાતાં હતાં અને અત્યારે તો યુવાવસ્થામાં પ્રવેશ કરતી હોય તેવી તરૂણ દેખાય છે, જેટલી ઉમ્મર મારી છે તેટલીજ ઉમ્મર વાળી જાણે યૌવનને ધારણ કરી રહી હોય તેવી જણાઇ આવે છે, પ્રથમ તો આ યોગિણી માતા કેવળ ધવલ વસ્ત્ર અને આડું તીલકજ કરતી હતી, હાથ પણ વિધવા સ્ત્રી જેવા રાખ્યા હતા, જાણે ગરીબ સ્થિતીવાળી હોય તેવી જણાતી હતી, અને અત્યારે તો કોઇ ભુપતીની રાણી હોય તેવી જણાય છે, પ્રથમ તો તે ધીમે ધીમે શાન્ત દ્રષ્ટીથી ચાલતી હતી, અને અત્યારે તો તેમના પગ ચપળતાથી ઉપડે છે. યોગી, કિંવા યોગિણી, એ તો મનોનીગ્રહ કરવાનો યોગ સાધવામાંજ પોતાનો વખત વ્યતીત કરે છે, પાચ જ્ઞાનેન્દ્રિયોથી થતા વિકારને અને તે વિકાર સાથે મનના વલણને ફેરવીને એકાગ્ર વૃત્તિ કરવાને કે મનોજય પ્રાપ્ત કરવાને પ્રયોગ કરે છે તેને યોગી કિંવા સ્ત્રી હોય તો યોગિણી કહે છે, પણ આતો એથી ઉલટુ દેખાય છે, આતે યોગ

કે ભોગ ! આતે મનનો નિયોગ કે સુખ પ્રાપ્ત કરવાનો પ્રયોગ હશે ! કોણુ જાણે કદાપી હું ભૂલતી હઇશ, ગ્રસ્થાશ્રમમાં રહેનારા પુરૂષો પોતાની સ્ત્રી પુત્ર ઇત્યાદિકની સંભાળ રાખે છે, અયાચક વૃત્તિનું શેવન કરે છે, નિતીનાં અનેક ગ્રંથ વાંચીને સારાસારનો બોધ મેળવે છે, સંત સમાગમ કરીને સતુશાસ્ત્રનો સાર ગ્રહણ કરે છે, માથા ઉપર અસહ્ય ઉપાધીનું પોટકુ ઉચકીને પણ મનોનિગ્રહ કરવાને વિવેકદ્વારાએ મુમુક્ષુ થાય છે, સંસારના વ્યવહારમાં રહીને અને સદબોધામૃતનું વિવેકે કરીને પ્રાશન કરીને પણ જીવનમુક્ત મેળવે છે એ તમામ રાજયોગનું નિદાન છે. તો પછી આ યોગિણીમાતા અલંકાર ધારણ કરીને પણ પોતાની નિર્મળ વર્તી રાખતાં હોય તો કોણ જાણે ! કદાપી મારૂ મન સંકલ્પ વિકલ્પમાં રખેને ફસાતું હોય! ચાલ જીવ ખરૂ રહસ્ય જોયા વિના અને અનુભવ પ્રાપ્ત કર્યા વિના સાહસ સંકલ્પના કરવી નિરર્થક છે. આ પ્રકારે સંકલ્પ વિકલ્પ કરતી નવનીત તે યોગિણી પાછળ ચાલવા લાગી, આ વખતે રાત્રીના સાડા[illegible] વન વાગ્યાનો સુમાર થયો હતો. ચંદ્ર અસ્ત થવાથી અંધકાર પ્રસરી રહયો હતો, યોગિણી માતા તે મઠના મોટા મેદાનમાં આવી પોહોચી ત્યાંથી તે મઠના ચારે બાજુ જે કીલ્લો હતો તે કીલ્લા પૈકી એક મોટા બુરજ આગળ આવીને અટકી અને એક બારી બંધ હતી તેને કળ ફેરવાને ખુલ્લી કરી, એટલે તુરતજ બારણાં ઉઘડી ગયાં, તેમાં યોગિણીએ પ્રવેશ કર્યો, નવનીત પણ તેની પાછળ ચાલી, પ્રવેશ થતાંજ નીચાણમાં ઉતરવાનાં પગથીઆં આવ્યાં, તે પગથીઆં અનેક ફુટ ઉંચાપનાં અને પોહોળાં પણ તેટલાંજ હતા, અંદર પ્રવેશ કરતાંજ બીલકુલ દેખાય એવું નહોતું, ધીરે ધીરે તે પગથીઆં પસાર કર્યાં, એટલે સાંકડો રસ્તો ચાલવાનો આવ્યો, બન્ને બાજુએ આરસપહાણ પથ્થરની ભીંતો હતી, યોગિણી માતાએ કહ્યું કે બેટા ! તું જરાએ બીહીતી નહિ, આ રસ્તો કોઇના પણ જાણવામાં નથી, તું નવેનવી છે માટે તને આશ્ચર્ય લાગતું હશે, પણ હું તો નિરંતર આ રસ્તે જનારી છું માટે તું મારા

પાછળ પાછળ નિઃશંક થઇને ચાલી આવજે, એમ કહેતી ક-હેતા સરાસરી એક ખેતરવા સુધી સાંકડો રસ્તો નાળીયાનો કાપ્યો, ત્યારપછી એક બારણું આવ્યું તે બારણાને કળ હતી તે કળને તેણીએ યુક્તિથી દબાણ કર્યું એટલે એક બારણું ખરરર કરીને જમીનમાં ઉતરી પડયું, તેમાં યોગિણી અને નવનીતે પ્રવેશ કર્યો, એટલે એક વીશાળ ઓરડો આવ્યો, આ ઓરડો પચીશ હાથ લાંબો અને પચીસ હાથ પહોળો હતો, તે ઓર-ડામાં એક દીવેલી ભરેલા કોડીયાનો દીપક ઝીણો બળતો હતો; તેના પ્રકાશથી સઘળી જગો સ્પષ્ટ જણાતી હતી, પણ તે ઓ-રડામાં કાંઇ પણ વસ્તુ નહોતી, એટલુંજ નહી પણ અહીંથી કયાં જવાનું છે તેનો કોઇ માર્ગ પણ જણાતો નહોતો; ત્રણે બાજુની ભીંતો સ્વચ્છ હતી; એ ઓરડામાં પ્રવેશ કરવાને કળ-વડે કરીને જે બારણું જમીનમાં ઉતરી ગયું હતું તે બારણું હતું તેમ કરવાને માટે યોગિની માતાએ એક પગથીયા ઉપ-રથી દબાણ કર્યું એટલે સફેત આરસપહાણ જેવા રંગનું કમા-ડ જમીનમાં ઉતરી ગયું હતું તે ઘણા વેગથી બાંહેર નાકળીને જેવું હતુ તેવું થઇ ગયું; તેથી હવે એમ જણાઇ આવ્યું કે તે ઓરડાની ચારે ભીંતો સરખા દેખાવવાળી થઇ પડી; આ જોઈ-ને યોગીણી માતા પ્રત્યે નવનીતે કહ્યું કે માતાજી! આવો અદ-ભુત અવાસ મ્હેં મારી જીંદગીમાં કદી પણ જોયો નથી, હવે અહીંથી કયાં જવાનું છે! એ તો કંઇ જણાતું નથી, અત્યારે તો તમે મારી સાથે છો તોપણ આવા ચમત્કારી અવાસથી મને ભય લાગેછે તો કદી હું એકલી હોઉ તો જરૂર ડગળી છટકયા વિના રહે નહી, માજી! હવે આગળ જવાનો માર્ગ તો જણાતો જ નથી,—નવનીતનું વચન સાંભળીને યોગીણીયે કહ્યું કે બેટા હજુ તો આ ગુપ્ત અવાસમાં ચોથે હીસ્સે પણ આપણે આવ્યાં નથી, એમ કહીને તે યોગીણી ત્યાંથી આગળ ચાલી, અને તે ઓરડાના ખુણા આગળ ઉભી રહી, તે સાંધાના થડના દક્ષીણ દીશાની ભીંતભણી ગોળ આકૃતિનું નાહાનું છીદ્ર હતું તે છી-દ્રમાં લોખંડી શળાયો ખુબ જોરથી દાબ્યો એટલે ખડખડાટ ક-

રતું ત્રણ હાથ લાંબુ બારણું ખુલ્લું થએલું દેખાયું, તેમાં યોગી-ણીએ અને નવનીતે પ્રવેશ કર્યો, કે તુરતજ તે બારણું યોગીણી માતાએ બંધ કર્યું, આમ કરવાથી પાછું એક અંધારૂં જણાયું. કેમકે ત્યાંથી આગળ જવાન માટે પ્રથમની પેઠે સાંકડી ગલી આવી હતી તે ગલી માત્ર એકજ માણસ ચાલી શકે તેવી હતી; પણ રસ્તો કેવળ સ્વચ્છ હતો, તેથી સેહેલાઇથી જઇ શકાય તેમ હતું, યોગિણી અને નવનીત એ બન્નેએ થોડીકજ વારમાં સાંકડો રસ્તો વટાવી નાંખ્યો; જતાંજ સામે ભીત આવી, યોગિણી બોલી કે, બેટા નવનીત ! આપણે અહીંથી પગથીયાં ચઢવાનાં છે માટે તું મ્હારી પાછળ પાછળ ચાલી આવ્ય, એમ કહીને પગથીયાં ઉપર ચઢવા લાગી, પાંચેક પગથીયાં ચઢવામાં આવ્યાં એટલે મજબુત આરસપાહાણ પથ્થરની ભીત બે હાથ પોહોળી માલુમ પડી, તે ભીંત સાથે જે કંઇ સંચ હતો તે સંચને ખુલ્લો કરવાથી બારણું ખુલ્લું થયું, એટલે એક મોટો ઓરડો સંગારેલો જેવામાં આવ્યો; તે ઓરડામાં પગથીયાં ઉતરીને નવનીતે તે યોગિણી સાથે પ્રવેશ કર્યો. આ ઓરડો જે પ્રથમ ઓરડો પાછળ મુકવામાં આવ્યો તેના કરતાં કાંઇક મોટો હતો તેમાં ચાંદીના મોટા ટાટ અને ચાંદીના કળશ વિગરે ગોઠવેલા હતા, તે ઓરડામાં લાકડાની મોટી દીવીયો ઉપર બે દીવા પ્રગટાવેલા હતા, તેથી તેના પ્રકાશથી સઘળી વસ્તુઓ જણાતી હતી, તે ઓરડાની ચારે બાજુની ભીંતોમાં મોટાં મોટાં પંદર વીસ તાકાં હતાં, તે તાકામાં અનેક પ્રકારના મુરબ્બા અને અથાણાની બરણીયો ગોઠવેલી હતી; ચારે બાજુ ફરસબંદી ઉપર અને લાકડાની છાજલીઓ ઉપર સેંકડો ચાંદીના લોટા અને પવાલાં ખુબીથી ગોઠવી મુકયા હતાં, આ સઘળો વૈભવ જોઇને નવનીતને આશ્ચર્ય લાગ્યું; અને વિચાર કરવા લાગી કે આહાહા ! આ ગુપ્ત અવાસમાં આ મઠના મઠાચાર્ય કિંવા ધર્માચાર્યનો જે વૈભવ છે તે વૈભવ એવો ગુપ્ત રાખ્યો છે કે કોઈના કળ્યામાં આવી શકે તેમ નથી; પુરાણ વિગેરે કથામાં જે વાતો સાંભળવામાં આવેછે તે વાતનો સાદ્રશ્ય પુરાવો અહીં-

ચાંજ મળેછે; પુર્વે હિરણ્યકશીપુ-હિરણાક્ષ તથા મહીસાસુર, રકતબીજ, અને શુભ નિશુંભ તથા રાવણના ભયથી, ઈંદ્ર કુબેર અને દેવતાઓ એ ગુપ્ત સ્થાનમાં આવાસ કર્યો હતો, તથા તેઓએ પોતાનો વૈભવ પણ કોઇને ખબર પડે નહિ તેવો સાચવ્યો હતો તથા તેઓ એવી રીતે છુપી જગોમાં રહેતા હતા કે પેલા અસુર લોકોના કબ્જામાં આવી શકતું નહોતું, તો ખરેખર ! તેઓ આવા નિર્ભય સ્થાનમાંજ નિવાસ કરતા હશે, એમ વિચાર કરતી નવનીત વિસ્મય પામવા લાગી, એટલામાં યોગણી માતાએ તે ઓરડાના દીવાલ ભણી જઇને સંચ ખોળી કાઢયો એ સંચ સમજવા જેવો ખુલ્લો હતો તેથી સહજવારમાં બે બારણાં ખુલ્લાં થઈ ગયાં; એ બારણાં વાશ્યા વિના ખુલાંજ રહેવા દીધાં અને ત્યાંથી નવનીતને સાથે લઇને યોગિણી આગળ ચાલી, એટલે ત્રણ ઓરડા અધિક શોભાવાળા નજરે પડયા. આ ત્રણ ઓરડા પહોળાઈમાં વિશેષ હતાં, અને લંબાઇથી ચાર ગણા હતા. એક ઓરડામાંથી બીજા ઓરડામાં પ્રવેશ કરવાને દરેક બારણાં ખુલાંજ રાખવામાં આવ્યાં હતાં આ ત્રણ ઓરડાની શોભા જોઇને તો નવનીતને વધારે આનંદ થયો, કેમકે તેમાં મોટા મોટા રાજાઓને આરામ લેવાની બેઠક કરતાં પણ વિશેષ સગવડ અને મોહક વસ્તુઓ હતી; તેમાં ઠેર ઠેર મુખમલની મોટી મોટી તળાઇયો જુદા જુદા. ચિત્ર વિચીત્ર કોરણીવાળાં કોચ ઉપર પાથરી હતી તે ઉપર સોનેરી બુટેદાર જરીયાનનું કપડું પાથર્યું હતું, તે દરેક કોચ ઉપર બન્યો બાજુ નરમાના નરમ રૂથી ભરેલાં કોમળ ગાદલાં મુકેલાં હતાં, કેટલીક જગોએ ચાંદીના પલંગ અને તે ઉપર મચ્છરદાની ચઢાવેલી હતી તેવા પલંગ પણ ઘણા હતાં; ઉપરની બાજુએ સોનેરી બુટ્ટાવાળી ભરગચ્છાથી છત બાંધેલી હતી; તેમજ તે છતની ચારે બાજુ તેવાજ ઉમદા કપડાની ઝાલર ગોઠવી હતી; જમીન ઉપર મોટા બુટ્ટાવાળા ગાલીચાઓ પાથર્યા હતા; અને તે ગાલીચા ઉપર ભીંતની ચારે બાજુ મોટા રૂથી ભરેલાં એક-એક વ્હેંતપુર જાડાં ગદેલાં પાથર્યાં હતાં અને તે ઉપર જરકશી

બુટ્ટેદાર વસ્ત્ર પાથર્યાં હતાં તેજ પ્રમાણે વિશાળ તકીયા ગાદી ઉપર મુકેલા હતા;–ઉપરના ભાગમાં છતમાં મોટાં બીલોરી કાચનાં ઝમરૂખ લટકાવ્યાં હતાં તેમાં સેંકડો શમેદાંનીયો કાચની ગોઠવી હતી તે તમામ શમેદાનીની ઓરદીપકનો પ્રકાશ કર્યો હતો જેથી આ ત્રણે ઓરડામાં સૂર્યના તેજની માફક અજવાળુ દીપી રહ્યું હતું; ત્યાં થોડીકવાર યોગિણી ઉભી રહી, અને નવનીતને કહ્યુંકે બેટા આવા ઓરડા બીજા વીસ છે તે તમામ ઓરડામાં આ પ્રમાણે સામાન ગોઠવવામાં આવ્યો છે; તે ઓરડા આ ત્રણ ઓરડાથી અલગ છે તે વીસ ઓરડાનું નામ વિલાસમંદીર ઠરાવવામાં આવ્યું છે: યોગીણી માતાના મુખથી તે ઓરડાના નામ વીલાસમંદીર છે એવું સાંભળીને નવનીતે કહ્યું કે માજી! આવા પવીત્ર મઠમાં અને આવા નિર્ભય ગુપ્તસ્થાનમાં વીલાસમંદીર એવું નામ કેમ આપવામાં આવ્યું હશે? યોગીણી બોલી કે બેટા! એ ભેદ જાણવાને હજુ તું અધિકારી થઈશ ત્યારેજ જાણી શકીસ, ત્યાંસુધી તો તારે સઘળું જોઇનેજ અધિકારી થવાની ઇચ્છા રાખવાની છે, ચાલો: હવે અહીંથી આગળ જઈયે, એમ કહીને તે યોગીણી નવનીતને સાથે લઇને આગળ ચાલી, એટલે કેટલાક ભુલવણી ચુકવણી જેવા આડાઅવળા આંચ આવ્યા તે દરેક આંચા સાંકડા નેળીયા જેવા હતા પણ તે દરેક આંચામાં પ્રવેશ કરવામાં અને તુરત જવા આવવામાં હરકત પડે નહીં એટલા માટે દીપકનો પ્રકાશ દરેક ઠેકાણે કરેલો હતો. તે આંચા અટો પાર્ડ ગયા પછી, એક મોટો વિશાળ ચોક આવ્યો જો કે તે ચોકનો ઉપરનો ભાગ છતથી જડેલો હતો આ સઘળું જમીનમાંજ છે, જેમાં દીપકના પ્રકાશ વિના કંઇપણ જોઇ શકાય તેવું નહોતું, તોપણ તેમાંથી ધુમાડા વીગેરેનો ભાગ બાહેર નીકળી જવાને યુક્તીથી ઉપરના ભાગમાં ગહન ડુંગરોની બીખુમાં જ્યાં નિર્જન સ્થળ છે ત્યાં નીકળી જવાને સાંખડી ભુંગળુ મુકી દેવામા આવ્યું હતું કે તે ભુંગળું કોઇ કળી શકે તેમ નો હોતું, એટલુંજ નહી પણ દીવશે સૂર્યના કીરણ તે ગુપ્ત સ્થાનમાં ભોંયરામાં પડવાને માટે ઠેર ઠેર ટેકરાવાળી જગોને સુરંગથ

ફોડીને જાળીયાં મુકવામાં આવ્યાં હતાં, પણ અત્યારે તો રાત્રી-નો સમય છે તેથી દીવસે કેવી રીતે આ સ્થળની સ્થિતિ છે તે કળી લેવાને અત્યારે અનુકુળતા નહોતી,—હવે તેવા મોટા ચોકની આજુબાજુ ચારે તરફ સંગેમરમરનાં પથ્થરથી જડીત સ્થંભથી પડાળાયો હતી અને તે પડાળીયોને લગતી તમામ શૃંગારેલી ઓરડીયો હતી; તેવા ચોકમાં જયારે પ્રવેશ કર્યો ત્યારે ત્યાં તો પંદર વીસ બ્રાહ્મણો એક આહુતી આપવાની વેદી બનાવીને તેની આજુબાજુ ગોળ ચક્રાકાર બેઠેલા જોવામાં આવ્યા, તેમાં તલ, જવ, સમીધા, ટોપરૂ, ઘી, ખાંડ મિશ્રિત વસ્તુ સ્વાહા સ્વાહાનુ ઉચ્ચારથી હોમ કરતા હતા તેમાંથી નીકળતી ધુણી છતને લાગુ કરેલા ભુંગળામાંથી છેક ઉપરના ભાગમાં ચાલી જતી હતી; તે હોમ કરવાની વેદાથી ચાર હાથ દૂર એક બકરાને બાંધી મુકયું હતું, તેના મ્હોં આગળ લીલી ઘાસ ચરવાને માટે મુકી હતી; આ વેદીમાં મુખ્ય પુજનીય આચાર્ય દુર્ગા પ્રસાદને નવનીતે જોયો હતો તે દુર્ગપ્રસાદ મંત્ર બોલીને અકેક ગ્રાસ તે અગ્નીથી પ્રદિપ્ત થએલી વેદીમાં મંત્રનો ઉચ્ચાર અને સ્વાહા શબ્દ બોલતો હોમતો હતો. નવનીતે તને ઓળખી લીધો, આ વખતે આચાર્ય મહારાજ કોઇ જુદાજ રંગઢંગમાં શોભા આપતા જણાતા હતા; યોગીણીમાતાએ નવનીતને આંગળી કરીને કહ્યુ કે, જુવો પેલા બ્રાહ્મણોના અગ્ર ભાગમાં બેઠેલા આપણા વિદ્વાન ધર્માચાર્ય જોયા કે? નવનીતે કહ્યું હા માજી, પણ આ બીચારા બકરાને શા માટે અહીયાં તાંણી બાંધ્યુ છે? યોગીણી બોલી બેટા! આ શુભ અવસરમાં તારે એ બાબત કંઇ પ્રશ્ન કરવો નહીં; માત્ર જોયાંજ કરવું—ચાલો હવે અત્યારે તો હવનનું કામ ચાલેછે, તો પછી આ પેલી સામેની શૃંગારેલી ઓરડીમાં આપણે જઇએ, તેમાં ત્હારી ઉમરવાળી કેટલીક સ્ત્રીયો ત્યાં બેઠી હશે, જેમાં તને કેટલોક આનંદ મળશે; તેમજ ત્યાં રહે આ હવનની સઘળી ક્રિયા તારા જોવામાં પણ આવશે; એમ કહીને યોગીણીમાતા નવનીતને લઇને એક ઓરડામાં ગઈ; તે ઓરડો પ્રથમ ત્રણ ઓરડા જોવામાં આવ્યા હતા તેવોજ હ-

તો; તેમાં દસ બાર સ્ત્રીયો ગાદી ઉપર બેઠેલી હતી, કોઈ પ્રૌઢા હતી, તો કોઇ સોળ વરસની તરૂણ હતી. એવી પરસ્પર એક બીજાની સાથે હાસ્યવિનોદની વાતો કરી રહી હતી તે સ્ત્રીઓએ યોગીણીમાતાને જોતાંજ શિરષાત્રંધ દંડવત પ્રણામ કર્યો; યોગીણીના ચરણકમળમાં મસ્તક નમાવ્યું; પછી સઘળી સ્ત્રીયો યોગીણીમાતાના સામે બેઠી; તે ભેગી આ નવીન આવેલી તરૂણ સ્ત્રી નવનીત ભગુવાં વસ્ત્ર ધારણ કરનારી બેઠી; પ્રથમ આવીને બેઠેલી સ્ત્રીયોએ તો પોતપોતાના કાર્યની અભિલાષામાં મસ્ત સ્થિતિ પ્રાપ્ત કરવાની જીજ્ઞાસામાં આનંદ માનનારી નિઃશંક વૃત્તિવાળી અનેક પ્રકારની વાતોના ગપાટા મારવા લાગી હતી, પણ આ નવનીત તો આ ગુપ્ત અવાસનો ભેદ, ધર્મ, નીતિ, ક્રિયા, તત્વ વિગેરે વિચારવાને માટે આવી હતી; જે શંકાઓ યોગિણી માતાની મુલાકાતમાં અને વાતચીતમાં તેને પ્રગટ થતી હતી તે શંકાનું સમાધાન કરવાને અને જોવાને માટે નવનીત આવી હતી; તેથી તેનું લક્ષ જ્યાં સ્વાહા સ્વાહા ઉચ્ચાર થાયછે ત્યાં પૂરેપૂરી રીતે હતું; તથા તેઓ શ્લોકમાં શું કહેછે તથા તે શ્લોકનો ભાવાર્થ શો છે તે સાંભળવામાં લક્ષ હતું; એક તરફ બીજી સ્ત્રીયો એક બીજાના ગળામાં હાથ નાંખીને કલોલ કરેછે, તો તે સ્ત્રીયોના તેવા હાસ કુતુહલ ઉપર ધ્યાન ન આપતાં નવનીતનું લક્ષ પેલા બ્રાહ્મણો શું કરેછે તે જોવામાં હતું; તેથી યોગિણીમાતાના મનમાં એમ આવ્યું કે આ નવવીત આપણા વિદ્વાન આચાર્યની છટાને જોઈ રહીછે, જેનો જેવો ભાવ હોય તેવીજ વૃત્તિ ઉત્પન્ન થાયછે; નિર્મળ ભાવવાળાની નિર્મળ વૃતિ હોયછે: અત્યારે જે ભાવ યોગણીમાતાના અંતઃકરણમાં પ્રગટ થયો હતો તે તેના અંતઃકરણમાં નિરંતર ઠરી રહેલી કૃતિને અનુસરીનેજ હતો; અને તેવો તેણીનો ભાવ થાય તેમાં શાનું આશ્ચર્ય હોય ! થોડીવાર થઈ એટલે એક ઢોલ ઉપર દસ પંદર ડંકા કરવામાં, અને શંખ વગાડવામાં આવ્યો, ત્યાર પછી તુરતજ એક મુસ્તંડા જેવો બ્રાહ્મણ હાથમાં ખુલ્લી તરવાર લઈને ઉભો રહ્યો હતો; તે બ્રાહ્મણ પેલા નિરપરાધી બકરાની ડાબી

બાજુએ ઊભો રહ્યો હતો; તે વખતે ધર્માચાર્ય જે કે દુર્ગાપ્રસાદ તે [illegible] પવાલામાં જળ લઇને અને આચમની હાથમાં રાખીને તથા બીજા હાથમાં ચંદન કુંકુમ લઈને તે બકરા પાસે ઊભો, પછી તે બકરાના કપાળમાં તીલક કર્યું; અને મંત્રનો ઉચ્ચાર કર્યો; મંત્ર ઉચ્ચારના અંતમાં દુર્ગાપ્રસાદે હાથથી સાન કરી એટલે ખુલ્લી તલવારવાળાએ બે હાથે ખડગ પકડીને પેલા બકરાની કાંધ ઉપરે જોરથી ફટકો કર્યો; એટલે તેનું માથું જમીન ઉપર પડ્યું; અને ધડ ઉથલીને બીજી તરફ પડ્યું; તેના કંધમાંથી લોહીની ધારા ચાલવા માંડી; તે વખતે તેના રક્તથી તમામ બ્રાહ્મણોએ પોતપોતાના કપાળમાં ચાંલ્લા કર્યા;—હવનનું કામ એ પ્રમાણે કેટલીક ક્રિયા કરીને અટપી રહ્યા;—આ વખતે રાત્રીના દસ વાગ્યાનો સુમાર થયો હતો.

આ વિજય કામ કર્યા પછી—ધર્માચાય દુર્ગાપ્રસાદ મહારાજ મદોન્મત હાથીની માફક ડોલતા ડોલતા તમામ સાથી વર્ગને બ્રાહ્મણો સાથે માહાકાળીની મુર્તીના મંદીરમાં ચાલ્યા; તે મંદીર પેલી સ્રીયો બેઠી હતી તેની જોડેજ હતું; જ્યારે તે મંદીરનું દ્વાર અને સ્રીયો બેઠેલી હતી તે બાજુનું દ્વાર ખુલ્લુ કરવામાં આવ્યુ ત્યારે સમગ્ર રચના જોવામાં આવે તેવું થઇ પડયું; ધર્માચાર્ય મહારાજ દેવી પાસે પધાર્યા એટલે સ્રીયોએ પણ ત્યાં-સમગ્ર મંડલમાં જવુંજ જોઇએ એવો મુળથી નિયમ હતો તેથી જે સ્રીયો જોડેના ઓરડામાં બેઠી હતી તેઓ માહાકાળીના મંદીરમાં દાખલ થઇ; પછી યોગિણી માતા પણ નવનીતને પોતાની સાથે લઇને તે મંદીરમાં જ્યાં અધ્યક્ષ તરીકે દુર્ગાપ્રસાદ બેઠા હત. તેમની જોડેજ જઇને બેઠી. આ ભદ્રશીલા મઠમાં મુખ્ય આચાર્ય તરીકે દુર્ગાપ્રસાદ ધર્માધ્યક્ષ ગણાતો હતો, અને દેવી તરીકે યોગિણી માતા ગણાતી હતી; બાકોના જેઓ શિષ્યવર્ગ હુતા તેઓ સ્રી અને પુરૂષવર્ગ એ તમામ એ બંને જે કે દુર્ગાપ્રસાદ અને યોગિણીમાતાને ગુરૂ તરીકે માનતા હતા; દુર્ગાપ્રસાદ માહાકાળાની મુર્તી આગળ કાળીકાની પદ્ધતિ પ્રમાણે પુજન કરવા લાગ્યો, ધવલ સંગે મરમરનો એક

મોટો પાટલો હતો તે ઉપર યંત્ર ત્રીકોણાકૃતિનાં ચંદનથી કરીને ત્રણ પાત્ર ગોઠવ્યાં હતાં, ચાંદીના કળશમાં જળ પુરીને તે કળશ નીચે ચતુરસ્ત્ર મંડળ કરીને તે ઉપર જળનો કળશ મુકયો હતો. પદ્ધતિ પ્રમાણે પુજન કરવાની શરૂવાત કરી, આ ભાગમાં ચાંદીના મોટા પ્યાલા યંત્ર ઉપર ગોઠવ્યા હતા; તે પ્યાલામાં વારૂણી ભરી હતી; તે દારૂમાં આદાના કકડા તથા ડુંગળીના કકડાને ઝાલીને ગુરૂપાદુકા પુજન શરૂવાત કરવા માંડી; કેટલીકવારે પદ્ધતિ પ્રમાણે પુજન પુરૂ થયું; ક્ષેત્રપાલની પુજા પણ થઇ ચુકી, તેમજ ભૈરવની પણ પૂજા કરવામાં આવી, બળીદાન વિગરે મંત્રોચ્ચારથી પાત્રમાં મુકવામાં આવ્યું; ત્યાર પછી, શક્તિપુજનની શરૂવાત કરવા માંડી. શકિતમાં એજ યોગિણી માતા હતી; જે વખતે શક્તિપુજનની તૈયારી થઇ તે વખતે ચાંદીના બાજઠ ઉપર યોગિણી માતાબિરાજમાન થઇ, આ વખતે મોટા ઇચ્છાવાળો દુર્ગાપ્રસાદ મંત્રોચ્ચારથી યોગિણીમાતાની પુજા કરવા લાગ્યો, જે ભાવથી માહાકાળીની પુજા કરી હતી એજ ભાવથી યોગિણી માતાની પુજાનો આરંભ થયો; જે ભાવથી માહાકાળીને વારૂણી (દારૂનુ) પાત્ર મંત્રથી સંકલ્પ માનસિકદ્વારાએ આપવામાં આવતું હતું તે ભાવથી સાક્ષાત પ્રત્યક્ષ રીતે મદીરાનું પાત્ર ભરીને શક્તિને આપવાની શરૂવાત કરી, મસ્તક નમાવીને તથા હાથ જોડીને દુર્ગાપ્રસાદતેયોગિણી શક્તિ પ્રત્યે બોલ્યોકે હે માતુશ્રી! હે દેવી! હે દયાળુ! હે ભવજળતારીણી! જગદંબે! આ સ્થુળ દેહ શોધનને અર્થે પેહેલું પાત્ર આપ ગ્રહણ કરો—આ પ્રમાણે કહીને નવટાંક જળ સમાય તેવું ચકચકીત ચાંદીના પાત્રમાં ચકચકીત મદીરા ભરીને યોગિણીમાતાના હાથમાં આપ્યું તે પાત્રને લઇને તે યોગિણી બોલી કે, હે પુત્ર! હું તમારી પુજાથી પ્રસન્ન છું તમે આ સનાતન ધર્મમાં રહીને મારી શેવા કરોછો તેના માટે પ્રસન્ન થઇને તમારૂ ભલુ ઇચ્છવા ખાતર આ પ્રથમ પાત્ર હું લઉછું. આટલું બોલીને તે યોગિણીમાતા પ્રથમ પાત્ર ગટ કરી ગઇ; પછી તે ખાલી થએલું પાત્ર પુજા કરનાર દુર્ગાપ્રસાદ

આચાર્યને નેત્રનો કટાક્ષ મારીને પાછું આપ્યું, એટલે દુર્ગાપ્રસાદે સ્તુતિ કરીને તથા મૂળ મંત્રોચ્ચાર કરીને ફરીથી બીજું પાત્ર પાશેર મદીરા ભરીને સૂક્ષ્મ દેહ શોધનને અર્થે યોગિણી-દેવીના હાથમાં આપ્યું, તે પાત્ર પણ ઘણા આનંદ સાથે પ્રાશન કરી ગઈ. પછી મંત્રોચ્ચાર કરીને તે ધર્માધ્યક્ષે, કારણ દેહ શોધન અર્થે ત્રીજું પાત્ર દોઢપાશેરના સુમારે મદીરા ભરીને આપ્યું, તે પણ શક્તિ સ્વરૂપ યોગિણી માતા ગટ કરી ગઇ, ત્યારપછી એક બ્રાહ્મણ ચાંદીનો મોટો ટાટ લાવ્યો, તેમાં વડાં, પુરી, રોટલી, ભજીયાં, મિષ્ટાન લાડુ માંછલાંને તળીને કરેલું શાક, તથા બકરાના માંસના ચુશ, તથા તેની બનાવેલી સામગ્રી તથા કુકડાના માંસને પકવ કરેલો નરમ પદાર્થ, તથા એ જાતના અનેક પ્રકારની વસ્તુઓ જુદા જુદા વાસણમાં ગોઠવીને ભાત વીગરે લાવ્યો, તે દેવીના આગળ એટલે યોગીણી માતાના આગળ મૂક્યું; તે થાળમાંથી યોગિણીમાતાએ પ્રાશન કરવા માંડ્યું—એટલું થયું એટલે શકિતની પુજા પૂર્ણ થઇ, બાજઠ ઉપર તે યોગિણી શકિત બેઠી હતી તે બાજઠ ઉપરથી ઉભી થઇ અને મદિરાથી મદમત થએલી દુર્ગાપ્રસાદની જોડે જઇને બેઠી, દુર્ગાપ્રસાદે શિષ્ય વર્ગને મંત્રોચ્ચારથી પાત્ર આપવાની શરૂવાત કરી, આ વખતે દરેક જણ હારબંધ બેશી ગયા હતા, આ વખતે સ્રીયો જુદી અને પુરૂષ જુદા એવી રીતે નિયમ રહ્યો નહોતો પણ તમામ જેને જેવી રીતે ફાવે તેવી રીતે સ્રી અને પુરૂષ એ તમામ એક બીજાની જોડે બેશી ગયા હતા; દરેક જણના આગળ ચાંદીના ટાટ, વાડકા, વાડકીયો, લોટા, પાત્ર વીગેરે ગોઠવવામાં આવ્યાં હતાં તેમાં મચ્છ, માંશ, મિષ્ટાન, રોટી, ચુજ, ભાત, બાકળા, વડાં, ખીર, ભજીયાં, શાક, ઇત્યાદિ અનેક પ્રકારની વસ્તુઓ મુકવામાં આવી હતી; ત્યારબાદ ધર્માચાર્ય તરફથી દરેક પુરૂષ અને સ્રીયોને મદ્યના પાત્ર આપવામાં આવતા હતા, ઉપરા ઉપરી દારૂના પાત્ર ફરતા હતા, અને પીરશેલા ટાટમાંથી જેને જે પદાર્થ રૂચે તે ખાતા હતા;

ધર્મ.ચાર્ય પણ મંદીરા પીને મદોન્મત બની ગયા હતા, તેની સાથે બેઠેલી યોગિણી દેવી પણ ખરેખરી મસ્તાન થઇ ગઈ હતી; સર્વે સ્ત્રી અને પુરૂષોમાં પૂષ્કળ મદિરા વપરાયો હતો તેથી ભોજન કરતી વખતે કલ્લોલ થઇ રહ્યો હતો. આ વખતે યોગિણી માતા પાછળ ગુપચુપથી બેઠેલી નવનીત કેવળ બેહુ બાકળી બની ગઇ હતી, તેની તરફ દ્રષ્ટિ કરીને યોગિણી માતા કહેવા લાગી કે, બેટા નવનીત ! તું તારા મનમાં કોઇ પ્રકારની શંકા લાવતી માં; આજનો દીવશ અમૂલ્ય છે, જો તારી ઇચ્છા હોય અને તું તારા જન્મનું સાર્થક કરવા માગતી હોય તો આ દેવીનો પ્રસાદ 'મદિરા અને માંશનું ભક્ષણ કર, અને તું તારા જીવનને સફળ કર, આ આચાર્ય મહારાજના હાથથી મંત્રની દીક્ષા લે;--નવનીત બોલી ! માજી ! આજે મારી તબિયત ઠીક નથીં; મને વમન થાય એમ લાગેછે કોણ જાણે હમણાંજ અહીંયાં વમન થશે; મારા પેટમાં વારંવાર ઉછાળા મારે છે; આવી શરીરની માહારી સ્થિતિ હમણાંજ કોણ જાણે થઈ ગઇ છે તેથી એક ગ્રાસ તો શું પણ પાવલી ભાર વસ્તુ લેવાની મને ઈચ્છા નથી. માટે આજે એ વાત જવા દો. આવું બોલીને નવનીત ચુપ થઇ ગઇ;—તેણીએ આ દેખાવ જોઇને પોતાનાં નેત્ર મિચી દીધાં, અને મુખ ઉપર કપડાનો અંતરપટ ધરી દીધો; થોડીકવાર થઇ એટલે આ પ્રમાણે કાળી પદ્ધતિની પુજા થઈ ચુકી; પછિ પોતપોતાની ઇચ્છામાં આવે તેટલી મદીરા લેવા માંડી; સ્ત્રીયો અને પુરૂષો પરસ્પર એક બીજાને પ્રેમભાસે કરીને પોતપોતાની થાળીમાં પીરસેલી વસ્તુમાંથી ગ્રાસ આપવા લાગ્યાં; પરસ્પર પાત્રં ભરીને આપવા લાગ્યાં, વચમાં વચમાં જુદાં જુદા રાગ રાગીણીનાં સંગીત કરવા લાગ્યા; કોઇ તો મદમત્ત થઇને તે મંડળીમાં માહાકાળીની મૂર્તી આગળ નૃત્ય કરવા લાગ્યો, તો પછી કોઇ સ્ત્રી તે નૃત્યના રૂમક ઝુમક તાલને મળતું આવે તેવું ગાયન કરવા લાગી, એટલામાં કાળીકાના મુખ્ય ભક્ત આચાર્ય પંડિત પ્રેમાવેશમાં પ્રમત્ત થએલા યોગીણી

માતાના ગળામાં હાથ નાંખી ઉત્તમ પ્રકારના કૌલમાર્ગના શ્લોક બોલવા લાગ્યા; તે સાંભળીને બીજી સ્ત્રીયો અને બાકીના પુરૂષો ધન્ય છે ધન્ય છે જગદંબે, આ પ્રમાણે ઉચ્ચાર કરવા લાગ્યા.

આ પ્રમાણે વિપ્રીત દેખાવ જોઇને નવનીતનું હૃદય ભેદાવા લાગ્યું; તેણીના શરીરમાં એકદમ કમકમી ઉત્પન્ન થઇ આખું અંગ જાણે કંપવાયુ થયો હોય તેમ ધ્રુજવા લાગ્યું, હૃદયમાં ક્રોધની જ્વાળા પ્રગટ થવા લાગી; જે દેખાવ કાળીકા મુર્તીનો ઉગ્ર દેખાતો હતો; તે દેખાવ કરતાં વિશેષ ઉગ્ર સ્વરૂપ નવનીતનું થયું; તે પોતે પશ્ચાતાપ કરવા લાગી કે નર્મદામાં મારૂં મર્ણ થયુ હોત તો ઘણું સારૂં, પણ અનીતિથી દુરાચારીમાં રહેવું યોગ્ય નથી; અરેરે જ્યાં જ્યાં હું દુઃખે કરીને સપડાઈ ત્યાં ત્યાં આ દુરાચારજ જોવામાં આવેછે; ચંદનપુરમાં પ્રમતસીંહ અભણુ અને ઠાકરડાજાતીનો હતો તેથી કદી તેઓ સુસંગ રંગ લાગ્યા વિના દારૂના નિશાથીજ મદમત્ત રહેતા હોય એમાં આશ્ચર્ય માનવા જેવું નહોતું; પણ અરે! વિદ્વાનવર્ગના છતાં છેક અધમ કૃત્ય કરનારા દુરાચારી થયા, એ શું! શીવ શીવ શીવ; આ અધમ માર્ગ કોણે ખોળી કાઢયો હશે! તથા તેમ કરવાનો શો હેતુ હશે! આ પ્રમાણે વિચારમાં અને અનેક તર્કમાં ગર્ક થએલી નવનીત ચિત્રવત બની ગઇ.

મદમત્ત થએલો દુર્ગાપ્રસાદ પેલી યોગીણી માતાના કંઠમાં હાથ નાંખી દૃઢ આલિંગન દઇને બોલ્યો કે દેવી! આ નવલ લાડીલી પંચ મકાર કાર્યને લાયક છે; હે પ્યારી યોગીણી! આપણા કાલીતંત્રમાં લખ્યું છે કે;

॥ श्लोक ॥

मद्यं मांसंच मीनंच, मुद्रा मैथुन मेवच
एते पंच मकारास्यु मोक्षदाहि युगे युगेः

વળી સાંભળો! કુલાર્ણવ તંત્રમાં શું કહ્યું છે!

श्लोक.

प्रवृते भैरवी चक्रे ॥ सर्वे वर्णाद्विजातय
त्रिवृते भैरवी चक्रे ॥ सर्वे वर्णा प्रथक प्रथक ॥

જ્યારે ભૈરવીચક્ર કરવામાં આવે ત્યારે ગમે તે જાતીના માણસોનો તેમાં સમાસ થાયછે; તેમાં જાત્યાભેદ કે વર્ણભેદ રહેતો નથી; પણ જ્યારે ભૈરવીચક્રનું કાર્ય અટપી લેવામાં આવે ત્યારે તે જુદા તે જુદાજ જાણવા; પછી તેઓની સાથે સંસર્ગ ઐક્યતાનો રહી શકતો નથી એવો ભાવાર્થ આ શ્લોકમાં છે.

વળી મહાનિર્વાણ તંત્રમાં એમ કહેછે કે—

॥ श्लोक ॥

पित्वा पित्वा पुनः पित्वा ॥ यावत्पताति भूतले,
पुनरुत्थाय चैपित्वा ॥ पुनर्जन्म न विद्यते ॥

વારંવાર મદ્ય (દારૂ) નું પ્રાશન કરવું તે એવું કે જ્યાંસુધી જમીન ઉપર પડી જઇએ ત્યાં સુધી, કદી ઉભા થઇએ ત્યારે પણ તે પીવુંજ, એમ કરવાથી પુનર્જન્મ પ્રાપ્ત થતો નથી.

વળી જ્ઞાનસંકલની તંત્રમાં એવું કહ્યુંછે કે—

॥ श्लोक ॥

मातृयो परित्यज्य विहरेत्सव योनिषु
वेद शास्त्र पुराणानी सामान्य गणिकाइव
एकत्र शांभवी मुद्रा गुप्ता कुल वधुईव.

આ શ્લોક કહીને નેત્રના કટાક્ષ બતાવતો વિષયી દુર્ગાપ્રસાદ પશ્ચાદ બાજુએ બેઠેલી નવનીત તરફ જોઇને કહેછે કે પ્રીય નવનીત! તમે સમજ્યાં કે! એકદર ભેદ એવોછે કે, મદ્ય, માંસ, મીન એટલે મચ્છી, અને મુદ્રા એટલે પુરી, વડાં, રોટલી, તથા ચવણું અને યોની, અને પાત્રાધારની પણ મુદ્રા કહેવાયછે; અને પાંચમું મૈથુન એટલે પુરૂષ વર્ગ સઘળા શીવ, અને સ્ત્રીવર્ગને પાર્વતી સમાન આ વખતે સમજવાની છે; ચાહે ગમે તે જાતીનો પુરૂષ હોય અને ગમે તે જાતની સ્ત્રી હોય પણ "अहंभरव स्त्वं भैरवी ह्यावयोर स्तुसंगम" હું ભૈરવ અને તું ભૈરવી એમ માનીને સુસંગ નિર્ભય કરવો; વળી રૂદ્રયામલ તંત્રમાં સ્પષ્ટ એવું કહ્યું છે કે—

॥ श्लोक ॥

रजस्वला पुष्करं तिर्थं, चांडालातु स्वयं काशी;

चर्मकारी प्रयागः स्याद्रजकी मथुरामता;
अयोद्धा पुक्कसि प्रोक्ता

રજસ્વલા થએલી સ્ત્રીના સમાગમથી પુસ્કરની યાત્રાનું ફળ મળેછે; વળી ચાંડાળી [ભંગીયણ] સાથેના સમાગમથી કાશી તીર્થની યાત્રાનું ફળ મળેછે; તેમજ ચર્મકાર અર્થાત ચામરડીના સમાગમથી પ્રયાગ તીર્થનું ફળ મળેછે; તેમજ ધોબણ સાથે સમાગમથી મથુરાંની યાત્રાનું ઉત્તમ ફળ પ્રાપ્ત થાયછે; અને કંજરી સાથે સમાગમ લીલા કરવાથી અયોધ્યા તીર્થનું ફળ સમજી લેવું.

આ બધુ કહ્યું તેમાં મુખ્ય ભેદ એ સમજવાનો છે કે મદ્યનું નામ તીર્થ છે; માંસનું નામ શુદ્ધિ છે; અને મચ્છીને પુષ્પ સમાન માનવાનું છે; આ ત્રૈણે વસ્તુને તૃતિયા કહેવામાં આવેછે; જ્યારે મુદ્રા મેળવીએ ચતુર્થી સમજવી, અને મૈથુન ક્રિયા થાય ત્યારે પંચમી કહેવાયછે; આ નામ બીજા ધર્મના નીચ માણસો સમજી શકે નહી માટે આપ્યાં છે; આ માર્ગને નહિ જાણનારા એવા બીજા ધર્મના અજ્ઞ પુરૂષોને અમે કંઇક કહીયે છીએ.

આ માર્ગમાં જ્યારે ભૈરવીચક્ર થાયછે ત્યારે બ્રાહ્મણથી ચંડાલ જાતી પર્યંત પ્રવેશ કરી શકેછે; અને તેઓ દ્વિજ [બ્રાહ્મણ] થઇ જાયછે, પછી જ્યારે તેઓ ભૈરવીચક્રથી છુટા થઈ જાયછે ત્યારે સહુ પોતપોતાના વર્ણમાંજ સમાય છે.

હે મૃગાક્ષી નવનીત ! તમે ટગર ટગર શું જોઇ રહ્યાં છો ? આ ગહન માર્ગની ગતિ યોગેશ્વરોજ જાણે છે; તે વિદ્વાન યોગેશ્વરોએજ આ વાકય કહ્યું છે તે એવું કે,

हालां पिनांति दिक्षितस्य मंदिर सुप्तो निशायां गणिका गृहेषु ॥ विराजते कौलव चक्रवर्ति ॥

જેઓ દીક્ષિત એટલે કલાલને ત્યાં જઇને હાલાં એટલે મદીરા પીયે, અને ગુણિકાને ઘેર જઇને રાત્રીએ પડયો રહે, એ પ્રકારે નિઃશંક સ્થિતિ ભોગવનાર વામમાર્ગમાં ચક્રવતિ રાજા જેવો ગણાયછે.

વળી જ્ઞાન સંકલની તંત્રના ૪૩ તેંતાલીશમા શ્લોકમાં એવું કહ્યું છે કે;

॥ श्लोक ॥

पाशबद्धो भवेज्जीवः पाशमुक्तः सदाशिवः ॥

જે માણુસ કુળલજ્યા, શાસ્ત્રલજ્યા વિગેરે પાશથી બંધાયેલોછે તે દુ:ખરૂપી સમુદ્રમાં ડુબકાં મારનારો જીવરૂપ સમજવો અને કુલલજ્યા તથા દેશલજ્યા ઇત્યાદિક પાશથી જે બંધાયો નથી તે માણુસ વામમાર્ગનો શ્રેષ્ટ અધિકારી સદા શીવસમાન છે; અર્થાત તે નિરંતર સદાશીવ સમાન છે.

તે કેવળ જીવન મુક્તાનેજ પામેલો છે; મદીરાનું પાત્ર ગટ કરી જતી વખતે ભૈરવોહંમ, શીવોહમ એટલે હું ભૈરવ છું, કિંવા હુજ શીવ છું એમ ખરા અંતઃકરણથી માનવુંજ જોઈએ.

માહાપુજન કરતી વખતે ગમે તે તરૂણ વયની સ્ત્રી, ભલે કદી ચાંડાલી હોય, ભલે કદી ધોબણ હોય, ભલે કદી ચમારડી હોય, કે ભલે કદી કોઇ પણ કુલટા કિંવા વેશ્યા હોય તેવી સ્ત્રીને નગ્ન કરીને તેના હાથમાં ખુલી તલવાર આપવામાં આવેછે; એજ પ્રમાણે પુરૂષને નગ્ન કરીને તલવાર આપીને બેસારવો પડેછે. તે બન્નેમાં સ્ત્રીને દેવી માનવી, અને પુરૂષને માહાદેવ માનીને તેમની પુજા કરવામાં આવેછે, તેમાં તેમના ઉપસ્થ ઇંદ્રીયની પુજાનુંજ મુખ્ય માંહાત્મ્ય છે; તેમને મદ્યનો પ્યાલો આપવો પડે છે અને તેમનું ઉચ્ચિષ્ટ પીધેલું મદ્ય ખરા ભક્ત પુરૂષો પીયે છે, સ્ત્રીયોમાં ભલે કદી બેહેન હોય કે માતા હોય કે કન્યા [પુત્રી] હોય, કે મિત્રની સ્ત્રી હોય કે ગમે તે સ્ત્રી હોય તે પૈકી જેની ઇચ્છા જેની સાથે થઇ હોય તે સાથે હાસવિનોદ કરવાને આ ધર્મમાં કંઇજ વાંધો નથી તો હે નવનીત પ્યારી ! આ ઠેકાણે તારે તો સ્વર્ગનું સુખ સમજવાનું છે આ શક્તિનું પાત્ર યૌવન મતંગને મદમત્ત કરનાર છે તારા સુશોભિત શરીરમાં ઝળકી રહેલા મદનનો ઉપયોગ જ્યારે તું અત્યારે નહિ કરે તો કયારે કરવાની છું ?

આચાર્ય દુર્ગાપ્રસાદની વાણી તલવારના ઝટકા જેવી નવનીતને લાગી; તેણીના શરીરના દરેક રોમ ખડાં થઇ ગયાં; કેવળ અનીતિનું કૃત્ય જોઇને શરીરમાં ધ્રુજારો થવા લાગ્યો; દાવાનળની માફક ક્રોધાગ્નિએ નવનીતના અંતઃકરણમાં પ્રવેશ કર્યો; નેત્રમાં કેવળ લાલાશ રંગ છંવાઇ ગયો; આ તરફ મહાકાળીની પાશાણુની મુર્તી શ્યામ રંગની ભયંકર હતી, તેના કરતાં અત્યારે ચેતન સ્વરૂપ માહાકાળીના જેવી નવનીત બની ગઈ; જે નવનીતનું હૃદય કેવળ નવનીત (માંખણ) જેવું નરમ હતું તે અત્યારે તલવારની ધાર જેવું તિક્ષણ થયું; જે નવનીતે યોગિણી માતાને પાલક તરીકે ગણી હતી, તે નવનીત અત્યારે યોગીણીમાતાને મહાંધુર્ત કપટી, કુચ્છંદી અને અનીતના ર તામાં ચઢાવનારી સ્વાર્થી કુલટા સમાન ધારીને બેઠી; તેણીના નિર્મળ હૃદયમાં મદનચંદ્રનું જે ચિત્ર હતું તે ચિત્ર હાલવા લાગ્યું; તે તે ચિત્ર ઉપર ક્રોધાગ્નીનું આચ્છાદન થવા લાગ્યું; પરોપકારી અને પ્રેમને જાણનાર શુદ્ધ અંતઃકરણવાળો મદનચંદ્ર યાદ આવ્યો; અને તેણીએ પોતાની છાતી ઉપર હાથ મુક્યો. તે સાથે ભારે નિશ્વાસ મુકીને જેમ મદનચંદ્ર જળમાં ઘુપ થયો તેમ હવે આ પ્રાણનો ત્યાગ થશે તો હું પછી પણ પૂનર્જન્મે શુદ્ધ પ્રેમદ્વારાએ ફરીથી મળીશ, એવી નિશંક આશાવાળી થઇ શારીરીક સંપત્તિ ઉપરથી તેનો લોભ તુરતજ ખશી ગયો; મર્ણને માટે નિર્ભય થઇ; અને ત્યાંથી ચપળતાથી ઉઠીને જે બકરાનો વધ જે તલવારથી કર્યો હતો તે તલવાર જે બાજુએ મુકી હતી તે હાથમાં પકડીને સર્વ માણુસોના સામે ઉભી રહી; આ વખતે કેવળ મહીસાસુરમર્દની જેવી દેખાતી હતી; તેણીયે અંગ ઉપર ભગવાં વસ્ત્ર પહેર્યાં હતાં તેથી ક્રોધારક્ત નેત્રવાળી ખડગ પકડી રહેલી નવનીત શાક્ત માર્ગીયેન ઢોંગની દેવી નહિ પણ આ દેવીતો ખરેખરી ક્રોધ મુદ્રાસહિતજ જણાતી હતી; આ દેખાવ જોઇને દુર્ગાપ્રસાદ જોડે બેઠેલી યોગીણીમાતા એકાએક ઉભી થઈ; દારૂના નિસામાં પગ લથડાવતી લથડતી લથડતી નવનીતની સામે આવી; અને

બોલી કે બેટા! નવનીત! તું આ શું કરે છે! તારા શરીરનું વર્ણ લાલ કેમ થઇ ગયું છે! શા માટે તલવાર પકડી છે! તું આ બધાની સમીપ કેમ ઉભી રહિ છું.

ક્રોધાવેશથી નવનીત—માતુશ્રી! તમે મારી પાસે આવશો નહી; તમે મારો પ્રાણ બચાવ્યો તેના માટે હું મોટો ઉપકાર માનું છું અને ત્યારપછી અત્યંત અનીતિપ્રવર્તક ગુપ્ત જગોમાં મને તમે લાવ્યાં તેને માટે મને ખોટુ લાગે છે, તમે મારો બચાવ મને દુરાચરણ રસ્તે ચઢાવવાને માટે કર્યો છે એ તો નકકીજ થાયછે, સજ્જન પુરૂષો જે પરોપકાર કરેછે તેમાં તેઓ પોતાનો કોઈ પણ સ્વાર્થ રાખતા નથી; પણ તમે જે પરોપકાર મારા ઉપર કર્યો છે તે કેવળ તમે પોતાનો સ્વાર્થ સાધવાનેજ, એમ કહીયે તો ચાલે, જે તલવાર મેં પકડી છે તે તલવારથી માત્ર આ કાળીકાદેવીને મારા શરીરનો ભોગ આપવાને માટેજ છે એમ માનજો, આ બિચારા ગરીબ બકરાએ જ્યારે નિરૂપાયે ભોગ આપ્યો, ત્યારે હું તો કેટલાક ઉપાયથી મારા શરીરનો ભોગ આપવા તૈયાર થઇછું, જન્મ છે, તો મૃત્યુ પણ છે જ, સુખ છે તો દુઃખ પણછેજ, સારૂ છે તો નરસૂ પણ છે, બ્રહ્મછે તો માયાપણ છેજ, તો પછી અત્યારે હું જીવું છું તો પછી ભોગને માટે હું મૃત્યુને શરણે પણ છુંજ,તે પેહેલાં જે સત્યવાત કહુ છું તે તમે શાન્ત થઇને સાંભળો, અને સાવધાન થઇને મારા બોલવા ઉપર લક્ષ રાખો.

યોગિણીમાતા—બેટા! જે તારે બોલવું હોય તે સુખે કરીને બોલ્ય, આ સઘળા વિદ્વાન પંડીત છે અને તે પંડીતમાં શિરોમણી ધર્માધ્યક્ષ. દુર્ગાપ્રસાદ છે તે તારી શંકાનું પણ સમાધાન કરશે અને જે તું કહીશ તે સમગ્ર સ્ત્રી અને પુરૂષો સાંભળશે, એમ બોલતી બોલતી ધૈર્ય રાખીને દુર્ગાપ્રસાદની જોડે યોગિણીમાતા બેઠી.

નવનીત ગંભીરનાદથી—અરે દુરાચારણીયો! અધમ પુરૂષો! જો કદી હું સત્તાધીશ હોત તો તમને જરૂર કારાગ્રહ-

માં નાંખત, પણ નિરૂપાય છું કે હું અત્યારે અનાશ્રિત હીન અબળા આ યોગિણીમાતાના છુપા અવાસમાં સપડાઇ ગઇ છું, તોપણ સત્ય શાસ્ત્ર અને સત્ય ધર્મ ઉપર અભિમાન રાખીને અને આ દેહને તુચ્છ સમજીને જે કંઇ ખરેખરૂ છે તે હું તમે સઘળાઓને વિદીત કરૂ છું તે સાંભળો !

તમને પરમેશ્વરે મનુષ્ય દેહ અમુલ્ય આપ્યો છે, સારૂ અ-નરસુ તથા સત્ય અને અસત્ય એ સમજવાની તમારામાં શક્તી ઈશ્વરે બક્ષી છે માટે તમે આ ઉત્તમ સ્થિતિમાં જ્ઞાન અને વિવેકદ્વારાએ સારા રસ્તે ચઢો અને આ અનીતિનામાર્ગને ત્યાગ કરો એવી ભલામણ કરૂછું.

આ મઠનું નામ ભદ્રશીલા આપ્યુ છે, ભદ્ર એટલે કલ્યાણ થાયછે, તો તે અર્થ પ્રમાણે કલ્યાણ પ્રાપ્ત થાય એવું કાર્ય થવાને બદલે અધોગતિ પ્રાપ્ત થાય એવાં ઘોર કૃત્યો અહિયાં થાયછે અને તે પણ આવી છુપી જગોમાં કે કોઈ જોવા પામે નહી.

જે આપણો સનાતન ધર્મ વેદશાસ્ત્રને છે તેથી આ વામ માર્ગ વિરૂદ્ધ છે એ હું નજરે જોઇને કહી શકુછું.

જેવી રીતે દીપકમાંથી કાજળ ઉત્પન્ન થાયછે તેવી રીતે પૂર્વે તમારા વિદ્વાન વડીલોએ વેદનું અધ્યયન કરીને આત્માનું શો-ધન કરનારા, તથા રાજયોગદ્વારાએ વિવેકજ્ઞાને કરીને તત્વનું ચિંતન કરનારા શુદ્ધ અંતઃકરણવાળા દીપક સમાનના કુળમાં તમે કેવળ કાજળતુલ્ય કાળાં કૃત્ય કરનારા દુષ્ટ ઉત્પન્ન થયાછો, ધિક્કાર છે તમને કે તેટલું કહેતાં પણ મારા મનનો ક્રોધ બિલ કુલ શમાતો નથી, અરે અધમ કૃત્ય કરનારા દુરાચારીયો ! તમે શું સમજીને આ માર્ગે ચઢયા છો ! હે દુર્ગાપ્રસાદ ! તને તો જ મીનમાં અર્ધો દાટીને તારા શરીર ઉપર બાંવળના લીલા કાંડા સળગાવીને બાળવામાં આવે તોપણ તારૂ પાપ ઓછું થાય તેમ નથી ! તુંજ આ ભોળા લોકો અને આ ભોળા સ્વભાવની સ્રીયો ને ખોટે રસ્તે દોરનાર છું; પૂર્વે પવિત્ર હૃદયના મહર્ષીયોએ પ-વિત્ર ગ્રંથ વેદ રચ્યો છે, તે વેદ શતશાસ્ત્ર કહેવાયછે, તે વેદ વા-ણીરૂપ અજવાળાથી ઉત્તમ જ્ઞાનની પ્રાપ્તી થાયછે, જે માંઆ મા,

જીવ બ્રહ્મ અને પ્રકૃતિનું પૃથક પૃથક નિરાકરણ છે, તે બાબત ક્યાં રહી અને આ તમારો ધુર્ત ઢોંગરૂપ વામમાર્ગ ક્યાં! વામ એટલે ડાબો હાથ, જે ડાબો હાથ ગુદસ્થાનને સાફ કરવાને લાયક છે, તેટલી સાફ કરવાની લાયકાત વામ હાથમાં રહેલી છે તેટલી લાયકાત તમારા અઘોરદ્વાર કરતાં પણ અત્યંત ભ્રષ્ટ નષ્ટ વામમાર્ગમાં પણ નથી, તમે લોકો શું સમજીને આ કપટ પ્રપંચનો માર્ગ પકડયો છે! મુખ્ય જ્યારે જોવા જઇયે તો પુરૂષ અને પ્રકૃતિ કહેવામાં આવેછે; પુરૂષ બ્રહ્મ છે અને પ્રકૃતિ મહાવિદ્યા માયા—અને તેથી વિપરીત કાર્ય રચના ઘડનાર અવિદ્યા માયા. અજ્ઞાનરૂપની છે; તે અવિદ્યા કે મહાવિદ્યા માયા જે કે જડ છે તેને દેવીરૂપી કલ્પીને જગતની કર્તા ઠરાવો છો, એ તમામ મિથ્યા છે; અરે મુર્ખાઓ તમે પણ મિથ્યા છો; તેમના શરીરમાં જે જીવ છે તે વારંવાર જન્મ ધારણ કરનારો કર્મનો ભોક્તા છે; જો કે તે જીવ અનાદી છે; તોપણ ચેતન બ્રહ્મને આશ્રય થઈ રહેલો ફરી ફરી જન્મ ધારણ કરીને કર્મનો ભોગવનાર છે; તે કદી પણ મિથ્યા થઇ શકતું નથી; તો પછી તમે કોને માનોછો! આ કાળીની પ્રતિમા તો પાશાણની છે; જો કે તે પાશાણમાં દૈવત હોત તો તમે અધમ કૃત્ય કરનારાઓની ગર્દન પકડીને શિક્ષા કર્યા વિના રહતજ નહિં; જેનો આગેવાન આંધળો તેનું લશ્કર પણ કુવામાંજ પડે; એ કહેવત પ્રમાણે તમે ફિતુરીમાર્ગીયોનો ફંદ પોતાના સ્વાર્થનોજ છે;—જો કે તમે લોકો આ કાળીકાની મુર્તીમાં ચૈતન્ય તત્વ માનતા હો તો હુંજ એમ કહુંછું કે પેલો નિરપરાધી બકરો મર્ણ પામ્યો છે તેને તે કાળીકા સજીવન કરી શકશે ખરી કે! અરે મદાન્ધીયો! જો કે તમારામાં પરાક્રમ હોય તો તે બકરાને તમેજ સજીવન કરો;—અહાહા! જ્યારે તમારામાં તેમાંની કંઇ સત્તા નથી ત્યારે એવાં ઘોર કૃત્ય શા સારૂ કરો છો! શું ભોળીયા અને અજ્ઞાની માણસોને કુવામાં ધકેલી પાડવાનું ધારો છો કે!

કુતર્ક કુતુહલના કારણોથી ભરેલો ભ્રષ્ટ વર્તનવાળો માર્ગ કોણે સ્થાપ્યો છે! તે વામમાર્ગના પુસ્તકો કયા કાળમાં કોણે ર-

ચ્યાં છે? તથા તેવા કાર્યમાં આગેવાન થનારા આચાર્ય કયા કાળમાં કયારે થયા! વેદ ધર્મ વિરૂદ્ધ શા માટે તેઓ પડયા! આ પ્રમાણે શૈલી શા માટે પસંદ કરી! એ સઘળું તમે જાણી શકો છો કે? હા હુંજ કહુંછું કે તેઓએ જીવ્હા સ્વાદને માટે અજ્ઞાન ક્રૂરસિંહ જેવી પ્રકૃતિવાળા થઇને સ્વેચ્છાચારી થવાનેજ આગળ પગ મૂકયો છે અને એટલા માટેજ વામમાર્ગ એવું નામ આપીને કુતર્કનાં નવીન પુસ્તકો બનાવ્યાં છે, આ આર્ય પ્રજાના કેવળ ભોળા લોકોને અંધારા કુવામાંજ ઉતાર્યા છે, વિષય વાસનાથી પ્રતિબંધ થએલા નિર્લજ થઇને સ્વતંત્રપણે સ્વેચ્છાચારી થયાછે; આ પ્રમાણે તેનો ખરો સાર નીકળી આવેછે.

શીવ, ભૈરવ અને પાર્વતીનો સંવાદ મૂકીને કલ્પિત ગ્રંથો બનાવીને તંત્ર, નામ આપવામાં આવ્યું છે; જેમાં કાલીતંત્ર, કુલાર્ણવ તંત્ર, મહ નિર્વાણ તંત્ર, જ્ઞાનસંકલની તંત્ર, રૂદ્રાલય તંત્ર, મંત્ર મહોદધી, તંત્રરાજ, ઇત્યાદિક અનેક ઉટપટાંગ ગપાષ્ટકનાં ગ્રંથો બનાવીને આર્ય પ્રજાના હૃદયમાં અનીતિનો નિવાસ કર્યો છે.—

કાલીતંત્રનો લેખક કેવો છે! તેના મનની વૃત્તિ કેવી હોવી જોઈએ! તેણે શું જાણ્યું છે! તેની વર્તણુક કેવી હોવી જોઇએ! એ બાબતનો ચિતાર—**मद्यं मांसं च मीनंच, मुद्रा, मैथुन मेवच ॥ एते पंच मकारास्यु मोक्ष दाहि युगे युगे ॥** આ શ્લોક ઉપરથીજ જણાય છે કે તે ચિતારમાં કેટલું બધું લાંચ્છન છે! એજ લાંચ્છન નીચ રાક્ષસી પ્રકૃતિનુંજ દેખાયછે, પણ સત્વગુણી વિદ્વાન સજ્જન પુરૂષો ઉપરના શ્લોકનો અર્થ જુદોજ કરશે, જેવી રીતે વિષય વિકાર રહીત પુરૂષો સ્ત્રીની લાવણ્યતાને ધિક્કારે છે, અને મજ્યા તથા માંસના ઢગલાનીજ ઉપમા આપે છે, તેવી રીતે સાત્વિક ભાવવાળા પુરૂષો એ શ્લોકનો સાત્વિક ભાવનો અર્થ કરશે.

દુર્ગાપ્રસાદ—હે નવનીત! તમે ક્રોધનો ત્યાગ કરીને ક્ષમાવૃત્તી રાખો અને તે શ્લોકનો તમે કેવો અર્થ કરો છો તે અમને જણાવો!

નવનીત—સાંભળો–મદ્ય એટલે દુર્ગા થાયછે એ દુર્ગા–પાર્વતી સ્ત્રીઅર્થવાચક મહાવિદ્યા માયા પ્રકૃતિ થાય છે. તે પ્રકૃતિ'ને વિવેક જ્ઞાનમાર્ગે ઓળખવી જોઈએ; એમ સમજી મદ્ય શબ્દ મુકયો છે; અને માંસ—એટલે સમય કિંવા કાળબળ થાયછે; તે સમય કાળબળની અનંત જાળમાં પ્રકૃતિ માહામાયાનું કાર્ય જે કે અનંત જગત, સુર્ય ચંદ્રાદિ ગ્રહો, અને નક્ષત્ર ગણ ઉદય અસ્ત કર્યા કરેછે તેજ પ્રમાણે શરીરધારી જીવ વારંવાર શરીરનો ત્યાગ કરી ફરીથી દેહ ધારણ કરેછે, એજ જન્મ અને મર્ણ ઇત્યાદિકને જ્ઞાનદ્વારાએ અવલોકન કરવું; અને તેથી મુક્ત થવાને પ્રયત્ન કરવો, એને મારા શબ્દ કાળબળ–તથા વખત વાચક અર્થ કરવાનો છે.

મીન--એટલે માછલી--એ માછલીની જળ સાથે એવી એકયતા છે કે જળવિના નિરજીવ થઇ જાયછે; એ ઉત્તમ ગુણનો બોધ વઈને એકાગ્ર વૃતિની ઐકયતા કરવી એજ મુખ્ય રહસ્ય બતાવ્યું છે.

મુદ્રાનો અર્થ રહસ્ય થાયછે, જ્ઞાનયોગે કરીને તત્વનું ચિંતન કરવું એજ મુખ્યમુદ્રા [રહસ્ય] છે.

અને મૈથુન એટલે અગ્ન્યાધાન એટલે અગ્નીની સ્થાપના એવો અર્થ થાયછે. એકાગ્ર વૃતિમાં અર્થાત સમાધીમાં જ્યોતિ તેજની ધારણા કરવી, એજ અગ્ન્યાધાન મૈથુનવૃતિ કહેવામાં આવેછે.

એ પ્રકાર પાંચમકારં મોક્ષ આપનાર છે; સાત્વિક સંત સાધુ પુરૂષો ઉપરના શ્લોકનો આમજ અર્થ કરીને આનંદ મેળવી શકશે. પણ જેઓએ દુરાચરણ રસ્તે વર્તવાને જીજ્ઞાસા રાખી છે તેઓ તો તે શ્લોકનાં બનાવનાર અધમ આચાર્યના બોધનેજ પકડી રેહેશે.

અહાહા ! કુલાર્ણવતંત્ર લેખકના ભ્રમિત મગજને કેવું માન આપવું ઘટે છે ! તેને સ્વાર્થી કેમ ન કહેવો !, તેને વ્યભિચારી કેમ ન કહેવો ! અગર ધુર્ત કહીયે તોપણ ચાલી શકે,

કેમકે તેના રચેલા આ, **प्रवृत्ते भैरवी चक्रे** શ્લોક ઉપરજ ખાસ વિચાર કરવાનો છે; જ્યારે ભૈરવી ચક્ર રચે ત્યારે ચાંડાલ જાતીથી તે બ્રાહ્મણ જાતી પર્યંત ગમે તે સ્ત્રી કે પુરૂષ તેમાં દાખલ થાય, તે ક્યાં સુધી ! કે જ્યાં સુધી દારૂના સીસા ખાલી થાય, તથા નેત્ર રાતાં થઇ જાય, તથા પોતાના શરીરનું પણ ભાન રહે નહીં; તથા તે યોગે કરીને સારાસારનો વિચાર પણ રહે નહીં ત્યાંસુધી તેઓ વર્ગના લોકો સાથે એક બીજાનું ઉચીષ્ટ ભોજન કરવાનો વ્યવહાર રાખવો તથા ગમે તે પરાઇ સ્ત્રી, બેહેન, પુત્રી, કુલટા, વારાંગના ઇત્યાદીક જે કોઇ હોય તેની સાથે બદકામ કરવું, આ અર્થ ભૈરવીચક્રનો છે; તે કામ થઇ રહ્યા પછી બધા પોતપોતાનાં વાડામાંજ અર્થાત પોતપોતાની જાતીમાં જુદાજ ગણાય છે પણ એક કહેવાતા નથી.

સાબાશ મારા વામમાર્ગીયો, ધન્ય છે તમારી માતપીતાને કે તમારા બોહોળા મગજમાં આ હીમાલય પર્વત જેવો વિચાર [જડ વિચાર] ભલો ટકાવી રાખ્યો છે; અરે તમારા કરતાં તો સડેલાં મડદાં તોડી ખાનાર ગીધપક્ષી કાંઇક સારા છે કે તે પક્ષી બીજા પક્ષીના ટોળાંમાં ભળી શકતાં નથી.

અત્યંત દારૂ પીનારા કોઇ આચાર્યે લખ્યુંછેકે **पित्वा पित्वा पुनः पित्वा** જમીન ઉપર ઉથલીને પડી જતા સુધી પણ વારંવાર દારૂ પીવો; જ્યારે શરીરનું બીલકુલ ભાન ન રહે, જ્યારે શુશુપ્તી જેવી સ્થિતિ થઇ જાય ત્યારે પીવાનું બંધ રાખવું એવો અભિપ્રાય આપીને વામમાર્ગને ઝાડુથી સાફ કરવાનો ઇરાદો રાખ્યો છે, પણ બુદ્ધિવાન માણસ તો એ ઉપરથી એવોજ ખ્યાસ કરશે કે અત્યંત દારૂના નિશામાં જ્યારે પ્રાણ નીકળી જાય ત્યારપછી ફરીથી જન્મ નથી થવાનો એમ પણ કહેશો તો ચાલી શકશે.

શરીરમાં રહેલો જીવ એ તો વારંવાર જન્મ લેશેજ એમાં કંઇજ શક નથી, પણ વારંવાર દારૂ પીવાથી મોક્ષ છે એવું જે સ્થુળ દેહથી માનતો હતો તે દેહ ફરી મળવાનો નથી એમ કદી આશરેથી કહીયે તો ચાલી શકશે.

જ્ઞાનસંકલનીતંત્રમાં આ શ્લોક જે કે मातृयोनिं परित्यज्य ઈત્યાદીક નીતિ વીરૂદ્ધ શ્લોક લખનારને તો દોરડેથી બાંધીને સમુદ્રમાંજ ડુબાવવો જોઇએ; દારૂથી મદમત્ત થએલા અને કામવીકારથી અંધ થએલાએ કેવળ કુતરાની વૃતિ ધારણ કરેલી હોય એવું જણાય છે, મનુષ્યદેહ પ્રાપ્ત થયા છતાં જ્યારે પૂર્વનો સંસ્કાર પશુવૃતિનો હોયછે ત્યારેજ આવા પ્રકારની વર્તણુકી સ્થિર રહેછે; અજ્ઞાન સ્વરૂપ પ્રકૃતિ છે, તે પ્રકૃતિ અનુસારે પશુવૃતિ હોય એમાં શું આશ્ચર્ય ! એજ પ્રકૃતિને સ્ત્રીનું રૂપ ધારણ કરીને માહાકાળી કાળી દુર્ગા એવું કલ્પિતનામ આપીને તેવી પ્રતીમા આગળ દારૂનું પ્રાશન કરીને કુકર્મ કરવાં એ વામીયોનો સનાતન મોક્ષદાયક પંથ છે. અહાહા એ પંથ માત્ર આવી ગુપ્ત જગોને માટેજ છે, એ પંથ પશુ સમાન અજ્ઞ પુરૂષોને સમજાવવાનોજ છે; અત્યારે જે હું દેખું છું તે એજ કાર્ય કરનારા તમેછો એમ નક્કી થાયછે; આ તરૂણ સ્ત્રીયો કોણ અને આ પરાયા પુરૂષો કોણ ! આ તરૂણ સ્ત્રીયો પોતાના પરણુત પતીને પડતો મુકીને આ એકાન્ત નિવાસમાં દારૂનો નિશો લઈને મદમત થઈ પરપુરૂષ સાથે રમવાને નીકળી પડીછે, એ શું તેમનું શિયળવૃત છે કે ! નાના, એ તો શું પણ શીયાળાની વિહ્વળ કુતરીયોનું વ્રત પાળવા સારૂ આવી છે; પારકુ વીર્ય લઇને સંતતિ ઉત્પન્ન કરનારી સ્ત્રીયો વર્ણશંકર પ્રજા ઉત્પન્ન કરેછે; વામમાર્ગમાં પ્રવર્ત થનારાઓની પ્રજા વર્ણશંકરજ હોયછે તો પછી તમામ વામીલોકો વર્ણશંકર કેમ ન માનવા.

અરે વામીયો ! તમને દયા કેમ નથી ! નિરપરાધી પશુનો વધ કરીને કુંડમાં હોમોછો તેથી તમને શું ફળ મળેછે ! જો કદી તમે એમ કહેતા હો કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષને માટે અમે યજ્ઞ કરીયે છીએ અને જે પશુને અમે યગ્નમાં હોમીયે છીએ તે પશુ તો સ્વર્ગમાં જઈને અજન્મા થાયછે જો એમ હોય તો તમે તમારા માબાપને મારીને શા માટે હોમતા નથી !

અહીંયાં તમારો ધર્માચાર્ય ગુરૂ દુર્ગાપ્રસાદ બેઠો છે તેનેજ મારીને યજ્ઞમાં હોમી દ્યો તો તેથી ફરીને અત્રેના વામમાર્ગની પુષ્ટીના સમાચાર સ્વર્ગમાં સારી રીતે પોહોચી શકશે; વળી

કાલીકાતંત્ર, તથા મહાનિર્વાણતંત્ર,જ્ઞાનસંકલની તંત્ર અને રૂદ્રયમલ તંત્રના લેખક આચાર્યને જઇને તે મળી શકશે; તેમજ સ્વર્ગમાં વામમાર્ગ ચાલતો હશે તેમાં અપ્સરા જેવી નવનીત યોનીતાનો સમાગમ કરી શકશે, વળી સ્વર્ગમાં કાળા રંગના પથરાની મહાકાળી કે ભદ્રકાળી બનાવી હશે તેની પુજા પણ કરી શકશે, જ્યારે એમ થશે તે વખતે ત્યાંના સઘળા પ્રતાપશાળી વામીયો તમને આશરવાદ દેશે; આ પ્રમાણે સગવડ ભરેલો રસ્તો મુકી દઇને પેલા ગરીબ મુઢ અને અજ્ઞ બકરાને મારવાથી શું ફળ છે! કાળીકા તો વિદ્વાન અને બત્રીસલક્ષણા પુરૂષનીજ માગણી કરતી હશે એવું તમારે માનવું જોઇએ; છતાં નિરપરાધી બકરાનો શા માટે પ્રાણ લ્યો છો ?

ક્રુરહિંસક પ્રાણીની, કે ચોરથી જે હીલચાલ છે એજ હીલચાલ અને વર્તણુક તમારા વામીયોનીછે—માંસ ભક્ષણ કરવાને માટે પશુજીવની હિંસા કરો છો એજ તમારી નિર્દયતા છે; સર્વથી શ્રેષ્ટ અન્નનું ભક્ષણ મૂકીને માંસ ઉપર વૃતિ દોડાવોછો એ તમારી ક્રૂરહિંસક પ્રાણીની વૃત્તિ છે; બીજા કોઇ જાણી શકે નહુ તેવી રીતે ગુપ્ત અવાસમાં છુપાં કૃત્ય કરો છો તે તમારી ચોરની વર્તણુકી છે; પરસ્ત્રી તથા પુત્રની વધુ તથા દીકરી કે બેહેનની સાથે જ્ઞાનસંકલનીતંત્રમાં કહ્યા પ્રમાણે ગમન કરોછો એ તમારી પશુવૃત્તી છે; પિત્વા પિત્વા પુનઃ પીત્વા એ આધારે વારંવાર જે તમે મદીરા પીને મસ્ત બની જાઓછો એ તમારી અજ્ઞાન વૃત્તી છે; કહો જોઇએ આવા વામધર્મમાં તમે કયું જ્ઞાન તત્વ લખોછો! એમાંથી તમને કયા પ્રકારનો સદબોધ મળેછે! એમ કરીને તમે શું ફળ મેળવવા ઇચ્છોછો ! અરે ચોર લોકો ! એથી તો તમે ભયંકર પાપના અધિકારી થાઓછો; જગતનિયંતા ઇશ્વર તો પુરૂષ કે સ્ત્રી કોઇ નથી; નથી તેનું સ્વરૂપ કે નથી તેનો જન્મ; તેતો અનાદી અતકર્ય નિયંતા નિયામક, નિરાકાર, નિરાભાસ, નિર્વેદ, અને એકરસ છે; છતાં તમે સ્ત્રીનું રૂપ માનીને પણ જો કે શુદ્ધ અંતઃકરણથી ધ્યાન ધરતા હો, તથા તેમ કરવામાં તમારી ઉપાધીયુક્ત વૃત્તિયોને પ્રલય કરતા હો, અને

ચિત નિરોધને માટે પુરૂષાર્થ કરતા હો તો કાંઇક ઠીક હતું; પ- ણ એ તો વાત.કયાં રહી; અને પંચમકાર તથા ભૈરવીચક્ર ઠરા- વીને યથેચ્છાએ પરાઇ સ્ત્રી સાથે આનંદ મેળવો છો! એ શું તમારૂ વામમાર્ગનું તત્વ છે કે! ધિક્કાર છે ધિક્કાર છે તમે અ- ધમ પુરૂષો અને કુલટા સ્ત્રીયોને; આટલું કહીને નવનીત જરાક શાન્ત થઇ અને ઉભી રહી.

નવનીતના વચન પેલા મુસ્તંડાચાર્ય જે કે દુર્ગાપ્રસાદ હ- તો તેને વજ્ર જેવાં લાગ્યાં; ઘણા માણસોમાં અને સ્ત્રિયોમાં તે પુજનિક ગુરૂ કહેવાતો હતો છતાં તેનું નવનીતે યોગ્ય ભાષણ કરીને અપમાન કર્યું તેથી તેને ઘણુંજ માઠું લાગ્યું; તીક્ષણ બા- ણનો છેદ જેવી રીતે શરીરમાં પડેછે તેવી રીતે તે આચાર્ય અને યોગીણીમાતાના હૃદયમાં વચનબાણનો અસહ્ય છેદ લાગ્યો; દુર્ગાપ્રસાદનાં નેત્ર આ વખતે ભૈરવીચક્રમાં લાલ થયાંજ હતા, છતાં આ પ્રસંગે ક્રોધાવેશને લીધે નેત્રનો દેખાવ વિચિત્ર થયો, તે સાથે કાળિકાની રક્ત જીભ્હા સમાન યોગીણીમાતાના પણ નેત્ર થઈ ગયાં. આ દેખાવ જોઇને તે ભૈરવીચક્રમાં બેઠેલો એક દુર્ગાપ્રસાદ જેવો બીજો મુસ્તંડાચાર્ય હતો તે ચાલાકીથી ઉભો થઇને નવનીતની પાછળ જઇ પોહોચ્યો, અને અનાયાસ ઝડપ કરીને નવનીતના હાથમાંની તલવાર છીનવી લીધી.

અત્યંત ધુસ્સાથી લાલચોળ થએલો દુર્ગાપ્રસાદ-નવનીત પ્રત્યે બોલ્યો કે; વામમાર્ગને નહિ જાણનારી કંટક યુવતિ! તું તે માર્ગના ગુહ્યભેદને શું જાણી શકનાર છે! તને અનુભવજ કયાં છે! જેવી રીતે બ્રહ્મવિદ્યાને જાણનાર મન અને વાણીવડે કરીને તે બ્રહ્મવિદ્યાના આનંદ વિષેની વાત કહી શકતો નથી તેવીજ રી તે આ વામમાર્ગના ઉંડા રહસ્યાનંદની વાત કહી શકવાને કઠણ છે; એ તો જે અનુભવ મેળવે છે તજ જાણેછે, કહ્યું છે કે—

श्रुतिर्विभिन्ना स्मृतिरेव भिन्ना
नाना मुनिनां मत योपि भिन्ना
धर्मस्य तत्वं निहितं गुहायां
महाजनो येन गतः सर्वथा ॥

વેદવાણી પણ ભિન્ન ભિન્ન છે, તેમ ૪ વેદને અનુસરીને

બોલનારી સ્મૃતિ તે પણ ભિન્ન ભિન્ન અને મોટા વિદ્વાન ઋષિ યોના મત્ત પણ ભિન્ન ભિન્ન છે માટે ધર્મનું તત્વ તો કેવળ ગુફામાંજ પડી રહ્યુછે અર્થાત ગુપ્ત છે;—માટે કેવળ માહાત્મા લોકે જેવાં આચરણ કરેછે તેવાં આચરણોને અનુસરીને વર્તવું એજ ધર્મ માનવામાં આવ્યોછે.

પરમહંસ સ્થિતિને પામેલો જેવી રીતે વર્ણાવર્ણનો ભેદ રાખતો નથી, હીંદુ કે મુસલમાન હો, કીંવા ચાંડલ કે ચમાર હો; કદી લવાર હો કે કુંભાર હો, પણ તેઓના હાથનું રાંધેલું ખાશે; તાત્પર્ય એ છે કે, પંચભુતાત્મક શરીર સર્વનુ સરખું છે, શરીરમાં જે આત્મા છે તેને કોઇ જાત કે વર્ણ નથી, શરીર છે એ પ્રકૃતિનું કાર્ય છે એ પ્રકારે વેદાન્તીયોએ નિશ્ચય કરીને પરમહંસ સ્થિતિવાળાનો એવોજ ધર્મ માન્યો છે;—એ વેદવાણીનો મત્ત છે; જેવી રીતે વેદવાણી અને સ્મૃતિ ભિન્ન છે તેવી રીતે વામમાર્ગનો ધર્મ પણ ભિન્ન છે; અને તે ધર્મ ઉત્પન્ન કરનાર માહાત્માઓના ઠરાવેલા નિયમ પ્રમાણે ચાલવામાં આવેછે—અને તેમણે ભૈરવીચક્ર ઠરાવ્યું છે, જેવી રીતે પરમહંસ સ્થિતિનું આચરણ છે તેવુંજ ભૈરવીચક્રનું આચરણ છે કે જેમાં વર્ણાવર્ણનો ભેદ રાખવામાં આવતો નથી; ભૈરવીચક્રમાં વિશેષ મદ્ય પીવાથી એકાગ્રવૃત્તિ થાયછે; તે એકાગ્રવૃત્તિમાં ત્રણ ગુણ રૂપી ત્રણ દેવ જો કે બ્રહ્મ, વિષ્ણુ અને શીવને ઉત્પન્ન કરનારી તથા અનંત કોટી બ્રહ્માંડ રચનારી માયારૂપ પ્રકૃતિ આધદેવીનું ધ્યાન ધરવામાં આવેછે; તે આધદેવીનું આ સ્થુળ વિગેરે કાર્ય છે; અને તે કાર્યમાં ભૈરવી ચક્રદ્વારાએ ઐક્યતા પ્રાપ્ત કરવામાં સ્ત્રી પુરૂષને કોઈ પ્રકારે ભેદ રહેતોજ નથી; વિકારવાન પુરૂષ વિકારથી નિવૃત થયા પછી દેવીનું ધ્યાન નિર્વીઘ્ને કરી શકેછે; ચંચળ મન સ્થિર થાયછે;—અરે ગમાર કંટક! તું એ વિષયને કંઈજ જાણી શકતી નથી; માટે તું અત્યારે અજ્ઞાનમાં લીન થએલી ભૈરવીચક્રમાં દાખલ થઇ જા; તું તારા યૌવનને સુખ આપ્ય, અને આ વારૂણીનું પાત્ર લે ને મસ્ત થા; એજ મસ્ત થવાપણામાં અનહદ આનંદના સમુદ્રમાં જેમ મચ્છ તરેછે તેમ તું તર્યા

કર, એજ વારૂણી પ્રાશન આનંદમાં અત્યારે જે તારા શરીરમાં અણુસમજ અજ્ઞાનનો ક્રોધ છે તે તુરતજ શમી જશે; એટલુંજ નહિ પણ આ આચાર્યને જુદો નહિ ગણતાં તું પ્રેમાવેશથી એકજ રૂપ માની લઇશ; જેવી રીતે આ યોગીણીદેવી મારા કંઠમાં પ્રેમે કરીને હાથ નાંખી રહી છે તેવી રીતે તું પણ તમામ શંકાઓનો ત્યાગ કરીને હાથ નાંખીશ, પ્યારી નવનીત ! તને ક્રોધ ચઢયો છે પણ તે ક્રોધને હું કંઇજ ગણુકારૂં તેમ નથી; હે મનોહર સુંદરી ! તું શાન્ત થા; તું આ અવાસમાંથી હવે બહાર નીકળવા પામવાની નથી; તારા શરીરને બાહેરની કંટક હવા કેવળ ખરાબ કરનારી છે; એમ મ્હેં અત્યારથી માની લીધું છે; એટલું કહીને પેલા મુસ્તંડાચાર્ય ચુપ થઈ ગયા.

સળગતા અગ્નિમાં ઘી હોમાની માફક, પ્યારી, ઇત્યાદીક સંબોધન દુર્ગાપ્રસાદને મોઢેથી પોતા તરફ નીકળતાં નવનીતને થયું કે આ વિષયીલંપટ માણસ જરૂર મારા શિયળને નુકશાન કરશે એવી તેને ખાત્રી થઈ; કેમકે પ્રત્યક્ષ ભૈરવીચક્રમાં અમર્યાદ વર્તણુક સઘળાંની નવનીતે નજરે જોઇ હતી; તેમજ આ સઘળા નિર્લજ મંડળમાં આ નિર્લજ દુર્ગાપ્રસાદ શું નહિ કરી શકે ! તેમજ દુર્ગાપ્રસાદધર્માચાર્યની સાથે નિર્લજપણે વર્તનારી યોગિણી પણ શું નહિ કરી શકે ! જયાં આખું ગામ ચોર હોય તો તે ગામમાં એક શાહુકારનું શું ચાલી શકે ! આ પ્રકારે વીચારમાં ગુંચાયલી, ભય અને ક્રોધમાં ફસાયલી નવનીતને પોતાના દેહનું ભાન રહ્યું નહી; તેણીને મોહોતનો કંઇજ ભય નહોતો, પણ શરીરમાંથી કેવી રીતે પ્રાણ દુર કરવો ! તેના માટે તેણી પાસે કંઇજ સાધન રહ્યું નહોતું; ભલે કદી ગમે તેમ થાઓ, પણ સત્ય, અને નીતિનો ત્યાગ નજ કરવો, એવા દૃઢ વિચારવાળી નવનીત ગર્જના કરીને બોલી ! અરે દુરાચારીયો ! કયાં હંસ અને કયાં કાગ; કયાં હાથી અને કયાં ગર્ધવ; કયાં પરમહંસ અને કયાં તમે અધમ દુરાચારી વામીયો;–શું તમે પરમહંસના કૃત્યની તુલ્યના કરવા માગો છો કે ! શું તમે ભૈરવીચક્ર કરીને વર્ણાવર્ણનો ભેદ થોડી ઘડીને માટે ભંગ

કરીને માહાવિદ્યા માયાને ઓળખવા ધારોછો કે ! શું તમે ઉપરાઉપરી દારૂ પીને પશુ સમાન બનીને એકામ વૃતિ કરવા ધારો છો કે ! શું તમે પરાઈ સ્ત્રીયોનો સમાગમ કરીને પ્રકૃતિ માયાનું એકજ કાર્ય છે તથા એકજ રૂપ તમામમાં છે એમ ધારીને વિષયને નરમ કરીને પછી શાન્ત થવા ધારો છો કે ! એ તમામ તમારો પાખંડી ધર્મ છે; કેવળ પોતાનુજ કાર્ય સાધવાનો ફિતુરી માર્ગછે.

નવનીત એટલું બોલી રહી એટલે એકદમ ક્રોધાવેશથી દુર્ગાપ્રસાદ ઉભો થયો, તેમજ તેની સાથે મહાકાળી સમાન ક્રોધિત થએલી યોગિણી પણ ઉભી થઇ તે બન્યો જણ નવનીતને પકડીને ઉચકીને તેને ગુપ્ત અવાસમાં કોઇને ખબર નથી એવા એક ઓરડામાં દાખલ થયા; તે ઓરડામાં એક બીજો ભાગ હતો તેને કળવડે કરીને ખુલ્લો કર્યો, એટલે બારણું ઉઘડી ગયું બારણું ઉઘડતાં પગથિયાં આવ્યાં તે પગથીયે પેલી નવનીતને ઉચકીને ચાલવા માંડયું; આ વખતે નવનીતે ઘણી ચીસો પાડી પણ તેની ચીસો અને બૂમો કોણ સાંભળે ! તે બન્યો જણા સદરહુ પગથિયાંનો માર્ગ અટપ્યા પછી; એક સાંકડી બારી આવી તે બારી વાટે આ ગુપ્ત અવાસના માહીતગાર માત્ર યોગીણી અને દુર્ગાપ્રસાદ વિના બીજુ કોઇજ નહતું તેવી બારીનું બારણું ખુલ્લું કર્યું; એટલે કેવળ અંધકારવાળી જગો કે જેને ગુફા કહે છે તે છેક ઉચાણુ માર્ગ ઉપરની ગુફામાં આ નવનીતને ધકેલી દીધી, પછી નિર્દયપણે યોગિણીયે અને દુર્ગાપ્રસાદે તે દ્વાર બંધ કર્યું.

કાળીકાના પુજનમાં એક આ પરિતાપ થયો, તોપણ તે પરિતાપ ક્રૂર હૃદયના સમગ્ર માણસોને કાંઇજ અસર કર્યો નહિ તેઓ ગૈરવીચક્રનું કામ અટપીને, તે સભામાંથી યોગિણી માતાની સાથે હાથ મેળવીને તથા તેને લઇને દુર્ગાપ્રસાદ વિલાસ મંદિરાના એક ઓરડામાં દાખલ થયા ત્યારપછી બાકીના બીજા પુરૂષ અને સ્ત્રીયો દારૂના નિશામાં ચકચુર થએલી જેની સાથે જેમ ફાવે તેમ તેની સાથે હાથ પકડીને જુદા જુદા ઓરડામાં પ્રવેશ કરીને શયન કરવા લાગ્યા.

ઇતિ પ્રથમ ભાગ સમાપ્ત.

અંગત્યની સુચના.

સર્વે પ્રિય વાચક ભાઇયોને જણાવું છું કે આ વાર્તાનો નાયક હજુ કયાં છે તેનો પતોજ નથી, પવિત્ર નવનીતકળાને અદભુત જગોમાં પેલી યોગીણીમાતાએ ગેબ કરી છે, તેનું કેમ થશે ! અથવા મદનચંદ્ર અને નવનીત કેવી રીતે મળશે, તેમજ નવલપુરનો રાજકુમાર વિનોદચંદ્ર શું કર્તવ્ય રચે છે ! આ તમામ ચિતાર બીજા ભાગમાં નિતી જ્ઞાન, કળા, બુદ્ધિ અને વિવેકનો દર્શાવવામાં આવશે, એટલા માટે પ્રિય સજ્જનો તે બુક ખરીદ કરવાને માટે આગમચથી નીચેના સરનામે નામ નોંધાવશો, તે પુસ્તકની કીમ્મત અગાઉથી ગ્રાહક થનાર પાસેથી રૂ, ૧ લેવામાં આવશે, પછીથી રૂ ૧॥ લેવામાં આવશે; ટપાલ ખર્ચ જુદું. વી. પી. થી મોકલવામાં આવશે.

નામ નોંધાવાનું ઠેકાણું.

કેશવલાલ મગનલાલ દુધવાળા.

ઠે૦ કાળુપુર ભંડેરી પોળ સામે—**અમદાવાદ.**

સ્વદેશી ! સ્વદેશી ! ! સ્વદેશી ! ! !

દેશી બનાવટને ઉત્તેજન આપો અને દેશની દોલતમાં વૃદ્ધિ કરો. શું આપણી દેશી દવાઓ જોઈએ તેવી અસરકારક નથી ? દરેક કહે છે કે હાછે મણ મળે છે કયાં ? તેથી નીરૂપાયે બીજી દવાઓ પણ વાપરવી પડે છે.

ગૃહસ્થો દેશી દવામાંજ ગુણ ને ધર્મ છે તે બીજા માનથી તો તેને ગૃહણ કરો.

અમોએ ઘણી શોધ ખોળ કરી દેશકાળ, હવાને અનુકુળ આવે તેવા ઐાષધો તદન વનસ્પતીમાંથી અનુભવ સીદ્ધ તૈયાર કરેલા છે. જેને દરેક ઘરમાં રાખવા તથા ખાસ વાપરવા ભલામણ કરીએ છીએ.

“ ત્રૈલોકય દીપમણી ”

આ ગોળીઓ દરેક પ્રકારની નબળાઇનો નાશ કરી પુરૂષાતન અર્પે છે. ગુમાવેલી મરદાઇ બક્ષે છે. પિશાબ કે સ્વ-

આમાં જતી ધાતુ બંધ કરી વીર્ય વીકારના સઘળા દર્દો મટાડે છે. પાચનશક્તિ વધારે છ. લોહી સુધારે છે. સ્ત્રીઓના અનિયમીત શ્રાવને અટકાવી ગર્ભસ્થાન સુધારે છે. પ્રમેહને તદન નાબુદ કરે છે આ દવા ચાર દીવસ લીધાથી સાંધાઓમાં થતી કલતર, મગજનો દુખાવો, ચકરી, દમ, ઉધરસને તદન નાબુદ કરેછે. સારસાર સુખ ભોગવવા માટે દેશી જુનાની દવામાં આ દવા ઉત્તમછે.નામ તેવા ગુણછે. ૩૨ ગોળીની ડબીનો રૂ.૧-૦-૦

" જ્વરાંકુશ "

આ ગોળીયો એકાંતરીયા, ટાઢીયા, ચોથીયા, ઉના વીગેરે તમામ જાતના ઘણા જુના તાવને તદન નાબુદ કરે છે. એક વખત તાવ ઉતરી ગયા પછી ફરી લાગુ થતો નથી. ડબી ૧ નો રૂ ૦-૮-૦

" દીપમાલી "

આ ગોળીયોથી સનીપાત-સુલ-સંગ્રહણી-ત્રીદોષ-વરાદ વાયુ, શ્વાસ, દમ તથા તાવને નાબુદ કરે છે. આ દવા સાધારણ માણસને પોતાની પાસે હમેશાં રાખવા ખાસ ભલામણ કરીએ છીએ. ગોળી ૩૦ ની ડબીનો રૂા. ૧

" વિજયકળા "

આ ગોળીથી બરોળ-જલંદર-કંઠોધર તથા મલ વકાર તદન નાબુદ થાય છે. પેટ સારૂ લાવે છે. ભુખ વધારે છે. લોહીને સુધારી તાકાત બક્ષે છે. ગોળી ૨૫ ની ડબી ૧ ની કીંમત રૂ ૨-૦-૦

" ચાંદી "

ગરમથ અથવા ખરાબ સંગતથી થયેલા ચાંદીના બીકટ દરદપર આ દવા એકજ વખતે લગાડવાથી તુરત ફાયદો માલુમ પડે છે. ડબી ૧ ના રૂ. ૦-૧૨-૦ તથા રૂ. ૦-૮-૦

" રક્ત સુધારક "

લોહી બગડવાથી થયેલા ચામડીના તથા અંદરના તમામ દરદો નાબુદ કરે છે. બરોલને થોડાજ દીવસમાં હઠાવે છે. દરેક પડિકાની કીંમત રૂા. ૦-૨-૬

" બાળકાંતી વર્ધક "

આ દવાથી બચ્ચાનો પડેલો ફીકો ચહેરો સસણી, ઝીણો તાવ, ઝાડો, ઉધરસ, ફટાંટીયો, વરાધ વીગેરેને તદ્દન નાબુદ કરેછે. લોહી સુધારે છે. શરીરનો બાંધો મજબુત થાય છે. દરેક પડીકાની મત રૂા. ૦–૩–૦.

" નૌતમવિલાસ જીવન. "

આ જીવન વૃદ્ધ પુરૂષોને જુવાન બનાવી સર્વ શક્તિ પાછી બક્ષે છે સ્ત્રી પુરૂષોના ગરમીના દર્દો મટાડી આનંદસહ રમણ કરવાને શક્તિમાન કરે છે, લોહી વધારે છે, મગજ ઠંડુ રાખે છે આંખના તેજમાં વૃદ્ધિ કરે છે. એકંદરે શરીરની રાજા " વીર્ય " તેનું સેવન કરે છે. પ્રમેહના દર્દપર આ દવા ઘણીજ અસરકારક અસર કરે છે. કીં. રૂ. ૦–૫ ૦.

" દાદર, દરાજ, ખસ, ખરજવાનો અકસીર દવા, "

આ દવા તદ્દન જુની હઠીલી લાલ કાળી દરાજનો નાશ કરે છે. દવા બળતી નથી. ચામડીને ડાઘ પડતો નથી, ખસ ખરજવાને લગાડવાથી તેનો તદ્દન નાશ થાય છે. કીંમત ડબી ૧ ના રૂ. ૦–૪–૦.

ગોળાનો દવા.

સાધારણ નાની વયના બાળકો યુવાન તેમજ વૃદ્ધ સ્ત્રી પુરૂષોના શરીરમાં ગોળામા દર્દ ઘર ઘાલ્યું છે કે તે વખતોવખત ગોળો ચઢી આવી અતિશય કષ્ટ ભોગવાવે છે. એટલુંજ નહી પરંતુ કેટલાક મૃત્યુ થયાના કેશ સાંભળીયે છીએ. તેથી હુંગોએજ ખાસ કેટલાક વખતનો ભોગ આપી ગોળાના દર્દની દવા બનાવી છે. જેનાથી ઘણા કેશ સુધર્યા છે. આ દવા એક વખત વાપરવાથી પોતાની આખી જીંદગીમાં ફરી દર્દ થઇ આવતું નથી એવી ખાસ ખાત્રી થઈ છે. કીંમત ડબી ૧ ના રૂ. ૦–૮–૦.

દરેક દવાનું પોષ્ટ ખર્ચ મંગાવનારને શીરછે અગાઉથી પૈસા મોકલેથી બુક પોષ્ટ થશે નહીતર વી. પી કરવામાં આવશે.

દવા વાપરવાની રીત દવા સાથ મોકલવામાં આવે છે.